અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં 'ગુજરાત ટુડે' દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily) તા.૧૩-૬-૨૦૨૨ સોમવાર AHMEDABAD SINCE-1991

અલ-મુર્તુઝા ટુર્સ&ટ્રાવેલ્સ
મોહર્રમ ઉમરાહ - દિવસ - ૧૪
₹૯૫,૦૦૦/- રવા. તા.૧૦-૮-૨૨
૭ દિવસ મક્કા શરીફમાં ૪૦૦-૫૦૦ મીટર. 3 સ્ટાર હોટેલ
૭ દિવસ મદીના શરીફમાં ૨૦૦-૩૦૦ મીટર. 3 સ્ટાર હોટેલ
ત્રીજા માળે, મોઈન કોમ્પ્લેક્ષ, રીયાઝ હોટલની સામે, જમાલપુર, અમદાવાદ. (M) 8140311997
(M) 9624245031, 9737991017

Regd. No.Guj.168/2020-2022 Valid up to Dt. 31-12-2022 ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com
For Advertisement:gtadvt@yahoo.co.in • RNI. No. 48870/91 ● વર્ષ-૩૧ અંક-૩૧૪ ● ૧૨ ઝિલકદ હિજરી ૧૪૪૩ ● 13 JUNE - 2022 ● PAGES 12 ● ₹ ૬.૦૦

### પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ અંગે ટિપ્પણીનો વિવાદ

# યુપીમાં અત્યાર સુધી ૩૦૪ લોકોની ધરપકડ, ૧૩ FIR

## બે શહેરોમાં બુલડોઝર ફેરવાયું, વાંચો ૧૦ મહત્ત્વપૂર્ણ મુદ્દા ● ઉત્તરપ્રદેશના જુદા-જુદા જિલ્લાઓમાં શુક્રવારે જુમ્આની નમાઝ બાદ હિંસા મામલે અત્યાર સુધી કુલ ૧૩ FIR નોંધવામાં આવી છે

CELEBRATING EXCELLENCE 31 years GT

(એજન્સી) લખનૌ, તા.૧૨

**વાંચો દસ મુદ્દા**

૧. ઉત્તરપ્રદેશના જુદા-જુદા જિલ્લાઓમાં શુક્રવારે જુમ્આની નમાઝ બાદ થયેલી હિંસા મામલે અત્યાર સુધી કુલ ૧૩ એફઆઈઆર નોંધતા પોલીસે ૩૦૪ લોકોની ધરપકડ કરી હતી. પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ શનિવારે આ માહિતી આપી હતી. અપર પોલીસ મહાનિર્દેશક (લૉ એન્ડ ઓર્ડર) પ્રશાંતકુમારે નિવેદન જાહેર કરી જણાવ્યું કે, આ મામલે રાજ્યમાં ૨૫૫ લોકોની ધરપકડ કરાઈ હતી અને તેના પછી પણ ધરપકડનો દોર યથાવત્ રહ્યો હતો. તેમાં પ્રયાગરાજમાં ૬૮, હાથરસમાં ૫૦, સહારનપુરમાં ૬૪, આંબેડકરનગરમાં ૨૮, મુરાદાબાદમાં ૨૭, અલીગઢમાં ૩, જાલૌનમાં ૨ અને ફિરોજાબાદમાં ૧૩ લોકો સામેલ છે.

૨. જુમ્આની નમાઝ બાદ રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં હિંસા મામલે વધુ ૪૯ લોકોની ધરપકડ કરવામાં આવી હતી અને તેના બાદ ધરપકડનો આંકડો ૩૦૪ પહોંચી ગયો હતો. ૧૩ એફઆઈઆરના આધારે અનેક જિલ્લાઓમાં ધરપકડ કરવામાં આવી હતી.

૩. કુમારે શનિવારે રાત્રે આઠ વાગ્યે કાર્યવાહીની વિગતો આપતા કહ્યું હતું કે, પ્રયાગરાજ અને સહારનપુરમાં ૩-૩ એફઆઈઆર નોંધવા ઉપરાંત ફિરોજાબાદ, અલીગઢ, હાથરસ, મુરાદાબાદ, આંબેકરનગર, ખીરી અને જાલૌનમાં એક એક એફઆઈઆર નોંધવામાં આવી હતી અને આ મામલે ૨૫૫ આરોપીઓની ધરપકડ કરાઈ હતી અને તે પછી ૪૯ લોકોની ધરપકડ રવિવારે કરવામાં આવી હતી.



૪. પોલીસે જણાવ્યું કે, સહારનપુર અને પ્રયાગરાજમાં ધરપકડ કરાયેલા લોકો વિરૂદ્ધ રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. આ દરમિયાન હિંસા કરનારાઓને પરોક્ષ ચેતવણી આપતા યુપીના મુખ્યમંત્રીના મીડિયા સલાહકાર મૃત્યુંજયકુમારે શનિવારે એક ટ્વિટમાં કહ્યું હતું કે, ઉપદ્રવી યાદ રાખે કે દર શુક્રવાર પછી એક શનિવાર જરૂર આવે છે.

૫. કુમારે તેની ટ્વિટ સાથે એક ઈમારતને તોડફોડ કરતા બુલડોઝરની તસવીર પણ શેર કરી હતી. સહારનપુરમાં શુક્રવારે હિંસાના બે આરોપીઓના મકાનોને પોલીસે બુલડોઝરથી ધ્વસ્ત કરી દીધા હતા. સહારનપુરના અહેવાલ અનુસાર પોલીસ તંત્રએ હોબાળો કરનારા બે આરોપીઓની ઓળખ કરી તેમની ગેરકાયદે સંપત્તિ તોડી નાખી હતી.

૬. સહારનપુરના પોલીસ અધિક્ષક (નગર) રાજેશકુમારે પીટીઆઈને જણાવ્યું કે, સીસીટીવી ફૂટેજમાં ઉપદ્રવ મચાવનારા બે મુખ્ય આરોપીઓ મુજમ્મિલ જે રાહત કોલોની ૬૨ ફૂટ રોડ અને અબ્દુલ વાકિર જે ખેડીના મકાનોમાં રહે છે તેમના મકાન પર બુલડોઝર ફેરવી નાખ્યું હતું.

૭. સહારનપુરના વરિષ્ઠ પોલીસ અધિક્ષક આકાશ તોમરે કહ્યું કે, શુક્રવારની હિંસા મામલે વધુ ૬૪ ધરપકડ કરાઈ હતી. ધરપકડ કરાયેલા લોકો સામે એનએસએ એક્ટ હેઠળ કાર્યવાહી કરાશે. પ્રયાગરાજના વરિષ્ઠ પોલીસ અધિક્ષક અજયકુમારે કહ્યું કે, પ્રયાગરાજમાં પોલીસે પથ્થરમારાના માસ્ટર માઈન્ડ જાવેદ અહેમદ ઉર્ફે પંપ સહિત ૬૮ લોકોની ધરપકડ કરી હતી અને તેમની પૂછપરછ કરાઈ રહી છે.

૮. પોલીસે કહ્યું કે, ધરપકડ કરાયેલા લોકો સામે એનએસએ એક્ટ હેઠળ કાર્યવાહી કરાશે. યુપીના મુખ્યમંત્રી યોગીએ શનિવારે અધિકારીઓને નિર્દેશ આપતા કહ્યું કે, ગત દિવસોમાં રાજ્યના જુદા-જુદા શહેરોમાં માહોલ બગાડવા માટે અરાજક પ્રયાસોમાં સામેલ સમાજવિરોધી તત્ત્વો વિરૂદ્ધ કઠોર કાર્યવાહી કરાશે.

૯. યોગીએ કહ્યું કે, એ વાતને ધ્યાનમાં રખાશે કે કોઈ નિર્દોષનું ઉત્પીડન ન થાય અને એક પણ દોષિત બચી ના જાય. ઉલ્લેખનીય છે કે, નૂપુર શર્માના નિવેદન વિરૂદ્ધ દેશભરમાં વિરોધ થઈ રહ્યો છે. તેણે પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબનું અપમાન કરતી ટિપ્પણી કરી હતી.

૧૦. લખનૌમાં યુપી પોલીસના હેડક્વાર્ટરના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે, સહારનપુર, મુરાદાબાદ, રામપુર અને લખનૌ જિલ્લામાં નમાઝ બાદ નારેબાજીની માહિતી મળી હતી. લોકો માર્ગો પર ઊતરી આવ્યા હતા.

## બીજા દિવસે પણ યોગી સરકારે પ્રયાગરાજ હિંસાના આરોપીને ટાર્ગેટ બનાવી બુલડોઝર ફેરવ્યું

(એજન્સી) તા.૧૨

યોગી સરકાર દ્વારા જાણે એકતરફી રીતે પયગમ્બર સાહેબના વિવાદ મામલે કાર્યવાહી કરવામાં આવી રહી હોય તેમ જાવેદ પંપ નામની વ્યક્તિને નિશાન બનાવીને તેના ઘરને તોડી પાડવાની અને તેના પર બુલડોઝર ફેરવી દેવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

યુપીમાં સહારનપુરમાં પણ હિંસા મામલે યુપી સરકારે બે મુસ્લિમોને આરોપી ગણાવી તેમના મકાનો ઉપર પણ બુલડોઝર ફેરવી નાખ્યું હતું. જોકે હવે ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે જાવેદ પંપનું મકાન પણ તોડી પાડવામાં આવ્યું હતું.

આ ઘટનાક્રમનો વીડિયો સમગ્ર સોશિયલ મીડિયા સહિત ન્યૂઝ-મીડિયામાં ફરતો થયો હતો.



માસ્ટર માઈન્ડ જાવેદ અહેમદ પંપના ઘર પર યોગી સરકારે બુલડોઝર ફેરવી દીધુ છે.

પ્રયાગરાજમાં ફાટી નિકળેલી હિંસાના પ્રયાગરાજમાં નૂપુર શર્માના નિવેદનના વિરોધમાં ફાટી નિકળેલી હિંસાના મુખ્ય આરોપી ગણાતા જાવેદ પંપને તંત્ર દ્વારા નોટિસ આપવામાં આવી હતી અને કહેવામાં આવ્યું હતું કે, જાવેદ પંપે નકશો પાસ કર્યા વગર જ મકાન બનાવ્યું હતું. આ સંદર્ભમાં તેની પાસે દસ્તાવેજો માંગવામાં આવ્યા હતા અને તે રજૂ કરવામાં જાવેદ પંપ નિષ્ફળ જતા મકાન તોડવાનો આદેશ અપાયો હતો. જેના પગલે આજે તંત્ર દ્વારા પોલીસને સાથે રાખીને બે બુલડોઝરો લઈને તેનુ મકાન તોડવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આ પહેલા કાનપુરમાં પણ નૂપુર શર્માના નિવેદનના વિરોધમાં ફાટી નિકળેલી હિંસાના મુખ્ય આરોપી જફર હયાત હાશમીના નિકટના વ્યક્તિ પર બુલડોઝર ફેરવવામાં આવ્યું હતું. સહારનપુરમાં પણ શુક્રવારે નમાઝ ભાદ ફાટી નીકળેલી હિંસાના બે આરોપીઓના ઘર પર પણ બુલડોઝર ચલાવવામાં આવ્યું છે. પોલીસ બાકીના આરોપીઓની પણ તપાસ કરી રહી છે.જો તેમના બાંધકામ ગેરકાયદેસર હશે તો તેના પર પણ બુલડોઝર ચલાવવામાં આવશે.

## યુપીમાં બુલડોઝર અભિયાન અંગે શશિ થરૂરના સીએમ યોગી પર આકરા પ્રહાર : પૂછ્યું કયા કાયદા હેઠળ કરો છો ?

(એજન્સી) તા.૧૨

ક્રિમિનલ અને માફિયાઓ પર બુલડોઝરની કાર્યવાહી ચાલુ જ રહેશે તેવા યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નિવેદનની હવે ચોતરફી ટીકા થઈ રહી છે. આ મામલે કોંગ્રેસ નેતા શશી થરૂરે ભાજપ શાસિત સરકારને આડેહાથ લેતા કહ્યું કે ભાજપના નેતૃત્વ હેઠળની સરકારને એવું લાગે છે કે ભારતીય બંધારણે તેમને દરેક પ્રકારની છૂટ આપી છે. જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી(જેએનયુ)ની પૂર્વ વિદ્યાર્થી નેતા આફરીન ફાતિમાનો એક વીડિયો શેર કરતાં થરુરે લખ્યું કે આ આઘાતજનક બાબત છે. કાયદાનું પાલન કરવું જરૂરી છે. એ જ લોકશાહી કહેવાય. બુલડોઝર અભિયાન પર સવાલો ઊઠાવતા તેમણે પૂછ્યું કે યુપી જેવા રાજ્યમાં લોકોના મકાનો પર કયા કાયદા હેઠળ બુલડોઝર ફેરવવામાં આવી રહ્યા છે ? શું ભારતીય બંધારણે યુપીને આવી કોઈ છુટ આપી છે ખરી ?

થરૂરની આ ટિપ્પણી એવા સમયે આવી છે જયારે પ્રયાગરાજ ડેવલપમેન્ટ ઓર્થોરિટી દ્વારા જાવેદ અહેમદ ઉર્ફે પંપને હિંસાનો માસ્ટર માઈન્ડ ગણાવીને તેના મકાન પર બુલડોઝર ફેરવી નાખવામાં આવ્યું છે. એક દિવસ પહેલા જ સહારનપુરમાં પણ યુપીની સરકાર દ્વારા જ બે મુસ્લિમોને હિંસાના આરોપી ગણાવીને તેમના મકાનો ઉપર પણ બુલડોઝર ફેરવી નાખવામાં આવ્યું હતું.

રવિવારે પ્રયાગરાજમાં ફાતિમાનું પણ મકાન તોડી પાડવામાં આવ્યું હતું. એક વીડિયો શેર કરતાં ફાતિમાએ કહ્યું હતું કે અલ્હાબાદ પોલીસે મારા પિતાની અટકાયત કરી લીધી છે. તેમને કોઈપણ પ્રકારનું વોરન્ટ અપાયું નથી અને કોઈ પેપરવર્ક પણ કરાયું નહોતું. મને હાલ તો એ જ ખબર નથી કે મારા પિતાને ક્યાં રખાયા છે ?




તેણે કહ્યું કે મારી માતા અને નાના ભાઈને પણ રાત્રે સાડા બાર વાગ્યે પોલીસે આ અંગે માહિતી આપી હતી અને પછી સવારે તો તેઓએ અમારૂં મકાન જ ધ્વસ્ત કરી નાખ્યું. આદિત્યનાથે કહ્યું હતું કે ગરીબોના મકાનો પર કોઈ કાર્યવાહી નહીં કરવામાં આવે. અમે ફક્ત ક્રિમિનલ્સ અને માફિયાઓ પર કાર્યવાહી કરીશું.

### પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ અંગેની વિવાદિત ટિપ્પણીઓ

## વડાપ્રધાન મોદીએ દરમ્યાનગીરી કરવી જોઈતી હતી પરંતુ તેમનું મૌન નવું નથી : ચિદમ્બરમ્

(એજન્સી) તા.૧૨

કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી. ચિદમ્બરમે રવિવારે કહ્યું હતું કે પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ અંગે ભાજપના પૂર્વ નેતાઓ દ્વારા કરવામાં આવેલી વિવાદાસ્પદ ટિપ્પણીઓ મુદ્દે વડાપ્રધાન મોદીએ તાત્કાલિક દરમ્યાનગીરી કરવી જોઈતી હતી, તેમણે કહ્યું હતું કે આ મુદ્દે વડાપ્રધાનનું મૌન અકળાવનારૂ છે. પરંતુ ભૂતકાળમાં પણ વડાપ્રધાને આવું જ વલણ દર્શાવ્યું હતું. નોંધનીય છે કે ભાજપની પૂર્વ પ્રવકતા નૂપુર શર્મા અને નવીન જિંદાલે ઈસ્લામ ધર્મના પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ અંગે કરેલી વિવાદાસ્પદ ટિપ્પણીઓ પછી વિશ્વભરમાં



પ્રચંડ આક્રોશ ફાટી નીકળ્યો હતો અને ભારતને રાજદ્વારી પીછેહટ કરવી પડી હતી. અનેક મુસ્લિમ દેશોએ આ ટિપ્પણીઓ સામે વિરોધ નોંધાવતા ભાજપને નૂપુર શર્મા અને નવીન જિંદાલની હકાલપટ્ટી કરવાની ફરજ પડી હતી. આ સમગ્ર વિવાદ પર વડાપ્રધાન મોદીના મૌન મુદ્દે પ્રહારો કરતા ચિદમ્બરમે કહ્યું હતું કે આ ખૂબ જ દુઃખદ બાબત છે કે જયારે વિપક્ષી પાર્ટીઓ, બુદ્ધિજીવીઓ, લેખકો, વિદ્વાનો અને સામાન્ય નાગરિકોએ સરકારને ઈસ્લામોફોબિયાનો અંત લાવવા કહ્યું, ત્યારે સરકારે આ વાત ન સાંભળી પરંતુ જયારે ૧૬ દેશોએ આ ટિપ્પણીઓ સામે ઉગ્ર વિરોધ નોંધાવતા સરકાર સફાળી જાગી હતી. ચિદમ્બરમે પ્રશ્ન કર્યો હતો કે શું ભારતીય મુસ્લિમોએ ઈસ્લામોફોબિયાને રોકવા માટે અન્ય દેશોની મદદ લેવી પડે એ યોગ્ય છે ? પૂર્વ કેન્દ્રીય મંત્રીએ કહ્યું હતું કે મેં વાંચ્યુ કે સાધ્વી પ્રજ્ઞાએ નૂપુર શર્માના સમર્થનમાં નિવેદન આપ્યું, જયારે વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિત શાહ આ સમગ્ર વિવાદ મુદ્દે મૌન છે.

## યુપી પોલીસ દ્વારા યુવકોને ક્રૂર રીતે માર મારવાના એક વીડિયોને પોસ્ટ કરતાં ભાજપના ધારાસભ્યએ લખ્યું : આ તોફાનીઓ માટે "રિટર્ન ગિફ્ટ" છે

(એજન્સી) લખનૌ, તા.૧૨

ઉત્તર પ્રદેશના ભાજપના ધારાસભ્ય દ્વારા ટ્વિટર પર એક વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો છે તેમાં "તોફાનીઓ માટે રિટર્ન ગિફ્ટ" કેપ્શન આપવામાં આવ્યું છે અને તેમાં લગભગ નવ માણસો દયાની ભીખ માંગે છે અને આ પોલીસ સ્ટેશનમાં બે પોલીસકર્મીઓ લાકડીઓથી સતત મુસ્લિમ વ્યક્તિઓને માર મારી રહ્યા છે. આ ઘટનાનો વીડિયો વાઈરલ થયા પછી પોલીસની ટીકા કરવામાં આવી છે અને પોલીસ પર નિર્દયતાના આરોપો કરવામાં આવ્યા છે. આ વીડિયો પોસ્ટ કરનાર ધારાસભ્ય શલભ મણિ ત્રિપાઠી ભૂતપૂર્વ પત્રકાર છે અને ઉત્તરપ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથના મીડિયા સલાહકાર હતા. ત્રિપાઠીએ આ ઘટના ક્યાં અને



ક્યારે બની તેની કોઈ વિગતો શેર કરી નથી. અહેવાલો અનુસાર, આ વીડિયો બે દિવસ પહેલા સહારનપુરના એક પોલીસ સ્ટેશનમાં શૂટ કરવામાં આવ્યો હતો, જ્યાં ભાજપના બે ભૂતપૂર્વ પ્રવક્તાઓ દ્વારા પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ વિરુદ્ધ વિવાદાસ્પદ ટિપ્પણીને લઈને શુક્રવારની નમાજ પછી વિરોધ પ્રદર્શન દરમિયાન ઘર્ષણ ફાટી નીકળ્યું હતું. ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અખિલેશ યાદવે કહ્યું છે કે આવી ઘટનાઓ ન્યાય પ્રણાલીમાં લોકોના વિશ્વાસને નુકસાન પહોંચાડશે. સમાજવાદી પાર્ટીના વડાએ કહ્યું કે આવા પોલીસ સ્ટેશનો અને પોલીસ વિશે પ્રશ્નો ઉઠાવવા જોઈએ. કસ્ટોડિયલ મૃત્યુમાં યુપી નંબર ૧ છે, તે માનવાધિકાર ઉલ્લંઘન અને દલિતોના દુર્વ્યવહારમાં અગ્રેસર છે.

ઉત્તર પ્રદેશ પોલીસે શુક્રવારના વિરોધ અને હિંસાના સંબંધમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી ૩૦૦થી વધુ લોકોની ધરપકડ કરી છે, મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે વાતાવરણને બગાડવાનો પ્રયાસ કરનારાઓ સામે "સખત" કાર્યવાહીની ચેતવણી આપી છે. સહારનપુર અને પ્રયાગરાજમાં, કડક રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ (NSA) હેઠળ ધરપકડ કરાયેલા લોકો સામે કાર્યવાહી કરવામાં આવશે. પોલીસે જણાવ્યું કે, ધરપકડ કરાયેલા લોકોમાં ૯૧ને પ્રયાગરાજમાં અને ૭૧ને સહારનપુરમાં અને ૫૧ને હાથરસમાં રાખવામાં આવ્યા હતા.

આદિત્યનાથના શાસન હેઠળ, રાજ્ય વહીવટીતંત્ર ગુનેગારો અને હુલ્લડના આરોપીઓ પર કાર્યવાહી કરી રહ્યું છે, તેઓ દોષિત ઠરે તે પહેલા જ તેમની મિલકતો જપ્ત કરવામાં આવે અથવા તોડી પાડવામાં આવે છે. તેમના ટીકાકારોએ ઘણી વખત તેમના પર વધારાની ન્યાયિક યુક્તિઓ અપનાવવાનો આરોપ મૂક્યો છે. ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ, સહારનપુરમાં શુક્રવારે હિંસક વિરોધ જોવા મળ્યો હતો પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ વિરુદ્ધ વિવાદાસ્પદ ટિપ્પણીથી ગુસ્સે થયેલા પ્રદર્શનકારીઓએ મસ્જિદોમાં શુક્રવારની નમાજ પછી પોલીસ કર્મચારીઓ પર પથ્થરમારો કર્યો હતો. રાજ્ય અને દેશભરના અન્ય કેટલાક શહેરોમાં પણ આવો વિરોધ જોવા મળ્યો હતો. પ્રયાગરાજમાં, ટોળાએ કેટલીક મોટરસાયકલ અને ગાડીઓને આગ લગાડી અને પોલીસ વાહનને સળગાવવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે દેખાવકારોને વિખેરવા અને શાંતિ સ્થાપવા માટે ટીયર ગેસ અને લાકડીઓનો ઉપયોગ કર્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર એક પોલીસકર્મી ઘાયલ થયો હતો.

આ ટિપ્પણીઓ કરનાર નુપુર શર્માને ભાજપ દ્વારા સસ્પેન્ડ કરવામાં આવી હતી અને ઘણા ઈસ્લામિક રાષ્ટ્રોએ ટીવી ડિબેટ દરમિયાન તેણીએ કરેલી ટિપ્પણીઓની નિંદા કરી હતી. સહારનપુરમાં, વિરોધીઓએ શર્મા વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા અને તેના મૃત્યુદંડની માંગ કરી હતી. બિજનૌર, મુરાદાબાદ, રામપુર અને લખનૌમાં પણ આવા જ વિરોધ પ્રદર્શન થયા હતા.

# રાંચીમાં શાંતિપૂર્ણ રીતે ચાલી રહ્યા હતા મુસ્લિમોના દેખાવો પોલીસના લાઠીચાર્જ બાદ વાતાવરણ બગડ્યું, દેશભરમાં રોષ



(એજન્સી) રાંચી, તા.૧૨

ભાજપના ભૂતપૂર્વ પ્રવક્તા દ્વારા પયગમ્બર સાહેબ પર કરેલી વિવાદાસ્પદ ટિપ્પણી સામે શુક્રવારે રાંચીમાં વિરોધ શાંતિપૂર્ણ હતો અને ભીડ બિલકુલ હિંસક ન હોતી. સ્થાનિક લોકોના મતે, વહીવટીતંત્રના અતિ ઉત્સાહી પગલાએ વાતાવરણ બગાડવાનું કામ કર્યું. ટોળાના સૂત્રોચ્ચાર બાદ પોલીસે સંયમ રાખવાને બદલે તેમના પર લાકડીઓનો ઉપયોગ કર્યો અને આ પછી ભીડ ઉશ્કેરાઈ ગઈ અને પથ્થરમારો શરૂ કર્યો. પ્રત્યક્ષ દર્શીઓના જણાવ્યા અનુસાર, આ પછી વહીવટીતંત્રે ગોળીબાર કર્યો જેમાં લગભગ એક ડઝન લોકો ઘાયલ થયા. રાંચીમાં આ પ્રદર્શન દરમિયાન પોલીસની નિર્દયતા પણ સ્પષ્ટ જોવા મળી હતી. સ્થાનિકોનો આરોપ છે કે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન પર પોલીસે લાઠીચાર્જ અને ગોળીબાર કર્યો, જેમાં બે મુસ્લિમ યુવકો મૃત્યુ પામ્યા અને ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા. શુક્રવારે મુસ્લિમો દ્વારા પયગમ્બર સાહેબની નિંદાના વિરોધમાં દેશના ૧૨ રાજ્યોમાં દેખાવો થયા હતા. પક્ષમાંથી હાંકી કાઢવામાં આવેલા ભાજપના નેતાઓ, નુપુર શર્મા અને નવીન કુમાર જિંદાલની વિવાદાસ્પદ ટિપ્પણીથી દુઃખી થયેલા મુસ્લિમોએ આ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. ઉત્તર પ્રદેશ, દિલ્હી, કર્ણાટક, બંગાળ અને ગુજરાત, હૈદરાબાદ વગેરેના ઘણા શહેરોમાં શુક્રવારની નમાજ બાદ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતા. જો કે, પોલીસનું કહેવું છે કે દેખાવકારો દ્વારા કરવામાં આવેલા પથ્થરમારાના જવાબમાં લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો. સ્થાનિક લોકો કંઈક અલગ જ કહી રહ્યા છે. ઝારખંડના એક વાયરલ વીડિયોમાં પોલીસને સ્પષ્ટપણે મારીયે ના સર, ગોલી ચલાઈયે કહેતા સાંભળી શકાય છે. જો કે, બાકીના રાજ્યોની સરખામણીમાં સૌથી ચોંકાવનારા સમાચાર ઝારખંડમાંથી જ સામે આવ્યા છે. જ્યાં બે મુસ્લિમ દેખાવકારોના મોત થયા છે. હાલમાં, ઝારખંડમાં સામાન્ય સ્થિતિ જાળવવા માટે પોલીસ દળોને સ્થળ પર તૈનાત કરવામાં આવ્યા છે અને ઘણા વિસ્તારોમાં ઈન્ટરનેટ સેવા પણ બંધ કરી દેવામાં આવી છે.રાંચીમાં મુદસ્સીર અને સાહિલ નામના બંને મુસ્લિમ યુવકોના મોતની તેમના પરિવારજનોએ પુષ્ટિ કરી હતી. મુદસ્સીર ઈસ્લામનગર અને સાહિલ ક્રિસ્ટીયા નગરમાં રહેતો હતો. આ સિવાય ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાના અહેવાલ છે. એક પ્રત્યક્ષદર્શીના જણાવ્યા અનુસાર, ગોળી વાગવાથી ઓછામાં ઓછા ૧૫ લોકો ઘાયલ થયા છે. જણાવવામાં આવી રહ્યું છે કે વરિષ્ઠ પોલીસ અધિક્ષક સુરેન્દ્ર કુમાર ઝાને પણ ઈજાઓ થઈ છે. હાલમાં રાંચી મેઈન રોડ અને ડેઈલી માર્કેટ વિસ્તાર સહિત શહેરના વિવિધ વિસ્તારોમાં કર્ફ્યુ લાદી દેવામાં આવ્યો છે. બીજી તરફ, પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદના બેલડાંગામાં થઈ રહેલા વિરોધ પ્રદર્શનમાં ભીડને વિખેરવા માટે પોલીસે ટીયર ગેસના શેલનો ઉપયોગ કર્યો હતો. હાવડામાં પણ લાઠીચાર્જના સમાચાર છે. ઉત્તર પ્રદેશમાં કાનપુર, પ્રયાગરાજ, સહારનપુર, ફિરોઝાબાદ, મુરાદાબાદ વગેરેમાંથી વિરોધ પ્રદર્શનના અહેવાલો છે. જેમાં એક અહેવાલ મુજબ પોલીસે પ્રયાગરાજ અને સહારનપુરમાં પ્રદર્શનકારીઓ પર લાઠીચાર્જ કર્યો હતો. દિલ્હીની જામા મસ્જિદથી લઈને જામિયા મિલિયા ઈસ્લામિયા સુધી પણ દેખાવો જોવા મળ્યા છે. જેએમઆઈના અન્ય એક વિદ્યાર્થી, કૈફુદ્દીને કહ્યું, "પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ.)સાહેબ મુસ્લિમો માટે અતિસન્માનિય છે, અમે હુજુરની શાનમાં કોઈપણ અપમાનજનક વાતને સહન કરીશું નહીં. અમારો સંપૂર્ણ વિરોધ માત્ર એટલા માટે હતો કે બંને નિંદા કરનારાઓની વહેલીતકે ધરપકડ કરવામાં આવે. પોલીસ દ્વારા પ્રદર્શનકારીઓ પર લાઠીચાર્જ અને ગોળીબાર પર, દિલ્હી નિવાસી, વિદ્યાર્થી નેતા, તાજીમ ખાને વખોડી કાઢ્યું છે, તેમણે કહ્યું કે ખરે નુપુર શર્માની હજુ સુધી ધરપકડ કેમ નથી થઈ? જો ધરપકડ કરવામાં આવી હોત તો લોકોએ આ વિરોધ કરવાની જરૂર ન પડી હોત." નોંધનીય છે કે નૂપુર શર્માએ પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.) સાહેબ પર અપમાનજનક ટિપ્પણી કર્યા બાદ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે આક્રોશ ફાટી નીકળ્યો હતો, દુનિયાના ખૂણે ખૂણેથી તેની ધરપકડની માંગ કરવામાં આવી રહી છે.

## નવીન જિંદાલે પરિવાર સાથે દિલ્હી છોડ્યું

# નવીન જિંદાલે કહ્યું : મારા પરિવારના જીવ પર ખતરો

### પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ વિરૂદ્ધ ટિપ્પણી પર વિવાદ શરૂ થયા બાદ ભાજપને જિંદાલની હકાલપટ્ટી કરવાની ફરજ પડી હતી

નવી દિલ્હી, તા.૧૨

ભાજપમાંથી બહાર કરાયેલા નવીન જિંદાલ અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી મળ્યા બાદ તે પરિવાર સહિત દિલ્હી છોડીને જતા રહ્યા છે. પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ વિરૂદ્ધ તેમની ટિપ્પણી પર વિવાદ શરૂ થયા બાદ જિંદાલને ભાજપે પાર્ટીમાંથી બહાર કરી દીધા હતા. મહત્ત્વનું છે કે નૂપુર શર્માની ટિપ્પણી બાદ જિંદાલે સોશિયલ મીડિયા પર તેના સમર્થનમાં ટ્વીટ કર્યુ હતું. ભાજપના પૂર્વ નેતાએ આરોપ લગાવ્યો કે તે કોઈને મળવા ગયા તો કેટલાક લોકો તેમનો પીછો કરી ચુક્યા છે. તેમણે તેની માહિતી પોલીસને આપી હતી. પોલીસે આ વાતને ગંભીરતાથી લીધી હતી, કારણ કે સોશિયલ મીડિયા પર સમાચાર ચાલી રહ્યાં હતા કે અજાણ્યા લોકોએ કથિત રીતે તેના ઘરની રેકી કરી હતી. એક ટ્વીટ કરી ભાજપના પૂર્વ નેતાએ કહ્યું- 'મારી બધાને ફરી વિનંતી છે કે મારી અને મારા પરિવારના સભ્યોની કોઈ પણ પ્રકારની જાણકારી કોઈને આપો નહીં. મારી વિનંતી છતાં ઘણા લોકો મારા ઘરનું સરનામુ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી રહ્યાં છે, કારણ કે ઈસ્લામિક કટ્ટરપંથીઓથી મારા પરિવારના જીવને ખતરો છે.' નવીન જિંદાલે એક અન્ય ટ્વીટમાં કહ્યુ છે, હાલ મારા અને મારા પરિવારના સભ્યોની હત્યા કરવાની ધમકીઓ મળી છે. મેં પોલીસને તેની જાણ કરી છે. મહત્ત્વનું છે કે પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ પર વિવાદિત ટિપ્પણી બાદ સમગ્ર દેશમાં વિવાદ ઉભો થયો છે. કેટલીક જગ્યાએ હિંસક ઘટનાઓ પણ જોવા મળી છે.

# શશી થરૂરની પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ વિવાદ પર ટિપ્પણી : ભારતે મુસ્લિમ દેશો સાથે સંબંધો વધાર્યા પરંતુ...

(એજન્સી) તા.૧૨

કોંગ્રેસ નેતા શશી થરૂરે રવિવારે કહ્યું હતું કે, હવે સમય આવી ગયો છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં નફરતભર્યા ભાષણ અને ઇસ્લામોફોબિક ઘટનાઓના પ્રસાર પર પોતાનું મૌન તોડવું જોઈએ અને તેમના ન બોલવાને આવી ઘટનાઓ પર તેમની સંમતિ તરીકે જોવાઈ રહ્યું છે. પીટીઆઈ સાથેની એક મુલાકાતમાં થરૂરે કહ્યું હતું કે, તાજેતરના વર્ષોમાં ભારત સરકારે ઇસ્લામિક દેશો સાથેના સંબંધોને મજબૂત કરવા માટે પ્રભાવશાળી પગલાં લીધા છે, પરંતુ જોખમની ગંભીર ઉપેક્ષા કરાઈ રહી છે. થરૂરે દેશમાં ટીકા કાયદાની જરૂરિયાત પર ચાલી રહેલી ચર્ચા પર પણ ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે, તેઓ આવા કાયદાઓના ચાહક નથી કારણ કે, અન્યત્ર આવા કાયદાઓનો ઇતિહાસ તેમના દુરુપયોગનો અને દુરુપયોગથી ભરેલો છે. 'નિંદાના કાયદાનું અસ્તિત્વ, જેઓ કાયદો પોતાના હાથમાં લે છે તેમના દ્વારા અતિશય વ્યર્થ મુકદમા અને ટોળાની ગેરવર્તણૂક બંનેને પ્રોત્સાહિત કરવાનું વલણ ધરાવે છે.' મને લાગે છે કે, આપણા વર્તમાન નફરતભર્યા ભાષણ કાયદા અને કલમ ૨૯૫-એ આવી ગેરવર્તણૂકનો સામનો કરવા માટે પૂરતા છે. તિરૂવનંતપુરમના લોકસભાના સાંસદે જણાવ્યું હતું કે, 'કોઈપણ અને તમામ અપરાધીઓ સામે અનુકરણીય કાર્યવાહીની ભવિષ્યમાં આવા કોઈપણ ઘટાડો કરવામાં આવે તો તેની તેના નમ્ર અસર પડશે.' થરૂરે કહ્યું હતું કે, 'મારું માનવું છે કે, હવે સમય આવી ગયો છે કે, પીએમ મોદીએ આપણા દેશમાં નફરતભર્યા ભાષણ અને ઇસ્લામોફોબિક ઘટનાઓના પ્રસાર પર પોતાનું મૌન તોડવું જોઈએ અને જે બની રહ્યું છે તે વિશે બોલવું જોઈએ. મને ખાતરી છે કે, તેઓ (મોદી) સમજે છે કે, આ પ્રકારની વિભાજનકારી નિવેદનબાજી ભારતના વિકાસ અને સમૃદ્ધિ માટે તેમના પોતાના દ્રષ્ટિકોણને નબળી પાડી રહી છે. થરૂરે ભારપૂર્વક જણાવ્યું હતું કે, કોઈપણ રાષ્ટ્રની પ્રગતિ અને વિકાસ માટે સામાજિક સંવાદિતા અને રાષ્ટ્રીય સંવાદિતા આવશ્યક છે. તેમણે કહ્યું કે, એટલા માટે જ 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ'ના નામે તેમણે જાહેરમાં આ પ્રકારના વર્તનને બંધ કરવાની હાકલ કરવી જોઈએ.

# યુપી : DMની બીમાર ગાયની સારવાર માટે ૭ ડૉક્ટરો તૈનાત કરાયા, વહીવટી તંત્રમાં મુદ્દો ચર્ચાસ્પદ બન્યો

(એજન્સી) તા.૧૨

પૈસાને અભાવે ગરીબ દર્દીઓને ડોક્ટર મળતા નથી પરંતુ એક સરકારી અધિકારીની બીમાર ગાયની સારવાર માટે એક નહીં પરંતુ સાત-સાત ડોક્ટરો રાખી દેવાની ઘટના સામે આવતા તંત્રમાં હડકંપ મચ્યો છે. પોતાના પાલતુ પશુ કે પ્રાણી માટે મોંઘા ડોક્ટર રોકવા તે સમજી શકાય તેવી વાત છે પરંતુ એક બીમાર ગાયની સારવાર માટે સરકારી અધિકારીને ઘેર સાત-સાત ડોક્ટરોને તૈનાતકરવામાં આવ્યા હતા. યુપીના ફતેહપુરમાં આવી એક ઘટના સામે આવી છે. ફતેહપુરના ડિસ્ટ્રીક્ટ મેજિસ્ટ્રેટ અને કલેક્ટર અનુપ્રિયા દૂબેની બીમાર ગાયની સારવાર માટે સાત સાત ડોક્ટરોની ટીમને કામે લગાડી દેવામાં આવી હતી. ફતેહપુરના ચીફ પશુ ચિકિત્સક ડોક્ટર એસકે તિવારી દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર લેટરમાં પશુ વિભાગના સાત ડોક્ટરોને ડીએમ અનુપ્રિયા દૂબેના ઘેર જઈને તેમની બીમાર ગાયની સારવાર કરવાનો નિર્દેશ આપ્યો હતો. ડોક્ટરોને તો ઉપરી અધિકારીનો આદેશ હતો એટલે ડીએમના ઘેર જઈને ગાયની સારવાર કર્યા સિવાય છૂટકો નહોતો અને તેમણે ત્યાં જઈને સારવાર શરુ પણ કરી દીધી હતી. આદેશમાં સાત ડોક્ટરોને એવું પણ કહેવાયું કે તમારે સવાર અને સાંજ ડીએમના ઘેર જઈને ગાયની નિયમિત સારવાર કરવી અને તેનો રિપોર્ટ મુખ્ય પશુ અધિકારીને સુપ્રત કરવો. ચીફ વેટરનરી ઓફિસર તરફથી જાહેર કરવામાં આવેલો આદેશ વોટ્સએપ ગ્રુપ પર વાયરલ થઈ રહ્યો છે. આ ઘટનામાં ડીએમના આવાસમાં ગાયની સારવાર માટે સાત ડોક્ટરો ફરજ પર હોવાનું જણાવવામાં આવ્યું છે. આ આદેશ વાયરલ થયા બાદ વિભાગમાં ખળભળાટ મચી ગયો છે. ઉલ્લેખનીય છે કે યુપીમાં જ્યારે સમાજવાદી પાર્ટીનું શાસન હતું ત્યારે કદ્દાવર મંત્રી અને રામપુરના ધારાસભ્ય આઝમખાનની ખોવાયેલી ભેંસોને શોધવા રામપુર પોલીસને લગાડી દેવામાં આવી હતી અને પોલીસે ખોવાયેલી ભેંસોને શોધી કાઢી હતી તે વખતે આ ઘટનાએ ભારે ચર્ચા જગાવી છે.

# બેલગાવી : નૂપુર શર્માનું પૂતળું લટકાવવા બદલ ત્રણની ધરપકડ



(એજન્સી) બેલગાવી, તા.૧૨

પોલીસે શનિવારે જણાવ્યું હતું કે, ફોર્ટ રોડ પર એક મસ્જિદ પાસે જાહેરમાં ફાંસીની જેમ ઈલેક્ટ્રિક વાયરથી સસ્પેન્ડ કરાયેલા બીજેપી પ્રવક્તા નૂપુર શર્માના પૂતળાને લટકાવવા બદલ ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. જેમ-જેમ આ મુદ્દાએ લોકોમાં આક્રોશ ઊભો કર્યો, તેમ પોલીસે શહેર મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે તેને ઝડપથી દૂર કર્યું, તેઓએ ઉમેર્યું. પોલીસે સમુદાયો વચ્ચે દુશ્મનાવટ ફેલાવવા અને સમાજમાં શાંતિ ભંગ કરવા બદલ કેસ નોંધ્યો છે. ભાજપે ૫ જૂને શર્માને સસ્પેન્ડ કર્યા હતા અને તેના દિલ્હી યુનિટના મીડિયા હેડ નવીનકુમાર જિંદાલને હાંકી કાઢ્યા હતા કારણ કે, કેટલાક મુસ્લિમ દેશોના વિરોધ સાથે પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ) સાહેબ વિરૂદ્ધ કથિત અપમાનજનક ટિપ્પણીને લઈને વિવાદ વધી ગયો હતો. પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ) સાહેબ વિશેની વિવાદાસ્પદ ટિપ્પણીને લઈને તેણીને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી હોવાની ફરિયાદ પર એફઆઈઆર નોંધાયા બાદ દિલ્હી પોલીસે શર્મા અને તેના પરિવારને સુરક્ષા પૂરી પાડી હતી. તેણીએ પોલીસને સતામણી અને ધમકીઓ મળી રહી હોવાનો ઉલ્લેખ કરીને સુરક્ષા પ્રદાન કરવા વિનંતી કરી હતી. મુંબઈ પોલીસે ભારતીય જનતા પાર્ટી (BJP)ના પૂર્વ પ્રવક્તા નૂપુર શર્માને પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ) સાહેબ વિશેની કથિત ટિપ્પણીના સંબંધમાં નોટિસ મોકલી છે. શર્માએ ૨૫ જૂને નિવેદન નોંધવા માટે મુંબઈ પોલીસ સમક્ષ હાજર થવું પડશે. સૂત્રએ જણાવ્યું કે, રઝા એકેડમીની ફરિયાદ પર પાયધોની પોલીસ સ્ટેશને શર્મા વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો હેઠળ એફઆઈઆર દાખલ કરી છે.મે ૨૦૨૨ના છેલ્લા અઠવાડિયામાં, એક ન્યૂઝ ડિબેટ દરમિયાન, નૂપુર શર્માએ પૂછ્યું કે, જો તે ઈસ્લામ વિશે અપમાનજનક ટિપ્પણી કરે તો તે શું ખોટું કરે છે જે રીતે લોકો શિવલિંગ અને હિંદુ ધર્મ વિશે અપમાનજનક ટિપ્પણી કરે છે?

# 'આ તો માત્ર એક પૂતળું છે, લોકોને તો જીવતા સળગાવી દેવામાં આવ્યા હતા...' : સ્વરા ભાસ્કરે વેંકટેશ પ્રસાદની નિંદા કરતાં પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ પરની ટિપ્પણી મુદ્દે ટ્વિટ કર્યું

(એજન્સી) તા.૧૨

બોલિવૂડ અભિનેત્રી સ્વરા ભાસ્કરે પયગમ્બર (સ.અ.વ.) સાહેબ વિવાદ અને તેના પરના વિરોધ પર ટિપ્પણી કરી છે અને કહ્યું કે તે પીડિતોને હિંસાના કૃત્યો માટે ઉશ્કેરવાની એક જાળ છે. પૂર્વ ભારતીય ક્રિકેટર વેંકટેશ પ્રસાદે ભાજપના પૂર્વ પ્રવક્તા નુપુર શર્માના પૂતળાને સળગાવી દેવા માટે ટીકા કરતા એક ટ્વિટનો જવાબ આપતા સ્વરા ભાસ્કરે કહ્યું કે આ તો માત્ર પૂતળું હતું, આપણાં દેશમાં તો જીવંત લોકોને પણ જીવતા સળગાવી દેવામાં આવે છે. અમારી આ ભયાનકતા એ માત્ર મુસ્લિમ ઓળખ આધારિત ન હોવી જોઈએ. અભિનેત્રીએ તમામ પ્રકારની હિંસાની નિંદા કરતા લખ્યું કે, હું આશા રાખું છું કે આપણે બધા સમજદાર લોકો બીફ લિંચિંગ અને જ્યારે રાજસ્થાનના રાજસમંદમાં કહેવાતા લવ જેહાદની શંકામાં એક ગરીબ પરપ્રાંતિય મજૂરને જીવતો સળગાવવામાં આવ્યો ત્યારે પણ સમાન ભયાનકતા અનુભવતા હશે. આ તો એક પૂતળું સળગાવવામાં આવ્યું છે, અને અન્ય તો જીવંત લોકો હતા. નૂપુર શર્માની વિવાદાસ્પદ ટિપ્પણી માટે શુક્રવારે તેની ધરપકડની માંગણી સાથે ભારતના ઘણા ભાગોમાં વિરોધ ફાટી નીકળ્યો હતો. એક લાઈવ ટેલિવિઝન ચર્ચામાં નૂપુર શર્માએ આ ટિપ્પણી કરી હતી અને તેની ટીકા કરતા ઘણા મુસ્લિમ દેશોએ તેને આંતરરાષ્ટ્રીય મુદ્દો બનાવ્યો હતો. ભાજપે નૂપુર શર્માને પક્ષના પ્રાથમિક સભ્યપદમાંથી સસ્પેન્ડ કરી દીધા હતા અને સરકારે તેમને 'ફ્રિન્જ એલિમેન્ટ' ગણાવીને તેમના અભિપ્રાયને ફગાવી દીધો હતો. શુક્રવારે નૂપુર શર્માના વિરોધમાં, કર્ણાટકના બેલાગવીમાં ફોર્ટ રોડ પર તેનું પૂતળું લટકાવવામાં આવ્યું હતું. પોલીસને જાણ થતાં બાદમાં આ પૂતળાને હટાવી લેવામાં આવ્યું હતું. આ સંદર્ભમાં જ ભૂતપૂર્વ ક્રિકેટર વેંકટેશ પ્રસાદે



ટ્વીટ કરીને આવા વિરોધને અવિશ્વાસ અને અસંમતિ દર્શાવી હતી. વેંકટેશે ટ્વીટ કર્યું હતું કે, તેને વિશ્વાસ નથી કે આ ૨૧ મી સદીનું ભારત છે. હું દરેકને રાજનીતિને બાજુ પર રાખવા અને વિવેકબુદ્ધિ સાથે વિવાદ ઉકેલવા વિનંતી કરીશ. સ્વરા ભાસ્કરે હિંસાની નિંદા કરી હોવા છતાં, તેણીએ તેના જવાબમાં બીફ લિંચિંગની ઘટનાઓનો ઉલ્લેખ કર્યો હતો. સ્વરા ભાસ્કરે ટ્વીટ કર્યું હતું કે, હિંસા એ અમાનવીય, અનૈતિક અને ખરાબ રાજકીય વ્યૂહરચના છે. અને આને મહાત્મા ગાંધી કરતાં વધુ સારી રીતે કોઈ સમજી શક્યું નથી. દલિતને હિંસા માટે ઉશ્કેરવા માટેની આ એક જાળ છે. તેમાં તમે ફસાઈ જશો નહીં !!." સ્વરા ભાસ્કરનું નામ લીધા વિના, વેંકટેશે આ વાતનો જવાબ આપ્યો હતો અને કહ્યું હતું કે તે અવિશ્વસનીય છે. ન્યુઝ ચેનલો સાથે ન્યાયકર્તાઓ અને લોકો જે અણગમો કરે છે તે દયનીય પરિસ્થિતિમાં નોંધપાત્ર ફાળો આપે છે. આ માત્ર એક પૂતળું નથી, પરંતુ કોઈ અનિશ્ચિત શરતોમાં એક કરતાં વધુ વ્યક્તિઓ માટે જોખમ ઊભું કરે છે. અને બહુમતી વસ્તીની લાગણીઓને ઠેસ પહોંચાડવાની સૂચિ અનંત છે. જ્યારે પત્રકારોથી લઈને સંસદસભ્યો, અગ્રણી અખબારોથી લઈને કહેવાતા અગ્રણી કલાકારો હિંદુ દેવોની મજાક ઉડાવે છે ત્યારે સનાતન ધર્મે વારંવાર સહનશીલતા દર્શાવી છે.

# પોલીસકર્મીએ નૂપુર શર્માને સમર્થન આપતા હૈદરાબાદ પોલીસે ચેતવણી આપી

(એજન્સી) તા.૧૨

હૈદરાબાદની પોલીસે તેના કર્મચારીઓ અને સ્ટાફને એક નોટિસ ઈશ્યૂ કરતાં જણાવ્યું છે કે જો કોઈ પણ કર્મચારી કોમવાદને ઉશ્કેરતી પોસ્ટને સમર્થન કરશે કે પોસ્ટ કરશે તો તેની સામે શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે. આ વોર્નિંગ ત્યારે ઈશ્યૂ કરવામાં આવી જ્યારે સિટી આર્મ્ડ રિઝર્વના અંબાદાસ નામના પોલીસ કર્મચારીએ ભાજપના પૂર્વ પ્રવક્તા નુપુર શર્માને સમર્થન આપ્યું હતું અને પયગમ્બર સાહેબ અંગેના વિવાદ મામલે નુપુર શર્માને ટેકો જાહેર કર્યો હતો. અંબાદાસ તાજેતરમાં ઈન્ડિયન પોલીસ સર્વિસ ઓફિસર રાજીવ રતનના ગનમેન તરીકે તૈનાત છે. એડિશનલ ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ શ્રીનિવાસ મઙ્ડીપતીએ આ મામલે તેને નોટિસ ઈશ્યૂ કરી હતી. આ નોટિસમાં જણાવાયું હતું કે સેન્ટ્રલ ટ્રેનિંગ કોલેજ/ હૈદરાબાદ પોલીસના લર્નિંગ સેન્ટરના સભ્યોને નિર્દેશ આપવામાં આવે છે કે તેઓ કોઈપણ પ્રકારની કોમવાદને ઉશ્કેરતી પ્રવૃત્તિઓમાં સામેલ ન થાય. વોર્નિંગમાં જણાવાયું છે કે જો કોઈ પણ પ્રકારનું ઉલ્લંઘન જણાશે તો તે અધિકારી કે કર્મચારી વિરુદ્ધ શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે. તેની સામે ગુનાઈત કેસની જેમ પેનલ એક્શન પણ લેવામાં આવશે. તેમાં હૈદરાબાદ પોલીસે સ્ટાફ સભ્ય શબ્દનો પ્રયોગ કર્યો છે જેમાં હૈદરાબાદ પોલીસ સહિત હોમગાર્ડ અને સ્પેશિયલ પોલીસ ઓફિસર પણ સામેલ થાય છે.

# સિદ્ધુ મૂસેવાલા હત્યા કેસને ઉકેલવા માટે ૪-૫ રાજ્યોની પોલીસ સાથે મળીને કામ કરી રહી છે : મહારાષ્ટ્રના ગૃહમંત્રી

(એજન્સી) નાગપુર, તા.૧૨

મહારાષ્ટ્રના ગૃહપ્રધાન દિલીપ વાલસે પાટીલે કહ્યું છે કે, પંજાબના લોકપ્રિય ગાયક અને કોંગ્રેસ નેતા સિદ્ધુ મૂસેવાલાની હત્યાના કેસમાં ચાર-પાંચ રાજ્યોની પોલીસ ટીમો સાથે મળીને કામ કરી રહી છે અને મહારાષ્ટ્ર એન્ટી ટેરરિઝમ સ્ક્વોડ (ATS) પણ તેની તપાસ કરી રહી છે. દિલ્હી પોલીસે તાજેતરમાં જણાવ્યું હતું કે, આ હત્યા પાછળનો મુખ્ય સૂત્રધાર ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ હતો અને તેઓએ મૂસેવાલાની હત્યામાં કથિત રીતે સામેલ છ શૂટરોની પણ ઓળખ કરી હતી. તપાસકર્તાઓએ એ પણ ખુલાસો કર્યો હતો કે મહારાષ્ટ્રમાં પૂણે ગ્રામીણ પોલીસ દ્વારા તાજેતરમાં ધરપકડ કરાયેલ મહાકાલ ઉર્ફે સિદ્ધેશ કાંબલે જાણતો હતો કે મૂસેવાલાની હત્યા કરવામાં આવનાર છે અને તે હત્યાના એક અઠવાડિયા પહેલા ગેંગસ્ટર વિક્રમ બ્રારના સંપર્કમાં હતો. કાંબલે લોરેન્સ બિશ્નોઈ ગેંગનો કથિત સભ્ય છે, જે મૂસેવાલાની હત્યા પાછળનો મુખ્ય સૂત્રધાર હોવાનું કહેવાય છે. વિક્રમ બ્રાર એ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનો નજીકનો સાથી છે, જે હાલમાં દિલ્હી પોલીસની કસ્ટડીમાં છે. રવિવારે, જ્યારે પત્રકારોએ વાલસે પાટીલને મૂસેવાલા હત્યા કેસમાં નવીનતમ અપડેટ વિશે પૂછ્યું, ત્યારે મંત્રીએ કહ્યું કે, ચારથી પાંચ રાજ્યોની પોલીસ ટીમો આ કેસ પર સાથે મળીને કામ કરી રહી છે. જો કે, હું ચાલુ તપાસ દરમિયાન જાહેરમાં ટિપ્પણી કરી શકતો નથી કારણ કે, તે એક સંવેદનશીલ મુદ્દો છે. મહારાષ્ટ્ર પોલીસ અને રાજ્યની ATS તેના પર નજર રાખી રહ્યા છે. ભાજપના સસ્પેન્ડ કરાયેલા પ્રવક્તા નૂપુર શર્મા અને તેના ભૂતપૂર્વ સાથીદાર નવીન જિંદાલ દ્વારા પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) વિરૂદ્ધ કથિત વાંધાજનક ટિપ્પણી અંગે શુક્રવારે મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં મુસ્લિમ સમુદાયના સભ્યો દ્વારા વિરોધ અંગે પૂછવામાં આવતા મંત્રીએ કહ્યું કે, આ વિરોધ શાંતિપૂર્ણ રીતે કરવામાં આવ્યો હતો. રાજ્યમાં ક્યાંય પણ અપ્રિય ઘટના બની નથી. જ્યાં નિયમો તોડવામાં આવ્યા હતા ત્યાં પોલીસે સંબંધિત પગલાં લીધા હતા, પરંતુ આવા કિસ્સાઓની સંખ્યા ઘણી ઓછી હતી. નોંધનીય છે કે, આતંકવાદી સંગઠન અલ-કાયદાના સંલગ્ન સંગઠને તાજેતરમાં જ આ અપમાનનો બદલો લેવા માટે કેટલાક ભારતીય શહેરો અને રાજ્યોમાં આત્મઘાતી બોમ્બ ધડાકાની ચેતવણી આપી હતી. પોલીસ વિભાગ આવી ધમકીઓને પગલે નાગપુરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના મુખ્યમથકની સુરક્ષાની સમીક્ષા કરશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા વાલસે પાટીલે કહ્યું કે, તેઓ રવિવારે પોલીસ અધિકારીઓ સાથે આ અંગે સમીક્ષા કરશે.

# ભારતમાં પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ અંગે અપમાનજનક ટિપ્પણી અને મુસ્લિમો પર દમનના વિરોધમાં અમેરિકામાં જુદા-જુદા શહેરોમાં મોટાપાયે દેખાવ




(એજન્સી) તા.૧૨

ભારતમાં મુસ્લિમો પર દમન અને પયગમ્બર સાહેબ વિરુદ્ધ અપમાજનક ટિપ્પણી મામલે હવે દેશ સહિત દુનિયાભરમાં વિરોધ વધી રહ્યો છે. અમેરિકાના ન્યુયોર્ક, હ્યુસ્ટન, ટેક્સાસ અને શિકાગો સહિત અનેક શહેરોમાં શનિવારે અને રવિવારે આ મામલે દેખાવ કરવામાં આવ્યા હતા. આ દેખાવો અમેરિકામાં સંચાલિત મુસ્લિમ સમૂહો દ્વારા કરવામાં આવ્યા હતા. આ દેખાવોમાં ન્યુયોર્કમાં શનિવારે આશરે ૩૦૦૦ લોકો સામેલ થયા હતા. ભારતીય વાણિજ્ય દૂતાવાસની સામે જ આ દેખાવોનું આયોજન કરીને સજ્જડ વિરોધ દર્શાવવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ભાજપની પૂર્વ પ્રવક્તા નુપુર શર્માએ પયગમ્બર સાહેબની શાનમાં ગુસ્તાખી કરતી ટિપ્પણી કરી હતી અને તેના વિરોધમાં દેશ સહિત દુનિયાભરમાં વિરોધ વંટોળ સર્જાયો છે. આરબ દેશોએ પણ આ મામલે ભારત વિરુદ્ધ ઉગ્ર પ્રતિક્રિયા આપી હતી. આ તમામ વિરોધ વચ્ચે ભાજપે ફક્ત નુપુર શર્માને પદેથી સસ્પેન્ડ કરવાની જ કાર્યવાહી કરી. તેની સામે કોઈ દંડનાત્મક કાર્યવાહી કરવામાં આવી નહોતી. જ્યારે બીજી બાજુ દિલ્હી ભાજપ એકમના નવીન જિંદલે પણ વિવાદિત ટિપ્પણી કરી હતી જેના પગલે વિકટ સ્થિતિ સર્જાઈ હતી. જોકે આ દેખાવોને ઉગ્ર બનાવ્યા બાદ જ પોલીસે તેની ક્રૂરતા તો ચાલુ જ રાખી અને ભારતમાં મુસ્લિમોના મકાનોને તોડી પાડવાની કાર્યવાહી કરી અને બુલડોઝર અભિયાનને આગળ વધાર્યું.

# પ્રયાગરાજ : આરોપીના ઘર પર બુલડોઝર ચલાવવા સામે અલ્હાબાદ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સમક્ષ દાદ મંગાઈ : કાર્યવાહીને ગેરકાયદેસર ગણાવી

(એજન્સી) તા.૧૨

પ્રયાગરાજમાં હિંસાના આરોપી જાવેદ અહેમદના ઘરને બુલડોઝરથી તોડી પાડવાની કાર્યવાહીનો મામલો ગરમાયો છે. વકીલોના એક જૂથે આ અંગે અલ્હાબાદ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને પત્ર લખ્યો છે. વકીલો તરફથી કહેવામાં આવ્યું છે કે, આરોપી જાવેદ જે મકાન તોડી પાડવામાં આવ્યું હતું તેનો માલિક નથી. ઘર જાવેદની પત્નીના નામે છે. મકાન તોડવું એ કાયદાની વિરૂદ્ધ છે. આરોપીની પત્નીને ગેરકાયદે બાંધકામ અંગે અગાઉથી કોઈ માહિતી આપવામાં આવી ન હતી. ઉલ્લેખનીય છે કે, હિંસા કેસમાં શુક્રવારે વેલ્ફેર પાર્ટી ઓફ ઈન્ડિયાના રાજ્ય મહાસચિવ જાવેદ અહેમદની ધરપકડ કરવામાં આવી હતી. બીજી તરફ પ્રયાગરાજ ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા રવિવારે તેમના આલીશાન મકાનને તોડી પાડવામાં આવ્યું હતું. વહીવટીતંત્ર દ્વારા ગેરકાયદે બાંધકામના આરોપમાં આ કાર્યવાહી કરવામાં આવી છે. કાર્યવાહી પહેલા જાવેદના ઘરની બહાર PDS વતી નોટિસ ચોંટાડવામાં આવી હતી. પ્રયાગરાજ ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા ચોંટાડવામાં આવેલી નોટિસમાં કહેવામાં આવ્યું હતું કે, ડેવલપમેન્ટ ઓથોરિટીની જરૂરી પરવાનગી લીધા વિના ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલા માળમાં ગેરકાયદેસર રીતે બાંધકામ કરવામાં આવ્યું છે. આ માટે તમને ૧૯૭૩ એક્ટની કલમ ૨૭(૧) હેઠળ કારણ બતાવો નોટિસ આપવામાં આવી હતી અને સુનાવણીની તા.૨૪ મે રાખવામાં આવી હતી. પરંતુ આ દરમિયાન ન તો તમે પોતે કે ન તો તમારા પક્ષમાંથી કોઈ સુનાવણીની તારીખે આવ્યું. તેથી ૨૫ મેના રોજ તોડી પાડવાનો આદેશ પસાર કરવામાં આવ્યો હતો. પીડીએસની નોટિસમાં કહેવામાં આવ્યું છે કે, 'આ સંદર્ભમાં તમને નોટિસ જારી કરવામાં આવી હતી અને ચોંટાડવામાં આવી હતી કે તમે ૯ જૂન સુધીમાં ઉક્ત સાઈટને તોડીને તમારી જાતને જાણ કરો. પરંતુ તમે તે કામ કર્યું નથી. તેથી ૧૨ જૂનના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે જ્યાં સુધી આ જગ્યા ખાલી કરવામાં ન આવે ત્યાં સુધી ડિમોલિશનની કાર્યવાહી કરી શકાય. આ સમગ્ર મામલે પ્રયાગરાજના ડી.એમ. સંજય ખત્રીએ કહ્યું છે કે, જિલ્લા પ્રશાસન અને પીડીએ દ્વારા જાવેદ મોહમ્મદના ઘરે નિયમો અનુસાર કાર્યવાહી કરવામાં આવી છે, તે કાર્યવાહી પહેલા જ જાણવા મળ્યું હતું, તે એવું હતું કે, જાવેદ મોહમ્મદનું ઘર નિયમો વિરૂદ્ધ બનાવવામાં આવ્યું હતું, જેના કારણે આજે પીડીએ દ્વારા કાર્યવાહી હાથ ધરાતા ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. જે લોકોના ઘર પીડીએના માપદંડો અનુસાર નથી તે તમામ સામે કાર્યવાહી કરવામાં આવશે, તે જ સમયે એસ.પી. અજયકુમારે કહ્યું છે કે, જાવેદ મોહમ્મદ ઉર્ફે જાવેદ પંપ ૧૦ તારીખે થયેલી હિંસામાં સામેલ હતો, તેના ઘર પર પીડીએ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. તેના ઘરેથી કેટલાક પોસ્ટર અને બેનર પણ મળી આવ્યા છે, આ તમામ દસ્તાવેજોની તપાસ કરવામાં આવશે.

# શ્રીલંકામાં અદાણી પ્રોજેક્ટ અંગે ફરી એકવાર વિવાદ ઊભો થયો

(એજન્સી) તા.૧૨

સિલોન ઇલેક્ટ્રિસિટી બોર્ડ (CEB)ના ટોચના અધિકારીએ સંસદીય પેનલને જણાવ્યું હતું કે ટાપુના ઉત્તરી મન્નાર જિલ્લામાં રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ અદાણી જૂથને આપવામાં આવ્યો હતો તે પછી શ્રીલંકામાં અદાણીનો એક પ્રોજેક્ટ ફરીથી વિવાદના કેન્દ્રમાં છે. CEBના અધ્યક્ષ ફર્ડિનાન્ડોએ શુક્રવારે કમિટી ઓન પબ્લિક એન્ટરપ્રાઈઝિસ (COPE) સમક્ષ ટિપ્પણી કરી હતી, પરંતુ ટૂંક સમયમાં તે "ભાવનાત્મક" હોવાનું કહીને તેને પાછી ખેંચી લીધી હતી. શુક્રવારના તેમના નિવેદન વચ્ચે શનિવારે ગોટાબાયા તરફથી એક ટ્વિટ કરવામાં આવ્યું હતું જેમાં કહેવામાં આવ્યું હતું કેઃ મન્નારમાં પવન ઉર્જા પ્રોજેક્ટ અંગે COPE સમિતિની સુનાવણીમાં CEB અધ્યક્ષ દ્વારા કરવામાં આવેલા નિવેદનને ધ્યાનમાં રાખીને, હું આ પ્રોજેક્ટને કોઈ ચોક્કસ વ્યક્તિ અથવા એન્ટિટીને આપવા માટે અધિકૃતતાનો સ્પષ્ટપણે ઈન્કાર કરૂં છું. મને વિશ્વાસ છે કે આ સંબંધમાં જવાબદાર સંદેશાવ્યવહારને અનુસરવામાં આવશે. રાષ્ટ્રપતિ કાર્યાલયે CEB અધિકારીની ટિપ્પણીને નકારતા આ નિવેદન આપ્યું કે, શ્રીલંકા હાલમાં પાવરની તીવ્ર કટોકટી અનુભવે છે અને રાષ્ટ્રપતિ શક્ય તેટલી વહેલી તકે મેગા પાવર પ્રોજેક્ટના અમલીકરણને ઝડપી બનાવવા ઈચ્છે છે. જો કે, આવા પ્રોજેક્ટ્સ આપવામાં કોઈ અયોગ્ય પ્રભાવનો ઉપયોગ કરવામાં આવશે નહીં. મોટા પાયે રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સ માટે પ્રોજેક્ટ દરખાસ્તો મર્યાદિત છે, પરંતુ પ્રોજેક્ટ્સ માટે સંસ્થાઓની પસંદગી પર વિશેષ ધ્યાન આપવામાં આવશે, જે શ્રીલંકાની સરકાર દ્વારા પારદર્શક અને જવાબદાર સિસ્ટમ અનુસાર હાથ ધરવામાં આવશે. કોલંબો સ્થિત સન્ડે ટાઈમ્સના જણાવ્યા અનુસાર, બિલ પર સંસદીય ચર્ચા પછી તે પસાર કરવામાં આવ્યું હતું, અને વિરોધ પક્ષના ધારાસભ્ય નલિન બંદરાએ ચિંતા વ્યક્ત કરી હતી કે અદાણી જૂથને પ્રોજેક્ટ્સ આપવા માટે સ્પર્ધાત્મક બિડિંગ દૂર કરવામાં આવી રહી છે. આવું પહેલીવાર નથી કે જ્યારે શ્રીલંકાના લોકોએ ઊર્જા ક્ષેત્રમાં અદાણી જૂથના પ્રવેશ પર સવાલ ઉઠાવ્યા હોય અથવા આ સંબંધમાં શ્રી મોદીનું નામ ઉઠાવ્યું હોય. માર્ચ ૨૦૨૨માં આ જૂથ અને CEB વચ્ચે ઉત્તરીય મન્નાર અને પૂનેરીન જિલ્લામાં નવીનીકરણીય ઊર્જા પ્રોજેક્ટ્સ માટેના કરાર બાદ, શ્રીલંકાના મુખ્ય વિરોધ પક્ષ સામગી (એસજેબી અથવા યુનાઈટેડ પીપલ્સ ફોર્સ) એ જણાવ્યું હતું કે ભારતીય ઉદ્યોગપતિ પાછળના દરવાજા માંથી આવી રહ્યા છે અને તેઓએ ગોટાબાયા પર મોદીના કુખ્યાત મિત્રોને લાભ આપવાનો આરોપ મૂક્યો હતો. કોલંબોમાં વ્યૂહાત્મક પોર્ટ ટર્મિનલ ડીલ મેળવ્યા બાદ એનર્જી પ્રોજેક્ટ એ શ્રીલંકામાં અદાણી ગ્રૂપ સાથેનું બીજું મોટું સાહસ છે. કોલંબોએ શ્રીલંકા અને ભારત અને જાપાનની સરકારો વચ્ચે સમાન બંદર પર પૂર્વ કન્ટેનર ટર્મિનલ સંયુક્ત રીતે બાંધવા માટે ત્રિપક્ષીય કરારને એકપક્ષીય રીતે રદ કર્યા પછી, કોલંબો બંદર પર વેસ્ટ કન્ટેનર ટર્મિનલ પ્રોજેક્ટને અમલમાં મૂકવા માટે આ જૂથને કામગીરી આપવામાં આવી હતી. અદાણી જૂથ, આ બંને કિસ્સાઓમાં ભારત સરકારના નોમિની હતા, જે દર્શાવે છે કે કોઈ સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયા કરવામાં આવી નથી. એ જ રીતે, ગ્રૂપ અને CEB દ્વારા હસ્તાક્ષર કરાયેલ ઊર્જા કરાર પહેલાં ટેન્ડરિંગ પ્રક્રિયાની કોઈ માહિતી આપવામાં આવી નથી. બંને પક્ષો દ્વારા પણ આ કરારને સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યો ન હતો, અને શ્રીલંકાના મીડિયા દ્વારા તેની જાણ થઈ હતી. ભારત અને શ્રીલંકાએ તાજેતરની ભૂતપૂર્વ નાણામંત્રી બાસિલ રાજપક્ષેની માર્ચમાં શ્રી મોદી સાથેની બેઠક સહિત તમામ ઉચ્ચ-સ્તરીય બેઠકોમાં ઊર્જા ક્ષેત્રમાં દ્વિપક્ષીય સહયોગ અંગે ચર્ચા કરી હતી. ભારતના નેશનલ થર્મલ પાવર કોર્પોરેશને પણ માર્ચમાં CEB સાથે એક કરાર પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં સંયુક્ત રીતે શ્રીલંકાના પૂર્વ ત્રિકોમાલી જિલ્લામાં સેમપુરમાં સૌર ઊર્જા પ્લાન્ટ સ્થાપવામાં આવ્યો હતો. વધુમાં, ચીનના ઉર્જા પ્રોજેક્ટને વિસ્થાપિત કર્યા પછી ભારત જાફના દ્વીપકલ્પના ત્રણ ટાપુઓમાં હાઈબ્રિડ ઊર્જા પ્રોજેક્ટ પણ આગળ વધારી રહ્યું છે. જો કે ચીને એશિયન ડેવલપમેન્ટ બેંક-સમર્થિત આંતરરાષ્ટ્રીય સ્પર્ધાત્મક બિડ દ્વારા પ્રોજેક્ટ માટે આ કોન્ટ્રાક્ટ મેળવ્યો હતો, શ્રીલંકાએ ભારતના દક્ષિણ કિનારા નજીકના ચીનના પ્રોજેક્ટ માટે નવી દિલ્હીની ચિંતાને પગલે ભારતીય જૂથની આ પ્રોજેક્ટ માટે પસંદગી કરી હતી.

### કોરોના પછીની તકલીફને કારણે

# કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી હોસ્પિટલમાં દાખલ, તબિયત સ્થિર

નવી દિલ્હી, તા.૧૨

કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધીને દેશની રાજધાની દિલ્હીમાં આવેલી સર ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પાર્ટી પ્રવક્તા દ્વારા આપવામાં આવેલી જાણકારી અનુસાર, કોરોનાને કારણે થતી સમસ્યાઓને કારણે તેમને હોસ્પિટલ લઈ જવામાં આવી છે. કોંગ્રેસના પ્રવક્તા અને રાજયસભાના સભ્ય રણદીપ સિંહ સુરજેવાલાએ આ જાણકારી આપી છે. તેમણે ટ્વિટ કરીને આ જાણકારી આપી છે અને સોનિયા ગાંધીની તબિયત સ્થિર હોવાનું કહ્યું છે. તમને જણાવી દઈએ કે ૨ જૂનના રોજ સોનિયા ગાંધી કોરોના સંક્રમિત થયા હોવાની જાણકારી સામે આવી હતી. સોનિયા ગાંધી કોરોના સંક્રમિત થયા એના બીજા દિવસે તેમના દીકરી પ્રિયંકા ગાંધી વાડ્રાનો કોરોના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો હતો. કોરોના સંક્રમિત થયા તે પહેલા સોનિયા ગાંધીએ નેતાઓ અને કાર્યકર્તાઓ સાથે મુલાકાત કરી હતી. તેમાંથી પણ અમુક લોકો કોરોના પોઝિટિવ હોવાની જાણકારી મળી છે. સોનિયા ગાંધીને ૧ જૂનની સાંજે સામાન્ય તાવ આવ્યો હતો અને કોરોનાના અન્ય લક્ષણો દેખાયા હતા. ત્યારપછી તેમનો રિપોર્ટ



કરવામાં આવ્યો હતો. પાર્ટીના નેતા કેસી વેણુગોપાલ પણ કોરોના સંક્રમિત થયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ટ્વિટ કરીને સોનિયા ગાંધી વહેલીતકે સ્વસ્થ થાય તેવી કામના કરી હતી. વર્તમાન સ્થિતિની વાત કરીએ તો રણદીપ સુરજેવાલાએ ટ્વિટમાં લખ્યું છે કે, કોંગ્રેસ અધ્યક્ષ શ્રીમતી સોનિયા ગાંધીને આજે કોરોનાને લગતી સમસ્યાઓને કારણે ગંગા રામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેઓ સ્થિર છે અને હોસ્પિટલમાં તબીબોની દેખરેખ હેઠળ રાખવામાં આવશે. રણદીપ સુરજેવાલાએ આગળ લખ્યું છે કે, અમે શુભકામનાઓ પાઠવનારા અને તેમના માટે ચિંતા વ્યક્ત કરનારા તમામ લોકોનો આભાર વ્યક્ત કરીએ છીએ. ઉલ્લેખનીય છે કે નેશનલ હેરાલ્ડ કેસમાં ઈડીએ સોનિયા ગાંધી અને તેમના પુત્ર રાહુલ ગાંધીને સમન્સ પાઠવ્યા છે. ૮ જૂનના રોજ સોનિયા ગાંધી કોરોનાને કારણે હાજર નહોતા થઈ શક્યા. હવે આગામી તારીખ ૨૩ જૂનની આપવામાં આવી છે.

### દેશભરમાં ફરી વધી રહ્યો છે કોરોનાનો ખતરો

# દેશમાં કુલ ૮,૫૮૨ નવા કોરોનાના કેસ નોંધાયા

## કુલ એક્ટિવ કેસની સંખ્યા પણ ૪૪ હજારને પાર પહોંચી

નવી દિલ્હી, તા.૧૨

દેશભરમાં કોરોનાની ચોથી લહેરની આશંકા વચ્ચે નવા કેસમાં સતત વધારો જોવા મળી રહી છે. આ દરમિયાન ગત ૨૪ કલાકના આંકડા પણ સામે આવ્યા છે, જેમાં ફરી એકવાર કોરોનાના કેસ ૮ હજારને પાર થઇ ગયા છે. ગત એક દિવસમાં કુલ ૮,૫૮૨ નવા કોરોનાના કેસ નોંધાયા છે, જ્યારે ચાર લોકોના મોત થયા છે. ત્યારબાદ ક્રૂનાના કુલ એક્ટિવ કેસની સંખ્યા પણ ૪૪ હજારને પાર પહોંચી ચૂકી છે. ગત ૨૪ કલાકમાં આવેલા ૮ હજારથી વધુ કેસ બાદ કોરોનાના એક્ટિવ કેસ ૪૪,૫૧૩ સુધી પહોંચી ગયા છે. જે એક દિવસ પહેલાં ૪૦



હજાર હતા. હવે ભારતમાં કુલ કોરોનાના કેસની સંખ્યા ૪,૩૨,૨૨,૦૧૭ સુધી પહોંચી ગઇ છે, તો બીજી તરફ કોરોનાથી અત્યાર સુધી ૫,૨૪,૭૬૧ લોકોના મોત થયા છે. દેશમાં સારવાર હેઠળ દર્દીઓની સંખ્યા સંક્રમણના કુલ કેસની ૦.૧૦ ટકા છે જ્યારે કોવિડ ૧૯થી સાજા થવાનો રાષ્ટ્રીય દર ૯૮.૬૬ ટકા નોંધવામાં આવ્યો છે. આંકડા અનુસાર ગત ૨૪ કલાકમાં કોવિડ ૧૯ના સારવાર લઇ રહેલા દર્દીઓની સંખ્યામાં ૪,૧૪૩ કેસનો વધારો નોંધાયો છે. સંક્રમણ દર ૨.૭૧ ટકા નોંધાયો અને સાપ્તાહિક સંક્રમણ દર ૨.૦૨ ટકા રહ્યો. આ બિમારીથી સાજ થનાર સંખ્યા વધીને ૪,૨૬,૫૨,૭૪૩ થઇ ગઇ છે જ્યારે મૃત્યું દર ૧.૨૧ ટકા ચે. દેશવ્યાપી કોવિડ ૧૯ વેક્સીન અભિયાન હેઠળ અત્યાર સુધી ૧૯૫.૦૭ કરોડથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર દેશમાં સંક્રમણથી જે ચાર લોકોના મોત થયા છે, તેમાં કેરલના ત્રણ સંક્રમિત હતા અને એક મહારાષ્ટ્રના દર્દીનું મોત નિપજ્યું છે.

# ‘શું તમે સિનેમાગૃહમાં છો ?’ : પટણા હાઈકોર્ટના જજે ડ્રેસકોડ મુદ્દે IAS અધિકારીને ફટકાર લગાવી

(એજન્સી) પટણા,તા.૧૨

પટણા હાઈકોર્ટના એક જજે શુક્રવારે અયોગ્ય ડ્રેસિંગ કોડ બદલ વરિષ્ઠ આઈએએસ અધિકારીને ફટકાર લગાવી હતી. બીજી તરફ અધિકારી આ સમજાવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા કે તે કોર્ટના કોઈપણ પ્રકારના ડ્રેસકોડ અંગે અજાણ છે. જજે અધિકારીને ફટકાર લગાવતા પ્રશ્ન કર્યો હતો કે શું તે સિનેમાગૃહમાં આવ્યા છે. હવે આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. જજ પી.બી. બજંથરીએ આઈએએસ અધિકારીને અયોગ્ય ડ્રેસમાં જોઈ પ્રશ્ન કર્યો હતો કે શું તેમણે મસૂરીમાં સિવિલ સર્વિસીઝ ટ્રેનિંગ સેન્ટરમાં ભાગ લીધો હતો. પરંતુ અધિકારી આ અંગે કોઈ જવાબ આપી શકયા ન હતા. ત્યારે જજ બજંથરીએ



પ્રશ્ન કર્યો હતો કે શું તમને લાગે છે કે આ સિનેમાગૃહ છે ? શું તમને આ ખબર નથી કે કોર્ટમાં કયા ડ્રેસકોડમાં હાજર થવું જોઈએ ? તમારૂ કોટ અને કોલર તો ખુલ્લુ ન જ રહેવું જોઈએ. આ અધિકારી સફેદ શર્ટમાં પોતાના કોલરના બટન ખુલ્લા રાખી બ્લેઝર વગર સુનાવણીમાં હાજર થયા હતા.

# ભોપાલમાં જાતીય હુમલાનો પ્રતિકાર કરવાનો પ્રયાસ કર્યા પછી મહિલાના ચહેરા પર ૧૧૮ ટાંકા આવ્યા

(એજન્સી) ભોપાલ, તા.૧૨

મધ્યપ્રદેશના ભોપાલમાં એક મહિલાએ શસ્ત્રક્રિયા કરાવી હતી અને તેના ચહેરા પર ૧૧૮ જેટલા ટાંકા આવ્યા હતા જ્યારે પુરૂષોના એક જૂથે તેના પર પેપર કટર વડે હુમલો કર્યો હતો જ્યારે તેણીએ તેના પર જાતીય હુમલો કરવાના પ્રયાસોનો પ્રતિકાર કર્યો હતો, પોલીસે જણાવ્યું હતું. આ ઘટના શુક્રવારે ભોપાલના ટીટી નગર વિસ્તારમાં બની હતી. પોલીસે જણાવ્યું કે, મહિલા શુક્રવારે તેના પતિ સાથે ટીટી નગરના રોશનપુરા સ્થિત શ્રી પેલેસ હોટેલમાં ગઈ હતી ત્યારે બાઇક પાર્કિંગને લઈને તેની અને આરોપી વચ્ચે ઝઘડો થયો હતો. તેઓએ અશ્લીલ ટિપ્પણીઓ કરી અને તેના પર સીટી માર્યા, જ્યારે તેનો પતિ હોટલની અંદર હતો. અધિકારીઓએ જણાવ્યું કે, મહિલાએ આરોપીનો સામનો કર્યો અને ત્રણમાંથી એકને થપ્પડ પણ મારી, તે પછી તે હોટલમાં તેના પતિ સાથે ગઈ. અધિકારીઓએ જણાવ્યું હતું કે, જ્યારે દંપતી હોટલમાંથી બહાર આવ્યું, ત્યારે આરોપીઓ કે જેઓ તેમની સામે ઊભા રહેવા બદલ મહિલા સાથે ગુસ્સે થયા હતા, તેઓએ પેપર કટરથી તેના પર હુમલો કર્યો. ત્યાર પછી તેનો પતિ તેને હોસ્પિટલ લઈ ગયો જ્યાં ડૉક્ટરોએ ગંભીર ઈજાઓની સારવાર માટે સર્જરી કરી. પોલીસે જણાવ્યું હતું કે, બે આરોપી બાદશાહ બેગ અને અજય ઉર્ફે બિટ્ટી સિબ્દેની



ધરપકડ કરવામાં આવી છે અને ત્રીજા આરોપીને પકડવા માટે શોધ ચાલી રહી છે પોલીસે હોટલના સીસીટીવી ફૂટેજની તપાસ કર્યા બાદ ધરપકડ કરવામાં આવી હતી. મધ્યપ્રદેશના મુખ્યપ્રધાન શિવરાજસિંહ ચૌહાણે આજે સવારે દંપતીની મુલાકાત લીધી હતી અને તેમની તબીબી સારવાર માટે સંપૂર્ણ સહાયની ખાતરી આપી હતી. ચૌહાણે મહિલાની હિંમતની પ્રશંસા કરી અને તેણીને ૧ લાખ રૂપિયાનું ઈનામ આપ્યું. તેણીએ અન્ય લોકો માટે એક ઉદાહરણ સ્થાપિત કર્યું છે, મુખ્યમંત્રીએ કહ્યું. દોષિત સામે કડક કાર્યવાહી કરવામાં આવશે, તેમણે ઉમેર્યું.

# બાંગ્લાદેશ પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબના સન્માન સાથે કોઈ બાંધછોડ કરશે નહીં : માહિતી પ્રધાન હસન મહમુદ



(એજન્સી) તા.૧૨

બાંગ્લાદેશના શેખ હસીના સરકારના માહિતી પ્રધાને શનિવારે જણાવ્યું હતું કે, ઈસ્લામના પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબના સન્માન સાથે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં. મંત્રીની આ ટિપ્પણી ભાજપના બે ભૂતપૂર્વ નેતાઓ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓ સામે દેશમાં થઈ રહેલા સતત વિરોધની પૃષ્ઠભૂમિમાં કરવામાં આવી છે. મીડિયા પ્રોફેશનલ્સની મુલાકાતી ટીમ સાથેની ચર્ચામાં હસન મહમુદે જણાવ્યું હતું કે, શ્રીમતી હસીનાએ ગયા વર્ષે બાંગ્લાદેશમાં સાંપ્રદાયિક તણાવ અટકાવવા માટે તાત્કાલિક કાર્યવાહી કરી હતી અને ભારતે સુશ્રી હસીનાને નવી દિલ્હીની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું હતું, તે ભારતનો આંતરિક મુદ્દો છે અને બાંગ્લાદેશ માટે તે બાહ્ય મામલો છે. જ્યાં પણ આવી ઘટનાઓ બને છે, અમે તેની નિંદા કરીએ છીએ. અમે ઈસ્લામના પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ અપમાનને સાંખી લેશું નહીં અને તેમના સન્માન સાથે કોઈ સમાધાન કરીશું નહીં. શ્રી મહમુદે આશા વ્યક્ત કરી કે ભારતીય કાનૂની પ્રક્રિયા ભાજપના ભૂતપૂર્વ નેતાઓ નૂપુર શર્મા અને નવીનકુમાર જિંદાલ સામે પોતાનું કામ કરશે અને કહ્યું કે, ભારત દ્વારા કાર્યવાહી કરવામાં આવશે. બાંગ્લાદેશના બ્રાહ્મણબારિયા, કોમિલ્લા, ચિત્તાગોંગ અને રંગપુર પ્રદેશોમાં જ્યારે હિંદુ પૂજા પંડાલોને નિશાન બનાવવામાં આવ્યા હતા ત્યારે શ્રી મહમુદે ગયા ઓકટોબરમાં સાંપ્રદાયિક તણાવ તરફ ધ્યાન દોર્યું હતું અને કહ્યું હતું કે, શ્રીમતી હસીનાએ લઘુમતી સમુદાયને થયેલા નુકસાનને રોકવા માટે અનુકરણીય પગલાં લીધા હતા.

શ્રી મહમુદે જણાવ્યું હતું કે, હુલ્લડખોરોએ પીરગંજને નિશાન બનાવ્યું હતું જે વડાપ્રધાનના પરિવાર સાથે સંકળાયેલું છે અને તેમના સ્વર્ગસ્થ પતિ ડૉ.વાજેદ ત્યાંના રહેવાસી હતા. જ્યારે આ હુમલાઓ થયા ત્યારે મને રાત્રે ઊંઘ ન આવી અને બીજા દિવસે હું સ્થળ પર દોડી ગયો હતો. અમારા બધા કાર્યકરો પૂજા પંડાલમાં દોડી ગયા હતા અને લઘુમતી સમુદાયના સભ્યોને મળ્યા હતા તેઓને આપવામાં આવેલ વળતર લઘુમતી સમુદાયોના પરિવારોને થયેલા નુકસાનનું ત્રણ ગણું હતું. શેખ હસીના સરકારમાં મુખ્ય વ્યક્તિ એવા ૬૦ વર્ષીય આ મંત્રીએ કહ્યું હતું કે, અમારા વડાપ્રધાન ઉગ્રવાદ અને આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા માટે પ્રતિબદ્ધ છે અને અવલોકન કર્યું હતું કે, ઢાકા ૨૦ પક્ષોના વિરોધ પક્ષના જોડાણમાં આવા તત્ત્વોની હાજરીથી વાકેફ છે, તે જોડાણમાં કેટલાક નેતાઓ છે જેમને ભૂતકાળમાં અફઘાનિસ્તાનમાં અલ-કાયદા દ્વારા તાલીમ આપવામાં આવી હતી.

મંત્રીએ બાંગ્લાદેશ અને ભારત ખાસ કરીને પૂર્વોત્તર સાથે વધુ કનેક્ટિવિટી માટે ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે, બાંગ્લાદેશે રોડ અને રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુધારવામાં રોકાણ કર્યું છે જે ત્રિપુરા, આસામ અને ચિત્તાગોંગ બંદર વચ્ચે કનેક્ટિવિટી સુધારશે. ઉપમહાદ્વીપના બ્રિટિશ શાસકોએ આસામના વિકાસ માટે ચિત્તાગોંગ બંદરનો ઉપયોગ કર્યો હતો અને અમારી બાજુના વધુ સારા રોડ નેટવર્ક ટૂંક સમયમાં તૈયાર થશે જે ત્રિપુરા અને ચટગાંવ બંદર વચ્ચે બહેતર જોડાણમાં મદદ કરશે. રોડ કનેક્શન પહેલેથી જ અસ્તિત્વમાં છે પરંતુ અમે તેને સુધારવા માટે કામ કરી રહ્યા છીએ. મંત્રીએ બુલેટ ટ્રેન પ્રોજેક્ટને બાંગ્લાદેશ માટે બિનજરૂરી ગણાવ્યો અને તેને ઢાકાના દૃષ્ટિકોણથી નકામો ગણાવ્યો હતો.

શ્રી મહમુદે યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધ વિશે સુશ્રી હસીનાએ અગાઉ વ્યક્ત કરેલી ચિંતાની વાત કરી હતી અને આ યુદ્ધનો ઉકેલ લાવવા માટે કહ્યું હતું અને કહ્યું કે, અમે યુદ્ધનો અંત ઈચ્છીએ છીએ કારણ કે, તે કોઈના માટે લાભદાયક નથી. ૧૯૭૧માં જ્યારે યુદ્ધ શરૂ થયું અને યુએસ ફ્લિટ બંગાળની ખાડીમાં મોકલવામાં આવી ત્યારે હું આઠ વર્ષનો હતો. બાળપણમાં પણ મને મારા પરિવારના વડીલોને ભયાનકતાનો અનુભવ થયો હતો. પરંતુ રશિયા અમારા બચાવમાં આવ્યું હતું. રશિયા અમારી સાથે જે રીતે ઊભું રહ્યું હતું તે અમને યાદ છે. શ્રી મહમુદે કહ્યું કે, ભારતે શ્રીમતી હસીનાને આમંત્રણ આપ્યું છે અને તેણીએ સ્વીકાર્યું છે પરંતુ તેમની મુલાકાતની ચોક્કસ તારીખ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી નથી.

### હાઈવે પૂલ બંને દેશ માટે મહત્ત્વપૂર્ણ

# રશિયા અને ચીન વચ્ચે પ્રથમ હાઈવે પૂલ શરૂ

મોસ્કો, તા.૧૨

રશિયા અને ચીન વચ્ચે શુક્રવારે પહેલા હાઈવે પૂલનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. બંને દેશોને આશા છે કે આ પૂલ ખુલવાથી વેપારને વધુ પ્રોત્સાહન મળશે. આ ક્રોસ બોર્ડરનું ઉદઘાટન એવા સમયે થયું છે જ્યારે મોસ્કોને યૂક્રેન પર હુમલાની સખત પશ્ચિમી પ્રતિબંધોને સહન કરવા પડી રહ્યા છે. આરઆઈએ સમાચાર એજન્સીએ જણાવ્યું કે આ રશિયન શહેર બ્લાગોવેશચેંસ્કને અમૂર નદી (જેને ચીનમાં હેઇલોંગજિયાંગના નામથી ઓળખવામાં આવે છે) ના પાર ચીની શહેર હેગે સાથે જોડે છે. આ પૂલ ફક્ત એક કિલોમીટર લાંબો છે અને તેનો ખર્ચ ૧૯ બિલિયન રૂબલ (૩૪૨ મિલિયન ડોલર) છે. શુક્રવારે આતશબાજીના પ્રદર્શન વચ્ચે બંને છેડેથી માલવાહક ટ્રકોએ લેનના પૂલને પાર કર્યો. રશિયન અધિકારીઓએ કહ્યું કે આ પૂલ વેપારને પ્રોત્સાહન આપીને મોસ્કો અને બીજિંગને એક સાથે લાવશે. આ પહેલાં ફેબ્રુઆરીમાં બંને દેશો દ્વારા ''કોઈ સીમા નહીં' ભાગેદારીની જાહેરાત કરી




**પૂલ ખુલવાથી બંને દેશોના વેપારને વધુ પ્રોત્સાહન મળશે**

હતી. આ જાહેરાત દ્વારા યૂક્રેનમાં રશિયન સેના મોકલવાના થોડા સમય પહેલાં જ થઇ હતી. રશિયાના સુદૂર પૂર્વમાં ક્રેમલિનના પ્રતિનિધિ યૂરી ટ્રૂટનેવે કહ્યું કે 'આજની વિભાજિત દુનિયામાં રશિયા અને ચીન વચ્ચે બ્લાગોવેશચેંસ્ક-હેહે એક વિશેષ પ્રતિકાત્મક અર્થ છે. ચીનના ઉપ પ્રધાનમંત્રી હૂ ચુનહૂઆએ ઉદઘાટનના સ્થળેથી કહ્યું કે ચીન તમામ ક્ષેત્રમાં રશિયા સાથે વ્યાવહારિક સહયોગને ગાઢ કરવા માંગે છે. રશિયાના પરિવહન મંત્રી વિટાલી સેવલીવે કહ્યું કે પુલ દ્વિપક્ષીય વાર્ષિક વેપારને ૧૦ લાખ ટનથી વધુ માલ માટે પ્રોત્સાહન આપવામાં મદદ કરશે.

# પૃથ્વીરાજનું ૯મા દિવસનું બોક્સ ઓફિસ કલેક્શન : અક્ષય કુમારે સળંગ બે ફલોપ ફિલ્મો આપી, ઝીરો બૂકિંગ બાદ સ્ક્રીનિંગ રદ

(એજન્સી) તા.૧૨

મોટાભાગે કોમવાદને પ્રોત્સાહન આપતા અભિનેતા અક્ષયકુમાર માટે હવે જાણે માઠા દિવસો શરૂ થઈ ગયા હોત તેમ તેની સતત બીજી ફિલ્મ ફલોપ રહી છે. તેને મોટાપાયે પ્રોપોગેન્ડા એક્ટર તરીકે ઓળખવામાં આવે છે જે ભાજપની કઠપૂતળી તરીકે ઓળખાય છે. તેની તાજેતરની નવી ફિલ્મ પૃથ્વીરાજનું ૯મા દિવસનું કલેક્શન ઘણું બધું કહી જાય છે. ૯મા દિવસે તેની ફિલ્મે ફક્ત ૧.૫ કરોડ રૂપિયાની જ કમાણી કરી શકી હતી અને તેની આ ફિલ્મની ઓવરઓલ કમાણી માત્ર ૫૮ કરોડને આંબી શકે છે. જે તેના માટે એક મોટું નુકસાન છે. આ ફિલ્મ આશરે ૩૦૦ કરોડ રૂપિયાના બજેટ પર બની હતી અને આટલું નુકસાન કોઈને પોશાય તેમ નથી. અક્ષયકુમાર માટે આ ચિંતાનો વિષય છે. જો કે, મુંબઈ જેવા શહેરમાં ફિલ્મની આવી દશા થતાં અનેક સ્ક્રિનિંગ પણ રદ કરી દેવામાં આવી હતી કેમ કે કોઈ દર્શક આ ફિલ્મને જોવા માટે પહોંચી રહ્યું નથી. અગાઉ અક્ષયકુમારની બચ્ચન પાંડે ફિલ્મ પણ જોરદાર રીતે પિટાઈ ગઈ હતી. અક્ષયકુમાર પોતાની ફિલ્મને સફળ બનાવવા માટે અનેકવાર એવા પ્રયાસો કરતો જોવા મળ્યો છે કે જેથી કરીને તેને હિન્દુવાદીઓનું સમર્થન મળી જાય. તે પોતાની ફિલ્મ માટે મંદિરોની મુલાકાત કરતો



પણ જોવા મળ્યો હતો. તેણે એવી પણ ટિપ્પણી કરી હતી કે ભારતીય પાઠ્યપુસ્તકોમાં હિન્દુ શાસકો વિશે કોઈ માહિતી આપવામાં આવી જ નથી અને ફક્ત મુઘલ શાસકોને જ ચમકાવવામાં આવ્યા છે, તે અનેકવાર હિન્દુઓને સારી લાગે તેવી વાતો કરતો જોવા મળ્યો છે. વિવાદિત અભિનેતાની આવી હરકતોને કારણે જ કદાચ તેની ફિલ્મો પીટાઈ રહી છે અને તેને જોઈએ તેટલું પણ કલેક્શન મળી રહ્યું નથી, તે લોકોના રોષનો સામનો કરી રહ્યો છે, તે ભારતીય સમાજને વિભાજિત કરતી ટિપ્પણીઓ પણ કરવા માટે જાણીતો છે.

# છેલ્લા એક માસથી પાણી વિના ટળવળતા વિરપુર નગરવાસીઓ : અધિકારીનો ઉડાઉ જવાબ

## દોઢ માસથી ચાર-પાંચ દિવસે માત્ર ૧૦ મિનિટ એ પણ ઓછા ફોર્સથી પાણી આવે છે : લોકો સ્વખર્ચે ટેન્કર મંગાવે છે



વિરપુર, તા.૧૨

વિરપુર નગર ગ્રામ પંચાયત તથા તાલુકા પંચાયતનું વડુ મથક ધરાવતું આશરે ૩૦,૦૦૦ની વસ્તીવાળુ શહેર છે. છેલ્લા દોઢ માસથી નગર વાસીઓને ચાર-પાંચ દિવસે દસ મિનિટ માટે ખૂબ ઓછા ફોર્સથી પાણી મળે છે. નગરના અમુક વિસ્તાર તો એવા છે કે, જયાં એક માસથી એક ડોલ પાણી પણ નથી મળ્યું. વિરપુરના જૂના પોલીસ સ્ટેશન વિસ્તાર, જૂના બજાર ચાર રસ્તા, ખારી કૂવી વિસ્તાર, જૂની ખેડા જિલ્લા બેંક વિસ્તાર, કસ્બા વિસ્તાર, લીમડા ભાગોળ, કન્યા શાળા વિસ્તારના રહીશો તો છેલ્લા એક દોઢ માસથી સ્વખર્ચે પાણીનું ટેન્કર મંગાવી પોતાની પાણીની જરૂરિયાત પૂરી કરે છે. સરપંચની અવધિ પૂર્ણ થઈ ગયેલ હોવાથી અત્યારે સરકારે નિમણૂક કરેલ વહીવટી અધિકારી છે જેઓ એક જ જવાબ આપે છે કે, અંદરગ્રાઉન્ડ પાઈપલાઈનમાં મોટું લીકેજ હોવાથી લાઈન બાયપાસ કરી છે જેથી પાણીનો ફોર્સ ઓછો છે અને આ લીકેજ ક્યારે રિપેર થશે તેનો આધાર સરકારમાંથી જે રીતે મંજૂરી મળે અને જયારે મંજૂરી મળે એની ઉપર આધારિત છે. ઉતાવળે કોઈ કામ નહીં થાય. અત્યારની કાળજાળ ગરમીમાં પાણી વગર પ્રજા ખૂબ જ ત્રાહિમામ પોકારી ગઈ છે. પ્રજાનું દર્દ કોઈ અધિકારીની નજરમાં આવતું નથી. તંત્રની ઘોરનિદ્રા જોતા એવું લાગે છે કે, આ સમસ્યાનો ઉકેલ એક-બે મહિના સુધી આવે તેમ નથી. ત્યાં સુધી પબ્લિક પાણી વગર ટળવળતી રહેશે અને તંત્ર એની મસ્તીમાં રહેશે. સામાન્ય પ્રજાજનો વારંવાર આ બાબતે પંચાયતમાં રજૂઆત માટે જાય તો ઉડાઉ જવાબ મળે છે. પ્રજા જાય તો કયાં જાય ?? સત્તાધીશોને પ્રજાની વિનંતી છે કે, પાણી તો પ્રજાની મૂળભૂત જરૂરિયાત છે તો એ તો પૂરી કરો. તમને સત્તા ઉપર આવા કામ કરવા તો બેસાડ્યા છે તો અમારા દર્દને તો જુઓ.

### રોડ નહીં તો વોટ નહીં

# તરસાલી વિસ્તારના રહીશોનો રોડ રસ્તાની માગણી સાથે હોબાળો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૨

વડોદરામાં તરસાલી વિસ્તારમાં છેલ્લા ૧૫ વર્ષથી એક રોડની હાલત એની એ જ છે. જેથી આજે રહીશોએ રોડ ન બને તો ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચિમકી ઉચ્ચારી છે. વડોદરાનાં તરસાલી વિસ્તારના સાંઇધામ સોસાયટીનાં રહીશો રસ્તા પર ઉતરીને પાલિકા સામે વિરોધ નોંધાવી રહ્યા છે. બેભાન અવસ્થામાં રહેતી વડોદરા મહાનગર પાલિકાના ભ્રષ્ટાચાર પર જનતાએ રોષ ઠાલવ્યા છે. રોડ નહીં તો વોટ નહીં ના નારા સાથે રહીશો રસ્તા પર વિરોધ નોંધાવ્યો હતો. મળતી માહિતી મુજબ સાંઇધામ સોસાયટી પાસે ઘણા સમયથી રોડ અડધો બનાવીને પડતો મૂકવામાં આવ્યો છે. મુખ્યમંત્રી સુધી આ મામલે રજૂઆત કરવામાં આવી છે. પરંતુ કોઈ નિવારણ આવ્યુ નથી. રહીશોનું કહેવુ છે કે કોઈને કોઈ કારણોસર આ રોડનું કામ રોકી રાખવામાં આવે છે. ‘‘રોડ નહીં તો વોટ નહીં’’. અમે ચૂંટણીનો બહિષ્કાર કરીશું. આ કોઈ એક-બે વર્ષથી નહીં પરંતુ છેલ્લા ૧૫ વર્ષથી રોડની સમસ્યા રહીશો ભોગવી રહ્યા છે. આ અંગે કોર્પોરેશનમાં મેયરથી લઈને તમામ પદાધિકારીઓને વાત કરેલી છે. પરંતુ આજ સુધી રોડ બન્યો નથી. રહીશોનુ કહેવુ છે કે જો રોડ નહીં થાય તો અમે ભાજપને વોટ આપીશું નહીં. અને જો રોડ બની જશે તો અમે ભાજપને જીત અપાવવા માટે આજે પણ તૈયાર છીએ. રહીશોનું કહેવુ છે કે ચોમાસામાં આ રોડની હાલત ખૂબ જ ખરાબ થાય છે. અમારે અહીંથી નિકળવું પણ ખૂબ મુશ્કેલ બને છે. અહીં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સુત્ર ‘‘સબકા સાથ સબકા વિકાસ’’ ખોટું પડી રહ્યુ છે. તેમ રહીશોએ જણાવ્યું હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે જો રોડ નહીં બને તો અહીંના વિસ્તારમાં આવેલી સાતથી આઠ સોસાયટીમાં કોઈ રાજકીય નેતાઓ કે કાર્યકરોને પ્રચાર માટે એન્ટ્રી આપવામાં નહીં આવે.આવનાર સમયમાં સોસાયટીનાં રહીશો ધૂન બોલાવી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે તેવી ચિમકી ઉચ્ચારી હતી. હવે જોવુ રહ્યુ છે વોટ માટે પણ તંત્ર આ રહીશોનું કામ કરે છે કે પછી છેલ્લા ૧૫ વર્ષની જેમ આગામી સમયમાં પણ રહીશોને હાલાંકી ભોગવવી પડે છે.

# લગ્નનું રિસેપ્શન પતાવી પરત ફરતી વેળા નડેલા અકસ્માતમાં અરેરાના બેનાં મોત

નડિયાદ, તા.૧૨

ખેડા જિલ્લાના વસો પંથકમાં ગતરોજ રાત્રે ગમખ્વાર અકસ્માતમાં બે લોકો મોતના મુખમાં ધકેલાઈ ગયા છે. લગ્નનું રીસેપ્શન પતાવી પરત ફરતાં અરેરાની બે વ્યક્તિને વસોના પીજ-રામોલ રોડ ઉપર અકસ્માત નડ્યો હતો. જેમાં બંનેના મોત થતા વાળંદ પરિવાર પર આભ ફાટ્યું છે. આ બનાવ સંદર્ભે વસો પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી દીધી છે.

નડિયાદ તાલુકાના અરેરા ગામે ઝોકવાળા ફળિયામાં રહેતા નયનકુમાર સંજયભાઈ વાળંદ પરીવારજનો સાથે ગતરોજ મલાતજ ગામે લગ્નના રિસેપ્શનમાં ગયા હતા. જેમાં નયનકુમાર એક મોટરસાયકલ પર અને અન્ય મોટરસાયકલ પર તેમના સાવકા પિતા ભરતભાઈ ભીખાભાઈ વાળંદ મોટરસાયકલ (GJ 07 BC 4606) હતાં. ભરતભાઈ પોતે મોટરસાયકલ હંકારતા હતા. જ્યારે કુટુંબી દાદા રમેશભાઈ ઉર્ફે ઘનશ્યામભાઈ વાળંદ તેમના મોટરસાયકલ પર પાછળ બેઠા હતા. આ તમામ લોકો રિસેપ્શન પતાવી આશરે આઠેક વાગે મલાતજથી નીકળેલા અને પરત અરૈરા આવતા હતા. આ દરમિયાન નયનકુમાર પોતે પીજ ચોકડી આવી ઊભા રહ્યા હતા અને તેમની પાછળ તેમના સાવકા પિતા ભરતભાઈ મોટરસાયકલ ચલાવી આવતા હતા. જોકે તેઓને મોડું થતાં નયનકુમારે તુરંત પોતાના સાવકા પિતાને ફોન કરતા ફોન ઉપાડ્યો નહોતો. દસેક મિનિટ બાદ ભરતભાઈના મોબાઈલ પરથી અજાણ્યા વ્યક્તિનો નયનકુમારને ફોન આવ્યો અને જણાવ્યું કે પીજ-રામોલ રોડ ઉપર અકસ્માત થયો છે. આથી નયનકુમાર તુરંત પરત પાછા ફર્યા હતા. તેઓએ બનાવ સ્થળે પહોંચતા જાણવા મળ્યું હતું કે પૂરપાટ આવતી અતુલ શક્તિ ટેમ્પી નંબર (GJ23Z0612)એ ઉપરોક્ત ભરતભાઈની મોટરસાયકલને ટક્કર મારી હતી. જેથી ભરતભાઈ વાળંદ તથા રમેશભાઈ વાળંદ બન્ને રોડ ઉપર પટકાયા હતા. આથી ભરતભાઈનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે રમેશભાઈ વાળંદનું ટૂંકી સારવાર દરમિયાન આજે વહેલી સવારે મોત નિપજ્યું છે. આ બનાવ સંદર્ભે નયનકુમાર વાળંદે વસો પોલીસને જાણ કરતા પોલીસે તેઓની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી દીધી છે.

# ભિલોડા પંથકની સગીરા પર ગેંગરેપ

મોડાસા, તા.૧૨

ભિલોડા પંથકમાં એક સગીરાને ત્રણ નરાધમોએ પોતાની હવસનો શિકાર બનાવતા પોલીસે આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. ભિલોડા પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ મુજબ, ભિલોડા પંથકમાં કોમ્પ્યુટરનો અભ્યાસ કરતી ૧૭ વર્ષિય સગીરાને ૩ શખ્સો રિક્ષામાં બેસાડી નજીક આવેલા જસવંતપુરાના ગોચર અને બાવળના જંગલ વિસ્તારમાં લઈ ગયા હતા, જયાં ગેંગરેપની ઘટનાને અંજામ આપ્યો છે. સગીરાને ત્રણેય ઈસમોએ જાનથી મારી નાખવાની પણ ધમકી આપતા, પોલીસે ત્રણ ઈસમનો સામે ગુનો નોંધીને આરોપીઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. ભિલોડા પોલિસે ત્રણ ઈસમો સામે IPC કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(S), ૫૦૬(૨) તેમજ પોક્સો એક્ટ કલમ ૪,૬,૧૭ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આજે ટંકારીઆ ખાતે હજ તાલીમ કેમ્પ યોજાશે

ટંકારીઆ, તા.૧૨

વર્ષ ૨૦૨૨ની હજની પવિત્ર યાત્રાએ જઈ રહેલા હજ યાત્રીઓ માટે આગામી ૧૩ જૂન ૨૦૨૨ને સોમવારના રોજ ટંકારીઆ મુકામે મસ્જિદ એ મુસ્તુફાઇય્યામાં સવારે ૯ વાગ્યાથી હજ તાલીમ કેમ્પ રાખવામાં આવ્યો છે. આ હજ તાલીમ કેમ્પમાં નામાંકિત આલીમો દ્વારા હજના અરકાનો વિશે વિસ્તૃત માહિતી તથા પ્રેક્ટિકલ માર્ગદર્શન હાજીઓને પ્રદાન કરવામાં આવશે. કાર્યક્રમની પુર્ણાહુતી બાદ તમામ હાજીઓ માટે જમવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

### જિલ્લા કલેક્ટરે બેઠકનું આયોજન કર્યું

# અમરેલીમાં બિનખેતી રેગ્યુલાઈઝ વગરની જમીનના પ્રશ્નનું નિરાકરણ લવાશે

અમરેલી, તા.૧૨

અમરેલી શહેરના રહેણાક વિસ્તારમાં થતા બિનખેતી રેગ્યુલાઈઝ વગરની જમીનનો ખૂબ જ મોટો પ્રશ્ન લોકોને હોઈ તે પ્રશ્નના નિરાકરણ માટે થઈને જિલ્લા ભાજપ પ્રમુખ કૌશિકભાઈ વેકરિયાને રજૂઆત કરતા ગુજરાત સરકાર તેમજ કલેક્ટર દ્વારા આ પ્રશ્નને ગંભીરતા લઈ પ્રશ્નના નીરાકરણ માટે મિટિંગ તા.૧૫/૬/૨૨ના રોજ બોલાવેલ છે. તો આ બાબતે ખાસ કરીને જિલ્લા ભાજપ પ્રમુખ કૌશિકભાઈ વેકરિયા, કલેક્ટર તેમજ નગરપાલિકાના સભ્યો દ્વારા થયેલ રજૂઆતો તથા ગુજરાત સરકારના મુખ્યમંત્રીનો આભાર અમરેલી નગરસેવા સદનના પ્રમુખ મનિષાબેને વ્યક્ત કર્યો છે.

# વડોદરામાં ભારે ગરમી અને બફારા બાદ વરસાદી ઝાપટું પડ્યું

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૨

વડોદરા શહેરમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી ભારે ગરમી અને બફારા બાદ આજે બપોરે હવામાનમાં અચાનક પલટો આવતા વાદળછાયુ હવામાન થયા બાદ વરસાદનું ઝાપટુ પડ્યું હતું અને ત્યારબાદ ફરી પાછો બફારો શરૂ થતા "જે સે થે" પરિસ્થિતિ થઈ ગઈ હતી.

વડોદરા શહેરમાં તાપમાનનો પારો છેલ્લા એક અઠવાડિયાથી ઉત્તરોત્તર વધી રહ્યો હતો અને ૪૭ ડિગ્રી સુધી પહોંચ્યો હતો . ગરમીની સાથે સાથે બફારો પણ ખૂબ લાગતો હતો એટલું જ નહીં કોરોનાના કેસમાં પણ વધારો થયો હતો ગરમી હોવા છતાં અનેક લોકો ખાંસી શરદીના ભોગ બન્યા હતા. દરમિયાનમાં આજે બપોરે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો અને વાદળછાયા હવામાન બાદ વરસાદનું એક ઝાપટું પડ્યું હતું.

વરસાદી માહોલ વચ્ચે કોર્પોરેશન દ્વારા ચાલતા રસ્તાના કામો હોય કે હાલમાં પ્રધાનમંત્રીને આવકારવા માટે ડિવાઈડરને મારવામાં આવતા કલર કામ ઉપર અસર પડી હતી.

# કાંકરેજના ખોડલા ગામ પાસે બે ટ્રક વચ્ચે અકસ્માત : ડ્રાઈવરને ગંભીર ઈજા

ડીસા, તા.૧૨

કાંકરેજ તાલુકાના ખોડલા ગામ પાસે બે ટ્રકો સામસામે અથડાતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ડ્રાઈવરને ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ડીસા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો.

ખોડલા ગામ પાસે બે ટ્રકો સામસામે ટકરાતાં વધુ એક અકસ્માત સર્જાયો હતો. જેથી ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત ટ્રક ડ્રાઈવરને બહાર નીકાળવામાં આવ્યો હતો. જે બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત તેને ડીસા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો જયાં ડ્રાઈવરની હાલત વધુ ગંભીર હોવાના કારણે વધુ સારવાર અર્થે પાલનપુર ખાતે ખસેડવામાં આવ્યો હતો.

# ધાનેરા પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ : આવતીકાલે બ્લડ ડોનેશન કેમ્પ

ધાનેરા, તા.૧૨

ગત ૨૯ તારીખે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા ધાનેરા પોલીસ સ્ટેશનનો ઈ-લોકાર્પણ કરવામાં આવેલ આધુનિક સુવિધાઓથી સપન્ન પોલીસ સ્ટેશન, તાજેતરમાં નિમણૂંક થયેલા પીઆઈ ડી.વી. ડોડિયાએ શાંતિ સમિતિની મિટિંગ બોલાવી હતી. નગરપાલિકા પ્રમુખ કમળાબેન નાઈ, સભ્ય ઈન્દુ બેન જોશી, કલાબેન એડવોકેટ, મુમતાજ સોલંકી, બચુભાઈ બેલીમ, નજીર શેખ, વિરમાભાઈ કાગ ભરતભાઈ, રમેશભાઈ તુવર, તેમજ મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

પી.આઈ.એ જણાવેલ કે ટ્રાફિકને અડચણરૂપ આડેધડ વાહનો પાર્ક ન થાય તે માટે રોડ ઉપર રોડ બોર્ડર લાઇન નગરપાલિકાના સહયોગથી બનાવવામાં આવશે. ટ્રાફિકનો ઉલ્લંઘન કરનારા ઉપર કાયદકીય કાર્યવાહી કરવામાં આવશે તેમજ સાર્વજનિક સ્થળોથી મોટર સાયકલ જેવા વાહનો ચોરાવાની ફરિયાદના અંત માટે વિશેષ પોલીસ પોઈન્ટ રાખવામાં આવશે, વધુમાં જણાવેલ કે ધાનેરા પોલીસ અને હેલ્થ વિભાગ દ્વારા આગામી તારીખ ૧૪ને મંગળવારના રોજ સવારે ૯, વાગ્યે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સૌએ સહયોગ આપવા વિનંતી કરી હતી. અંતમાં લોકોની રજૂઆત સાંભળી યોગ્ય કરવા ખાતરી આપી હતી.

# અરવલ્લી જિલ્લામાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી, વાતાવરણમાં ઠંડક પ્રસરી

## અમુક વિસ્તારમાં ભારે પવન ફૂંકાતા વૃક્ષો ધરાશાયી

મોડાસા, તા.૧૨

ગુજરાતમાં ચોમાસાની જે રાહ જોવામાં આવી હતી, તેનો આતુરતાપૂર્વક અંત આવ્યો છે, રાજ્યના ૧૫ થી વધારે જિલ્લાઓમાં મેઘરાજાની પધરામણી થઇ ચૂકી છે કેટલીક જગ્યાએ ધોધમાર વરસાદ વરસ્યો તો કેટલાક વિસ્તારોમાં ભારે પવન પણ ફૂંકાયો હતો. અરવલ્લી જિલ્લામાં પણ વિધિવત રીતે ચોમાસાનો પ્રારંભ થયો હોય તેમ શનિવાર મોડી રાત્રે ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો, જિલ્લાના મોડાસા તાલુકાના દધાલિયા, મરડિયા, મોતીપુરા, જંબુસર સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો. મોડાસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ભારે પવન ફૂંકાયો હતો અને ત્યારબાદ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઇ હતી. તો મેઘરજના ઇસરી, જીતપુર અને રેલ્લાવાડા સહિતના વિસ્તારોમાં પણ ધમાકેદાર મેઘરાજાની પધરામણી જોવા મળી હતી. કેટલાક વિસ્તારોમાં ભારે પવન પણ ફૂંકાયો હતો. મેઘરજના અંતરિયાળ વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી પાણીની સમસ્યાઓથી લોકો પરેશાન થયા હતા ત્યારે વરસાદથી ખેડૂતો તેમજ લોકોમાં ખુશી પ્રસરી છે. ભિલોડા પંથકમાં પણ ભારે પવન સાથે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી, રવિવારના રોજ મોડી રાત્રે સુનોખ, વશેરાકંપા સહિતના ગ્રામ્ય પંથકમાં માં વરસાદી માહોલ જામ્યો હતો. ભિલોડા પંથકમાં પણ ભારે પવન ફૂંકાતા કેટલાક વિસ્તારોમાં વીજ વાયરને નુકસાન થયું હતું તો કેટલીક જગ્યાએ વૃક્ષો પડવાની ઘટનાઓ સામે આવી છે. પ્રથમ વરસાદને લઈને જિલ્લાના વાતાવરણમાં ઠંડક પ્રસરી છે.

### જંબુસરના નાડા ગામે

# પરિણીતાની એકલતાનો લાભ લઈ ઘરમાં ઘૂસી સરપંચ દ્વારા આબરૂ લેવાનો પ્રયાસ

## પરિણીતાએ બૂમાબૂમ કરતા દોડી આવેલ સરપંચના બે ભાઈઓએ તેણીને ગાળો બોલી માર મારી દોડી આવેલ પરિણીતાના પતિ તથા મિત્રને માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી

જંબુસર, તા.૧૨

જંબુસર તાલુકાના નાડા ગામે રહેતી પરિણીતાના ઘરમાં તેણીની એકલતાનો લાભ લઈ ગામના સરપંચે પ્રવેશ કરી ઈજ્જત લૂંટવાના ઈરાદે પરિણીતાનો હાથ પકડી તેણીની શારીરિક છેડછાડ કરતા આ સમયે પરિણીતાએ બૂમાબૂમ કરતા દોડી આવેલ સરપંચના બે ભાઈઓએ પરિણીતાને માર માર્યો હોવાના તથા આ દરમિયાન ત્યાં દોડી આવેલ તેણીના પતિને પણ સરપંચ તથા તેના ભાઈઓએ ઢીકાપાટુનો માર માર્યો હોવાની ફરિયાદ જંબુસર પોલીસ મથકે નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે.

જંબુસર પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર તાલુકાના નાડા ગામે સુંદર નગરીમાં રહેતી કુસુમ મહેશભાઈ ગોહિલ નામની પરિણીતા સાંજના સાત વાગ્યાના અરસામાં તેણીના ઘરમાં એકલી હતી. ત્યારે તેણીની એકલતાનો લાભ લઈ ગામના સરપંચ જીતસંગ ગોરધન દેસાઈએ ઘરમાં પ્રવેશી પરિણીતાની ઈજ્જત લૂંટવાના ઈરાદે પરિણીતાનો હાથ પકડી શારીરિક અડપલા કરતા પરિણીતાએ બૂમાબૂમ કરી હતી, જેથી સરપંચના બંને ભાઈઓ સરજુગ ગોરધન દેસાઈ તથા વિજય ગોરધન દેસાઈ ઘરમાં આવ્યા હતા અને પરિણીતાને બિભસ્ત ગાળો બોલી માર મારી હતી. આ દરમિયાન પરિણીતાનો પતિ મહેશ ગોહિલ તથા તેનો મિત્ર આવી પહોંચતા સરપંચ તથા તેના ભાઈઓએ પરિણીતાના પતિને ઢીકાપાટુનો માર મારી પરિણીતા તથા તેણીના પતિને જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા.

ઉપરોક્ત બનાવ સંદર્ભે કુસુમ ગોહિલે સરપંચ તથા તેના ભાઈઓ વિરૂદ્ધ ફરિયાદ આપતા પોલીસે ઈપીકો કલમ ૩૫૪, ૩૫૪(એ), ૪૫૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ મુજબનો ગુનો નોંધી આગળ તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર આઈ.એસ. પરમાર ચલાવી રહ્યા છે અને સરપંચ તથા તેના ભાઈઓને દબોચી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.

### ભરૂચના સુથારના ટેકરા ઉપરની કરૂણાંતિકા

# બાથરૂમમાં સ્નાન કરતી મહિલાનો હાથ લોખંડના પતરાને અડતા વીજકરંટથી મોત

ભરૂચ, તા.૧૨

ભરૂચ શહેર જિલ્લામાં વહેલી સવારે મેહુલિયાની ધમાકેદાર એન્ટ્રી સાથે ભરૂચમાં વરસાદનું આગમન થયું હતું અને પ્રથમ વરસાદમાં જ વીજપુરવઠો પણ ખોરવાયો હતો ત્યારે ભરૂચમાં મકાનના પતરા ઉપર જીવંત વીજ વાયરના કારણે ઘરમાં બાથરૂમમાં સ્નાન કરતી મહિલાનો હાથ લોખંડના પતરા સાથે અડી જતા વીજ કરંટ લાગતા તેનું મોત થયું હતું. મહિલાને બચાવવા પડેલા પૌત્રને પણ વીજ કરંટ લાગતાં સારવાર અર્થે ખસેડાયો હતો.

## દાદીને બચાવવા જતાં પૌત્રને પણ કરંટ લાગ્યો

ભરૂચ જિલ્લામાં વહેલી સવારે વરસાદ સાથે વીજ કરંટથી મહિલાનું મોત થવાની ઘટના બની હતી. જેમાં ભરૂચના સુથારના ટેકરા ઉપર મકાનમાં રહેતી અંદાજિત ૫૦ વર્ષીય ઈમલબેન દશસ્થભાઈ હેરોડે પોતાના મકાનમાં રહેલા બાથરૂમમાં સ્નાન કરી હતી તે દરમિયાન તેણે હાથ ઊંચો કરતાં લોખંડના પતરા સાથે તાર અડી લેતાં તેણીને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો અને ઘરમાં રહેલા પૌત્ર રાજારામ કાબલે પોતાની દાદીમાને બચાવવા જતાં તેને પણ વીજ કરંટનો જોરદાર ઝાટકો લાગ્યો હતો. જેના પગલે તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા પરંતુ તેની ૫૦ વર્ષીય દાદી ઈમલબેન હેરોડેનું મોત થયું હતું.

# ભાવનગર-બોટાદ જિલ્લામાંથી ૨૦૦ જેટલા હજયાત્રિકો હજ્જ પઢવા જશે

## સર.ટી. હોસ્પિટલમાં હાજીઓ માટે રસીકરણ કાર્યક્રમ યોજાયો

ભાવનગર, તા.૧૨

બે વર્ષના લાંબા સમય બાદ આ વર્ષે ૨૦૨૨માં હાજીઓ હજ પઢવા માટે સઉદી અરબના પવિત્ર મક્કા અને મદીના શરીફ હજ પઢવા જશે.

આ વર્ષે હજ માટે સઉદી અરેબિયા સરકારે વિદેશીઓ માટે ૧૦ લાખનો ક્વોટા નક્કી કર્યો છે. જેમાંથી ભારતે ૭૯૦૦૦ હજાર હજનો ક્વોટા મળ્યો છે. જેમાં હજ કમિટી ઈન્ડિયા તરફથી ૫૬૦૦૦ અને પ્રાઈવેટ ટુર દ્વારા ૨૪૦૦૦ ભારતીયો હજ પઢવા જશે. જેમાં ભાવનગર અને બોટાદમાંથી ૧૪૦ હજ કમિટી દ્વારા જ્યારે પ્રાઈવેટ ટૂર દ્વારા ૫૦થી ૬૦ હાજીઓ હજ યાત્રામાં જોડાશે.

દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ હજ યાત્રાએ જતા હાજીઓને ફરજિયાતપણે આપવાની થતી મેનોકોગોકુલ રસી તથા પોલિયોના ટીપા પીવડાવવામાં આવ્યા હતા જે માટેનો રસીકરણ કેમ્પ આજરોજ ભાવનગર શહેરના સરકારી સર. ટી. હોસ્પિટલ ખાતે યોજાયો હતો. જેમાં આજરોજ ૧૬૦ જેટલા હજયાત્રી ભાઈઓ-બહેનોને રસીકરણ કરવામાં આવ્યું હતું. આ રસીકરણ કેમ્પને સફળ બનાવવા ભાવનગર હજ કમિટીના આગેવાનો હાજીહુસેન ભાઈ સૈયદ, હાજી અબ્દુલ સત્તારભાઈ રેડિયેટર વાળા, યુનુસભાઈ મકવાણા, યુનુસભાઈ ખોખર, ઈકબાલ ભાઈ આરબ, કાળુભાઈ બેલીમ, નાહીન કાઝી, રહીમભાઈ કુરેશી, સાજીદ કાઝી, મહેબુબભાઈ માંડવિયા, અકબરભાઈ ખીમાણી સહિતના ખાસ ઉપસ્થિત રહ્યા હતા તેમજ સર. ટી. હોસ્પિટલના ડોક્ટરો, સિસ્ટરો, સહિતનાએ આ કાર્યક્રમને સફળ બનાવવા સરાહનીય કામગીરી બજાવી હતી.

# સાબરડેરીની ૫૮મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ



(તસવીર :- એફ.કે. મનસુરી, હિંમતનગર)

હિંમતનગર, તા.૧૨

સાબરડેરીના સભાખંડમાં ડેરીના ચેરમેન શામળ પટેલના અધ્યક્ષ સ્થાને ૫૮મી વાર્ષીક સાધારણ સભા યોજાઈ હતી. જેમાં ૧૧/૬/૨૦૨૨થી દૂધના ભાવમાં કિલો ફેટે રૂપિયા ૨૦નો ભાવ વધારો કરવાની જાહેરાત કરવામાં આવતા પશુપાલકોમાં આનંદની લાગણી જોવા મળી હતી. હવે દૂધ ઉત્પાદકોને દૂધનો કિલો ફેટે ભાવ રૂપિયા ૭૬૦ મળશે.

આ અંગેની વિગત એવી છે કે સહકારી આગેવાન અને સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશ પટેલ, સાબરડેરીના વાઈસ ચેરમેન બ્રીજેશ પટેલ, જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન અને સાબરડેરીના ડિરેક્ટર જેઠા પટેલ, વિપુલ પટેલ સહિત નિયામક મંડળના સદસ્યો, ભૂતપૂર્વ નિયામક મંડળના સભ્યો તથા સાબરડેરીની સભાસદ દૂધ મંડળીઓના પ્રતિનિધીઓની હાજરીમાં સાબરડેરીના ઓડીટોરીયમ ખાતે યોજાયેલી ૫૮મી વાર્ષીક સાધારણ સભામાં સાબરડેરીના ચેરમેન શામળ પટેલે અહેવાલ રજૂ કરતા જણાવ્યુ હતુ કે, સાબરડેરીની સ્થાપનાથી આજ પર્યતના ઈતિહાસમાં ૧લી ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાંથી વિક્રમજનક દૈનિક ૩૨.૪૯ લાખ લીટર દૂધ સંપાદન થયું છે. દૂધ સંપાદનમાં થયેલો વધારોએ દૂધ સહકારી પ્રવૃત્તિમાં મુકેલો વિશ્વાસ દર્શાવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સંઘ વર્ષ દરમિયાન સભાસદોને રૂપિયા ૫,૦૪૧ કરોડ દૂધની ખરીદી પેટે ચૂકવે છે જે દૈનિક ધોરણે ગણીએ તો રોજના રૂપિયા ૧૩.૮૧ કરોડ જેટલી આવક દૂધ ઉત્પાદકો પાસે પહોંચે છે. આમ દૂધનો વ્યવસાય દૂધ ઉત્પાદકોના આર્થિક વિકાસનું કેન્દ્ર બિંદુ બન્યો છે. અંતમાં આભારવિધિ સાબર ડેરીના વાઈસ ચેરમેન બ્રિજેશભાઈ પટેલે કરી હતી.

## તેજસ્વી તારલા

**ડીસા**



ડીસા નૂરાની પાર્ક સોસાયટી ખાતે રહેતી અને ડલીગરા સંજીદાબાનું એઝાઝ એહમદે ચાલુ સાલે લેવાયેલ ધો.૧૦ની પરીક્ષામાં ૮૬.૪૦ પર્સન્ટાઇલ સાથે પ્રથમ નંબર મેળવી ડીસા મુસ્લિમ સમાજનું નામ રોશન કર્યું હતું.





ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ વિષયક વિવાદાસ્પદ ટિપ્પણી અંગેનો મામલો દિવસે-દિવસે વધુ વિવાદ પકડતો જઈ રહ્યો છે. દેશભરમાં વિરોધાત્મક દેખાવો પ્રદર્શનો યોજવામાં આવી રહ્યા છે. જેમાં રવિવારે અમદાવાદ શહેરના લઘુમતીના મુખ્ય વિસ્તાર એવા જુહાપુરામાં ભાજપમાંથી બરતરફ કરાયેલ પ્રવક્તા નૂપુર શર્મા સામે વિરોધ નોંધાવવા સાથે તેણીની સામે કડક કાર્યવાહી કરવાની માગણીને લઈ રેલીનું આયોજન કરાયું હતું. રેલીની પરમિશન ન લીધાનું કારણ આગળ ધરી પોલીસે પ્રદર્શનકારીઓને કડક રીતે અટકાવી અટકાયત કરવાના પગલાં લીધા હતા. આ સમયે પોલીસ સાથે ઘર્ષણ પણ થયું હતું. પોલીસે ૨૦થી ૪૦ જેટલા આગેવાનો સહિતના લોકોની અટકાયત કરી રેલીને નિષ્ફળ બનાવી હતી. આ સમયે પોલીસે લાઠીચાર્જ સહિત બળપ્રયોગ કર્યાના પણ આક્ષેપો થઈ રહ્યા છે.

### વિરોધ પ્રદર્શનના કાર્યક્રમને લઈ લોકો સ્વયંભૂ ઉમટી પડ્યા હતા

# જુહાપુરામાં નૂપુર શર્માની ટિપ્પણીના વિરોધમાં રેલીનું આયોજન લાઠીચાર્જથી નિષ્ફળ બનાવાયું

## રેલીની પરમિશન ન હોવાનું કારણ પોલીસે આગળ ધર્યું : ૨૦થી ૪૦ જણાની અટકાયત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૨

અમદાવાદ શહેરના જુહાપુરા વિસ્તારમાં દિલ્હી ભાજપના મીડિયા યુનિટના પૂર્વ પ્રવક્તા નૂપુર શર્મા સામે વિરોધ નોંધાવવા માટે મોટી સંખ્યામાં લોકોના ટોળા ઉમટી પડ્યા હતા, પોલીસને જાણ થતાં મોટો કાફલો ઉતારીને સ્થિતિને કાબૂમાં લેવામાં આવી હતી. લગભગ ૨૦થી ૪૦ જેટલા લોકોની અટકાયત પણ કરવામાં આવી છે. ફરી સ્થિતિ વણસે નહીં તે માટે નજર રાખવામાં આવી રહી છે. એકવાર પોલીસે સ્થિતિ કાબૂમાં લીધા પછી પણ લોકો રેલી યોજવા આગળ વધતા પોલીસને લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી.

અમદાવાદના જુહાપુરામાં બનેલી વિરોધ પ્રદર્શનની ઘટનામાં કેટલાક લોકોએ પોલીસની મનાઈ બાદ પોલીસકર્મીઓ સાથે શાબ્દિક ઘર્ષણ કર્યું હોવાનું પણ જણાવવામાં આવી રહ્યું છે. આ વિરોધ પ્રદર્શન દરમિયાન લોકો પોસ્ટર્સ લઈને રસ્તા પર ઉમટી પડ્યા હતા, અહીં મોટી સંખ્યામાં મહિલાઓ પણ વિરોધ પ્રદર્શનમાં જોડાઈ હતી.

પોલીસે આ ઘટના અંગે જણાવ્યું હતું કે, શનિવારે સોશિયલ મીડિયામાં ખોટો મેસેજ વાયરલ થયો હતો, જેના કારણે જુહાપુરામાં લોકો રેલી કરવા માટે રસ્તા પર ઉતરી આવ્યા હતા. પોલીસે બંદોબસ્ત ગોઠવીને પગલા ભર્યા હતા. આમ છતાં કેટલાક લોકો પોલીસની મનાઈ પછી પણ સતત વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા. જેને પગલે કેટલાક મહિલા અને પુરુષોને ડિટેઈન કરવામાં આવ્યા હોવાનું પણ પોલીસે જણાવ્યું છે.

પોલીસે મીડિયા સાથે કરેલી વાતચીતમાં એમ પણ જણાવ્યું છે કે હવે આ વિસ્તારમાં શાંતિનો માહોલ છે. ફરી લોકો રસ્તા પર ના ઉતરી આવે તે માટે પુરતા પ્રમાણમાં જુહાપુરામાં પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. મહિલા પોલીસ પણ પૂરતી સંખ્યામાં ડિપ્લોય કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું કે, લોકો અહીં નૂપુર શર્માનો વિરોધ કરવાના હતા પરંતુ તેમને મંજૂરી આપવામાં આવી નહોતી, જેથી સવારથી જ પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. મંજૂરી વગરના વિરોધ પ્રદર્શનને નિષ્ફળ બનાવવા પોલીસ દ્વારા બળપ્રયોગ કરાયો હોવાના આક્ષેપો સ્થાનિક લોકોએ કર્યા છે.

### ગાંધીનગરમાં ભીખ આપવાની મહિલાએ ના પાડતા કર્યો મોટો કાંડ

# ભીખારીના વેશમાં આવેલી સાત મહિલાઓ રૂા.૭.૮૦ લાખની મત્તાની ચોરી કરી પલાયન

## મહિલાને બાથરૂમમાં પૂરીને ઘરમાંથી દાગીનાની ચોરી કરતા પો. ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના સેક્ટર-૨૬મા રહેતી મહિલા સાથે મોટો કાંડ થઈ ગયો. મહિલાનો આક્ષેપ છે કે, ભીખારીના વેશમાં આવેલી સ્ત્રીઓએ તેમની પાસે રુપિયા ૨૦ની માંગણી કરી હતી. મહિલાએ ૨૦ રુપિયા આપવાનું ના પાડતા સ્ત્રીઓએ તેને બાથરુમમાં પૂરી ઓરડીમાં એક ડબ્બામાં રાખવામાં આવેલા સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ રુપિયા ૭.૮૦ લાખની મત્તા ચોરીને પલાયન થઈ ગઈ હતી. આ મામલે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં મહિલાએ ફરિયાદ નોંધાવી છે. પ્રાપ્ત વિગતો મુજબ, ગાંધીનગરના સેક્ટર ૨૬ જીઆઈડીસીમાં આવેલી એક કંપનીના પરિસરની ઓરડીમાં પરિવાર સાથે રહેતા સંગીતાબેન ગણપતભાઈ ઠાકોરે કરેલી ફરિયાદમાં એવા આક્ષેપો કર્યા છે કે, તેમના પતિ અગાઉ અહીં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા હતા. પરંતુ કોરોનાકાળમાં તેમનું મૃત્યુ થતા ઓરડી ખાલી કરાવી હતી. શુક્રવારે તેઓ પોતાના પુત્ર સાથે કોઈ સામાજીક પ્રસંગથી બહાર ગયા હતા. જે બાદ તેઓ બપોરે ઘરે પરત ફર્યા હતા. તેઓને વિધવા પેન્શનની ફાઈલ કરાવવાની હોવાથી કાગળો લેવા જતાં પલંગ નીચે રાખવામાં આવેલો સ્ટીલનો ડબ્બો જોવા મળ્યો નહોતો. આ સ્ટીલના ડબ્બામાં તેમના, તેમની પુત્રવધુ અને પૌત્રીના દાગીના તથા એક લાખ રુપિયા સહિત કુલ રુપિયા ૭.૮૦ લાખની મત્તા હતી. ડબ્બો ન દેખાતા તેઓએ પુત્રવધુ આરતીની પૂછપરછ કરી હતી. ત્યારે તેણે જણાવ્યું કે, સવારે તે બાથરુમમાં કપડા ધોઈ રહી હતી અને ચાર મહિનાની દીકરી ઓરડીમાં ઘોડિયામાં સૂઈ રહી હતી. એ દરમિયાન ભીખારીના વેશમાં સાત જેટલી અજાણી સ્ત્રીઓ આવી હતી. તેઓએ રુપિયા ૨૦ની ભીખ માગી હતી, પરંતુ આરતીએ આપવાનો ઈનકાર કર્યો હતો. જેથી સાતમાંથી બે સ્ત્રીઓએ બાથરુમનો દરવાજો બહારથી બંધ કરી દીધો હતો. આરતીએ બૂમાબૂમ કરી પણ આસપાસમાં કોઈ ન હોવાથી તે બાથરુમમાં પૂરાઈ રહી હતી. આ દરમિયાન કંપનીમાં કામ કરતા કર્મચારીઓ ચાવી લેવા માટે આવ્યા ત્યારે તેને બાથરુમમાંથી બહાર કાઢી હતી. જો કે, તે સમયે તેણે ઘરમાં કોઈ પણ જાતની તપાસ કરી નહોતી. એટલે એવી શંકા છે કે, ભીખારીના વેશમાં આવેલી સાત સ્ત્રીઓ રુપિયા ૭.૮૦ લાખના દાગીના અને રોકડ રકમની ચોરી કરીને લઈ ગઈ છે. આ મામલે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### અમદાવાદ ૭૯ કેસ સાથે ફરીથી રાજ્યમાં ટોપ પર


# રાજ્યમાં કોરોનાના કેસમાં આંશિક ઘટાડો : નવા ૧૪૦ કેસ નોંધાયા

## ૬૬ દર્દી કોરોનામુક્ત : રસીકરણમાં ઘટાડો, ૬૬૭૯ ડોઝ અપાયા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૨

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૪૦ નવા કેસ નોંધાયા છે. જ્યારે ૬૬ દર્દી સાજા થયા છે. આજે અમદાવાદ શહેરમાં ૭૯ નવા કેસ નોંધાયા છે. જ્યારે આજે સતત બીજા દિવસે એક પણ દર્દીનું મોત થયું નથી. રાજ્યમાં કોરોનાનો રિકવરી રેટ ૯૯.૦૪ ટકા થયો છે. છેલ્લા ૫ દિવસમાં કોરોનાના નવા કેસ ૧૦૦થી વધુ નોંધાઈ રહ્યા છે. ગઈકાલે ૧૧ જૂને ૧૦૨ દિવસ બાદ ૧૫૦થી વધુ નવા કેસ નોંધાયા હતા. અગાઉ ૧૧ માર્ચે ૧૬૨ કેસ હતા. વડોદરા શહેરમાં ૨૧, સુરત શહેરમાં ૧૧, ગાંધીનગર



જિલ્લામાં ૫, મહેસાણા જિલ્લામાં ૪ નવા કેસ નોંધાયા છે. જ્યારે કચ્છ, રાજકોટ શહેર અને સાબરકાંઠા જિલ્લામાં ૩-૩, તો અમદાવાદ, ભાવનગર શહેર, ગીર સોમનાથ અને સુરત જિલ્લામાં ૨-૨ કેસ નોંધાયા છે. જ્યારે ગાંધીનગર શહેર, ખેડા અને પાટણ જિલ્લામાં ૧-૧ કેસ નોંધાયો છે. તો આજે ૨૪ જિલ્લા અને ૨ કોર્પોરેશન વિસ્તારમાં કોરોનાનો એક પણ નવો કેસ નોંધાયો નથી.

રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૨ લાખ ૨૬ હજાર ૨૨૫ના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે, જ્યારે મૃત્યુઆંક ૧૦ હજાર ૯૪૫ રહ્યો છે. તેમજ અત્યાર સુધીમાં ૧૨ લાખ ૧૪ હજાર ૫૨૯ દર્દી ડિસ્ચાર્જ થયા છે. એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૭૭૮ એક્ટિવ કેસ છે, જે પૈકી શૂન્ય દર્દી વેન્ટિલેટર પર છે અને તમામ દર્દીઓની હાલત સ્થિર દર્શાવાઈ રહી છે. ૩૩ દિવસ બાદ ૧૦ જૂને રાજ્યમાં એક દર્દીનું મોત નોંધાયું હતું, જે ગાંધીનગર શહેરમાં એક દર્દીનું મોત થયું હતું. અગાઉ ૭ મેના રોજ એક દર્દીનું મોત થયું હતું. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૧૮ વર્ષથી વધારેની ઉંમરના ૭૧ નાગરિકોને રસીનો પ્રથમ અને ૧૩૩૫ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૫-૧૭ વર્ષના નાગરિકો પૈકી ૧૯ ને રસીનો પ્રથમ અને ૧૦૮ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૪૯૮૪ ને પ્રીકોર્શન ડોઝ અપાયો હતો. ૧૨-૧૪ વર્ષના નાગરિકો પૈકી ૩૯ ને રસીનો પ્રથમ અને ૧૨૩ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. આ પ્રકારે આજના દિવસમાં કુલ ૬,૬૭૯ કુલ રસીના ડોઝ અને અત્યાર સુધીમાં કુલ ૧૧,૦૫,૧૮,૨૩૦ કુલ રસીના ડોઝ અપાઈ ચુક્યાં છે.

### "કન્વીક્શન રેટ સરકારી વકીલની ભૂમિકા" પરિસંવાદમાં મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીની શીખ

# કોઈ નિર્દોષને સજા ન થાય તેનું ધ્યાન વકીલે વકીલાતમાં રાખવું જોઈએ

## શિક્ષક સમાજને દિશા આપે છે તો વકીલ સમાજને બચાવવાનું કામ કરે છે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૨

શિક્ષક સમાજને દિશા આપવાનું અને ઘડતર કરવાનું કામ કરે છે, તેમ વકીલ સમાજને બચાવવાનું કામ કરે છે, તેમ ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે આયોજિત "કન્વીકશન રેટ સરકારી વકીલની ભુમિકા" વિષયના પરિસંવાદમાં કાયદો અને ન્યાયતંત્ર મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું હતું.

મંત્રીએ વધુમાં કહ્યું હતું કે, કોર્ટમાં હમેંશા કોટ પેહરીને આવવું, ટાઇ બાંધવી જોઈએ, બટન બંધ રાખવા જોઈએ, આ બાબત તમામ વકીલમિત્રોને લાગું પડે છે. વકીલ સારો હશે, તો જજ સારા હશે, તો જ સરકારી વકીલ સારા હશે. સમાજને સારા વકીલની જરૂરિયાત છે. સારા વકીલો થકી જ સમાજને સાચા ન્યાય મળી શકશે. સાચા વ્યક્તિને ન્યાય મળશે તો જ સમાજનો વિશ્વાસ ન્યાયતંત્રમાં ટકી રેહશે.

જે વકીલનું વ્યક્તિત્વ સારૂં હશે, તે સારો વકીલ હશે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, વકીલે જીવનમાં સંવેદના રાખવી ખૂબ જરૂરી છે. કોર્ટમાં હાજર થનાર દરેક આરોપી આરોપી છે, તેવું વકીલે માની પણ ન લેવું જોઈએ. સરકારી વકીલ તરીકે વકીલની ભુમિકા કેવી હોવી જોઇએ, તેની ખૂબ રસપ્રદ દૃષ્ટાંતપૂર્વક વાત તેમણે તેમની શૈલીમાં કરી હતી. વકીલ ન્યાય અને જ્ઞાનનો પૂજારી છે, તેમ જણાવતાં કહી તેમણે ઉમેર્યું હતું કે, કોઇ નિર્દોષને સજા ન થાય તેનું ધ્યાન હમેંશા વકીલે તેના જીવનભરની વકીલાત દરમ્યાન રાખવું જોઇએ. કન્વીકશન રેટ વધારવા માટે વકીલનું વાંચન હોવું જરૂરી છે. તેની સાથે સરકારી વકીલમાં હિંમત અને વાંચન પણ હોવું ખૂબ જરૂરી છે. કોઇપણ કેસમાં વકીલે સંપૂર્ણ અભ્યાસ કર્યા બાદ તેનું મનોમથંન કરવા સાથે ઉંડાણમાં જોવું જોઇએ. તેમજ કેસની નાનામાં નાની બાબત પર કોર્ટનું ધ્યાન દોરવું જોઇએ. તો જ સાચો ન્યાય સમાજને મળશે. મંત્રીએ ન્યાય પ્રથમ તબક્કે જ મળવો જોઇએ, તેવો આગ્રહ વ્યક્ત કર્યો હતો. પ્રથમ ન્યાય વકીલ નહિ, પણ પોલીસ જ આપી શકે છે. કારણ કે પોલીસ કેસની તપાસ કરીને જે વિગત રજૂ કરે છે, તેના પર ચાર્જશીટ બનતી હોય છે.

### અગાઉ ૨૦૨૧માં બીજી લહેર વખતે પણ કોરોનાગ્રસ્ત થયા હતા

# રાજ્યના ચીફ સેક્રેટરી પંકજકુમાર ફરી એકવાર થયા કોરોના સંક્રમિત

## હોમ ક્વોરન્ટાઈન રહીને ઘરે સારવાર કરાવી રહ્યા છે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતમા ધીમી ગતિએ કોરોનાએ ફરી દસ્તક આપી છે. હવે ટોચના સરકારી અધિકારીઓ પણ કોરોનાની ઝપેટમાં આવી રહ્યાં છે. રાજયના મુખ્ય સચિવ પંકજ કુમાર કોરોનાગ્રસ્ત થયા છે. હાલ તેઓ હોમ ક્વોરેન્ટાઈન રહીને સારવાર કરી રહ્યાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પંકજ કુમાર બીજીવાર કોરોના સંક્રમિત થયા છે. તેઓ ગત વર્ષે બીજી લહેરમાં પણ કોરોના સંક્રમિત થયા હતા. ગત વર્ષે ૨૦૨૧ પણ પંકજ કુમાર કોરોના સંક્રમિત થયા હતા. ત્યારે હવે ચોથી લહેરમાં પણ તેઓ કોરોના સંક્રમિત થયા છે. કોરોનાની નવી લહેરમાં ટોચના અધિકારી સંક્રમિત થવાનો આ પહેલો કેસ છે. હાલ પંકજ કુમાર ગાંધીનગરના નિવાસસ્થાને સારવાર લઇ રહ્યાં છે. ગુજરાતમાં કોરોના ફરી એક વાર તીવ્ર ગતિ પકડી રહ્યો હોય તેમ જણાય છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૫૪ કેસ નોંધાયા છે. ફરી એકવાર કોરોનાના કેસમાં ઉછાળો આવતાં તંત્ર ચિંતિત બન્યુ છે. તે માટે અનેક શહેરોમાં ટેસ્ટીંગ અને વેક્સીનેશન પર વધુ ભાર મૂકવામાં આવી રહ્યો છે. વધુ ભીડભાડવાળા વિસ્તારોમાં સંક્રમણ ન વધે તે માટે ટેસ્ટીંગ બૂથ ફરી ઉભા કરાયા છે.

### ગોમતીપુરમાં તેજસ્વી વિદ્યાર્થીઓનું કરાયું સન્માન



ગોમતીપુર ઝૂલતા મિનારાના પટાંગણમાં દક્કન સુન્ની મુસ્લિમ જમાત તેમજ હુસનુદ્દિન ચેરિટેબલ ટ્રસ્ટના સયુંકત ઉપક્રમે ધોરણ ૧૦ અને ૧૨ના ડિસ્ટ્રીક્શન ઉત્તીર્ણ થયેલ આશરે ૭૫થી વધુ વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ મોટી સંખ્યામાં સામાજિક અને રાજકીય તેમજ સ્થાનિક નાગરિકોની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. દરેક વિદ્યાર્થીને સ્મૃતિચિન્હ, શાલ, સર્ટિફિકેટ અને બેજ, પુષ્પકુંજ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નિવૃત્ત પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક જજ ખલીલ અહેમદ શૈખ, ગોમતીપુરના પોલીસ ઈન્સ્પેક્ટર વિક્રમ વણઝારા અને સ્થાનિક મ્યુનિસિપલ કાઉન્સિલર ઈકબાલ શેખ, ડૉક્ટર એજાજ શેખ, ડૉક્ટર શાહીન, સોફ્ટવેર એન્જિનિયર ફિરોજા સૈયદ, વેટલીફ્ટિંગ ગોલ્ડ મેડલ ચેમ્પિયન મિર્ઝા મિસ્કાત અને સામાજિક અગ્રણીઓએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સફળ સંચાલન સંસ્થાના પ્રમુખ ગ્યાસ શેખ, સેક્રેટરી જિલાની શેખ, ઝાકીર ટીચર, ખ્વાજા શેખ, અબ્દુલરહિમ માસ્ટર, એડવોકેટ યુનુસ શેખ, એડવોકેટ જાહિદ શેખ, રફીક અન્સારી, આસિફ શેખ, એજાજ સૈયદ વગેરેએ કર્યું હતું.

### સુરતના ચકચારી હત્યા કેસના ફેનિલ ગોયાણીની હવે હાઈકોર્ટમાં ધા !

# ગ્રીષ્મા હત્યા કેસના આરોપીની ફાંસીની સજા હળવી કરવા હાઈકોર્ટમાં અપીલ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૨

સમગ્ર ગુજરાતમાં ખળભળાટ મચાવનારા સુરતના ગ્રીષ્મા વેકરીયા હત્યા કેસમમાં આરોપી ફેનિલ ગોયાણીને નીચલી કોર્ટે ફાંસીની સજા ફટકારી છે. ત્યારે સજા હળવી કરવા માટે આરોપી ફેનિલ ગોયાણીએ ગુજરાત હાઈકોર્ટમાં ક્રિમિનલ અપીલ ફાઈલ કરી છે. આ મામલે આગામી દિવસોમાં સુનાવણી હાથ ધરાશે. બીજી તરફ, આરોપી ફેનિલ ગોયાણીને તાત્કાલિક ફાંસીની સજા થાય એ માટે તેના કન્ફર્મેશન કેસને લઈ રાજ્ય સરકાર તરફથી પહેલેથી જ હાઈકોર્ટમાં અપીલ ફાઈલ કરાયેલી છે. સુરતમાં ગયા ફેબ્રુઆરી મહિનામાં એકતરફી પ્રેમમાં પાગલ ફેનિલ ગોયાણીએ ૨૧ વર્ષની ગ્રીષ્મા વેકરીયાની જાહેરમાં જ ઠંડે કલેજે હત્યા કરી નાખી હતી. આ હત્યા બાદ માત્ર સુરતમાં જ નહીં આખા ગુજરાતમાં ખળભળાટ મચી ગયો હતો. ગ્રીષ્મા વેકરીય હત્યા કેસમાં સુરત સેશન્સ કોર્ટે ગઈ ૫ મેના રોજ એક સીમાચિહ્ન ચૂકાદા મારફતે આ કેસને રેરેસ્ટ ઓફ રેર કેસ ગણાવીને આરોપી ફેનિલ ગોયાણીને ફાંસીની સજા ફટકારી હતી. ટ્રાયલ કોર્ટના જજે પોતાના ચૂકાદામાં એવું પણ અવલોકન કર્યું હતું કે, આરોપી ફેનિલ ગોયાણીએ એક કસાઈની જેમ પ્રાણીની કતલ કરે એ રીતે મૃતક ગ્રીષ્મા વેકરીયાના ગળા પર ઘાતક હથિયારથી ઘા કર્યા છે. પોતાની ૨૮ વર્ષની કારકિર્દીમાં આવો કેસ તેમણે જોયો નથી. આ રેરેસ્ટ ઓફ રેર કેસની વ્યાખ્યામાં આવતો કેસ છે. ટ્રાયલ કોર્ટના આ ચૂકાદા બાદ રાજ્ય સરકાર દ્વારા આરોપી ફેનિલને તાત્કાલિક ફાંસીની સજા ફટકારવાની માંગણી સાથે કન્ફર્મેશન કેસને લઈ હાઈકોર્ટમાં અપીલ પણ દાખલ કરી દેવામાં આવી છે. ત્યારે હવે આરોપી ફેનિલ ગોયાણીએ કોર્ટની ફાંસીની સજા હળવી કરવા માટે નીચલી કોર્ટના હુકમને પડકારતી ક્રિમિનલ અપીલ ગુજરાત હાઈકોર્ટમાં કરી છે. ત્યારે આગામી દિવસોમાં આ મામલે સુનાવણી હાથ ધરાશે.

# પશ્ચિમી યાત્રાળુઓ માટે હજ 'લોટરી' ખુલતાં જ સઉદીની વેબસાઈટ ક્રેશ થઈ

(એજન્સી) તા.૧૨

આ વર્ષની હજ યાત્રા માટે અરજી કરવાની નવી લોટરી સિસ્ટમ યુરોપ, ઓસ્ટ્રેલિયા અને અમેરિકાના મુસ્લિમો માટે ખોલવામાં આવી છે. આ અઠવાડિયાની શરૂઆતમાં, સઉદી અરેબિયાના હજ મંત્રાલયે જાહેરાત કરી હતી કે પશ્ચિમી મુસ્લિમોએ હજ કરવા માટે સરકાર સમર્થિત મોટાવિફ વેબસાઇટ પર રેન્ડમ ડ્રો દ્વારા અરજી કરવાની જરૂર પડશે – આ વર્ષે હજ ૭ થી ૧૨ જુલાઈની વચ્ચે થશે. ખર્ચ અને ડ્રોની સમયમર્યાદા અંગે ઘણા દિવસોની અનિશ્ચિતતા પછી, આ વેબસાઈટ શુક્રવારે શરૂ થઈ અને તેમાં વધુ ટ્રાફિક ઉચ્ચને કારણે તરત જ ક્રેશ થઈ ગઈ હતી. મોટાવિફ એ જાહેર કર્યું છે કે પશ્ચિમી યાત્રાળુઓ ત્રણ અલગ અલગ પેકેજો ખરીદી શકશેઃ સિલ્વર, ગોલ્ડ અને પ્લેટિનમ. સિલ્વર પેકેજ, જે $5,986થી શરૂ થાય છે, જે આરામદાયક, અનુકૂળ હજ પ્રવાસ માટે તમામ મૂળભૂત બાબતોને આવરી લેશે. ગોલ્ડ $6,296થી શરૂ થશે અને યાત્રાળુઓ પ્રારંભથી યાત્રાના અંત સુધી ઉચ્ચ ગુણવત્તાની સેવાઓની વિશાળ શ્રેણીનો આનંદ માણી શકશે. પ્લેટિનમ પેકેજો $9,768થી શરૂ થાય છે અને હજ કરનારા લોકો મક્કા, મદીના અને પવિત્ર માશેરમાં તમારા રોકાણ દરમિયાન ઉચ્ચ સ્તરની વૈભવી સેવાઓ મેળવી શકશે. સંભવિત પ્રવાસીઓએ ૧૦થી ૧૩ જૂન સુધી તેમની અરજીઓ ભરવા અને જરૂરી દસ્તાવેજો સબમિટ કરવાના રહેશે. ત્યારપછી રેન્ડમ સિલેક્શન પ્રક્રિયા ૧૩થી ૧૪ જૂનની વચ્ચે થશે. જેમને પસંદ કરવામાં આવ્યા છે, તેમના માટે મોટાવિફના પેમેન્ટ પોર્ટલ દ્વારા ૧૫ જૂને ચુકવણી કરવી પડશે. જેઓ તેમની ચૂકવણી પૂર્ણ કરી ચૂક્યા છે તેઓને સઉદી વિદેશ મંત્રાલય ઈ-વિઝા આપશે. મક્કામાં પવિત્ર મસ્જિદ માટેના અધિકૃત ઓનલાઈન સંસાધન હરમૈન ઈન્ફોએ આ સપ્તાહની શરૂઆતમાં પુષ્ટિ કરી હતી કે અરજદારોને રસી અપાવવી જોઈએ અને તેઓએ છેલ્લા પાંચ વર્ષમાં હજ યાત્રા કરી ન હોય તેવા લોકો અરજી કરી શકશે. તેમાં કહેવામાં આવ્યું છે કે એક જ અરજીમાં પરિવારના નવ જેટલા સભ્યોનો સમાવેશ કરી શકાય છે અને ૪૫ વર્ષથી ઓછી ઉંમરની મહિલાઓએ મહરમ (પુરુષ પ્રતિનિધિ) સાથે મુસાફરી કરવાની જરૂર નથી. તકનીકી મુશ્કેલીઓ વચ્ચે, હરમૈને ટ્વીટ કર્યું કેઃ મોટાવિફ વેબસાઈટ હાલમાં મુલાકાતીઓની વિશાળ સંખ્યાને કારણે તકનીકી મુશ્કેલીઓનો અનુભવ કરી રહી છે. મોટાવિફે ઉમેર્યું હતું કે તે અરજદારો અને મુલાકાતીઓની ભારે સંખ્યામાં પ્રતિસાદને લીધે ઉચ્ચ ટ્રાફિકનો સામનો કરી રહ્યું છે અને તેની ટેકનિકલ ટીમ આ પડકારને જલદીથી ઉકેલી રહી છે. હજ યાત્રા એ વિશ્વના સૌથી મોટું ધાર્મિક ઉત્સવ છે અને તે દરેક મુસ્લિમના જીવનકાળ દરમિયાન જેઓ સ્વસ્થ હોય અને તેઓ તે ખર્ચ માટે શક્તિ ધરાવતા હોય તેવા માટે એક વાર કરવાની તેમની ધાર્મિક જવાબદારી માનવામાં આવે છે. વિશ્વભરના મુસ્લિમો માટે હજની મુસાફરીની પ્રક્રિયામાં ફેરફાર કરવાના નિર્ણયે પ્રવાસીઓ અને ટ્રાવેલ એજન્ટોને મૂંઝવણમાં મૂક્યા છે, ખાસ કરીને ત્યારે કે જ્યારે હજયાત્રા એક મહિના કરતાં ઓછા સમયમાં શરૂ થઈ રહી છે. યાત્રાળુઓ સામાન્ય રીતે હજ સાથે સંકળાયેલ ધાર્મિક વિધિઓની તૈયારી કરવા માટે મહિનાઓ પહેલા તૈયારીઓ કરતાં હોય છે, આ યાત્રા યોગ્ય રીતે પૂર્ણ થાય તેના માટે તેઓ શિક્ષણ સેમિનારોમાં હાજરી આપે છે. નવી સિસ્ટમ હેઠળ, પશ્ચિમી યાત્રાળુઓને તેની તૈયારી માટે ચાર અઠવાડિયાથી ઓછો સમય મળશે. બુધવારે, સઉદી અરેબિયાએ પુષ્ટિ કરી છે કે નવી લોટરી સિસ્ટમ હેઠળ બ્રિટિશ યાત્રાળુઓ તેમના હજ પેકેજને એર ટ્રાવેલ ઓર્ગેનાઈઝર્સ લાઈસન્સિંગ (એટોલ) યોજના દ્વારા સુરક્ષિત રાખશે નહીં. નવા પોર્ટલે ડેટા સુરક્ષાની ચિંતા પણ વધારી છે. હજ અપડેટ્સ માટે મોટાવિફ વેબસાઈટ પર નોંધણી કરાવનારા મુસ્લિમોએ અજાણી સ્કિનકેર કંપની તરફથી સ્પામ ઈમેઈલ મેળવવાની ફરિયાદ પણ કરી છે.



# નિષ્ફળ બળવા પછી તાજી અથડામણોએ લિબિયાની રાજધાનીને હચમચાવી દીધી

(એજન્સી) ત્રિપોલી, તા.૧૨

સ્થાનિક મીડિયા અનુસાર, શુક્રવારે રાત્રે લિબિયાની રાજધાનીમાં સશસ્ત્ર જૂથો વચ્ચેની અથડામણો ફાટી નીકળી હતી, કારણ કે દેશ ત્રણ અઠવાડિયા પહેલા બળવાના નિષ્ફળ પ્રયાસથી પાછો ફર્યો હતો. AFP પત્રકારના જણાવ્યા અનુસાર, શુક્રવારે ત્રિપોલીના અનેક જિલ્લાઓમાં ગોળીબાર અને વિસ્ફોટોની ભારે વિનિમય થઈ હતી, જ્યારે સ્થાનિક પ્રેસ દ્વારા પ્રસારિત કરવામાં આવેલી તસવીરોમાં નાગરિકો ભારે હેરફેરવાળા વિસ્તારોમાંથી ભાગી જતા જોવા મળે છે. અહેવાલમાં જણાવ્યા અનુસાર તીવ્ર લડાઈમાં પશ્ચિમ લિબિયાના બે પ્રભાવશાળી લશ્કર સામેલ હતા.લડાઈ માટે કોઈ જાનહાનિ અથવા હેતુ તરત જ સ્પષ્ટ થયો ન હતો, પરંતુ બે હરીફ વડાપ્રધાનો સત્તા માટે હરીફાઈ કરતા હોવાથી દેશને હચમચાવી નાખનારી તે નવીનતમ હિંસા છે. ૨૦૧૧ના બળવાએ લાંબા સમયના સરમુખત્યાર મુઅમ્મર ગદ્દાફીને પછાડ્યા પછી, સત્તાના શૂન્યાવકાશને



ભરવાની રાજકીય લડાઈએ તેલથી સમૃદ્ધ લીબિયાને ઘેરી લીધું છે. ગયા મહિને, રાજકારણી ફાથી બશાગાએ બળ વડે સત્તા કબજે કરવાનો પ્રયાસ કર્યો, તેને ટેકો આપતા સશસ્ત્ર જૂથો અને વચગાળાના પ્રીમિયર અબ્દુલહમિદ દબીબાહને ટેકો આપનારાઓ વચ્ચે સવાર પહેલાની અથડામણો શરૂ થઈ. ડિસેમ્બર ૨૦૨૧ માટે નિર્ધારિત ચૂંટણીઓમાં સંક્રમણ તરફ દોરી જવા માટે ગયા વર્ષની શરૂઆતમાં યુએનની આગેવાની હેઠળની મુશ્કેલીગ્રસ્ત શાંતિ પ્રક્રિયા હેઠળ ડબીબાહની નિમણૂક કરવામાં આવી હતી, પરંતુ મતદાન અનિશ્ચિત રૂપે મુલતવી રાખવામાં આવ્યું હતું. ફેબ્રુઆરીમાં, સંસદે બાશાઘા, એક વખતના આંતરિક પ્રધાન, પદ સંભાળવા માટે નિમણૂક કરી, એવી દલીલ કરી કે દબીબાહનો આદેશ સમાપ્ત થઈ ગયો છે. પરંતુ દબીબાએ આગ્રહ કર્યો છે કે તેઓ માત્ર ચૂંટાયેલા વહીવટને સત્તા છોડી દેશે.

# ૨૦૨૧માં જર્મન નાગરિક બનનારા સીરિયનોની સંખ્યા ત્રણ ગણી વધી

(એજન્સી) તા.૧૨

રોઈટર્સના અહેવાલ અનુસાર, ૨૦૧૪ અને ૨૦૧૬ની વચ્ચે સીરિયાથી ભાગી ગયેલા લોકોમાંથી ઘણાએ પાત્રતાના માપદંડો પૂરા કર્યા હોવાથી, ૨૦૨૧માં નેચરલાઇઝ્ડ જર્મન નાગરિક બનેલા સીરિયનોની સંખ્યા ત્રણ ગણી વધારે થઈ ગઈ છે. ફેડરલ સ્ટેટિસ્ટિકલ ઑફિસે જણાવ્યું હતું કે, ૨૦૨૧માં નેચરલાઈઝ્ડ જર્મન બનેલા વિદેશીઓની કુલ સંખ્યા ૨૦ ટકા વધીને આશરે ૧૩૧,૬૦૦ સુધી પહોંચી ગઈ છે. તેમાંથી, ૧૯,૧૦૦ લોકો સીરિયન હતા જેઓ જર્મન નાગરિક બન્યા હતા. પૂર્વ ચાન્સેલર એન્જેલા મર્કેલ દ્વારા ૨૦૧૫માં મધ્ય પૂર્વ અને અન્ય યુદ્ધ વિસ્તારો અને ગરીબીથી ભાગી રહેલા શરણાર્થીઓ માટે સરહદો ખોલ્યા પછી હજારો લોકોએ સ્થળાંતર કર્યું હતું અને જર્મનીમાં પ્રવેશ્યા હતા. સામાન્ય રીતે, નાગરિકત્વ માટે પાત્ર બનવા માટે વ્યક્તિએ ઓછામાં ઓછા આઠ વર્ષ જર્મનીમાં રહેવું પડે છે, મોટાભાગના સીરિયનો અગાઉ આ લાયકાત ધરાવતા હતા, સરેરાશ ૬.૫ સાથે તેઓ એકીકૃત થવાની ચોક્કસ



ઈચ્છા દર્શાવીએ તેઓએ ભાષા કૌશલ્ય અને નાગરિક પ્રતિબદ્ધતા માટેના માપદંડો પૂર્ણ કર્યા છે. ઑફિસે જણાવ્યું હતું કે ૨૦૨૧માં અત્યાર સુધીની નાગરિકત્વ મેળવવાની સૌથી વધુ સંખ્યા જોવા મળી હતી. શરૂઆતમાં ૧૨,૪૦૨થી ઓછા લોકો હતા તેમાંથી ૪૩ ટકા સીરિયન હતા. ૨૦૨૨માં નાગરિકત્વ મેળવનારા સીરિયનોની સંખ્યામાં વધારો થવાની ધારણા છે. આ વર્ષની શરૂઆતમાં, ૪,૪૯,૦૦૦ સીરિયન નાગરિકો ઓછામાં ઓછા છ વર્ષથી જર્મનીમાં હતા, જે ૨૦૨૧ની શરૂઆતમાં કરતાં ચાર ગણા કરતાં વધુ છે.

# અમેરિકી સાંસદોએ ઈરાનની ધમકીઓ સામે ઈઝરાયેલ અને આરબ સાથીઓના હવાઈ સંરક્ષણને મજબૂત કરવા માટે બિલ રજૂ કર્યું

(એજન્સી) તા.૧૨


અમેરિકન ધારાસભ્યોએ ગુરૂવારે હાઉસ અને સેનેટમાં ઈરાન તરફથી હવાઈ ધમકીઓને નિષ્ફળ બનાવવા માટે ઈઝરાયેલ અને કેટલાક આરબ રાજ્યો વચ્ચે સંરક્ષણ સહકારને પ્રોત્સાહન આપવાના હેતુથી એક કાયદો રજૂ કર્યો હતો. આ બિલ, જેને "ડિફેન્ડ એક્ટ ઓફ ૨૦૨૨" તરીકે ઓળખવામાં આવે છે, તે પેન્ટાગોને ૧૮૦ દિવસની અંદર મધ્ય પૂર્વના કેટલાક દેશોમાં એક સંકલિત હવાઈ અને મિસાઈલ સંરક્ષણ પ્રણાલી માટે વ્યૂહરચના સબમિટ કરવાની જરૂર પડશે. સંરક્ષણનો ઉદ્દેશ્ય સંબંધિત દેશોને ક્રુઝ અને બેલિસ્ટિક મિસાઈલો, માનવરહિત હવાઈ પ્રણાલીઓ અને ઈરાન તરફથી રોકેટ હુમલાઓ અને અન્ય હેતુઓથી સુરક્ષિત રાખવાનો હશે. આ બિલમાં નામ આપવામાં આવેલ દેશોમાં ઈઝરાયેલ, જોર્ડન, ઈજિપ્ત અને ઈરાક તેમજ ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલના છ સભ્યો જેમાં સઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત, કતાર, બહેરીન, કુવૈત અને ઓમાનનો સમાવેશ થાય છે. ઈરાક, સઉદી અરેબિયા, કતાર, કુવૈત કે ઓમાનના ઈઝરાયેલ સાથે રાજદ્વારી સંબંધો નથી. UAE એ ટ્રમ્પ વહીવટીતંત્રના અંતિમ મહિનાઓ દરમિયાન ઈઝરાયેલ સાથેના સંબંધોને સામાન્ય બનાવવા માટે યુએસ-બ્રોકરેડ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. "અબ્રાહમ એકોર્ડ્સ" તરીકે ઓળખાતા આ કરારે લાંબા સમયથી ચાલતી એવી આરબ સર્વસંમતિને તોડી પાડી હતી કે જ્યાં સુધી તે પેલેસ્ટિનિયનો સાથે વ્યાપક શાંતિ વિશે પગલાં ન લે ત્યાં સુધી ઈઝરાયેલ સાથે કોઈ સામાન્ય સંબંધો ન રાખવા જોઈએ.



# ઈઝરાયેલી વસાહતી જૂથોએ જેરૂસલેમમાં ખ્રિસ્તી મિલકતો જપ્ત કરવાના પ્રયાસો બંધ કરવા જોઈએ : યુરોપિયન યુનિયન

(એજન્સી) તા.૧૨

જેરૂસલેમ અને રામલ્લાહમાં યુરોપિયન યુનિયનના મિશનોએ શુક્રવારે કબજાગ્રસ્ત પૂર્વ જેરુસલેમના જૂના શહેરમાં ગ્રીક ઓર્થોડોક્સ મિલકતો પર ઈઝરાયેલી જૂથ દ્વારા કબજો લેવા અંગે પોતાની ચિંતા વ્યક્ત કરી હતી. એનાદોલુ ન્યૂઝ એજન્સીના અહેવાલો મુજબ, પેલેસ્ટીની પ્રદેશોમાં યુરોપિયન યુનિયનના પ્રતિનિધિ કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, જેરૂસલેમના જૂના શહેરમાં ખ્રિસ્તી સંપત્તિ પર કબજો કરવાના વસાહતીઓ દ્વારા કરવામાં આવતા પ્રયાસોને અટકાવવા જોઈએ કારણ કે તે ખ્રિસ્તી સમુદાયના વારસા અને પરંપરાઓને જોખમમાં મૂકે છે. આ અગાઉ, ઈઝરાયેલની સુપ્રીમ કોર્ટે ગ્રીક ઓર્થોડોક્સ પેટ્રિઆર્કેટ દ્વારા વસાહતી સંસ્થા, એટેરેટકોહાનિમ દ્વારા ખ્રિસ્તી મિલકતોના કબજા સામેની અપીલને નકારી કાઢી હતી. ઈઝરાયેલની અદાલતના આવા ચુકાદા પછી યુરોપિયન યુનિયનના પ્રતિનિધિ કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, જેરૂસલેમમાં ત્રણેય એકેશ્વરવાદી ધર્મોના શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ માટે તેમજ સ્થાપિત ધાર્મિક સંતુલન માટે ખતરો ઊભો થયો છે. EUએ આ શહેરની



"યથાસ્થિતિ" જાળવવા અને તેના પાત્રને જાળવી રાખવા માટે હાકલ કરી હતી. ૧૭ વર્ષથી વધુ સમયથી, ગ્રીક ઓર્થોડોક્સ સત્તા એટેરેટકોહાનિમના એવા દાવાઓનો વિરોધ કરી રહી છે કે તેણે જાફા ગેટ વિસ્તારમાં ઈમ્પિરિયલ હોટેલ અને પેટ્રા હોટેલ સહિત ચર્ચની મિલકતો કાયદેસર રીતે ખરીદી લીધી છે.

# ઈઝરાયેલી જાસૂસી વિમાનો અને ડ્રોન દ્વારા ઉડાનથી લેબેનીઝ નાગરિકોને 'નુકસાન ભોગવવું' પડે છે

બૈરૂત, તા.૧૨

૨૦૦૭થી લેબનોનની એરસ્પેસનું ૨૨,૧૧૧ ઈઝરાયેલ ઉલ્લંઘન થયું છે, એક ડેટાબેઝ અનુસાર જે "એરસ્પેસમાં આ લશ્કરી વિમાનોની ગર્જનાના વ્યવસ્થિત અને લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાની અસરોને બતાવવા માંગે છે અને જેમણે સતત હવાના દબાણનો સામનો કરવો પડ્યો હતો તેમના શારીરિક અને મનોવૈજ્ઞાનિક જીવન પર તેમની અસર થાય છે. એરપ્રેસર. ઈન્ફો એ તમામ ઈઝરાયેલ હવાઈ ઉલ્લંઘનોને દૃશ્યમાન બનાવવા માટે ડેટાબેઝનું સંકલન કર્યું. આ માહિતી આપનાર જોર્ડનિયન લોરેન્સ અબુ હમદાન છે જે બેરૂતમાં વર્ષોથી રહે છે. તેણે કહ્યું કે તે છેલ્લા ૧૫ વર્ષોમાં બનેલી "એક સંચિત ઘટના, એક વિસ્તૃત અપરાધ પર પ્રકાશ પાડવા માંગે છે. તેમણે કહ્યું કે તે હિંસાનું વાતાવરણ છે જે સમયાંતરે તેની અસર લે છે. તેથી તેને અવગણી શકાય છે. એરપ્રેસર.ઈન્ફોમાં કહેવામાં આવ્યું છે કે ૨૦૦૭ થી ૮,૨૩૧ ફાઈટર જેટ અને ૧૩,૧૦૨ ડ્રોને લેબેનીઝ એરસ્પેસનું ઉલ્લંઘન કર્યું છે. લબનીઝ એરસ્પેસમાં આક્રમકતાના આ કૃત્યો ટૂંકા ઓવરફ્લાઇટ નથી, પરંતુ સરેરાશ ચાર કલાક અને ૩૫ મિનિટ ચાલે છે. આ ઉલ્લંઘનોની કુલ અવધિ ૩,૦૯૮ દિવસ છે. આ જેટ અને ડ્રોન દ્વારા લેબનોન પર સાડા આઠ વર્ષના સતત કબજા સમાન છે. આ ઉલ્લંઘનોનો અર્થ એ છે કે લેબનોનમાં જીવન રેન્ડમ જૂથ દેખરેખ હેઠળ હતું, તે ઉમેર્યું.પત્રકાર સમીર વેહબે જણાવ્યું હતું કે દક્ષિણમાં રહેતા લેબનીઝ લોકો દરરોજ ઈઝરાયેલી વિમાનોના અવાજથી ટેવાઈ



ગયા છે. જ્યારે આ વિમાનો એક કે બે દિવસ માટે એરસ્પેસનું ઉલ્લંઘન કરતા નથી ત્યારે તે વિચિત્ર લાગે છે.લેબનોનની ગતિવિધિઓ જોવા ઉપરાંત, ઈઝરાયેલના જાસૂસી વિમાનો દિવસ-રાત ગર્જના કરે છે, જેના કારણે અશાંતિ, ચિંતા અને તણાવ ફેલાય છે. બાળકો પણ અવાજો વિશે ફરિયાદ કરે છે.આ વેબસાઈટ "વિમાનના અવાજની ગંભીર શારીરિક અસરો"ની વિગત આપતા લોકપ્રિય આંતરરાષ્ટ્રીય સામયિકોમાં પ્રકાશિત થયેલા ૧૭ લેખોના તારણો પર આધારિત છે. આ લેખો દર્શાવે છે કે "હાયપરટેન્શન, રુધિરાભિસરણ અસરો, ઊંઘની વિકૃતિઓ અને મનોસામાજિક પીડા" સામાન્ય રીતે આ પ્રકારના ધ્વનિ પ્રદૂષણના લાંબા ગાળાના સંપર્ક સાથે સંકળાયેલા હતા.

# પેલેસ્ટીની કેદી મનસરાની મનસ્વી અટકાયતને લીધે તેનું મૃત્યુ થઈ શકે છે; તેના પરિવારે ચેતવણી આપી

(એજન્સી) તા.૧૨

પેલેસ્ટીની કેદી, અહેમદ મનસરાના પરિવારે ગઈકાલે તેમની ગંભીર તબિયત અને માનસિક સ્થિતિને કારણે તેને તાત્કાલિક મુક્ત કરવા માટે હાકલ કરી હતી. મનસરાની માતા મેસૂને, જેરૂસલેમના કબજા હેઠળના શહેર બીટ હનીનામાં પત્રકારોને જણાવ્યું હતું કે, મારા પુત્રનું મનોવૈજ્ઞાનિક અને શારીરિક સ્વાસ્થ્ય ખૂબ જ ખરાબ છે, અને તેને તાત્કાલિક જેલમાંથી મુક્ત કરવામાં આવવો જોઈએ, મારા પુત્રને હજુ પણ એકાંત કેદમાં રાખવામાં આવ્યો છે. મેસૂને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેના પરિવારને હજુ પણ ઈઝરાયેલના વ્યવસાય સત્તાવાળાઓ દ્વારા માનસરાની મુલાકાત લેતા અટકાવવામાં આવ્યા હતા અને તેણીએ ચેતવણી આપી હતી કે તેના પુત્રનું એકલતાને લીધે મૃત્યુ થઈ શકે છે. માનસરાના વકીલ, ખાદ ઝબારકાએ સમજાવ્યું કે ઈઝરાયેલી કાયદો કેદીઓને અલગ રાખવાની મંજૂરી આપતો નથી. તેઓએ સત્તાવાળાઓને મનસરાની આરોગ્યની સ્થિતિ તપાસવા અને તેનું મૂલ્યાંકન કરવા માટે રેડ ક્રોસની આંતરરાષ્ટ્રીય સમિતિ દ્વારા તાત્કાલિક મુલાકાતની મંજૂરી આપવા જણાવ્યું હતું. મનસરાને ભયાનક સ્થિતિમાં ઈઝરાયલી દ્વારા સાત વર્ષથી ગેરકાયદેસર રીતે અટકાયતમાં રાખવામાં આવ્યો છે અને હાલમાં તે ગંભીર માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓથી પીડાય રહ્યો છે. માત્ર ૧૩ વર્ષની ઉંમરે તેની ધરપકડ કરવામાં આવી હતી અને વકીલ કે તેના માતા-પિતાની હાજરી વિના તેની પૂછપરછ કરવામાં આવી હતી. કબજાગ્રસ્ત પૂર્વ જેરૂસલેમમાં ગેરકાયદેસર યહૂદી વસાહતમાં ૨૦ વર્ષીય અને ૧૨ વર્ષના છોકરાની હત્યાના પ્રયાસ બદલ તેને



૧૨ વર્ષની જેલની સજા આપવામાં આવી હતી, જે બાદમાં ઘટાડીને નવ વર્ષ કરવામાં આવી હતી. તેના પિતરાઈ ભાઈની ૨૦૧૫માં એક ઈઝરાયેલી દ્વારા ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી, જ્યારે મનસરાને ઈઝરાયેલી દ્વારા નિર્દયતાથી મારવામાં આવ્યો હતો અને ઈઝરાયેલી ડ્રાઈવર દ્વારા તેને કચડી નાખવામાં આવ્યો હતો, જેના કારણે તેને માથામાં ઈજાઓ થઈ હતી. તેની ધરપકડ સમયે, ઈઝરાયેલના કાયદાએ જણાવ્યું હતું કે ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને ગુનાહિત રીતે જવાબદાર ઠેરવી શકાય નહીં. ગયા મહિને, ઈઝરાયેલ પ્રિઝન સર્વિસ (IPS)એ બેરશેબા ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં એક વિનંતી દાખલ કરીને તેની એકાંત કેદની અવધિ વધારવાની વિનંતી કરી હતી.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

સોમવાર ૧૩ જૂન ૨૦૨૨
૧૨ ઝિલકદ હિજરી ૧૪૪૩
જેઠ સુદ ચૌદસ સંવત ૨૦૭૮

# રિઝર્વ બેંકના કઠોર પગલાં બાદ પણ અર્થતંત્રની ગાડી પાટે ચઢવાની શક્યતા ઓછી

છેવટે રિઝર્વ બેંકે વાસ્તવિકતા નજર સમક્ષ રાખીને તેની નાણાકીય નીતિમાં તેના ઉદાર અભિગમને છોડીને રેપો રેટમાં ૫૦ બેસિસ પોઈન્ટનો વધારો કર્યો છે. ગયા મહિને પણ તેણે અણધારી બેઠક બોલાવીને ૪૦ બેસિસ પોઈન્ટ વધાર્યા હતા. એટલે કે છેલ્લા પાંચ સપ્તાહમાં આ બીજો વધારો છે. હવે રેપો રેટ વધીને ૪.૯% થઈ ગયો છે. રિઝર્વ બેંકે સ્વીકાર્યું છે કે, રિટેલ ફુગાવાનો દર અત્યારે ૬.૭ ટકા રહેશે. જો કે, વિકાસ દર ૭.૨ ટકા રહેવાનો અંદાજ છે. મોંઘવારી પર કાબૂ મેળવવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. પરંતુ આ નિર્ણયથી હાઉસિંગ, વાહન વગેરે જેવી તમામ પ્રકારની લોનના હપ્તા વધી જશે. રેપો રેટ એ દર છે કે, જેના પર RBI તમામ બેંકોને ધિરાણ આપે છે. એટલે કે બેંકો રિઝર્વ બેંકને જે વ્યાજ આપશે, તે તેમના ગ્રાહકો પાસેથી વધુ વસૂલશે.

કોરોના સંકટ દરમિયાન, રિઝર્વ બેંકે ઉદાર નીતિ અપનાવીને રેપો રેટમાં ઘટાડો કર્યો હતો, જેથી બજારમાં મૂડીનો પ્રવાહ વધે અને લોકો પરનો આર્થિક બોજ ઓછો થાય. તેની નામ માત્રની અસર થઈ હતી, અર્થાત તેની વ્યાપક અસર થઈ નહીં. જો કે, રિઝર્વ બેંક આ નીતિને વધુ સમય સુધી અમલમાં રાખી શકે નહીં, જેથી તેણે આ પગલું ભરવું પડ્યું છે. આ સમયે સરકાર સામે મોંઘવારી પર અંકુશ રાખવો એ એક મોટો પડકાર છે તેના દ્વારા ઘણા ઉપાયો અજમાવવામાં આવ્યા છે, પરંતુ મોંઘવારી પર નિયંત્રણ આવી રહ્યું નથી, તેના કેટલાક કારણો સ્પષ્ટ છે. ઓઈલના ભાવમાં ભારે વધારો થયો છે, તેની અસર દરેક વસ્તુ પર પડી છે.

આમ આર્થિક વિકાસ દર અને ફુગાવા વચ્ચે સંતુલન જાળવવું મુશ્કેલ બન્યું છે. હવે રેપો રેટ વધવાથી લોકોને લોનના વ્યાજ પર વધુ નાણાં ચૂકવવા પડશે. એટલું જ નહીં આવાસ અને વાહનોના વેચાણને પણ અસર થશે. કોરોના સમયગાળા પહેલા જ ઓટોમોબાઈલ ઉદ્યોગ એક પ્રકારે ઠપ થઈ ગયો હતો. વાહનોના વેચાણમાં તીવ્ર ઘટાડો થયો હતો. નવા મકાનોની ખરીદીમાં પણ એવી જ સ્થિતિ હતી. લાખો તૈયાર થયેલા ફલેટના ખરીદદાર ન હતા. ત્યારે સરકારે રિયલ એસ્ટેટ સેક્ટરમાં મૂડીનું રોકાણ કર્યું હતું. ત્યારપછી બેંકોના વ્યાજદરમાં ઘટાડો થયો અને ત્યારબાદ જ નવા વાહનો અને મકાનો ખરીદવા તરફ લોકોનું વલણ વધ્યું હતું. પરંતુ આ દર ફરી ધીમો પડી ગયો છે. ઘણી મોટી વિદેશી ઓટો કંપનીઓ પોતાનો ધંધો બંધ કરીને પરત ફરી રહી છે. આવી સ્થિતિમાં લોન પરના વ્યાજમાં વધારાને કારણે આ ક્ષેત્રો પર વિપરીત અસર થવાની સંભાવના છે.

આ પરિસ્થિતિઓમાં આર્થિક વિકાસ દર કેવી રીતે વધવાની અપેક્ષા રાખી શકાય ? માત્ર ઔદ્યોગિક ઉત્પાદનના બળ પર આ દર ઊંચો જાળવી શકાય નહીં. નિકાસના સંદર્ભમાં સ્થિતિ ખૂબ જ નિરાશાજનક છે. લઘુ, મધ્યમ અને સૂક્ષ્મ ઉદ્યોગો આર્થિક મંદીના દોરમાંથી બહાર આવી શક્યા નથી. રોજગારીની નવી તકોનું સર્જન ન થવાને કારણે લોકોની ખરીદ શક્તિમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જો લોન પર વ્યાજ વધુ ચૂકવવું પડશે તો તેમની સ્થિતિ વધુ ખરાબ થશે. છૂટક મોંઘવારી વધવાના કેટલાક કારણો પણ સ્પષ્ટ છે, પરંતુ તે દિશામાં વ્યવહારૂ પગલાં લેવામાં આવી રહ્યા નથી. ખેતરોમાંથી માલસામાનને બજારમાં લઈ જવો મોંઘો થઈ રહ્યો છે, તો રોજબરોજની ઘણી વસ્તુઓ મોંઘી થઈ ગઈ છે એ જ રીતે ઈંધણના ભાવમાં વધારાને કારણે માલના ઉત્પાદન ખર્ચમાં વધારો થઈ રહ્યો છે. આવી સ્થિતિમાં માત્ર રેપો રેટ વધારવાથી ફુગાવો કેટલો અંકુશમાં આવશે તે કહેવું મુશ્કેલ છે.

# મુસ્લિમ વિશ્વમાં હજુ પણ ન્યાય પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાનો અભાવ છે

**મુસ્લિમ સમુદાયોએ પરિસ્થિતિનો કેવી રીતે સામનો કરવો જોઈએ ? મુસ્લિમ વિશ્વ પર આધાર રાખવાથી ફાયદો થશે નહીં. જોખમનો સામનો કરવા માટે દરેક સમુદાયે પોતાની જાતને આંતરિક રીતે મજબૂત કરવી પડશે**



વાસ્તવિક્તા

- ડૉ.અસલમ અબ્દુલ્લાહ

(અમેરિકા સ્થિત ડૉ. અસ્લમ અબ્દુલ્લાહ જાણીતા ઈસ્લામિક વિદ્વાન અને અંગ્રેજી સામાયિકના સંપાદક છે)

ભારતમાં મુસ્લિમો વિરુદ્ધ શાસક હિંદુ ફાસીવાદીઓના માર્ગદર્શન હેઠળ હિંદુત્વ શક્તિઓ દ્વારા નરસંહારના પ્રયાસો પર વિશ્વના મુખ્ય ધર્મો મૌન છે. જો કે, શ્વેત સર્વોપરીવાદીઓના નેતૃત્વ હેઠળના ખ્રિસ્તી પ્રચારકો ભારતને એવા લોકો માટે સંભવિત હત્યા ક્ષેત્ર તરીકે જુએ છે જેમને તેઓ ખ્રિસ્ત વિરોધી તરીકે વર્ણવે છે. યહૂદીઓ હિટલરના પ્રશંસકોની તરફેણ કરે છે કારણ કે તે કટ્ટર-પેલેસ્ટીની સમુદાયને દૂર કરશે. મ્યાનમારમાં રોહિંગ્યાઓની વંશીય સફાઈ અભિયાન પછી બૌદ્ધોને ભારતીય મુસ્લિમો પ્રત્યે કોઈ સહાનુભૂતિ નથી અને નાસ્તિકો માને છે કે ઈસ્લામ અને મુસ્લિમો ઉદારવાદ અને આધુનિકતાવાદને અવરોધે છે.

મુસ્લિમ વિશ્વ પણ ભારતમાં મુશ્કેલીમાં મુકાયેલા મુસ્લિમ સમુદાયને ટેકો આપવામાં શરમાવે છે. તેમના આર્થિક અને રાજકીય હિતો પર આધાર રાખીને, મોટાભાગના ભારતમાં મુસ્લિમોની દુર્દશા અંગે તટસ્થ અથવા મૌન છે.

જે મુસ્લિમો એક સમયે વિશ્વભરમાં ન્યાયનો અવાજ હતા તેઓ હવે તેમના નિર્બળ લોકોનો બચાવ કરવામાં નબળા છે ? પરિણામે, તેઓ અન્યાયના ગુનેગારો માટે સરળ લક્ષ્ય છે.

મુસ્લિમો સામાન્ય રીતે તેમની દુર્દશા માટે તેમની અધાર્મિક પ્રથાઓને દોષ આપે છે. તેઓ માને છે કે જ્યારે તેઓ પાંચ આવશ્યક સ્તંભોનું અવલોકન કરવામાં સમયના પાબંદ બનશે અને કુર્આનને યોગ્ય ઉચ્ચારણ સાથે વાંચવાનું શીખ્યા પછી તેમની યાદશક્તિમાં પ્રતિબદ્ધ થશે ત્યારે તેમની સ્થિતિમાં સુધારો થશે. તેમના વિદ્વાનો અને વિદ્વાન લોકોના ૯૫ ટકા પ્રવચનો આ બે પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે છતાં પરિસ્થિતિ સુધરતી નથી.

ભૂતકાળમાં મુસ્લિમોની સફળતાનું રહસ્ય ન્યાય અને માનવીય ગૌરવ પ્રત્યેની તેમની અવિશ્વસનીય પ્રતિબદ્ધતા હતી. તેઓને જ્યાં પણ કોઈની સામે અન્યાય થતો જણાયો, તેઓ સૌપ્રથમ અવાજ ઉઠાવતા અને પરિણામોની પરવા કર્યા વિના પગલાં લેતા. વધુમાં, તેઓ તેમની સ્થિતિ માટે સમુદાય, જાતિ અથવા વંશીયતાને પસંદ કરવામાં પસંદગીયુક્ત ન હતા.

ન્યાય તેમના માટે વ્યવહારુ હતો. તેનો અર્થ એ હતો કે જેઓ સામે ખોટું થયું છે તેમના માટે ઊભા રહેવું. વધુમાં, તેઓ તેમના સામાજિક જીવનમાં ન્યાય લાગુ કરતા પહેલા, તેમના અંગત અને પારિવારિક જીવનમાં તેનો અમલ કરતા હતા.

મુસ્લિમો આજે તેમના સામાજિક અને અંગત જીવનમાં ન્યાય પ્રત્યે પ્રતિબદ્ધતાનો અભાવ ધરાવે છે. તેના બદલે, તેઓ તેમની જાતિ, સંસ્કૃતિ, ભાષા અને ધાર્મિક જૂથના આધારે પૂર્વગ્રહો ધરાવે છે. મુસ્લિમોમાં નિરક્ષરતા અને ભૂખમરાનો વ્યાપ એકબીજા પ્રત્યે તેમની ઉદાસીનતાની સાક્ષી આપે છે.

અન્ય લોકો જાણે છે કે મુસ્લિમ વિશ્વ એકબીજાની કે ન્યાયની પરવા નથી કરતું. તેઓ મુસ્લિમ અવાજો અને પ્રતિક્રિયાઓની પરવા કરતા નથી કારણ કે ત્યાં કોઈ નથી. મુસ્લિમો સામે ચાલી રહેલા નરસંહારના પ્રયાસો પર મુસ્લિમ વિશ્વનું સંપૂર્ણ મૌન ભારતમાં અને અન્યત્ર ફાસીવાદીઓને તેમના અત્યાચારો ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કરે છે.

કેટલાક ઉદાહરણો ધ્યાન આપવા યોગ્ય છે:

૧. મુસ્લિમ હિતો માટે ઊભા રહેવાના તેમના દાવા છતાં, પાકિસ્તાન અને સઉદી અરેબિયાએ સામ્યવાદી ચીનના ઉઇગુર મુસ્લિમો સામે ચાલી રહેલી ભેદભાવપૂર્ણ નીતિઓને સમર્થન આપ્યું.

૨. ગલ્ફ દેશો, અને પશ્ચિમ કાંઠે પેલેસ્ટીની ઓથોરિટીએ, ૨૦૦૨માં ગુજરાતમાં મુસ્લિમોના નરસંહારમાં તેમની સંડોવણી જાણતા હોવા છતાં, ભારતીય વડાપ્રધાન મોદીને સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર એનાયત કર્યો.

૩. માલદીવની સરકારે તેમના દેશમાં મુસ્લિમો પર અત્યાચાર માટે જવાબદાર શ્રીલંકાના પદભ્રષ્ટ શાસકને રાજકીય આશ્રયની ઓફર કરી.

૪. કાશ્મીરના મુદ્દે મુસ્લિમ વિશ્વ સામાન્ય રીતે મૌન છે. પાકિસ્તાન જ્યારે ભારત સાથે લડાઈ કરવા ઈચ્છે છે ત્યારે તે મામલો ઉઠાવે છે.

મુસ્લિમ વિશ્વ અને વિદ્વાનો ન્યાયના ગુણોને વખાણવામાં નોંધપાત્ર હોઈ શકે છે, પરંતુ તેઓ નક્કર પગલાં લેવામાં અપૂર્ણ છે. તેમના સમુદાયોમાં અન્યાયને પડકારવાનો તેમનો રેકોર્ડ નિરાશાજનક છે. તદુપરાંત, તેમની ઉદાસીનતા વિશ્વને એવું માનવા તરફ દોરી ગઈ છે કે પ્રભાવશાળી અને સમૃદ્ધ મુસ્લિમો તેમના નબળા અને વંચિત લોકોની કાળજી લેતા નથી.

આ વલણ મજબૂત રાષ્ટ્રવાદી ધાર્મિક બહુમતી ધરાવતા દેશોમાં મુસ્લિમોને ગંભીર અસર કરે છે. ભારત અને મ્યાનમારની સ્થિતિ મુસ્લિમ લઘુમતીઓ માટે ખતરનાક છે. નરસંહારની શક્યતા એક વાસ્તવિકતા છે, અને કોઈપણ ઉદાસીનતા વહેલા મોડા આપત્તિ લાવશે.

આ પડકારોનો સામનો કરી રહેલા મુસ્લિમ સમુદાયોએ પરિસ્થિતિનો કેવી રીતે સામનો કરવો જોઈએ ? મુસ્લિમ વિશ્વ પર આધાર રાખવાથી ફાયદો થશે નહીં. જોખમનો સામનો કરવા માટે દરેક સમુદાયે પોતાની જાતને આંતરિક રીતે મજબૂત કરવી પડશે. તેના માટે રાષ્ટ્રીય નેતૃત્વ દ્વારા દરેક દેશની પરિસ્થિતિનું પુનઃ મૂલ્યાંકનની જરૂર પડશે. જો કે, હાલમાં તે મુશ્કેલ કાર્ય લાગે છે.

(સૌ.: www.draslamabdullah.com)

# પૂર્વ ASG આઈ.એચ. સૈયદ વિરૂદ્ધ શું આરોપો છે ?

ગુજરાત હાઈકોર્ટના નિયુક્ત વરિષ્ઠ વકીલ આઈ.એચ. સૈયદને લગભગ ત્રણ અઠવાડિયાની કાનૂની લડાઈ પછી, ૭ જૂનના રોજ અમદાવાદના એક વેપારી દ્વારા ખંડણી અને ખોટી રીતે કેદ અને નુકસાનનો આરોપ લગાવતી FIRના સંબંધમાં ધરપકડથી રક્ષણ આપવામાં આવ્યું હતું. તેઓ કોણ છે અને તેમના પર કયા આરોપો છે ?



ઈકબાલ હસનઅલી સૈયદ (૫૨), ૧૯૯૬માં એડવોકેટ તરીકે નોંધાયા હતા અને ઓગસ્ટ ૨૦૧૯માં ગુજરાત હાઈકોર્ટના ફુલ કોર્ટ રેફરન્સ દ્વારા તેમને વરિષ્ઠ વકીલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. સૈયદે કથિત બનાવટી એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા ઈશરત જહાંની માતા શમીમા કૌસરનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેણીએ સૈયદ દ્વારા, તેની પુત્રીની હત્યામાં સીબીઆઈ તપાસની માંગ કરી હતી અને ૨૦૧૧માં સૈયદ ગુજરાત હાઈકોર્ટે સીબીઆઈને તપાસ ટ્રાન્સફર કરવામાં સફળ થયા હતા. સીબીઆઈએ ૨૦૧૩માં ગુજરાતના કેટલાક ટોચના પોલીસ અધિકારીઓ સામે ચાર્જશીટ દાખલ કરી હતી જેઓ એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ તરીકે જાણીતા હતા, જેમાં આઈપીએસ અધિકારીઓ પીપી પાંડે, ડીજી વણઝારા, એન કે અમીન અને તરૂણ બારોટનો સમાવેશ થાય છે. ૨૦૧૨માં સૈયદને ૨૦૦૩માં માર્યા ગયેલા સાદિક જમાલ મહેતરના કથિત નકલી એન્કાઉન્ટર કેસ સહિત રાજ્યના ઘણા કેસોમાં સીબીઆઈનું પ્રતિનિધિત્વ કરવા માટે સીબીઆઈ દ્વારા વિશેષ સરકારી વકીલ તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

૨૦૦૨માં ગુજરાતના રમખાણો પછી, સૈયદે ગુજરાત-કેડરના કેટલાક વરિષ્ઠ અધિકારીઓનું પણ પ્રતિનિધિત્વ કર્યું હતું જે વહીવટીતંત્રની વિરૂદ્ધ ગયા હતા, જેમ કે IPS અધિકારી કુલદીપ શર્મા અને સંજીવ ભટ્ટ અને IAS અધિકારી પ્રદીપ શર્મા. અન્ય લોકોમાં IPS અધિકારીઓ રાહુલ શર્મા (હવે નિવૃત્ત અને ગુજરાત HCમાં એડવોકેટ છે) અને રજનીશ રાય (હવે IIM-અમદાવાદમાં છે) અને સતીશ વર્મા (ઈશરત જહાં SIT તપાસમાં મદદ કરવા માટે જાણીતા છે જેણે એન્કાઉન્ટર બનાવટી હોવાનું સાબિત કર્યું છે)નો સમાવેશ થાય છે.

૨૦૧૩માં કેન્દ્ર સરકાર દ્વારા સૈયદની ગુજરાત હાઈકોર્ટમાં સહાયક સોલિસિટર જનરલ (ASG) તરીકે નિમણૂક કરવામાં આવી હતી અને એક વર્ષ કરતાં ઓછા સમય પછી ૨૦૧૪માં કેન્દ્રમાં ભાજપ સત્તા પર આવ્યા પછી તેમણે આ પદ પરથી રાજીનામું આપ્યું હતું. ૨૦૧૯માં સૈયદે ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પાટીદાર નેતા હાર્દિક પટેલનું પ્રતિનિધિત્વ કર્યું હતું જેમાં ગુજરાતના વર્તમાન આરોગ્ય પ્રધાન અને વિસનગરના ભાજપના ધારાસભ્ય રૂષિકેશ ઊપટેલની રમખાણો માટે વિસનગર કોર્ટ દ્વારા દોષિત ઠેરવવા પર સ્ટે માંગવામાં આવ્યો હતો જેથી હાર્દિકને ચૂંટણી લડવાની પરવાનગી મળે. હાઈકોર્ટે આ અરજી ફગાવી દીધી હતી અને આખરે સુપ્રીમ કોર્ટે આ વર્ષની શરૂઆતમાં તેઓને દોષિત ઠરાવ્યા હતા.

**તેમની વિરૂદ્ધ કેસ શું છે અને શું કોઈ ચોક્કસ આરોપો છે ?**

સૈયદ, અન્ય પાંચ લોકો સાથે, અમદાવાદ સ્થિત ઉદ્યોગપતિ વિરલ શાહને ઈજા પહોંચાડવા, ખોટી રીતે ગોંધી રાખવા અને ફોજદારી ધાકધમકી આપવાના આરોપોનો સામનો કરી રહ્યા છે, જો કે સૈયદની કોઈ ચોક્કસ ભૂમિકા જવાબદાર નથી. સૈયદ એક વકીલ તરીકે ગુનાના કથિત સ્થળે હાજર હતા. ૧૫ મેના રોજ ગાંધીનગરના પેથાપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆરમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે વાઘેલાના અંગત મદદનીશ ભૌમિક ઠક્કર દ્વારા તેમને ગુજરાતના ભૂતપૂર્વ સીએમ શંકરસિંહ વાઘેલાના ગાંધીનગર ખાતેના ઘરે બિઝનેસ વિવાદ સંબંધિત સમાધાન કરાર પર હસ્તાક્ષર કરવા માટે બોલાવવામાં આવ્યા હતા અને જ્યારે તેમણે હસ્તાક્ષર કરવાનો ઈનકાર કર્યો હતો ત્યારે આરોપીઓ દ્વારા ધમકી આપવામાં આવી હતી. વિરલને કથિત રીતે એવી પણ ધમકી આપવામાં આવી હતી કે જો તે કરાર પર સહી નહીં કરે તો તેને બળાત્કારના ખોટા કેસમાં ફસાવી દેવામાં આવશે. તેણે દાવો કર્યો હતો કે આરોપીઓએ તેના પર હુમલો કર્યો અને તે પછી તે તેના ડ્રાઈવર સાથે ભાગવામાં સફળ રહ્યા હતા. અન્ય આરોપીઓમાં વાઘેલાના પીએ ભૌમિક ઠક્કર અને શાહ સાથેના ધંધાકીય વિવાદમાં સંડોવાયેલા અન્ય ઝંકારસિંહ સોલંકી (શાહના લાંબા સમયના બિઝનેસ પાર્ટનર), રવિ ચૌધરી, અમીન અને ઈક્ષિત અમીનનો સમાવેશ થાય છે.

વડોદરાના બિઝનેસમેન અમીન દ્વારા ડિસેમ્બર ૨૦૨૧માં અમદાવાદ CID ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સ્ટેશનમાં વિરલ અને અન્ય ૨૫ લોકો વિરૂદ્ધ ૧૦૦ કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી, બનાવટી ફંડની ગેરરીતિના આરોપસર FIR દાખલ કરવામાં આવી હતી. આ FIRના સંબંધમાં વિરલની આ વર્ષે માર્ચમાં ધરપકડ કરવામાં આવી હતી અને તે ૨૭ દિવસની ન્યાયિક કસ્ટડીમાં હતો. વિરલે કથિત રીતે સમાધાન કર્યું હતું, જેના પગલે તેને જામીન પર છોડવામાં આવ્યો હતો. પતાવટના ભાગરૂપે, તે એ વાત પર સંમત થયા હતા કે વિરલ અને અન્ય આરોપીઓ કંપનીને રૂા.૨૦ કરોડ ચૂકવશે, જેનું પ્રતિનિધિત્વ વરિષ્ઠ વકીલ સૈયદ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ, આ એફઆઈઆર રદ કરવા માટે ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સંમતિ રદ કરવાની અરજી દાખલ કરવામાં આવી હતી અને આ સમાધાનમાં ૨ મેના રોજ એફઆઈઆર પણ રદ કરવામાં આવી હતી. ગુજરાત હાઈકોર્ટે આગોતરા જામીન આપતાં અવલોકન કર્યું હતું કે, સૈયદને મોટા ધંધાકીય વિવાદમાં ફસાવી શકાય નહીં કારણ કે તે માત્ર તેની વકીલાતની ક્ષમતા પ્રમાણે કામ કરી રહ્યા હતા.

**અત્યાર સુધી શું થયું છે ?**

વિરલ દ્વારા કરવામાં આવેલ એફઆઈઆરના એક દિવસ પછી, સૈયદે એફઆઈઆર અને તેની સામેના આરોપોને રદ કરવા માટે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી. વચગાળાની રાહત તરીકે તેઓએ તેમને બળજબરીભર્યા પગલાં, એટલે કે ધરપકડથી રક્ષણ આપવા માટે કોર્ટના નિર્દેશની માંગ કરી હતી. ૨ જૂનના રોજ, ગુજરાત હાઈકોર્ટે તેમને ધરપકડમાંથી રક્ષણ આપવાનો ઈનકાર કર્યો હતો અને રદ કરવાની અરજીને જાળવી રાખવા યોગ્ય ન હોવાનું પણ જણાવ્યું હતું. તેમણે આગોતરા જામીન માટે ગાંધીનગર કોર્ટમાં પણ અરજી કરી હતી, જેને ૩૦ મેના રોજ ટ્રાયલ કોર્ટે ફગાવી દીધી હતી. સૈયદે એ પણ રજૂઆત કરી હતી કે, ફરિયાદી વિરલ દ્વારા એફઆઈઆરમાં તેમનું નામ ઈરાદાપૂર્વક દાખલ કરવામાં આવ્યું છે, સૈયદે એવી પણ રજૂઆત કરી હતી કે ધરપકડથી રક્ષણની વિનંતી કરતી વખતે તે તપાસનો વિરોધ કરતાં નથી. આગોતરા જામીન મળવાથી સૈયદ ધરપકડથી સુરક્ષિત રહેશે. કોર્ટે વ્યક્તિના અધિકાર અને તપાસ અધિકારીના અધિકારો વચ્ચે વાજબી સંતુલન જાળવ્યું છે.

એફઆઈઆરમાં સૈયદ સામેના આરોપોને રદ કરવાના સંદર્ભમાં, તેઓ ક્યાં તો ગુજરાત હાઈકોર્ટના જાળવણી પરના અસ્વીકારને પડકારતી સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરી શકે છે અથવા CrPC કલમ ૪૮૨ સાથે ભારતના બંધારણની કલમ ૨૨૬ હેઠળ ગુજરાત હાઈકોર્ટમાં નવી અરજી દાખલ કરી શકે છે. તે પછીના તબક્કે CrPC કલમ ૪૮૨ હેઠળ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રદ કરવાની અરજી પણ દાખલ કરી શકે છે.

(સૌ.: ઈન્ડિયનએક્સપ્રેસ.કોમ)

# અદૃશ્ય નાગરિકો-ભાજપમાં મુસ્લિમ સાંસદો અને ધારાસભ્યોની ગેરહાજરી શા માટે પરેશાન કરી રહી છે ?

**૭ જુલાઈ પછી સંસદમાં શાસક બેન્ચ પર કોઈ મુસ્લિમ નહીં હોય. ભાજપના મુસ્લિમ પ્રતિનિધિઓએ પક્ષના પ્રવક્તાઓને તેમના પોતાના કરતા ઓછા ધર્માંધ વિશ્વ પ્રત્યે સંવેદનશીલ બનાવ્યા હોત અને આંતરરાષ્ટ્રીય પ્રમાણની ભૂલને અટકાવી હોત**

પ્રશ્નાર્થ

- મહુઆ મોઇત્રા

લગભગ એક મહિનાના સમયગાળામાં, ભાજપ, સ્વયં-ઘોષિત ''વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી''ના, લોકસભા અથવા રાજ્યસભામાં એક પણ મુસ્લિમ સંસદસભ્ય નહીં હોય, અને એટલું જ નહીં - પક્ષ પાસે તમામ ૩૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં શૂન્ય મુસ્લિમ ધારાસભ્યો છે. જ્યારે મેં સોશિયલ મીડિયા પર આનો ઉલ્લેખ કર્યો ત્યારે એક વ્યક્તિએ લખ્યું કે ભાજપ ખરેખર એક લોકશાહી પાર્ટી છે જે યોગ્યતામાં વિશ્વાસ રાખે છે. જો કોઈ મુસલમાન ટિકિટ આપવાને લાયક ન જણાય તો પક્ષને કેવી રીતે દોષ દેવો ? તે માત્ર તૃણમૂલ કોંગ્રેસ જેવા પક્ષો હતા, જેમ કે ''તુષ્ટિકરણ કરનારાઓ'' હતા, જેઓ વોટ બેંકની રાજનીતિમાં માનતા હતા અને કામ માટે શ્રેષ્ઠ વ્યક્તિને પસંદ કરવામાં નહીં. ભાજપ ખૂબ જ વિકસિત પક્ષ છે, જે વંશવાદથી મુક્ત છે, બોજારૂપ ''સેક્યુલર'' ઓળખપત્રો તરફ વળવાના બોજથી મુક્ત છે. ભાજપે શ્રેષ્ઠ લોકોને ટિકિટ આપી જેઓ પછી જીતવા લાગ્યા અને ખાતરી કરી કે પક્ષ સત્તામાં રહે અને, ચોક્કસ, કોઈ પક્ષ માટે ચૂંટણી જીતવા સિવાય કોઈ મોટો રાજકીય ધર્મ નથી હોતો. અન્ય એક વ્યક્તિએ લખ્યું કે ભાજપ માત્ર બંધારણનું પાલન કરી રહી છે જેમાં ધર્મના આધારે ભેદભાવ પર પ્રતિબંધ છે. તેમણે દલીલ કરી હતી કે જો ભાજપે મુસ્લિમોને માત્ર એટલા માટે ટિકિટ આપી કે તેઓ મુસ્લિમ છે, તો તે હિંદુઓ સાથે ભેદભાવ કરશે.

જેમણે પ્રતિક્રિયા આપી હતી તેમાંના મોટાભાગના લોકો વધુ સીધા હતા - તેઓએ કહ્યું, ભાજપ, હિંદુત્વ સાથે જોડાયેલી હિંદુ પાર્ટી છે, જે હિંદુ કારણને આગળ ધપાવે છે. મુસ્લિમોને સંસદમાં મોકલવા માટે તેને શા માટે જવાબદાર ગણવામાં આવે ?

ભાજપ સત્તાવાર રીતે ''સબકા સાથ, સબકા વિકાસ''ના એજન્ડાને વળગી રહે છે. જ્યારે મુશ્કેલી આવે છે, ત્યારે તેઓ સત્તાવાર રીતે હિન્દુત્વ કટ્ટરપંથ તરફ વળવાનો ઈનકાર કરે છે. ધ ગુડ કોપ, બેડ કોપ રૂટિન એ સુનિશ્ચિત કરે છે કે એક તરફ, નૂપુર શર્માના છબરડા બાદ સત્તાવાર પ્રેસ રિલીઝમાં જણાવવામાં આવ્યું હતું કે ભાજપ ''ભારતને એક મહાન દેશ બનાવવા માટે પ્રતિબદ્ધ છે જ્યાં બધા સમાન હોય અને દરેક વ્યક્તિ સન્માન સાથે જીવે…'', જ્યારે બીજી તરફ, પાર્ટીના કાર્યકરો અને પદાધિકારીઓને કટ્ટર પ્રવચન સાથે ચાલુ રહેવા માટે સક્રિયપણે પ્રોત્સાહિત કરવામાં આવે છે. ભાજપના સમર્થકો સમજી શકતા નથી કે લોકસભામાં ૩૦૧ સાંસદો (૫૫ ટકા) હોવા છતાં પક્ષ પાસે એક પણ મુસ્લિમ નથી તેમાં સ્પષ્ટપણે ખોટું શું છે; રાજ્યસભામાં ૯૫ સાંસદો (૩૮ ટકા) અને વિવિધ રાજ્યોમાં ૧,૩૭૯ ધારાસભ્યો (૩૩ ટકા), આ એક ઉદાસ પ્રતિબિંબ છે કે કેવી રીતે અરાજક તત્વોએ બહુમતીની વિચાર પ્રક્રિયા પર ખરેખર કબજો જમાવ્યો છે. ૭ જુલાઈની સવારે- જ્યારે છેલ્લા મુસ્લિમ ભાજપ રાજ્યસભા સાંસદની મુદત પૂરી થશે - ત્યારે નવા પ્રતિનિધિત્વની વાસ્તવિકતાનો સામનો કરતી વખતે આપણે આપણી જાતને માત્ર બે જ પ્રશ્નો પૂછવાની જરૂર છે - શું આનું કોઈ મહત્વ છે ? અને શું આપણે કાળજી લઈએ છીએ ? હા, આ ખરેખર મહત્વનું છે કે લગભગ ૨૦૪ મિલિયન મુસ્લિમો, દેશની વસ્તીના ૧૫ ટકા, સત્તાધારી પક્ષમાં તેની ત્રીજી મુદતમાં એક પણ મુસ્લિમ ચૂંટાયેલ પ્રતિનિધિ નથી. ''અમે લાયકાત-આધારિત, ધર્મ-અંધ છીએ''ની અહીં દલીલ ઊભી થતી નથીઃ ભાજપ દરેક ચૂંટણીમાં તેના જાતિના અંકગણિતનો અધિકાર મેળવવા માટે પાછળની તરફ વળે છે, પછી ભલે તે ગમે તેટલી અસંગત હોય. તે બદલાતા જ્ઞાતિ સમીકરણોને સમાયોજિત કરવા સક્ષમ અને ગુણવાન હોદ્દેદારોને છોડવામાં શરમાતી નથી. એક પક્ષ તરીકે, તે તેની ઓળખાયેલ મત બેંકમાં જાતિઓ અને પેટા-જૂથોના પ્રતિનિધિત્વની જરૂરિયાત વિશે તીવ્રપણે વાકેફ છે. જ્યાં સુધી તેઓ મુસ્લિમ નથી. જે હિંદુઓ હિંદુ પક્ષને મત આપે છે તે એ જાણીને કરે છે કે તે મુસ્લિમો માટે નથી. તેની સાથે કોઈ વાંધો નથી. આ મુદ્દો ભાજપના બે મોઢાની વાતનો છે, જેમાં તે લાખો હિંદુઓને આ આધાર પર અપીલ કરે છે કે તે હિંદુ પાર્ટી નથી, પરંતુ એક સર્વસમાવેશક પાર્ટી છે જે બધા સુધી પ્રતિનિધિત્વ અને શાસન પહોંચાડે છે. જે સત્ય નથી અને શૂન્ય પ્રતિનિધિત્વનો આ નવો સ્પષ્ટ આંકડો તમામ બિન-કટ્ટરપંથી ભાજપના મતદારો માટે જાગૃતિનો અવાજ હોવો જોઈએ.

ભારતનું બંધારણ આપણને ધર્મ પાળવાનો અને તેના માટે ભેદભાવ ન કરવાનો અધિકાર આપે છે. મુદ્દો એ નથી કે ભાજપ દ્વારા મુસ્લિમોને સક્રિય રીતે શોધવા જોઈએ અને ટિકિટ આપવામાં આવે. સરેરાશના સરળ કાયદા દ્વારા, જે દેશમાં મુસ્લિમો વસ્તીના ૧૫ ટકા છે, ત્યાં ન્યાયી અને પ્રતિનિધિ પ્રક્રિયા દ્વારા સામાન્ય રીતે થોડા મુસ્લિમોને પસંદ કરવામાં આવે. હકીકત એ છે કે આવું નથી, એ અવિભાજ્ય સત્ય તરફ નિર્દેશ કરે છે કે ભાજપ મુસ્લિમો સાથે સક્રિયપણે ભેદભાવ કરે છે. જો કોઈ વ્યક્તિ દિલ્હી, કોલકાતા અથવા મુંબઈના કોઈ મોલમાં જાય અને ૩૦૧ લોકોને અથવા તો ૫૫ ટકા લોકોને આડેધડ રીતે પસંદ કરે, તો તેમાંથી કોઈ પણ મુસ્લિમ ન હોય તેવી શક્યતા વ્યવહારીક રીતે શૂન્ય છે.

યુનાઈટેડ કિંગડમ આજે લગભગ ૧.૪ મિલિયન ભારતીય મૂળના લોકોનું ઘર છે, જે તેની વસ્તીના લગભગ ૨.૫ ટકા છે. તેનાથી વિપરીત, તેના હાઉસ ઓફ કોમન્સમાં ભારતીય મૂળના ૧૫ અને પાકિસ્તાની મૂળના ૧૫ સાંસદો છે. કોમન્સમાં આજે ૧૦માંથી એક સાંસદ વંશીય લઘુમતીનો છે. જો આપણા શાહી વસાહતીઓ વધુ સારા પ્રતિનિધિત્વ અને અભિપ્રાયની વિવિધતાના માર્ગે ચાલી શકે છે, તો ભારતનો સૌથી મોટો પક્ષ આટલો બહેરો કેવી રીતે હોઈ શકે ?

બીજા પ્રશ્નની વાત કરીએ તો, અમે શાસક બેન્ચમાંથી ગુમ થયેલા મુસ્લિમોની પરવા કેવી રીતે ન કરી શકીએ ? ભાજપે કૉંગ્રેસની ''ભદ્રવાદી'' સંસ્કૃતિને ગાળો આપી, જેને તેઓ ''લ્યુટિયન ગેંગ'' કહે છે તેના પર હસી પડ્યા. તેઓએ દીવાલોને તોડી પાડવાનું વચન આપ્યું હતું જેણે ઘણા લોકોને સત્તાના શિખરોમાંથી બાકાત રાખ્યા હતા. પક્ષ બધા માટે સમાવિષ્ટ જગ્યાઓ સુનિશ્ચિત કરવાનો ઢોંગ કરવા માટે તેના માર્ગમાંથી બહાર જાય છે. તો પછી તે ''સૌ મેં સે પંદ્રા''ને તેની પોતાની પાર્ટીમાંથી બાકાત રાખવાને કેવી રીતે યોગ્ય ઠેરવે છે ?

વિશ્વભરના લોકો અને સમુદાયો નિર્ણય લેવાની પ્રક્રિયામાં વિવિધતા પર આગ્રહ રાખે છે તેનું એક કારણ છે - તેમની હાજરી અને ઈનપુટ વધુ સારા પરિણામો આપે છે. કદાચ ભાજપની ધારાસભાઓમાં મુસ્લિમોના સમાવેશથી પક્ષના પ્રવક્તાઓ તેમના પોતાના કરતા ઓછા ધર્માંધ વિશ્વ પ્રત્યે સંવેદનશીલ બન્યા હોત અને આંતરરાષ્ટ્રીય પ્રમાણની ભૂલને અટકાવી શક્યા હોત. ભાજપ માટે હું આ કહું છું : રાજકીય પક્ષ મૂળભૂત રીતે ખાનગી ડિનર પાર્ટીથી અલગ હોય છે; તમારી પાસે ફક્ત તમને જ આમંત્રિત કરવાની સ્વતંત્રતા નથી કારણ કે તમે ભોજન માટે ચૂકવણી કરી રહ્યાં છો. મુસ્લિમો આ દેશના લોહી અને શરીરના અભિન્ન અંગ છે, અને કોઈપણ રાજકારણ કે જેના પરિણામે તેમને નિર્ણય લેવાની અને અભિપ્રાય-આકારની પ્રક્રિયાઓમાંથી બાકાત રાખવામાં આવે છે તે ભારતની આઝાદીના ૭૫મા વર્ષમાં સ્વીકાર્ય પરિણામ નથી. આ મહત્ત્વનું છે અને તમારે કાળજી લેવી જોઈએ.

(લેખક તૃણમૂલ કોંગ્રેસના સાંસદ છે)
(સૌ. : ઈન્ડિયન એક્સપ્રેસ.કોમ)

## સંસ્કાર સૌરભ

### નબીની નસીહત

રસૂલુલ્લાહ (સ.અ.વ)એ ફરમાવ્યું છે, "સંપૂર્ણ ઈમાનવાળા તે લોકો છે, જેમનો વ્યવહાર સૌથી સારો હોય અને તમારામાં સૌથી સારા લોકો તે છે જે પોતાની પત્નીઓ સાથે સારો વ્યવહાર કરે છે."

### હદીસ બોધ

આપસના મતભેદોને વાર્તાલાપથી દૂર કરો.
- હદીસ બોધ

### આજની આરસી

૧૩ જૂન સોમવાર ૨૦૨૨
૧૨ ઝિલકદ હિજરી ૧૪૪૩
જેઠ સુદ ચૌદસ સંવત ૨૦૭૮
સુબ્હ સાદિક ૪-૨૭
ખત્મે ઝવાલ ૧૨-૩૯
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૫-૫૩
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૨૫

### બોધ વચન

વિચારવું એટલે આત્માનો પોતાની સાથેનો વાર્તાલાપ.
-પ્લેટો

નેશનલ મિન્સ કમ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા અંતર્ગત

# શહેરાના ૩૬ વિદ્યાર્થીઓને ધો.૯થી ૧૨ સુધી રૂા.૧૭.૨૮લાખની સહાય મળશે

શહેરા, તા.૧૨

શહેરા તાલુકાની ૨૪૭ પ્રા.શાળાઓમાંથી ધોરણ-૮ના કુલ ૧૬૨૮ વિદ્યાર્થીઓએ NMMS (નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ) પરીક્ષા માટે ફોર્મ ભરેલા હતા. તે પૈકીનાએ તા.૧૭ એપ્રિલ ૨૦૨૨ના રોજ શહેરા તાલુકા કક્ષાના ૪ સેન્ટરમાં પરીક્ષા આયોજન કરવામાં આવી હતી.

શહેરા ખાતે કુલ ૧૬૨૮ પૈકી ૧૫૬૦ એટલે ૯૫.૮૨ % વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા આપી હતી તેમજ ૬૮ વિદ્યાર્થીઓ એટલે ૪.૧૮ % ગેર હાજર રહ્યા હતા. જે પૈકી પંચમહાલ જિલ્લાના ૧૫૪ મેરીટ કોટાની સામે ૩૬ વિદ્યાર્થીઓની પસંદગી થતાં સમગ્ર શહેરા શિક્ષણ પરિવારમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. તેમજ મેરીટમાં આવનારા તમામ વિદ્યાર્થીઓને આગામી વર્ષોમાં ધો.૯ થી ૧૨ સુધી માસિક રૂા.૧૦૦૦/- મુજબ ચાર વર્ષના રૂા.૪૮૦૦૦/- મળશે. તેમજ કુલ ૩૬ વિદ્યાર્થીઓના રૂા.૧૭૨૮૦૦૦/- ની સહાય મળશે. તે રકમ તેમના બેંક ખાતામાં સીધી જમા કરાવવામાં આવશે. પંચમહાલ જિલ્લામાં દ્વિતીય, તૃતીય અને ચોથો નંબર તેમજ શહેરા તાલુકામાં પ્રથમ મહાવીરસિંહ ચંદ્રસિંહ પગી સરાડીયા પ્રા.શાળા, દ્વિતીય સપનાબેન રાજેન્દ્રસિંહ પગી સરાડીયા પ્રા.શાળા, તૃતીય ધવલકુમાર રામસિંહ વણઝારા વણઝારા ફળીયા પ્રા.શાળાના વિદ્યાર્થી પસંદ થયેલ છે.

પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ)સાહેબની શાનમાં ગુસ્તાખી કરનાર

# નૂપુર શર્મા અને નવીન જિંદાલ સામે નબીપુર પોલીસ મથકમાં ફરિયાદ કરાઈ

## બંને સામે કડક કાર્યવાહીની માંગ



પાલેજ, તા.૧૨

નબીપુર તેમજ બંબુસર ગામના મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજના લોકોએ એકત્ર થઈ નબીપુર ગામમાં વિરોધ પ્રદર્શન કરી નબીપુર પોલીસમથકે ફરિયાદ કરતી અરજી આપી કાર્યવાહીની માંગ કરી હતી.

નબીપુર તેમજ બંબુસર ગામના મુસ્લિમ સમાજ દ્વારા ભાજપની રાષ્ટ્રીય પ્રવક્તા નૂપુર શર્મા જે માનવતા અને ભાઈચારાની દુશ્મન છે કે, જેણે ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ અને સમગ્ર દુનિયા માટે શાંતિ અને ભાઈચારાના મસીહા માટે અપમાનજનક અભદ્ર ટિપ્પણી કરતા મુસ્લિમ સમાજમાં રોષની લાગણી ફેલાઈ જવા પામી છે.

આજરોજ નબીપુર ગામમાં વિરોધ પ્રદર્શન કરી નબીપુર પોલીસ મથકે મુસ્લિમ સમાજના દ્વારા ભાજપના પ્રવક્તા વિરૂદ્ધ ફરિયાદ કરતી અરજી આપી અને જેના વિરૂદ્ધ કડકમાં કડક સજા થવી જોઈએ તેવી માંગ કરવામાં આવી છે.

વધુમાં જણાવાયું હતું કે, નૂપુર શર્માએ ભારત દેશ અને તેની એકતા અને ભાઈચારા માટે ખતરા સમાન બનેલ છે. વારંવાર ઈસ્લામ ધર્મ વિરૂદ્ધ ટિપ્પણી આવા અસામાજિક તત્ત્વો કરતા હોય છે જેથી દેશનું વાતાવરણ બગાડવાનું કાર્ય આવા અસામાજિક અને વિકૃત માનસિકતા ધરાવનાર વ્યક્તિઓ કરી રહ્યા છે જેના વિરૂદ્ધ ખૂબ કડક સજા કરવી જોઈએ જેથી આવા લોકો માટે આ સજા એક નમૂનારૂપ બને જેની નોંધ સમગ્ર ભારત દેશમાં લેવાય તેવું દષ્ટાંત ઊભું કરવું જોઈએ.

નબીપુર ગામમાં નબીપુર તેમજ બંબુસર ગામના મુસ્લિમ સમાજના લોકોએ ભેગા મળી વિરોધ કરી નબીપુર પોલીસ મથકે નૂપુર શર્માના વિરોધમાં મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજના લોકો એકત્ર થયા હતા અને પીએસઆઈ એ.કે.જાડેજાને ફરિયાદ કરતી અરજી આપી હતી.

ઉલ્લેખનીય છે કે, ભાજપના નેતાઓના બેફામ વાણી વિલાસથી વિશ્વ ફલક પર ભારતની બદનામી થઈ છે, ખાડી દેશોએ કરેલ નિંદાને પગલે બંને પ્રવક્તાઓને પાર્ટીમાંથી બરતરફ કરવામાં આવ્યા છે, જો કે આવા લોકો વિરૂદ્ધ કાયદાકીય કાર્યવાહી પણ કરવામાં આવે તેવી માંગ દેશ તેમ રાજ્યભરમાં ઊઠી છે.

# રાહુલ ગાંધીને ભાજપના ઈશારે કોંગ્રેસપક્ષનું મનોબળ તોડવા ED દ્વારા સમન્સ પાઠવવામાં આવ્યું છે



ભાવનગર, તા.૧૨

આજે ભાવનગરના સર્કિટ હાઉસ ખાતે કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા મનહર પટેલે મીડિયાને સંબોધન કરતા જણાવેલ કે રાહુલ ગાંધીને ભાજપના ઈશારે કોંગ્રેસ પાર્ટીનું મનોબળ તોડવાના ઈડી દ્વારા સમન્સ પાઠવવામાં આવેલ છે.

તાજેતરમાં રાહુલ ગાંધીને ઈડી દ્વારા હાજર થવા માટે નોટિસ આપવામાં આવી છે, જેને લઈને આજે કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા મનહર પટેલે ભાવનગરના સર્કિટ હાઉસ ખાતે પત્રકાર પરિષદ યોજી હતી, તેમણે જણાવ્યું હતું કે, ૧૩ તારીખે રાહુલ ગાંધી ઈડીની ઓફિસે હાજર થશે તેની સાથે સમગ્ર દેશમાં કોંગ્રેસના આગેવાનો દેશમાં તમામ ઈડીની ઓફિસે જશે અને જ્યાં સુધી રાહુલ ગાંધી પરત નહીં આવે ત્યાં સુધી સમગ્ર દેશમાં કાર્યકર્તાઓ ત્યાં જ રહેશે.

નેશનલ હેરાલ્ડ કેસમાં કોઈપણ જાતનો નાણાકીય વ્યવહાર થયેલ નથી અને કંપની ખોટમાં ચાલે છે તેમ છતાં ઈડી દ્વારા ખોટી રીતે હેરાનગતિ કરવામાં આવેલ છે. તેમણે ભાજપ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, અમિતશાહ તથા જયશાહની કંપનીની ૨૦૧૪માં આવક ૫૦ હજાર હતી જ્યારે હાલ ૮૦ કરોડની છે તો એમાં કેમ ઈડી તપાસ કેમ નથી કરી રહી, કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલની કંપનીને મૂળ કિંમત કરતા એક હજાર ગણો વધુ ભાવ આપી ખરીદવામાં આવી તેમાં કેમ ઈડી તપાસ નથી કરી રહી, થોડા સમય પહેલા જૈન બંધુઓને ત્યાં ઈડીની રેઈડ દરમ્યાન ૧૫૦ કરોડ જેટલી માતબર રકમ પકડાયેલ તે કેસમાં કેમ ઈડી દ્વારા કોઈ આગળ કાર્યવાહી થઈ નથી. તેમણે જણાવ્યું હતું કે, રાહુલ ગાંધીને આપવામાં આવેલ સમન્સના અનુસંધાને આવતીકાલ ૧૩/૬/૨૦૨૨ના રોજ ચોક્કસ ઈડી સમક્ષ હાજર રહેશે અને તે સાથે સમગ્ર ભારતમાં કોંગ્રેસના કાર્યકરો દરેક જગ્યાએ ઈડીની કચેરી ખાતે હાજર રહેશે અને જ્યાં સુધી રાહુલ ગાંધી કચેરી ખાતે હાજર રહેશે ત્યાં સુધી દરેક કાર્યકર્તા કચેરી બહાર હાજર રહેશે.

તેમજ ખોડલધામ પ્રણેતા નરેશભાઈ પટેલ વિશે પ્રશ્ન પૂછતા જણાવેલ કે નરેશ પટેલને કોંગ્રેસપક્ષમાં આવવું હોઈ તો કોંગ્રેસ તેમને લાલ જાજમ પાથરી આવકારશે પરંતુ કોંગ્રેસપક્ષ કોઈની રાહ જોઈને બેસી રહે તેવો પક્ષ નથી.

કાચા મકાનો-પાક સહિતની ચીજવસ્તુઓને પાણીથી બચાવવા

# પાવીજેતપુર પંથકમાં વરસાદનું આગમન થતાં પ્લાસ્ટિક-પતરા બજારમાં ખેડૂતોનો ધસારો

પાવીજેતપુર, તા.૧૨

પાવીજેતપુરમાં મેઘાની પધરામણી થઈ જતા ગામડામાં ખેડૂતો પોતાના કાચા મકાનો, અડારા તેમજ પાકને ઢાંકવા માટે પ્લાસ્ટિક, પતરાની ખરીદી માટે પાવીજેતપુર નગરમાં દોડતા દેખાતા હતા. પાવીજેતપુર નગર તેમજ આજુબાજુ ગામડાઓમાં શનિવારની રાત્રિએ મેઘાએ પધરામણી કરી દીધી છે. ત્યારે ચોમાસાની શરૂઆત થતાં જ ખેડૂતો પોતાના ખેતરોમાં કાપેલા પાકને ઢાંકવા, પોતાના કૂવાઓ ઉપર લગાડેલા એન્જિનો ઢાંકવા, તેમજ અડારા તથા કાચા મકાનોના છાપરાઓ ઉપર પ્લાસ્ટિક તેમજ પતરાઓ નાખવા માટે કિસાનો બજારોમાં ઉમટી પડી પ્લાસ્ટિક અને પતરાની ખરીદી કરતા નજરે પડતા હતા. ઈંટોના ભઠ્ઠા વાળાઓ એ પણ પોતાના ભઠ્ઠા ઢાંકવા માટે પ્લાસ્ટિક ની ખરીદી કરી હતી. વરસાદનું આગમન થઈ ચોમાસાની શરૂઆત થઈ જતા ખેડૂતો પોતાના છાપરાઓ, પાણીના એન્જિનો તેમજ પોતાના પાકને ઢાંકવા માટે પાવીજેતપુર નગરમાં પ્લાસ્ટિક, પતરા ની ખરીદી માટે દોડી આવ્યા હતા. પ્લાસ્ટિક, પતરાની ગ્રાહકી બજારમાં દેખાતા વેપારીઓમાં પણ ખુશીની લહેર જોવા મળી હતી.

# ભરૂચ જિલ્લાના ૨૦૦થી વધુ હજયાત્રીઓને પોલિયો સહિતની રસીઓ અપાઈ



ભરૂચ, તા.૧૨

આજરોજ ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે ૨૦૨૨ના હજયાત્રીઓ માટે પોલિયો સહિતની રસી આપવાનું આયોજન કરવામાં આવ્યું હતું. સરકાર દ્વારા એન્ટિ મેનીન જાઈટીસ નામની રસી આપવામાં આવી આ કાર્યક્રમ સવારે ૮ વાગ્યાથી લઈને બપોરે એક સુધી રાખવામાં આવ્યો હતો. હજ કમિટી દ્વારા પસંદગી પામેલ જિલ્લાના કુલ ૨૦૦ જેટલા હજયાત્રીઓએ સમયસર હાજર રહી વેક્સિન લીધી હતી. આ વેક્સિન લેવી ફરજિયાત હોય છે ડોક્ટર કિરણ સી. પટેલ મેડિકલ કોલેજ ભરૂચ તથા સી.ડી.એમ.ઓ. તથા ડોક્ટર જે.ડી. પરમારના માર્ગદર્શન હેઠળ તથા એમ.ઓ. ડોક્ટર અભિનય શર્માની હાજરીમાં અને ઓફિસ સ્ટાફે ખડે પગે ઊભા રહી સેવા આપી હતી.

હજ કમિટી ભરૂચના અલ્તાફભાઈ ભોલા, ઈસ્તિયાકભાઈ પઠાણ, ફજલભાઈ પાતરાવાલા, ઈકબાલભાઈ પાતરાવાલા, ઈલ્યાસ શેખ, યુસુફ ફોદા તેમજ જૈનુદ્દીનભાઈ કોન્ટ્રાક્ટર હાજર રહ્યા હતા તથા રોટરી કોમ્યુનિટી કોટરસ ભરૂચ તથા ધી યુનાઈટેડ મુસ્લિમ એસોસિએશનના સભ્યોએ સેવા આપી હતી.

હજ કમિટી ઓફ ઈન્ડિયા દ્વારા હજ માટેની ગાઈડલાઈનમાં હજ યાત્રાએ જનાર હાજીઓને મેનિનજાયસીટ, ઓરલ પોલિયો અને સીઝનલ ઈન્ફલુએન્ઝા વેક્સિન કોમોબીડ કે જે હૃદયની બીમારી, ડાયાબિટીસ, કિડની અને કેન્સરની બીમારી ધરાવતા હજ યાત્રીઓને મેડિકલ ચેકઅપ સહિત રસી મૂકવામાં આવી હતી.

માણેકપુર, ખત્રીવાડા ગામની સીમમાં પોણા ઈંચ જેટલો વરસાદ

# ઉના શહેર-તાલુકામાં ધીમીધારે વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી

ઉના, તા.૧૨

ગીરગઢડા પંથકમાં ગત શુક્રવારે મેઘરાજાએ પ્રથમ વરસાદની એન્ટ્રી કરી હતી અને ૨ ઈંચથી વધુ વરસાદ પડી ગયો હતો અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદ તો ક્યાંક અમીછાંટા પડ્યા હતા. ત્યારે આજે વહેલી સવારથી ઉના શહેર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ધીમીધારે વરસાદ પડવા લાગેલ હતો, જેમાં માણેકપુર, ખત્રીવાડા ગામમાં અડધોથી પોણો ઈંચ વરસાદ વરસી જતા શહેરી વિસ્તારોમાં રસ્તા પર પાણી ફળી વળ્યા હતા, જેથી લોકોને રસ્તા પરથી પસાર થવું ભારે મુશ્કેલી પડી હતી અને રસ્તા પર ભરાયેલા પાણીને નિકાલ કરવા લોકો જાતે મહેનતે કામગીરી કરતા નજરે પડ્યા હતા. તેમજ સનખડા ગામની સીમ વાડી વિસ્તારમાં છાંટા પડતાની સાથે જ વીજળી ડૂલ થઈ જતા લોકો ગરમીના બફારાથી ત્રાહિમામ પોકારી ઊઠ્યા હતા. જ્યારે ઉના શહેરમાં તેમજ અમુક ગામોમાં છાંટા પડ્યા અને આકાશમાં કાળાડિબાંગ વાદળો ઘેરાવા લાગતા લોકોમાં સારા વરસાદ થવાની આશા જાગી હતી.


પરિશિષ્ટ IV એ,
નિયમ 8(6)ના નિયમો જુઓ
(સ્થાવર મિલકતના વેચાણ માટે સૂચના)

સિક્યોરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) 2002ના નિયમ 8(6) અને નિયમ 9(1) મુજબ અને સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ 2002 હેઠળ સ્થાવર મિલકતના ઈ ઓક્શન વેચાણ માટે સૂચના.

સામાન્ય જનતાને અને ખાસ કરીને કર્જદારોને તેમજ ગૅરેન્ટરોને સૂચીત કરવામાં આવે છે કે, નિચે વર્ણવેલી સ્થાવર મિલકત્તની ગીરો/ સલામત લેણદારને **એસેટ કેર એન્ડ રીકંસ્ટ્રક્શન એન્ટરપ્રાઇઝ લિમિટેડ**ને ચાર્જ કરવામાં આવે છે, તે સલામત કર્જદારની મિલકતનો **વાસ્તવિક કબ્જો** સલામત લેણદારના અધિકૃત અધિકારી દ્વારા . [CIN: U67110MH2006PLC305312] **(સુરક્ષિત કર્જદાર ) "જ્યાં છે","જેમ છે", "ગમે ત્યાં છે" "એમાં જે કંઈ પણ હોય તે "અને "કોઈ પણ સહાય આધાર વગર" લીધેલ છે. મુકેશ અરજણભાઈ માનિયા (પ્રૉપરાઇટર, ગોલ્ડ મોર હોસ્પિટાલિટી) વંદનાબેન બી માનિયા ઉર્ફે માનિયા વંદનાબેન, સીમા મુકેશકુમાર માનિયા ઉર્ફે સીમા મુકેશભાઈ અને ભરતભાઈ અરજણભાઈ માનિયા ઉર્ફે માનિયા ભરત ઉર્ફે ભરત કુમાર માનિયા** પાસેથી વસૂલી માટે તારીખ 30.06.2022 બપોરે 02.00 થી 04.00 (ટેંડર દસ્તાવેજના સંદર્ભમાં 5 મિનિટના સ્વચાલિત એક્સટેંશન સાથે) ના રોજ વેચવામાં આવશે. જે તારીખ 08.06.2022 ના રોજ રૂ.1,05,39,391/- **(રૂપિયા એક કરોડ પાચ લાખ ઓગણચાલીસ હજાર ત્રણસો એકાણું માત્ર)** એટલે કે લોન અકાઉન્ટ નં. G008OXXIII (પહેલા લોન અકાઉન્ટ નં. HLAPSUR00343105) સામે તારીખ 09.06.2022 થી લાગુ થયેલું વ્યાજ અને લીગલ ખર્ચા સાથે અન્ય ખર્ચા તેમજ ભાવી વ્યાજ લોન એગ્રીમેંટ અને બીજા દસ્તાવેજોમાં બતાવેલ સહિતના વાર્ષક વ્યાજ દરે સુરક્ષિત લેણદારના બાકી લેણાના વસૂલ કરવાના હેતુથી કરાશે.

જુના લોન અકાઉન્ટ સાથે સુરક્ષિત મિલકત્ત સમાવિશ્ટ છે જેમાં સ્થાવર મિલકત્તનો સમાવેશ થાય છે તે અસાઈનમેંટ એગ્રીમેંટ તા. 31.12.2021 ના રોજ **ઈન્ડિયાબુલ્સ એઆરસી-XXIII ના ટ્રસ્ટીના** રૂપમાં તેમની ક્ષમતા અનુસાર સુરક્ષિત લેણદારની તરફેણમાં તેને સોંપવામાં આવ્યું છે.

જણાવેલ મિલકતમાં આવેલા ફ્લેટ્સ ની હરાજી માટે પ્રત્યેક મિલકતની આરક્ષિત રકમ નીચે દર્શાવ્યા મુજબ છે.

| ક્ર.નં | મિલકતનું વર્ણન | આરક્ષિત રકમ | શબ્દોમાં રકમ |
|---|---|---|---|
| 1 | દુકાન/ઓફિસ નં 21 | રૂ. 39,00,000/- | રૂપિયા ઓગણચાલીસ લાખ માત્ર |
| 2 | દુકાન/ઓફિસ નં 204 | રૂ. 13,50,000/- | રૂપિયા તેર લાખ પચાસ હજાર માત્ર |

અને મિલકતની હરાજી માટે અર્નેસ્ટ મની ડિપોઝિટ એટલે અનામત મૂલ્ય 10 % પ્રત્યેક મિલકતના નીચે દર્શાવ્યા મુજબ છે.

| ક્ર.નં | મિલકતનું વર્ણન | ઈએમડી રકમ | શબ્દોમાં રકમ |
|---|---|---|---|
| 1 | દુકાન/ઓફિસ નં 21 | રૂ. 3,90,000/- | રૂપિયા ત્રણ લાખ નેવું હજાર માત્ર |
| 2 | દુકાન/ઓફિસ નં 204 | રૂ. 1,35,000/- | રૂપિયા એક લાખ પાંત્રીસ હજાર માત્ર |

ઈએમડી DD/RTGS/NEFT અથવા બીજી અન્ય કોઈ વ્યવસ્થિત બેંકીંગ ચેનલ મારફત "**ઈન્ડિયાબુલ્સ એઆરસી-XXIII** -ના નામે અકાઉન્ટ નં. 000405132723 **આઈસીઆઈસીઆઈ બેન્ક લીમીટેડ** સાથે, (આઈએફએસસી કોડ ICIC0000004) **જેની શાખા ૨૧૫, ફ્રી પ્રેસ હાઉસ, ફ્રી જર્નલ માર્ગ, નરીમન પોઈં, મુંબઈ(મહારાષ્ટ્ર)** - 400021, ટેન્ડર ઑનલાઈન રજુ કર્યા પહેલા જમા કરી દેવાના રહેશે. સફળ બિડરે વેચાણ કિંમતની રકમના 25% જમા કરવાની રહેશે.(ટેંડર દસ્તાવેજ સાથે ચુકવેલી 10% ઈએમડી રકમ બાદ કરીને) બિડ સ્વીકારતા સમયે એટલે તે દિવસે અથવા આગામી કામના દિવસે ચુકવવાની રહેશે. વેચાણ કિંમતની બાકીની રકમ સ્થાવર મિલકત્તના વેચાણની પુષ્ટિ થયાના 15 દિવસની અંદર જમા કરી દેવાની રહેશે.

**સ્થાવર મિલકત્તનું વર્ણન**

**મિલકત્ત નં-1**

**સુરત જિલ્લા પર સ્થિત મિલકત્ત, ઉપ જિલ્લો સુરત કામરેજ તાલુકા, મોજે ગામ સરથાણા, રેવેન્યુ સર્વે નં. 147, બ્લૉક નં.144/બી., બિન ખેતી જમીનના કુલ માપ 13,171 સ્કે.મી.,તે બિન ખેતીની ઉત્તર તરફની સબ પ્લૉટ-૨ની ખુલ્લી જમીન જેના માપ 3178.26 સ્કે.મી., (અપાયેલ બ્લૉક નં.144/બી/2 કમ્પ્યુટરાઈઝડ 7/12 જેના માપ 3178 સ્કે.મી), જે ટીપી સ્કિમ નં.21 (સરથાણા-સિમાડા) અને અપાયેલ ફાયનલ પ્લૉટ નં.58/1 જેના માપ 3027 સ્કે.મી. બિન ખેતીની જમીન, "રાઈઝ ઓન પ્લાઝા " થી ઓળખાતા કમર્શિયલ બિલ્ડિંગ બીજા માળની દુકાન/ઓફિસ નં.204 (દુકાન/ઓફિસ નં.201ના મંજૂર પ્લાન દુકાન પ્રમાણે, મિલકત્ત પૈકી દુકાન/ઓફિસ નં.201/2) રજીસ્ટર્ડ મિલકત્ત જેના બિલ્ટ અપ એરિયા 333.33 સ્કે.ફીટ, બિલ્ટ અપ એરિયા 240 સ્કે.ફીટ જે 22.30 સ્કે.મી. ના બરાબર અને કારપેટ એરિયા જેના માપ 200.00 સ્કે.ફીટ જે 18.59 સ્કે.મી. બરાબર મિલકત્તના અવિભાજ્ય પ્રમાણસર ભાગ સાથેની મિલકત જે નીચે પ્રમાણે સિમીત છે.**

**પૂર્વ : બ્લૉક નં.145ની જમીન** **પશ્ચિમ : સબ પ્લૉટ નં.1 ની જમીન**
**ઉત્તર :60 મી.રોડ** **દક્ષિણ : સબ પ્લૉટ નં.3 ની જમીન**

**મિલકત્ત નં-2**

**ફ્સુરત જિલ્લા પર સ્થિત મિલકત્ત, ઉપ જિલ્લો સુરત કામરેજ તાલુકા, મોજે ગામ સરથાણા, રેવેન્યુ સર્વે નં. 147, બ્લૉક નં.144/બી., બિન ખેતીની જમીનના જેના કુલ માપ 13,171 સ્કે.મી. તે બિનખેતીની જમીનના ઉત્તર તરફના સબ પ્લૉટ નં.૨ની બિન ખેતીની ખુલ્લી જમીન જેના માપ 3178.26 સ્કે.મી. જેના બ્લૉક નં.144/બી/2 કમ્પ્યુટરાઈઝડ 7/12 જેના માપ 3178 સ્કે.મી), જે ટીપી સ્કિમ નં.21 (સરથાણા-સિમાડા) અને અપાયેલ ફાયનલ પ્લૉટ નં.58/1 જેના માપ 3027 સ્કે.મી. બિન ખેતીની જમીન, તે બિન ખેતીની જમીન ઉપર "રાઈઝ ઓન પ્લાઝા " થી ઓળખાતા કોમર્શિયલ બિલ્ડિંગમાં ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન/ઓફિસ નં.21 થી રજીસ્ટર્ડ મિલકત્ત જેના સુપર બિલ્ટ અપ એરિયા 646.67 સ્કે.ફીટ, બિલ્ટ અપ એરિયા 465.60 સ્કે.ફીટ જે 43.27 સ્કે.મી. ની બરાબર અને કારપેટ એરિયા જેના માપ 388 સ્કે.ફીટ જે લગભગ 36.06 સ્કે.મી.ની બરાબર મિલકત્તના અવિભાજ્ય પ્રમાણસર ભાગ જે રાઈઝ ઓન પ્લાઝા નીચે પ્રમાણે સિમીત છે.**

**પૂર્વ : બ્લૉક નં.145ની જમીન** **પશ્ચિમ : સબ પ્લૉટ નં.1 ની જમીન**
**ઉત્તર :60 મી.રોડ** **દક્ષિણ : સબ પ્લૉટ નં.3 ની જમીન**

કૃપા કરીને વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે સલામત લેણદાર ની વેબસાઈટ એટલે લિંક www.indiabullsarc.com અને www.auctionfocus.in નો સંદર્ભ લો.


સહી/-
**અધિકૃત અધિકારી**
**તારીખ : 09.06.2022** **ઈન્ડિયાબુલ્સ એસેટ રિકંસ્ટ્રક્શન કંપની લિમિટેડ**
**સ્થળ : સુરત** **ઈંડિયાબુલ્સ - એઆરસી-XXIII ના ટ્રસ્ટના ટ્રસ્ટી**


# ડીસાના તાલેગઢનો યુવક સી.આર.પી.એફ.માં ટ્રેનિંગ પૂર્ણ કરી માદરે વતન આવતા સ્વાગત કરાયું



ડીસા તાલુકાના તાલેગઢ ગામમાં રહેતાં મુકેશ ચૌધરી નામના યુવક સીઆરપીએફમાં ટ્રેનિંગ પૂર્ણ કરી શનિવારે પોતાના ગામમાં પરત આવતાં સમગ્ર ગામમાં ખુશીનો માહોલ છવાયો હતો. પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ અને ચૌધરી સમાજના આગેવાનો સહીત ગ્રામજનોએ શુભેચ્છાઓ પાઠવી હતી. જ્યારે દેશ સેવા અને ઉજ્જવળ ભવિષ્ય માટે યુવક ફોજમાં જોડાતાં ગામમાં હર્ષની લાગણી ફેલાઈ હતી. ઠેર-ઠેર સ્વાગત કરી આવકાર્યો હતો. **(તસવીર : જમીલ મેમણ, ડીસા)**

# લીખી ગામ નજીક પાણી પીવા માટે હવાડો બનાવાતા પશુઓને રાહત



સાબરકાંઠા ચેરિટેબલ ટ્રસ્ટ હિંમતનગર મોતીપુરા વિસ્તારમાં મંદબુદ્ધિ બાળકોની નિવાસી સંસ્થા તથા દીકરીઓ માટેની ડે-કેર સંસ્થા ચલાવે છે. જામળા તથા લીખી ગામની વચ્ચે મહાકાળી મંદિરની બાજુમાં પશુઓને પાણી પીવા માટેનો હવાડો ન હોવાથી સાબરકાંઠા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મંદિરની બાજુમાં પશુઓને પાણી પીવા માટેનો હવાડો બનાવવામાં આવ્યો હતો. જેમાં મહેન્દ્રસિંહજી રાઠોડ (ડેપ્યુટી સરપંચ જામળા ગામ), જેઠાભાઈ પટેલ (ચેરમેન માર્કેટ યાર્ડ), વિનોદ બેચરભાઈ પટેલ, રામદેવ પ્રજાપતિ (સરપંચ જામળા ગામ) વગેરેના હસ્તે પશુઓને પાણી પીવા માટેના હવાડાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના પ્રમુખ નાનુભાઈ પટેલ, ડૉ.મહેન્દ્રભાઈ સોની (ટ્રસ્ટી), ગોપાલસિંહ રાઠોડ (એન.જી.ગ્રુપ) તથા જામળા ગામના નાગરિકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. અંતે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે વહીવટી સંચાલક જીતુભાઈ પટેલે મહેનત કરી હતી.

દારૂલ ઉલુમ આ'લાહઝરત દ્વારા

# વડોદરામાં હજ ટ્રેનિંગ કેમ્પ યોજાયો

વડોદરા,તા.૧૨

વડોદરા શહેરના સરકાર સૈયદ અકમલહુસૈન ઉર્ફે હઝરત બાબામાન વલી રહેમતુલ્લાહના નામથી ખ્યાતી પામેલ પરા બાવામાનપુરામાં આજથી ૫૩ વર્ષ પહેલા ખાનકાહે એહલે સુન્નતના સ્થાપક સૈયદ અઝીમુદ્દીન મેહમુદ નુરૂલ્લાહ રહેમતુલ્લાહ અલયહના હસ્તે મદ્રસ-એ-આ'લાહઝરતની સ્થાપના થઈ હતી. ત્યાર બાદ મદ્રસાથી દારૂલ ઉલૂમ બનાવાયેલા દારૂલ ઉલૂમ આ'લાહઝરતમાં હજની યાત્રાએ જતા હાજીઓને હજના અરકાન અદા કરવામાં સરળતા રહે એ આશયથી હજના પ્રેક્ટિકલ કેમ્પનું છેલ્લા ૩૭ વર્ષથી આયોજન કરવામાં આવે છે. દારૂલ ઉલુમ આ'લાહઝરતના પ્રમુખ સૈયદ મોઈનુદ્દીન ટી. રિફાઈની રહેબરી હેઠળ તા.૧૧-૬-૨૦૨૨ શનિવારે સવારે ૯થી બપોરે ૨ વાગ્યા સુધી હજ યાત્રાએ જનારા હાજીઓ માટે હજના પ્રેક્ટિકલ કેમ્પનું સફળતાપૂર્વક આયોજન થયું હતું. મસ્જિદે અઝિમીના ખતીબો ઈમામ હાજી હાફિઝ શબ્બીર અહમદ રઝવીએ સરળ ભાષામાં હજના અરકાન અદા કરવા માટે સમજ આપતી તકરીર કરી અને પછી પ્રેક્ટિલ તાલીમ પણ આપી હતી. એવી જ રીતે સ્ત્રીઓ માટે અલગથી આલેમા અને મુબલ્લેગાએ તફશીલથી હજના અરકાન બતાવી કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. અંતે ન્યાઝની વ્યવસ્થા કરવામાં આવી હતી. સદર દારૂલ ઉલૂમમાં આલીમ કલાસ અને હાફીઝ કલાસની શરૂઆત થઈ ગઈ છે.

# હિંમતનગરમાં કોંગ્રેસની કારોબારી બેઠક યોજાઈ



હિંમતનગર તાલુકા/શહેર કોંગ્રેસ સમિતિની વિસ્તૃત કારોબારીની મિટિંગ સાબરકાંઠા લોકસભા પ્રભારી દિનેશભાઈ ગઢવી, જિલ્લા પ્રભારી વિજયભાઈ પટેલ અને જિલ્લા પ્રમુખ કમલેશભાઈ પટેલની આગેવાનીવમાં યોજવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં હોદ્દેદારો અને આગેવાનો હાજર રહ્યા હતા. આવનાર ૨૦૨૨ વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ દ્વારા ઘર ઘર પહોંચી કોંગ્રેસ પક્ષને જીતાડવા માટે મહેનત કરવામાં આવશે અને ૨૦૨૨ની ચૂંટણીમાં ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બનાવીને જંપીશું તેવું કાર્યકરો અને આગેવાનોએ આહ્વાન કર્યું હતું.

# ડીસામાં પ્રિ-મોન્સૂન પ્લાન અંતર્ગત નાળા-ગટરોની સફાઈ હાથ ધરાઈ



(તસવીર : જમીલ મેમણ, ડીસા)

ડીસા, તા.૧૨

ડીસા નગરપાલિકાના પ્રમુખ રાજુભાઈ ઠક્કર દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ચોમાસામાં ભરાતા વરસાદી પાણીના નિકાલ માટે ભૂગર્ભ ગટર સફાઈ પ્રિ-મોન્સૂન પ્લાન અંગે જાતે જ નિરીક્ષણ કરી જરૂરી સાધનસામગ્રી સહિત નગરપાલિકાના સેનિટેશન ચેરમેન પ્રકાશભાઈ તથા સભ્યોમાં રાજુભાઈ ઠાકોર (બજરંગ), અમિતભાઈ રાજગોર તથા નગરપાલિકાના સ્ટાફ અને સેનિટેશન વિભાગના સફાઈ કર્મચારીઓને સાથે રાખીને સફાઈ કર્મચારીઓ દ્વારાગટરોની સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી જેમાં ૧થી ૧૧ વોર્ડની ભૂગર્ભ ગટર સફાઈ કરવામાં આવી હતી. જેમાં ભોપાનગર વિસ્તારમાં, વણઝારા વાસ, ગવાડી વિસ્તાર સહિત પ્રિ-મોન્સુન પ્લાન હેઠળ હેવી જેસીબી મશીનો દ્વારા ગટરમાંથી પ્લાસ્ટિક, પથ્થર, કાદવ-કિચડ, ઈંટો સહિતનો અવરોધક કચરો કઢાઈ રહ્યો છે. આ રોડ પર ચોમાસામાં બે ઈંચ વરસાદમાં જ કેડસમાં પાણી ભરાઈ જતા હોય છે.સામાન્ય વરસાદમાં જ પૂર્વના કેટલાક વિસ્તારો જળબંબાકાર થઈ જતા હોય છે. સોસાયટીઓમાં વરસાદી પાણી ભરાઈ જવાની સમસ્યા વર્ષો જૂની છે. અને કેટલાક વિસ્તારમાં ઘરોમાં પાણી ઘૂસી જતા હોય છે ભારે વરસાદ પડે ત્યારે રોડ પરના પાણી આ વિસ્તારને તળાવમાં ફેરવી નાંખે છે.

## તેજસ્વી તારલા

**નડિયાદ**

નડિયાદ શહેરમાં બારકોસિયા વિસ્તારમાં આવેલ જીલાની પાર્ક સોસાયટીમાં રહેતા મોમીન સલીમ શમશુલઆરેફીને એસ.એસ.સી. પરિક્ષામા ૬૦૦ ગુણમાંથી ૫૪૭ ગુણ મેળવી ૯૧ ટકા માર્કર્સ તથા ૯૮.૭૩ પી.આર. મેળવી નડીયાદ મોમીન સમાજનું ગૌરવ વધારેલ છે. તેમણે ગણિત મા ૯૯તથા વિજ્ઞાનમાં ૯૫ માર્કર્સ મેળવેલ છે.



સંસ્કાર સૌરભ

## નબીની નસીહત

રસૂલુલ્લાહ (સ.અ.વ)એ ફરમાવ્યું છે, "સંપૂર્ણ ઈમાનવાળા તે લોકો છે, જેમનો વ્યવહાર સૌથી સારો હોય અને તમારામાં સૌથી સારા લોકો તે છે જે પોતાની પત્નીઓ સાથે સારો વ્યવહાર કરે છે."

## હદીસ બોધ

આપસના મતભેદોને વાર્તાલાપથી દૂર કરો.

- હદીસ બોધ

## આજની આરસી

૧૩ જૂન સોમવાર ૨૦૨૨
૧૨ ઝિલકદ હિજરી ૧૪૪૩
જેઠ સુદ ચૌદસ સંવત ૨૦૭૮
સુબ્હ સાદિક ૪-૨૭
ખત્મે ઝવાલ ૧૨-૩૯
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૫-૫૩
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૨૫

## બોધ વચન

વિચારવું એટલે આત્માનો પોતાની સાથેનો વાર્તાલાપ.

- પ્લેટો

ભરૂચના સુથારના ટેકરા ઉપરની કરૂણાંતિકા

# બાથરૂમમાં સ્નાન કરતી મહિલાનો હાથ લોખંડના પતરાને અડતા વીજકરંટથી મોત

### દાદીને બચાવવા જતાં પૌત્રને પણ કરંટ લાગ્યો

ભરૂચ, તા.૧૨

ભરૂચ શહેર જિલ્લામાં વહેલી સવારે મેહુલિયાની ધમાકેદાર એન્ટ્રી સાથે ભરૂચમાં વરસાદનું આગમન થયું હતું અને પ્રથમ વરસાદમાં જ વીજપુરવઠો પણ ખોરવાયો હતો ત્યારે ભરૂચમાં મકાનના પતરા ઉપર જીવંત વીજ વાયરના કારણે ઘરમાં બાથરૂમમાં સ્નાન કરતી મહિલાનો હાથ લોખંડના પતરા સાથે અડી જતા વીજ કરંટ લાગતા તેનું મોત થયું હતું. મહિલાને બચાવવા પડેલા પૌત્રને પણ વીજ કરંટ લાગતાં સારવાર અર્થે ખસેડાયો હતો.

ભરૂચ જિલ્લામાં વહેલી સવારે વરસાદ સાથે વીજ કરંટથી મહિલાનું મોત થવાની ઘટના બની હતી. જેમાં ભરૂચના સુથારના ટેકરા ઉપર મકાનમાં રહેતી અંદાજિત ૫૦ વર્ષીય ઈમલબેન દશસ્થભાઈ હેરોડે પોતાના મકાનમાં રહેલા બાથરૂમમાં સ્નાન કરી હતી તે દરમિયાન તેણે હાથ ઊંચો કરતાં લોખંડના પતરા સાથે તાર અડી લેતાં તેણીને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો અને ઘરમાં રહેલા પૌત્ર રાજારામ કાબલે પોતાની દાદીમાને બચાવવા જતાં તેને પણ વીજ કરંટનો જોરદાર ઝાટકો લાગ્યો હતો. જેના પગલે તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા પરંતુ તેની ૫૦ વર્ષીય દાદી ઈમલબેન હેરોડેનું મોત થયું હતું.

# યુપી : ઈચ્છિત દહેજ ન મળતા વરરાજા લગ્ન મંડપમાંથી ભાગી ગયો



(એજન્સી) તા.૧૨

ઉત્તરપ્રદેશના કાનપુર જિલ્લામાં એક વિચિત્ર ઘટનામાં એક વરરાજા લગ્નસ્થળેથી ભાગી ગયો હતો કારણ કે, તેને પોતાની ઈચ્છા મુજબ દહેજ મળ્યું ન હતું. પોલીસે જણાવ્યું હતું કે, ઉત્તરપ્રદેશના મંત્રી ધરમપાલસિંહની હાજરીમાં જિલ્લાના શરીફાપુર ગામમાં સમૂહ લગ્ન કાર્યક્રમમાં આ ઘટના બની હતી. શનિવારે મુખ્યમંત્રીના સમૂહલગ્ન કાર્યક્રમમાં લગ્ન કરનાર ૧૪૪ યુગલોમાં આ વરરાજાનો સમાવેશ થાય છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, વરરાજા પાણીનો ગ્લાસ લેવાના બહાને એક મિનિટ માટે 'મંડપ' છોડીને લગ્ન સ્થળ પરથી ગાયબ થઈ ગયો હતો. જ્યારે તે પરત ન ફર્યો ત્યારે તેની વ્યાપક શોધખોળ કરવામાં આવી હતી પરંતુ તેનો કોઈ પત્તો લાગ્યો ન હતો.

યુવતીની માતાએ બાદમાં અધિકારીઓને જણાવ્યું હતું કે, આ વરરાજાએ દહેજમાં મોટરસાઈકલની માગણી કરી હતી. એક અધિકારીએ જણાવ્યું હતું કે, જયારે કન્યાએ પોતાના માતા-પિતાની આર્થિક સંકડામણને કારણે આ માગણી પૂરી કરવાની અસમર્થતા દર્શાવી, ત્યારે વરરાજાએ બહાર નીકળવાની યોજના બનાવી હતી અને તે ભાગી ગયો હતો.

અસ્વીકરણ: આ પોસ્ટ તેના ટેક્સ્ટમાં કોઈપણ ફેરફાર કર્યા વિના એજન્સી ફીડમાંથી સ્વતઃ પ્રકાશિત કરવામાં આવી છે અને સંપાદક દ્વારા તેની સમીક્ષા કરવામાં આવી નથી.

નડ્ડા અને રાજનાથને મળી મોટી જવાબદારી

# રાષ્ટ્રપતિ ચૂંટણી માટે વિપક્ષી દળો સાથે વાત કરશે ભાજપ

### નવા રાષ્ટ્રપતિ માટે ૧૮ જુલાઈએ મતદાન અને ૨૧ જૂલાઈએ મતગણના : આ ચૂંટણીમાં ૪૮૦૯ મતદાતા

(એજન્સી)

નવી દિલ્હી, તા.૧૨

જુલાઈ મહિનામાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની છે. સત્તામાં રહેલી ભારતીય જનતા પાર્ટી અને વિપક્ષી પાર્ટીઓએ તે માટે રણનીતિ બનાવવાનું શરૂ કરી દીધુ છે. ભાજપે રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા અને રક્ષામંત્રી રાજનાથ સિંહને એનડીએ અને યૂપીએ સહિત તમામ દળો સાથે ચર્ચા કરવા માટે અધિકૃત્ત કર્યા છે. ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ અરૂણ સિંહ તરફથી જારી અખબારી યાદીમાં કહેવામાં આવ્યું છે કે ભારતીય જનતા પાર્ટી આગામી રાષ્ટ્રપતિ ચૂંટણીને ધ્યાનમાં રાખતા જેપી નડ્ડા અને રક્ષામંત્રી રાજનાથ સિંહને વિચાર-વિમર્શ માટે અધિકૃત કર્યા છે. તે રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધન અને સંયુક્ત પ્રગતિશીલ ગઠબંધનના તમામ ઘટક દળોની સાથે તથા અન્ય રાજકીય પાર્ટીઓ અને અપક્ષની સાથે વિચાર વિમર્શ કરશે. ભાજપના બંને નેતાઓ તત્કાલ આ પ્રક્રિયા શરૂ કરશે. ભારતના વર્તમાન રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદનો કાર્યકાળ ૨૪ જુલાઈએ સમાપ્ત થઈ રહ્યો છે. ચૂંટણી પંચે જાહેર કરેલા કાર્યક્રમ પ્રમાણે જો એકથી વધુ વ્યક્તિ રાષ્ટ્રપતિ પદ માટે ઉમેદવારી નોંધાવશે તો નવા રાષ્ટ્રપતિ માટે ૧૮ જુલાઈએ મતદાન થશે અને ૨૧ જુલાઈએ મતગણના થશે. આ ચૂંટણીમાં ૪૮૦૯ મતદાતા હશે, જેમાં ૭૭૬ સાંસદ અને ૪૦૩૩ ધારાસભ્ય હશે. તેમાં રાજયસભાના ૨૨૩ અને લોકસભાના ૫૪૩ સભ્યો સામેલ છે. ભાજપે રાષ્ટ્રપતિ ચૂંટણીને લઈને ઘેરાબંધી શરૂ કરી દીધી છે. રાષ્ટ્રપતિ ચૂંટણીમાં મતદાન કરનાર રાજનીતિક ગઠબંધનોમાં કોંગ્રેસના નેતૃત્વવાળુ યૂપીએ પાસે હાલ ૨૩ ટકા જેટલા મત છે, તો એનડીએ ગઠબંધન પાસે ૪૯ ટકા મત છે. સૂત્રો પ્રમાણે ૧૫ જૂન બાદ ભાજપ સંસદીય બોર્ડની બેઠકમાં રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ બંને ઉમેદવારોના નામ પર ચર્ચા થશે. આ પહેલાં પાર્ટીએ રણનીતિ બનાવવાનું શરૂ કરી દીધુ છે.

પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ) સાહેબની શાનમાં ગુસ્તાખી કરનાર

# નૂપુર શર્મા અને નવીન જિંદાલ સામે નબીપુર પોલીસ મથકમાં ફરિયાદ કરાઈ

### બંને સામે કડક કાર્યવાહીની માંગ



પાલેજ, તા.૧૨

નબીપુર તેમજ બંબુસર ગામના મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજના લોકોએ એકત્ર થઈ નબીપુર ગામમાં વિરોધ પ્રદર્શન કરી નબીપુર પોલીસમથકે ફરિયાદ કરતી અરજી આપી કાર્યવાહીની માંગ કરી હતી. નબીપુર તેમજ બંબુસર ગામના મુસ્લિમ સમાજ દ્વારા ભાજપની રાષ્ટ્રીય પ્રવક્તા નૂપુર શર્મા જે માનવતા અને ભાઈચારાની દુશ્મન છે કે, જેણે ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ અને સમગ્ર દુનિયા માટે શાંતિ અને ભાઈચારાના મસીહા માટે અપમાનજનક અભદ્ર ટિપ્પણી કરતા મુસ્લિમ સમાજમાં રોષની લાગણી ફેલાઈ જવા પામી છે.

આજરોજ નબીપુર ગામમાં વિરોધ પ્રદર્શન કરી નબીપુર પોલીસ મથકે મુસ્લિમ સમાજના દ્વારા ભાજપના પ્રવક્તા વિરૂદ્ધ ફરિયાદ કરતી અરજી આપી અને જેના વિરૂદ્ધ કડકમાં કડક સજા થવી જોઈએ તેવી માંગ કરવામાં આવી છે.

વધુમાં જણાવાયું હતું કે, નૂપુર શર્માએ ભારત દેશ અને તેની એકતા અને ભાઈચારા માટે ખતરા સમાન બનેલ છે. વારંવાર ઈસ્લામ ધર્મ વિરૂદ્ધ ટિપ્પણી આવા અસામાજિક તત્ત્વો કરતા હોય છે જેથી દેશનું વાતાવરણ બગાડવાનું કાર્ય આવા અસામાજિક અને વિકૃત માનસિકતા ધરાવનાર વ્યક્તિઓ કરી રહ્યા છે જેના વિરૂદ્ધ ખૂબ કડક સજા કરવી જોઈએ જેથી આવા લોકો માટે આ સજા એક નમૂનારૂપ બને જેની નોંધ સમગ્ર ભારત દેશમાં લેવાય તેવું દૃષ્ટાંત ઊભું કરવું જોઈએ.

નબીપુર ગામમાં નબીપુર તેમજ બંબુસર ગામના મુસ્લિમ સમાજના લોકોએ ભેગા મળી વિરોધ કરી નબીપુર પોલીસ મથકે નૂપુર શર્માના વિરોધમાં મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજના લોકો એકત્ર થયા હતા અને પીએસઆઈ એ.કે.જાડેજાને ફરિયાદ કરતી અરજી આપી હતી. ઉલ્લેખનીય છે કે, ભાજપના નેતાઓના બેફામ વાણી વિલાસથી વિશ્વ ફલક પર ભારતની બદનામી થઈ છે, ખાડી દેશોએ કરેલ નિંદાને પગલે બંને પ્રવક્તાઓને પાર્ટીમાંથી બરતરફ કરવામાં આવ્યા છે, જો કે આવા લોકો વિરૂદ્ધ કાયદાકીય કાર્યવાહી પણ કરવામાં આવે તેવી માંગ દેશ તેમ રાજયભરમાં ઊઠી છે.

સરકાર સમક્ષ રજૂઆત કરાઈ

# ટેક્સટાઈલ ઉદ્યોગના અપગ્રેડેશન માટે નવી પ્રોત્સાહન યોજના જાહેર કરવાની માંગ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૨

ટેક્સટાઈલ ઉદ્યોગના અપગ્રેડેશન માટેની એ-ટફ યોજના માર્ચ ૨૦૨૨માં પૂરી થઈ ગઈ છે. નવી પ્રોત્સાહન યોજના જાહેર કરવામાં આવે એવી રજૂઆત સરકાર સમક્ષ મૂકવામાં આવી છે. ટેક્સટાઈલ ઉદ્યોગમાં અત્યાર સુધી થયેલું રોકાણ પ્રોત્સાહન યોજનાને આભારી છે. ભારતીય કાપડ ઉદ્યોગના આધુનિકરણની કવાયત મુખ્યત્વે પ્રોત્સાહનો પર આધારિત છે, નીતિ આયોગના અહેવાલ મુજબ, છેલ્લાં ૨૦ વર્ષોમાં ટેક્સટાઈલ સેક્ટરમાં કરાયેલાં કુલ રોકાણોમાંથી, લગભગ ૮૫ ટકા રોકાણ ૧૯૯૯થી અમલીકરણ હેઠળની વિવિધ ટફ યોજનાઓને આભારી છે, એમ ફિઆસ્વીએ જણાવ્યું છે. ભારતનું સમગ્ર કાપડ ક્ષેત્ર તેમની સપ્લાય ચેઈનને વૈવિધ્યીકરણ કરવા વૈશ્વિક સ્તરે અપનાવવામાં આવેલી ચાઈના પ્લસ વન નીતિને કારણે અભૂતપૂર્વ વૃદ્ધિની ટોચ પર છે. સમય સાથે ભારતમાં મેન મેઈડ ફાઈબર ટેક્સટાઈલ સેક્ટર તરફ ગ્રાહકની પસંદગીમાં ધીમે ધીમે પરિવર્તન આવ્યું છે. હાલમાં, ભારત વૈશ્વિક કાપડ વેપારમાં વૈશ્વિક સ્તરે ચીન બાદ બીજા ક્રમે છે. પરંતુ ૧ અને ૨ વચ્ચેનો તફાવત ઘણો વિશાળ છે. ભારતના પડોશી નાનાં દેશોએ પણ ભારત કરતાં નિકાસના આંકડા વટાવ્યા છે. ભારતના ટેક્સટાઈલ મંત્રીએ ગયા વર્ષે ઉદ્યોગ સાથેની વિવિધ ક્રિયા-પ્રતિક્રિયાઓ દરમિયાન આગામી ૩ વર્ષમાં, ૨૦૨૫ સુધીમાં ૧૦૦ બિલિયન ડોલરની નિકાસનો લક્ષ્યાંક અને કાપડ માટે સ્થાનિક બજાર કદ ૨૫૦ બિલિયન ડોલરનું આપ્યું છે. જેથી નિર્ધારીત વિશાળ લક્ષ્યાંક પાંચ વર્ષમાં રોકાણોની ગતિ વધારાય તો જ પાર કરી શકાશે. ઉદ્યોગને આ ક્ષેત્રમાં રોકાણને પ્રોત્સાહન આપવા માટે વહેલી તકે પ્રોત્સાહક યોજનાઓની જાહેરાત કરવાની તીવ્ર જરુર છે.

પ્રદૂષણ ઓછુ કરવા સરકાર તરફથી ઈ-વ્હીકલને વેગ આપવાના પ્રયાસો ફળ્યા !

# અમદાવાદ સહિત રાજ્યમાં ઈલેક્ટ્રિક વાહનના રજિસ્ટ્રેશનમાં થયો વધારો

### અમદાવાદમાં ૨૦૧૮માં ૨૩ ઈ-વ્હીકલથી વધીને ચાલુ વર્ષે ૪ માસમાં જ ૧૪૬૮ નોંધાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૨

પેટ્રોલ-ડીઝલના ભાવ સતત વધી રહ્યા છે સાથે જ હવામાં પ્રદૂષણનું પ્રમાણ પણ વધી રહ્યું છે અમદાવાદ શહેરની જીજે વન સિરીઝમાં ૪૪ લાખ આસપાસ વાહનો અત્યાર સુધીના રજિસ્ટર થયેલા છે. જો કે રોજ વાહનમાંથી નીકળતો ધુમાડો પ્રદૂષણ વધારી રહ્યો છે ત્યારે સરકાર દ્વારા પણ પ્રદૂષણ મુક્ત માટે અનેક પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. વાતાવરણ શુદ્ધ રહે તે માટે હવે ઈ-વ્હિકલને વેગ આપી રહ્યા છે સરકાર દ્વારા ઈ-વ્હિકલ માટે પોલીસી પણ જાહેર કરવામાં આવી હતી. જેને એક વર્ષ થઈ ગયું છે. જોકે હવે લોકો પણ જાગૃત થઈ રહ્યા છે અને ઈલેક્ટ્રીક વાહનો તરફ વળી રહ્યા છે જેના કારણે અમદાવાદ આરટીઓમાં વ્હિકલ રજીસ્ટ્રેશન વધી રહ્યું છે.

અમદાવાદ આરટીઓ આર.એસ દેસાઈએ જણાવ્યું હતું કે કોરોના બાદ વાહન રજીસ્ટ્રેશનમાં ૪૦ ટકાનો વધારો થયો છે સાથે જ ઈલેક્ટ્રીક વાહનોની સંખ્યા પણ વધી રહી છે. અમદાવાદ આરટીઓમાં ૨૦૨૦-૨૧ માં ૭૮ હજાર વાહનો રજીસ્ટર થયા હતા. ૨૦૨૧-૨૨માં ૧.૨૩ લાખ રજીસ્ટર થયા હતા. ૨૦૨૨ માં એપ્રિલમાં ૧૩ હજાર રજીસ્ટર થયા છે. તો દિવસે ને દિવસે વ્હિકલ રજીસ્ટ્રેશનની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ઈલેક્ટ્રિક વ્હિકલની ખરીદીમાં પણ વધારો નોંધાયો છે. જેના કારણે RTO માં પણ આ પ્રકારના વાહનોના રજીસ્ટ્રેશનમાં વધારો નોંધાયો છે. ઈલેક્ટ્રિક વ્હીકલમાં લોકોનો રસ વધ્યો છે. અમદાવાદ આરટીઓમાં ૨૦૧૮માં ૨૩ ઈ-વ્હિકલ રજીસ્ટર થયા હતા. ૨૦૧૯માં ૧૩૯ વ્હિકલ રજીસ્ટર થયા હતા. ૨૦૨૦માં ૪૪૪ વ્હિકલ રજીસ્ટર થયા હતા. ૨૦૨૧માં ૧૪૮૯ ઈ-વ્હિકલ રજીસ્ટર થયા હતા. જયારે ચાલુ વર્ષે ૨૦૨૨ એપ્રિલ સુધી ૪ મહિનામાં જ ૧૪૬૮ ઈ-વ્હિકલ નોંધાયા છે.

રાજયમાં નોંધાયેલ આંકડા જોઈએ તો મેં ૨૦૨૧માં ૨૧૨ ઈ વ્હિકલની નોંધણી થઈ હતી. તો એપ્રિલ ૨૦૨૨ માં ૬૯૭૦ ઈ વ્હિકલની નોંધણી થઈ છે. જે ૨૦૨૧ ની સરખામણીએ ૩૩ ટકા વધુ સંખ્યા છે. ઈલેક્ટ્રિક વ્હિકલને વેગ આપવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ઈ વ્હિકલ સાથે ચાર્જિંગ સ્ટેશન પણ વધારાઈ રહ્યા છે. જો કે રાજયમાં અંદાજે ૨૫૦ ચાર્જિંગ સ્ટેશન છે તો બીજા સ્ટેશનની પ્રક્રિયા ચાલુ છે.

જંબુસરના નાડા ગામે

# પરિણીતાની એકલતાનો લાભ લઈ ઘરમાં ઘૂસી સરપંચ દ્વારા આબરૂ લેવાનો પ્રયાસ

### પરિણીતાએ બૂમાબૂમ કરતા દોડી આવેલ સરપંચના બે ભાઈઓએ તેણીને ગાળો બોલી માર મારી દોડી આવેલ પરિણીતાના પતિ તથા મિત્રને માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી

જંબુસર, તા.૧૨

જંબુસર તાલુકાના નાડા ગામે રહેતી પરિણીતાના ઘરમાં તેણીની એકલતાનો લાભ લઈ ગામના સરપંચે પ્રવેશ કરી ઈજ્જત લૂંટવાના ઈરાદે પરિણીતાનો હાથ પકડી તેણીની શારીરિક છેડછાડ કરતા આ સમયે પરિણીતાએ બૂમાબૂમ કરતા દોડી આવેલ સરપંચના બે ભાઈઓએ પરિણીતાને માર માર્યો હોવાના તથા આ દરમિયાન ત્યાં દોડી આવેલ તેણીના પતિને પણ સરપંચ તથા તેના ભાઈઓએ ઢીકાપાટુનો માર માર્યો હોવાની ફરિયાદ જંબુસર પોલીસ મથકે નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે.

જંબુસર પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર તાલુકાના નાડા ગામે સુંદર નગરીમાં રહેતી કુસુમ મહેશભાઈ ગોહિલ નામની પરિણીતા સાંજના સાત વાગ્યાના અરસામાં તેણીના ઘરમાં એકલી હતી. ત્યારે તેણીની એકલતાનો લાભ લઈ ગામના સરપંચ જીતસંગ ગોરધન દેસાઈએ ઘરમાં પ્રવેશી પરિણીતાની ઈજ્જત લૂંટવાના ઈરાદે પરિણીતાનો હાથ પકડી શારીરિક અડપલા કરતા પરિણીતાએ બૂમાબૂમ કરી હતી, જેથી સરપંચના બંને ભાઈઓ સરજુગ ગોરધન દેસાઈ તથા વિજય ગોરધન દેસાઈ ઘરમાં આવ્યા હતા અને પરિણીતાને બિભસ્ત ગાળો બોલી માર મારી હતી. આ દરમિયાન પરિણીતાનો પતિ મહેશ ગોહિલ તથા તેનો મિત્ર આવી પહોંચતા સરપંચ તથા તેના ભાઈઓએ પરિણીતાના પતિને ઢીકાપાટુનો માર મારી પરિણીતા તથા તેણીના પતિને જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા.

ઉપરોક્ત બનાવ સંદર્ભે કુસુમ ગોહિલે સરપંચ તથા તેના ભાઈઓ વિરૂદ્ધ ફરિયાદ આપતા પોલીસે ઈપીકો કલમ ૩૫૪, ૩૫૪(એ), ૪૫૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ મુજબનો ગુનો નોંધી આગળ તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર આઈ.એસ. પરમાર ચલાવી રહ્યા છે અને સરપંચ તથા તેના ભાઈઓને દબોચી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.

દારૂડિયો રોજ પત્ની-પુત્રીને ભૂખ્યા-તરસ્યા રાખી મારઝૂડ કરતો હતો

# અમદાવાદની પિતાથી પીડિત દીકરીની મદદે આવ્યો અભિનેતા વરૂણ ધવન

### દીકરીએ ટ્વિટ કરી મદદ માંગતા, અભિનેતાએ પોતાની ટીમ મોકલી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૨

તાજેતરમાં જ એક્ટર સોનુ સૂદે ચાર હાથ અને ચાર પગ ધરાવતા બાળકીનુ ઓપરેશન કરાવવામા મદદ કરી હતી. ત્યારે હવે બોલિવુડનો બીજો એક્ટર મદદ માટે આગળ આવ્યો છે. એક્ટર વરુણ ધવનની દરિયાદિલી સામે આવી છે. તે એક પીડિત દીકરીની મદદે આવ્યો છે. એક દારૂડિયો તેની પત્ની અને દીકરીને ભૂખ્યા-તરસ્યા રાખીને માર મારતો હતો, ત્યારે આ દીકરીએ ટ્વીટર પર મદદ માંગી હતી. વરૂણ ધવનની ટીમે પીડિત પરિવારની મદદે પોતાની ટીમ પણ પહોંચાડી હતી. બન્યુ એમ હતું કે, અમદાવાદના હાથીજણ પાસે વિવેકાનંદનગર આવેલુ છે. આ નગરમાં રહેતો એક પરિવાર હાલ ચર્ચામાં આવ્યો છે. અહી એક દારૂડિયો દારૂના નશામાં પોતાની પત્ની અને દીકરીને માર મારતો હતો. આ પરિવારની હાલત દારૂને કારણે ખરાબ બની હતી. તેથી પીડિત દીકરીએ ટ્વીટર પર મદદ માટે ગુહાર લગાવી હતી. દીકરીએ ૨૨ મેના રોજ એક ટ્વીટ કરી હતી. જમા તેણે લખ્યુ હતુ કે, 'મારા પિતા મારી અને મારી માતાને અનેક વખત માર મારે છે. તેઓ આવું રોજ કરે છે, અમને જમવા પણ દેતા નથી અને ગંદી ભાષામાં વાત કરે છે. એક વખત મારી માતાએ દારૂની બોટલ નાખી દેવાનો પ્રયાસ કર્યો તો તેને ચાર-પાંચ લાફા ઝીંકી દીધા હતા. મને અને મારી માતાને મારા પિતા બાંધીને રાખતા હતા.' એક્ટર વરુણ ધવનના નજરે આ ટ્વીટ આવી હતી. જેથી તેણે આ પીડિત દીકરીની ટ્વીટને રાત્રે બે વાગ્યે રિપ્લાય કરીને અમદાવાદ પોલીસને મદદ માટે ટેગ કર્યા હતા. એટલુ જ નહિ, દીકરીની મદદ માટે વરુણ ધવને પોતાની ટીમને પણ મોકલી હતી. વરુણ ધવને આ મામલે ખૂદ પોલીસ કર્મચારીઓ સાથે વાત કરી હતી. સાથે જ કહ્યુ કે, આ સમસ્યાનો ઉકેલ ન આવે ત્યા સુધી તે મદદ કરશે. વરુણની ટીમે દીકરીની મદદ કરીને તેને ખાવાનુ પણ મોકલ્યુ હતું. ભલે સમસ્યા સોલ્વ થઈ ગઈ હોય, પરંતુ વરૂણ ધવનની ટીમ રોજ એકવાર ફોન કરીને દીકરી અને તેના પરિવારના હાલચાલ પૂછી લે છે. ટીમે કહ્યુ કે, આ કિસ્સામા અમે બને તેટલી મદદ કરીશું. અમદાવાદ પોલીસ પણ પીડિત દીકરીની મદદે પહોંચી હતી. અમદાવાદ પોલીસે તેના પરિવારને બનતી મદદ કરી હતી. દારૂડિયા પિતા સામે કાર્યવાહી કરવામા આવી હતી. તેમને જેલની પાછળ ધકેલ્યા હતા. આ રીતે પરિવાર દારૂડિયા શખ્સના ત્રાસમાંથી છૂટ્યો હતો. આમ, બોલિવુડ એક્ટરે ગુજરાતની દીકરીની મોટી મદદ કરી હતી.


**પરિશિષ્ટ IV એ,**
**નિયમ 8(6)ના નિયમો જુઓ**
**(સ્થાવર મિલકતના વેચાણ માટે સૂચના)**

સિક્યોરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) 2002ના નિયમ 8(6) અને નિયમ 9(1) મુજબ અને સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ 2002 હેઠળ સ્થાવર મિલકતના ઈ ઓક્શન વેચાણ માટે સૂચના.

સામાન્ય જનતાને અને ખાસ કરીને કર્જદારોને તેમજ ગૅરેન્ટરોને સૂચીત કરવામાં આવે છે કે, નિચે વર્ણવેલી સ્થાવર મિલકત્તની ગીરો/ સલામત લેણદારને **એસેટ કેર એન્ડ રીકંસ્ટ્રક્શન એન્ટરપ્રાઇઝ લિમિટેડ**ને ચાર્જ કરવામાં આવે છે, તે સલામત કર્જદારની મિલકતનો **વાસ્તવિક કબ્જો** સલામત લેણદારના અધિકૃત અધિકારી દ્વારા . [CIN: U67110MH2006PLC305312] **(સુરક્ષિત કર્જદાર ) "જ્યાં છે","જેમ છે", "ગમે ત્યાં છે" "એમાં જે કંઈ પણ હોય તે "અને "કોઈ પણ સહાય આધાર વગર" લીધેલ છે. મુકેશ અરજણભાઈ માનિયા (પ્રૉપરાઇટર, ગોલ્ડ મોર હોસ્પિટાલિટી) વંદનાબેન બી માનિયા ઉર્ફે માનિયા વંદનાબેન, સીમા મુકેશકુમાર માનિયા ઉર્ફે સીમા મુકેશભાઈ અને ભરતભાઈ અરજણભાઈ માનિયા ઉર્ફે માનિયા ભરત ઉર્ફે ભરત કુમાર માનિયા** પાસેથી વસૂલી માટે તારીખ 30.06.2022 બપોરે 02.00 થી 04.00 (ટેંડર દસ્તાવેજના સંદર્ભમાં 5 મિનિટન સ્વચાલિત એક્સટેંશન સાથે) ના રોજ વેચવામાં આવશે. જે તારીખ 08.06.2022 ના રોજ રૂ.1,05,39,391/- **(રૂપિયા એક કરોડ પાચ લાખ ઓગણચાલીસ હજાર ત્રણસો એકાણું માત્ર)** એટલે કે લોન અકાઉન્ટ નં. G008OXXIII (પહેલા લોન અકાઉન્ટ નં. HLAPSUR00343105) સામે તારીખ 09.06.2022 થી લાગુ થયેલું વ્યાજ અને લીગલ ખર્ચા સાથે અન્ય ખર્ચા તેમજ ભાવી વ્યાજ લોન એગ્રીમેંટ અને બીજા દસ્તાવેજોમાં બતાવેલ સહિતના વાર્ષક વ્યાજ દરે સુરક્ષિત લેણદારના બાકી લેણાના વસૂલ કરવાના હેતુથી કરાશે.

જુના લોન અકાઉન્ટ સાથે સુરક્ષિત મિલકત્ત સમાવિષ્ટ છે જેમાં સ્થાવર મિલકત્તનો સમાવેશ થાય છે તે અસાઈનમેંટ એગ્રીમેંટ તા. 31.12.2021 ના રોજ **ઈન્ડિયાબુલ્સ એઆરસી-XXIII ના ટ્રસ્ટીના** રૂપમાં તેમની ક્ષમતા અનુસાર સુરક્ષિત લેણદારની તરફેણમાં તેને સોંપવામાં આવ્યું છે.

જણાવેલ મિલકતમાં આવેલા ફ્લૅટ્સ ની હરાજી માટે પ્રત્યેક મિલકતની આરક્ષિત રકમ નીચે દર્શાવ્યા મુજબ છે.

| ક્ર.નં | મિલકતનું વર્ણન | આરક્ષિત રકમ | શબ્દોમાં રકમ |
|---|---|---|---|
| 1 | દુકાન/ઓફિસ નં 21 | રૂ. 39,00,000/- | રૂપિયા ઓગણચાલીસ લાખ માત્ર |
| 2 | દુકાન/ઓફિસ નં 204 | રૂ. 13,50,000/- | રૂપિયા તેર લાખ પચાસ હજાર માત્ર |

અને મિલકતની હરાજી માટે અર્નેસ્ટ મની ડિપોઝિટ એટલે અનામત મૂલ્ય 10 % પ્રત્યેક મિલકતના નીચે દર્શાવ્યા મુજબ છે.

| ક્ર.નં | મિલકતનું વર્ણન | ઈએમડી રકમ | શબ્દોમાં રકમ |
|---|---|---|---|
| 1 | દુકાન/ઓફિસ નં 21 | રૂ. 3,90,000/- | રૂપિયા ત્રણ લાખ નેવું હજાર માત્ર |
| 2 | દુકાન/ઓફિસ નં 204 | રૂ. 1,35,000/- | રૂપિયા એક લાખ પાંત્રીસ હજાર માત્ર |

ઈએમડી DD/RTGS/NEFT અથવા બીજી અન્ય કોઈ વ્યવસ્થિત બેંકીંગ ચેનલ મારફત **"ઈન્ડિયાબુલ્સ એઆરસી-XXIII** -ના નામે અકાઉન્ટ નં. 000405132723 **આઈસીઆઈસીઆઈ બેન્ક લીમીટેડ** સાથે, (આઈએફએસસી કોડ ICIC0000004) **જેની શાખા ૨૧૫, ફ્રી પ્રેસ હાઉસ, ફ્રી જર્નલ માર્ગ, નરીમન પોઈં, મુંબઈ(મહારાષ્ટ્ર)** - 400021, ટેન્ડર ઑનલાઈન રજુ કર્યા પહેલા જમા કરી દેવાના રહેશે. સફળ બિડરે વેચાણ કિંમતની રકમના 25% જમા કરવાની રહેશે.(ટેંડર દસ્તાવેજ સાથે ચુકવેલી 10% ઈએમડી રકમ બાદ કરીને) બિડ સ્વીકારતા સમયે એટલે તે દિવસે અથવા આગામી કામના દિવસે ચુકવવાની રહેશે. વેચાણ કિંમતની બાકીની રકમ સ્થાવર મિલકત્તના વેચાણની પુષ્ટિ થયાના 15 દિવસની અંદર જમા કરી દેવાની રહેશે.

**સ્થાવર મિલકત્તનું વર્ણન**

**મિલકત્ત નં-1**

**સુરત જિલ્લા પર સ્થિત મિલકત્ત, ઉપ જિલ્લો સુરત કામરેજ તાલુકા, મોજે ગામ સરથાણા, રેવેન્યુ સર્વે નં. 147, બ્લૉક નં.144/બી., બિન ખેતી જમીનના કુલ માપ 13,171 સ્કે.મી.,તે બિન ખેતીની ઉત્તર તરફની સબ પ્લૉટ-૨ની ખુલ્લી જમીન જેના માપ 3178.26 સ્કે.મી., (અપાયેલ બ્લૉક નં.144/બી/2 કમ્પ્યુટરાઈઝડ 7/1૨ જેના માપ 3178 સ્કે.મી), જે ટીપી સ્કિમ નં.21 (સરથાણા-સિમાડા) અને અપાયેલ ફાયનલ પ્લૉટ નં.58/1 જેના માપ 3027 સ્કે.મી. બિન ખેતીની જમીન, "રાઈઝ ઓન પ્લાઝા " થી ઓળખાતા કમર્શિયલ બિલ્ડિંગ બીજા માળની દુકાન/ઓફિસ નં.204 (દુકાન/ઓફિસ નં.201ના મંજૂર પ્લાન દુકાન પ્રમાણે, મિલકત્ત પૈકી દુકાન/ઓફિસ નં.201/2) રજીસ્ટર્ડ મિલકત્ત જેના બિલ્ટ અપ એરિયા 333.33 સ્કે.ફીટ, બિલ્ટ અપ એરિયા 240 સ્કે.ફીટ જે 22.30 સ્કે.મી. ના બરાબર અને કારપેટ એરિયા જેના માપ 200.00 સ્કે.ફીટ જે 18.59 સ્કે.મી. બરાબર મિલકત્તના અવિભાજ્ય પ્રમાણસર ભાગ સાથેની મિલકત જે નીચે પ્રમાણે સિમીત છે.**

**પૂર્વ : બ્લૉક નં.145ની જમીન** **પશ્ચિમ : સબ પ્લૉટ નં.1 ની જમીન**
**ઉત્તર :60 મી.રોડ** **દક્ષિણ : સબ પ્લૉટ નં.3 ની જમીન**

**મિલકત્ત નં-2**

**ફ્સુરત જિલ્લા પર સ્થિત મિલકત્ત, ઉપ જિલ્લો સુરત કામરેજ તાલુકા, મોજે ગામ સરથાણા, રેવેન્યુ સર્વે નં. 147, બ્લૉક નં.144/બી., બિન ખેતીની જમીનના જેના કુલ માપ 13,171 સ્કે.મી. તે બિનખેતીની જમીનના ઉત્તર તરફના સબ પ્લૉટ નં.૨ની બિન ખેતીની ખુલ્લી જમીન જેના માપ 3178.26 સ્કે.મી. જેના બ્લૉક નં.144/બી/2 કમ્પ્યુટરાઈઝડ 7/12 જેના માપ 3178 સ્કે.મી), જે ટીપી સ્કિમ નં.21 (સરથાણા-સિમાડા) અને અપાયેલ ફાયનલ પ્લૉટ નં.58/1 જેના માપ 3027 સ્કે.મી. બિન ખેતીની જમીન, તે બિન ખેતીની જમીન ઉપર "રાઈઝ ઓન પ્લાઝા " થી ઓળખાતા કોમર્શિયલ બિલ્ડિંગમાં ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન/ઓફિસ નં.21 થી રજીસ્ટર્ડ મિલકત્ત જેના સુપર બિલ્ટ અપ એરિયા 646.67 સ્કે.ફીટ, બિલ્ટ અપ એરિયા 465.60 સ્કે.ફીટ જે 43.27 સ્કે.મી. ની બરાબર અને કારપેટ એરિયા જેના માપ 388 સ્કે.ફીટ જે લગભગ 36.06 સ્કે.મી.ની બરાબર મિલકત્તના અવિભાજ્ય પ્રમાણસર ભાગ જે રાઈઝ ઓન પ્લાઝા નીચે પ્રમાણે સિમીત છે.**

**પૂર્વ : બ્લૉક નં.145ની જમીન** **પશ્ચિમ : સબ પ્લૉટ નં.1 ની જમીન**
**ઉત્તર :60 મી.રોડ** **દક્ષિણ : સબ પ્લૉટ નં.3 ની જમીન**

કૃપા કરીને વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે સલામત લેણદાર ની વેબસાઈટ એટલે લિંક www.indiabullsarc.com અને www.auctionfocus.in નો સંદર્ભ લો.

સહી/-
**અધિકૃત અધિકારી**
**ઈન્ડિયાબુલ્સ એસેટ રિકંસ્ટ્રક્શન કંપની લિમિટેડ**
**ઈંડિયાબુલ્સ - એઆરસી-XXIII ના ટ્રસ્ટના ટ્રસ્ટી**

**તારીખ : 09.06.2022**
**સ્થળ : સુરત**

# મોદી સરકાર અર્થવ્યવસ્થાનું ઉજજવળ ચિત્ર રજૂ કરે છે પરંતુ વાસ્તવમાં અર્થતંત્રની પરિસ્થિતિ ભયાનક છે

(એજન્સી) તા.૧૨

ભારતીય અર્થવ્યવસ્થા નબળી સ્થિતિ તરફ આગળ વધી રહી છે. નરેન્દ્ર મોદી સરકારનું પ્રચાર મશીન, હંમેશની જેમ, અર્થવ્યવસ્થાનું ગુલાબી ચિત્ર દોરવા માટે ઓવરટાઈમ કામ કરી રહ્યું છે; પરંતુ વાસ્તવિકતા તેનાથી તદ્દન વિપરીત છે. આ પ્રચાર એક સરળ અંકગણિત યુક્તિનો ઉપયોગ કરે છે. જો આઉટપુટ ૧૦૦થી ૯૦ સુધી ઘટે છે, તો ઘટાડો ૧૦ ટકા છે; અને પછી જો તે આવતા વર્ષે પુનઃપ્રાપ્ત થઈને ૧૦૦ થઈ જાય, તો વધારો ૧૧.૧ ટકા છે. આમ વૃદ્ધિનો દર વધુ હોવાને કારણે અર્થતંત્રના વિકાસની ગતિ ફરી શરૂ થઈ છે તેવા ખોટા દાવા કરવામાં આવે છે; વાસ્તવમાં બે વર્ષના ગાળામાં તેમાં કોઈ વૃદ્ધિ જોવા મળી નથી. આવા ખોટા દાવાઓનો સરકાર ચોક્કસ આશરો લઈ રહી છે. આપણે ૨૦૨૦-૨૧ને સંપૂર્ણપણે ભૂલી જઈએ, તે વર્ષ રોગચાળો તીવ્ર હતો, અને ફક્ત અગાઉના અને પછીના વર્ષને લઈએ. ૨૦૧૯-૨૦ અને ૨૦૨૧-૨૨ની વચ્ચે, વાસ્તવિક દૃષ્ટિએ કુલ ઘરેલુ ઉત્પાદનમાં માત્ર ૧.૫ ટકાનો વધારો થયો છે, જે આ બે વર્ષ વચ્ચે વસ્તી વધારા ૨ ટકા કરતા ઓછો હતો; આમ ૨૦૧૯-૨૦ની સરખામણીમાં ૨૦૨૧-૨૨માં માથાદીઠ વાસ્તવિક જીડીપી ઓછી હતી. વપરાશ કરતાં રોકાણની વૃદ્ધિનો થોડો ઊંચો દર લોકડાઉનના દિવસોથી ઓછા રોકાણ પ્રોજેક્ટ્સને કારણે હતો; તે કદાચ કેટલાક ક્ષેત્રોમાં રિપ્લેસમેન્ટ અને આધુનિકીકરણ ખર્ચને કારણે પણ હોઈ શકે છે. જેમ જેમ રોકાણના વિકાસનો દર ઘટશે તેમ તેમ વપરાશના વિકાસનો દર પણ નીચે આવશે. અર્થતંત્ર, પહેલેથી જ વર્ચ્યુઅલ રીતે સ્થગિત થઈ રહ્યું છે અને માથાદીઠ દ્રષ્ટિએ પીછેહઠ કરી રહ્યું છે. જ્યારે અર્થવ્યવસ્થા સંપૂર્ણ સ્થગિત સ્થિતિમાં હોય ત્યારે તેના માટે આ સ્થિતિમાંથી બહાર નીકળવું ખૂબ મુશ્કેલ બની જાય છે. ચાલો આપણે રોકાણના તે



ભાગને પણ અવગણીએ જે નિકાસ બજાર માટે માલ અને સેવાઓના ઉત્પાદન માટે છે. પછી, જો અર્થતંત્ર સ્થિરતા અનુભવી રહ્યું હોય, તો વપરાશમાં વધારો થવાનું કોઈ કારણ નથી કારણ કે તે મૂળભૂત રીતે આવકના સ્તર પર આધારિત છે; તેથી તે સ્થિર રહેશે. મૂડીરોકાણ પણ વધશે નહીં કારણ કે કંપનીઓ માટે ક્ષમતા વધારવાનું કોઈ કારણ નથી, કારણ કે અર્થતંત્ર અને અનુમાન પ્રમાણે ઘરનું બજાર સ્થિર છે. ચોખ્ખી નિકાસમાં અચાનક ઉછાળો જોવા મળશે નહીં, કારણ કે વિશ્વનું અર્થતંત્ર પોતે જ સ્થિરતામાં અટવાયું છે, જેથી ભારતીય માલની બાહ્ય માંગમાં અચાનક વધારો થવાનું કોઈ કારણ નથી; અને સરકારી ખર્ચની વાત કરીએ તો, સરકાર રાજકોષીય ખાધને નિયંત્રણમાં રાખવા માટે પ્રતિબદ્ધ હોવાથી, જીડીપીના પ્રમાણ તરીકે, જ્યાં સુધી જીડીપીના પ્રમાણમાં કરની આવકમાં અચાનક વધારો ન થાય ત્યાં સુધી, સરકારી ખર્ચ ભાગ્યે જ જીડીપીથી અલગ વલણ દર્શાવી શકે. જો પરોક્ષ કરવેરાના કારણે જીડીપીના પ્રમાણ તરીકે કરની આવક વધે છે, જે મોટાભાગે ખાનગી વપરાશ પર અસર કરે છે, તો માંગમાં ચોખ્ખો વધારો થશે નહીં: તેથી માત્ર સરકારી ખર્ચમાં વધારો જ સ્થિરતાની આ સ્થિતિને દૂર કરવા માટે અસર કરી શકે છે જે જીડીપીની સાપેક્ષમાં મોટી રાજકોષીય ખાધ દ્વારા અથવા શ્રીમંત લોકો પરના પ્રત્યક્ષ કરના દરોમાં વધારા દ્વારા કરવામાં આવે છે. કોર્પોરેટ આવક પર મોટા કર અથવા ખાનગી સંપત્તિ પર મોટા કરનો સમાવેશ થાય છે. પરંતુ આ રીતો સાથે સરકારે અનુસરવાનો નિશ્ચિતપણે ઈન્કાર કર્યો છે. તે રાજકોષીય ખાધ મર્યાદા માટે વધુ કે ઓછું પ્રતિબદ્ધ રહ્યું છે; અને, ધનિકો પરના મોટા કરવેરાને બદલે કોર્પોરેટ સેક્ટરને કર રાહતો આપી છે અને વિચારે છે કે આવી રાહતો રોકાણ વધારીને અર્થતંત્રને પુનર્જીવિત કરશે. આ માન્યતા બે કારણોસર ખોટી છે. સૌપ્રથમ, આવી કર રાહતો દ્વારા કોર્પોરેટ રોકાણમાં વધારો થાય છે, તો સરકારી આવકમાં ઘટાડો થવાને કારણે સરકારી ખર્ચમાં થયેલા ઘટાડા દ્વારા આને સરભર કરવામાં આવશે, આમ કુલ માંગમાં કોઈપણ ચોખ્ખો વધારો થશે નહીં અને તેથી અર્થતંત્રમાં નિષ્ફળ બનાવશે. બીજું, કોર્પોરેટ રોકાણ અર્થતંત્રમાં માંગની વૃદ્ધિ પર આધાર રાખે છે, કર રાહતો પર નહીં; જો અર્થતંત્રમાં માંગ વધતી ન હોય, તો મૂડીવાદીઓને આપવામાં આવતી કર રાહતો તેઓ કોઈ વધારાનું રોકાણ કર્યા વિના તેમના ખિસ્સામાં જાય છે. ૨૦૧૯-૨૦ અને ૨૦૨૧-૨૨ વચ્ચેના જીડીપી વૃદ્ધિના જે આંકડા અમે આપ્યા છે તેમાં કૃષિ ક્ષેત્રના વિકાસ દરનો ૫ સમાવેશ થાય છે. આથી જ્યાં સુધી કૃષિ ક્ષેત્રના વિકાસ દરમાં એકાએક ઝડપ નહીં આવે ત્યાં સુધી આ સ્થિરતા તોડી શકાશે નહીં. અને નિયો-ઉદારવાદી શાસનની મુખ્ય લાક્ષણિકતાઓ પૈકી એક કૃષિ ક્ષેત્રને દબાવવાની નીતિ છે, માટે કૃષિ વિકાસ દરમાં પ્રવેગની અપેક્ષા રાખવાનું કોઈ કારણ નથી. આ મંદીનું કારણ બનશે, એટલે કે વૃદ્ધિનો નકારાત્મક દર આખરે અર્થતંત્રને અસર કરશે અને બેરોજગારી ઊંચા સ્તર પર જશે. વપરાશમાં ઘટાડો દ્વારા એકંદર માંગના સ્તરના ઘટાડાને અસર થશે, નિયો-ઉદારવાદ હેઠળ ભારતીય અર્થતંત્રમાં તેના તરફનું વલણ, એ હકીકતનું સૂચક છે કે નિયો-ઉદારવાદ માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં વિસ્તરી રહ્યો છે.

**(સૌ. : નેશનલ હેરાલ્ડ)**

# હિન્દુ પક્ષના ‘હાઈબ્રિડ’ દાવાઓને લીધે મુસ્લિમોના ઈબાદતના સ્થળે હિન્દુ લોકોને પૂજા કરવા માટે પરવાનગી આપી શકાય નહીં

(એજન્સી) તા.૧૨

ભારતના સમન્વયાત્મક મહત્ત્વના ઘણા સ્થળો પર હંમેશા હિન્દુત્વની નજર રહી છે. અને હિંદુત્વ કાર્યકરોએ હવે જ્ઞાનવાપી મસ્જિદને શંકર પૂજાનું સ્થળ કહેવાનું શરૂ કર્યું છે. તેમાંના કેટલાક કહે છે કે નમાઝની સાથે અહીં આરતીની પણ મંજૂરી આપવી જોઈએ અને અન્ય લોકો કહે છે કે અદાલતે ફક્ત હિન્દુઓને જ મંજૂરી આપવી જોઈએ. સુપ્રીમ કોર્ટમાં મસ્જિદ કમિટીની અરજીની સુનાવણી દરમિયાન આવા કાલ્પનિક વિચાર વિશે આવા સ્થળના ધાર્મિક પાત્રનું મૂલ્યાંકન કરી શકે છે. તેઓ જ્ઞાનવાપી મસ્જિદને "સંકર ઉપાસના સ્થળ" તરીકે ઓળખાવવા માટે ન્યાયિક ઉદાહરણ સાથે આ વિશે અદાલતે નિર્ણય લેવો જોઈએ. જ્ઞાનવાપી વિવાદ માટે ન્યાયિક ઉદાહરણ એ અયોધ્યા કેસમાં બંધારણીય બેંચનો ચુકાદો છે, જે સર્વસંમતિથી અને સ્પષ્ટપણે માને છે કે, બંધારણીય ઉદ્દેશ્યોને જાળવી રાખવાના કાયદા તરીકે, પૂજાના સ્થાનો અધિનિયમ, ૧૯૯૧નો અમલ કરવો જોઈએ. ઉપરોક્ત અધિનિયમની કલમ 2(c)ની વ્યાખ્યા એ છે કે ‘પૂજાનું સ્થાન’ એ એક છે અને તેમાં ઉલ્લેખિત પ્રકારો પૈકી અન્ય નથી – જેમાં મંદિર, મસ્જિદ, ચર્ચ, ગુરુદ્વારા સામેલ છે – આવા સ્થાનોને તેમની આસ્થાની પ્રકૃતિ દ્વારા અને એકબીજાથી અલગ અલગ રીતે વર્ગીકૃત કરવામાં આવે છે. મસ્જિદ તેના પોતાના અધિકારમાં સૂચિબદ્ધ છે, જે અન્ય ધર્મોના પૂજા સ્થાનોથી અલગ છે. મસ્જિદ ચોક્કસ ધાર્મિક પાત્ર છે તે કહેવાની જરૂર નથી, પરંતુ અલ્હાબાદ હાઈકોર્ટનો ૧૯૪૨ના ચુકાદા મુજબ જ્ઞાનવાપી મસ્જિદને તેના મુસ્લિમ પાત્ર દ્વારા ઓળખવામાં આવે છે. મસ્જિદની રચના અન્ય કોઈપણ વર્ણસંકર અથવા હિન્દુ, શીખ, પારસી, ખ્રિસ્તી પૂજાને બાકાત રાખશે. સુનાવણી દરમિયાન જસ્ટિસ ચંદ્રચુડની મૌખિક ટિપ્પણીને મસ્જિદને આવો વિધર્મી અને દ્વિધાપૂર્ણ દરજ્જો આપવા માટે ટાંકી શકાય નહીં. ૧૮મી સદીથી, કાશી વિશ્વનાથ મંદિર અને જ્ઞાનવાપી મસ્જિદ એકસાથે અસ્તિત્વ ધરાવે છે. શું વિશ્વનાથ મંદિરની અંદર



નમાઝ, અઝાન અને બલિદાનને મંજૂરી આપવા માટે આ તેની સ્થિતિને હાઈબ્રિડ બનાવી શકાય છે? ના, અને ન તો તે આવા દાવાઓને મંજૂરી આપે છે. જો મસ્જિદમાં મંદિરના એવા નિશાન હોય કે તે મંદિર પર બાંધવામાં આવી હોય, તો તે વર્ણસંકર સ્વભાવ પ્રાપ્ત કરે છે અથવા તે મસ્જિદ છે કે મંદિર છે કે કેમ તે અંગે ન્યાયિક નિર્ણય હોવો જોઈએ. ૧૯૯૧નો કાયદો કોઈ પણ એવા અદાલતના ચુકાદાને પ્રતિબંધિત કરે છે જે પૂજા સ્થાનોના ધાર્મિક પાત્રમાં ફેરફાર કરે છે. ખાસ કરીને જે ભારતીય સ્વતંત્રતા સમયે અસ્તિત્વમાં છે. આ એક માત્ર કિસ્સો નથી જેમાં બે અલગ-અલગ ધર્મોના પ્રતીકો માટે વિવાદ થયો હોય, જેના કારણે તે એક અથવા બીજા ધર્મની સાઈટ છે કે નહીં તેની અટકળો તરફ દોરી જાય છે અને કોર્ટ તેનું મૂલ્યાંકન કરે છે. જ્ઞાનવાપી મસ્જિદ એ ૧૬૬૯માં મસ્જિદ બનાવવા માટે તોડી પાડવામાં આવેલ મંદિરનું જાણીતું સ્થળ છે, જે મસ્જિદ આજની તારીખમાં મુસ્લિમ સ્થળ તરીકે ગણવામાં આવે છે. આ મસ્જિદને હિંદુ ઘૂસણખોરીથી અને ખરેખર આજે તેની સ્થિતિની કોઈપણ સંભાવનાથી બચાવવા માટે આ કાયદો પૂરતો છે. હવે એવો દાવો કે મસ્જિદના વિસ્તારમાં મૂર્તિપૂજા થઈ રહી છે. હિંદુ પક્ષની આ દલીલો ૧૬૬૯ પછી પૂજા ક્યાં થઈ છે તે વિશે અસ્પષ્ટ દલીલો રજૂ કરે છે. શું તેઓ એમ કહે છે કે મંદિરને તોડીને તેના ખંડેર પર મસ્જિદ બનાવીને ઔરંગઝેબે આ મસ્જિદમાં મૂર્તિપૂજા કરવાની છૂટ આપી હતી? શું બ્રિટિશ શાસન દરમિયાન મસ્જિદમાં હિંદુ પૂજા થઈ હતી ? ૧૯૪૨ના અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદામાં તે સંકુલમાં હિન્દુઓ અને મુસ્લિમોના અલગ-અલગ પૂજાના અધિકારો જાળવવા વહીવટીતંત્ર દ્વારા લેવામાં આવતી સાવચેતીનો ઉલ્લેખ છે? જ્યારે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ એક મસ્જિદ અહીં અસ્તિત્વમાં છે તે સ્પષ્ટ હકીકત છે તો તેની અંદર હિંદુ પૂજાને ગેરકાનૂની અને અપ્રસ્તુત ગણી શકાય ? તાજેતરના કેટલાક હિંદુવાદીઓએ સ્વીકાર્યું છે કે તેઓ ક્યારેય મસ્જિદની અંદર ગયા નથી. દશ્યમાન અથવા અદ્રશ્ય મૂર્તિઓ અને ૨૦૨૨માં શોધાયેલ શિવલિંગ શોધવા માટેના સર્વેક્ષણનો તેમનો દાવો દર્શાવે છે કે હિન્દુઓ મસ્જિદની અંદર શું છે તે વિશે સંપૂર્ણપણે અજાણ હતા. વિશિષ્ટ મુસ્લિમ પૂજા સ્થળ પર હિંદુ ઘૂસણખોરી કરવા માટે ‘સંકર’ શબ્દના પ્રેરિત ઉપયોગ વચ્ચે મૂળભૂત વિરોધાભાસ છે. જેઓ સમન્વયાત્મક પરંપરાઓને મહત્ત્વ આપે છે તેઓ એ હકીકતને સ્વીકારશે કે કબીરની ભૂમિ વારાણસીમાં, હિંદુ અને મુસ્લિમ પૂજાના અલગ-અલગ સ્થાનો સાથે-સાથે આવેલા છે, જેને ખલેલ પહોંચાડવા માટે તેઓ આજે ઘૃણાસ્પદ પ્રયાસો કરી રહ્યા છે.

**(સૌ. : ધ વાયર.ઈન)**

# બિહારના ભાજપના નેતાઓએ દેશમાં ધર્મ પરિવર્તનના કાયદાની હિમાયત કરી

(એજન્સી) પટના, તા.૧૨

બિહારમાં ભાજપના નેતાઓ, જેમણે પહેલાથી જ રાજ્યમાં જાતિ આધારિત સર્વેક્ષણને સમર્થન જાહેર કર્યું છે તેઓ હવે દેશમાં ધર્મ પરિવર્તનના કાયદાના અમલીકરણ પર ભાર મૂકી રહ્યા છે. કેન્દ્રીય પ્રધાન અને ફાયરબ્રાન્ડ ભારતીય જનતા પાર્ટીના નેતા ગિરિરાજ સિંહે કહ્યું કે : ધર્મ પરિવર્તન કાયદો જરૂરી છે અને તે સમગ્ર દેશમાં અસ્તિત્વમાં આવવો જોઈએ. સિંહ શુક્રવારે ૨૦૧૪માં રેલ રોકો વિરોધ સંબંધિત કેસમાં MP-MLA કોર્ટમાં હાજર થયા હતા. બીજેપીના રાજ્યસભા સાંસદ રાકેશ સિંહાએ પણ આવી જ વાત કરી હતી. તેમણે કહ્યું કે તે માત્ર જરૂરી નથી પરંતુ દેશમાં ફરજિયાત પણ છે. જ્યારે યુપીએ સરકાર સત્તામાં હતી, ત્યારે છ રાજ્યોએ ધર્મ પરિવર્તન કાયદો બનાવ્યો હતો. ધર્માંતરણને રોકવા માટે તેને આખા દેશમાં કેમ લાગુ ન કરી શકાય ? આ બંને નેતાઓના નિવેદન એવા સમયે આવ્યા છે જ્યારે એવી અફવાઓ ચાલી રહી છે કે બિહારના સારણ જિલ્લાના કેટલાક પરિવારોએ ધર્મ



પરિવર્તનની પ્રક્રિયા પસંદ કરી છે. જો કે, બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે બુધવારે સ્પષ્ટતા કરી દીધી છે કે આવા દાવાઓ સત્ય નથી. બિહારમાં ધર્મ પરિવર્તનની વાતોમાં કોઈ સત્ય નથી. તમામ જિલ્લાઓમાં વહીવટીતંત્ર એલર્ટ મોડ પર છે, અને તેઓ કોઈપણ અસામાન્ય ઘટનાઓ પર નજર રાખે છે. રાજ્યમાં કોઈ સાંપ્રદાયિક વિવાદ નથી. બિહાર એક શાંતિપ્રિય રાજ્ય છે. દરેક ધર્મના લોકો એકજૂથ છે અને પોતપોતાના કાર્યક્ષેત્રમાં વ્યસ્ત છે. નીતિશ કુમાર સતત ચોથી વખત બિહારના મુખ્યપ્રધાન તરીકે સેવા આપી રહ્યા છે. તેઓ ભાજપના સમર્થનથી સરકાર ચલાવી રહ્યા છે. ઉપરાંત, તેમણે બિહારમાં કોમી તણાવ પેદા કરવા માટે કટ્ટરવાદી તત્ત્વોને ક્યારેય તક આપી નથી.

# કાયદાની અમલીકરણ એજન્સીઓ પર લગામ લગાવવા માટે બોમ્બે હાઈકોર્ટના બે ચુકાદાઓનું પાલન કરવું જોઈએ

(એજન્સી) તા.૧૨

છેલ્લા ત્રણ વર્ષમાં બોમ્બે હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા બે મહત્ત્વના ચુકાદાઓ બંધારણની કલમ ૨૧ માં કાયદાની યોગ્ય પ્રક્રિયાના બંધારણીય માળખા અનુસાર ક્રિમિનલ પ્રોસિજર કોડ ('CrPC')ને સમજવાના વલણને દર્શાવે છે. આ એક આવકારદાયક વલણ છે, કારણ કે જીવનનો અધિકાર એ બંધારણ દ્વારા આપવામાં આવેલા તમામ અધિકારો પૈકી એક સૌથી કિંમતી અધિકાર છે. વછલાબાઈ વિરૂદ્ધ મહારાષ્ટ્ર રાજ્યમાં & ઓઆરએસ. (૨૦૧૯), હાઈકોર્ટની ઔરંગાબાદ બેન્ચે મેજિસ્ટ્રેટના શબ્દનું અર્થઘટન કેવી રીતે કરવું તે મુદ્દાને સમજાવ્યો હતો. હાઈકોર્ટની પણજી બેંચે તાજેતરમાં ઉગોચુકુ સોલોમન ઉબાબુકો વિરૂદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા (૨૦૨૧)માં બંધારણની કલમ ૨૧ અને ૨૨ હેઠળ બાંયધરી આપેલ અટકાયતના મૂળભૂત અધિકારોના ઉલ્લંઘનના પરિણામોના મુદ્દા પર વિચાર કર્યો હતો. કેદના ૨૪ કલાકની અંદર મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર થવાના અધિકારનું મૂલ્યાંકન કરતા, ન્યાયાધીશ મનીષ પીતાલેએ આ કેસમાં તેમના ચુકાદામાં જણાવ્યું હતું કે આવા મૂલ્યવાન અધિકારનું ઉલ્લંઘન એ જામીન માટે હકદાર બનશે. આ કેસ વિદેશી નાગરિકને લગતો હતો, જેની નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ, ૧૯૮૫ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. રસપ્રદ વાત એ છે કે, પદાર્થ દુરૂપયોગના કાયદા સાથે આ તેની પાંચમી ધરપકડ હતી, તે અગાઉના ચાર કેસમાં જામીન પર હતો. તેમ છતાં, આનાથી કોર્ટ સમક્ષના કેસના પરિણામને અસર થઈ નથી, અને તે યોગ્ય છે. તેણે હાઈકોર્ટ સમક્ષ પોતાની જામીન અરજીમાં દલીલ કરી હતી કે તેને સાંજે ૬:૨૫ વાગ્યે અટકાયતમાં લેવામાં આવ્યો હતો. ૭ માર્ચ, ૨૦૨૧ના રોજ જ્યારે પોલીસ અધિકારીઓની એક ટીમ તેના ઘરે આવી અને તેની હિલચાલ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો અને ધરપકડ કરવામાં આવી. આ ધરપકડના ૨૪ કલાકની અંદર તેને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો ન હતો તે જોતાં, તેણે તેના મૂળભૂત અધિકારોના ઉલ્લંઘનને ટાંકીને સંબંધિત મેજિસ્ટ્રેટ સમક્ષ જામીન માટે અરજી કરી હતી.બીજી તરફ, પોલીસે ૯ માર્ચ, ૨૦૨૧ ના રોજ ન્યાયિક રિમાન્ડ માટે અરજી કરી હતી. તપાસ એજન્સી દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે અરજદારની ૮ માર્ચ, ૨૦૨૧ના રોજ સાંજે ૫:૩૦ વાગ્યે ધરપકડ કરવામાં આવી હતી. તેથી, તેને ૯ માર્ચ, ૨૦૨૧ના રોજ નજીકના મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. વધુમાં એવી દલીલ કરવામાં આવી હતી કે મેજિસ્ટ્રેટે તેને ૯ માર્ચ, ૨૦૨૧ના રોજ ન્યાયિક કસ્ટડીમાં મોકલી આપ્યો હતો અને તેથી ડિફોલ્ટ જામીનનો આધાર ઉપલબ્ધ ન હતો. સૌથી અગત્યનું, ૭ માર્ચથી અટકાયતની દલીલને રદ કરવા માટે, એવી દલીલ કરવામાં આવી હતી કે આ અટકાયત પછી તેમના નિવેદનના રેકોર્ડિંગ માટે તેઓ સ્વેચ્છાએ પોલીસ સ્ટેશનમાં આવ્યા હતા આમ, આ કાયદામાં કોઈ ધરપકડ ન હતી. અદાલતે, હકીકત તપાસમાં અરજદારની દલીલ માટે જપ્તી ‘પંચનામા’ પર આધાર રાખ્યો હતો કે તેને ખરેખર ૭ માર્ચ, ૨૦૨૧ના રોજ સાંજે ૬:૨૫ વાગ્યાથી અટકાયતમાં લેવામાં આવ્યો હતો. પંચનામાની સમગ્ર પ્રક્રિયા દરમિયાન, અરજદાર અધિકારીઓના નિયંત્રણમાં હતો. તેથી, અદાલતે નક્કી કર્યું કે તમામ વ્યવહારિક હેતુઓ માટે, અરજદારની ૭ માર્ચ, ૨૦૨૧ના રોજ સાંજે ૬:૨૫ વાગ્યાથી ધરપકડ/અટકાયત કરવામાં આવી હતી. તેણે તેના મૂળભૂત અધિકારોના ઉલ્લંઘનને ટાંકીને ૮ માર્ચ, ૨૦૨૧ ના રોજ જામીન માટે અરજી કરીને તેની પાસે ઉપલબ્ધ ઉપાયનો લાભ લીધો હતો. તેને ૯ માર્ચ, ૨૦૨૧ના રોજ, પ્રથમ વખત મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો, જ્યારે તેની અરજી પેન્ડિંગ રાખીને તેને ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો. મૂળભૂત અધિકારોના ઉલ્લંઘનના આધારે જામીન માટેની અરજી ૧૦ માર્ચ, ૨૦૨૧ના રોજ ફગાવી દેવામાં આવી હતી. આ પૃષ્ઠભૂમિમાં, અદાલતે કાયદાનું પાલન સુનિશ્ચિત કરવા માટે અમુક કાયદા અમલીકરણ એજન્સીઓને તેના ચુકાદાની નકલો સપ્લાય કરવાના વધુ નિર્દેશ સાથે તે બાબતમાં જામીન મંજૂર કર્યા હતા. ન્યાયમૂર્તિ પિતાલેએ ન્યાયિક રિમાન્ડની અનુગામી મંજૂર અને જામીન માટેની અરજીનો નિર્ણય લેવામાં નિષ્ફળતાના કાયદાકીય પાસાઓની પણ તપાસ કરી હતી, સીબીઆઈ વિરૂદ્ધ નિરાલા યાદવ ઉર્ફે રાજા રામ યાદવ ઉર્ફે દીપક યાદવ દ્વારા ભારત સંઘમાં સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા આ ચુકાદાઓને ધ્યાનમાં લીધા હતા. (૨૦૧૪), પ્રજ્ઞા સિંહ ઠાકુર વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય (૨૦૧૧), અને એમ. રવિન્દ્રન વિરૂદ્ધ ઈન્ટેલિજન્સ ઑફિસર, ડિરેક્ટોરેટ ઑફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (૨૦૨૦). આ ચુકાદો મહત્ત્વપૂર્ણ છે કારણ કે તે બંધારણની કલમ ૨૧ અને ૨૨ ની આવશ્યકતાના અભિવ્યક્તિ તરીકે ડિફોલ્ટ જામીનના અધિકારની સમજણ આપે છે, જેનું ઉલ્લંઘન ડિફોલ્ટ જામીન



તરફ દોરી જાય છે. જો કે, એવા ભાગ્યે જ કોઈ કિસ્સાઓ છે કે જ્યારે CrPCની કલમ ૫૭ના ઉલ્લંઘનને મૂળભૂત અધિકારોના દૃષ્ટિકોણથી જોવામાં આવ્યું હોય, જેમાં પીડિતને જામીન આપવામાં આવે છે. જ્યારે મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થાય છે ત્યારે ન્યાયતંત્ર આવા કેસોમાં રાહત આપવામાં ખૂબ કડક વલણ અપનાવે છે. અનુભવ દર્શાવે છે કે ધરપકડના ‘પંચનામા’ પર ધ્યાન આપવામાં આવતું નથી. મોટાભાગે, ધરપકડ ‘પંચનામા’ ને વ્યક્તિને પ્રથમ વખત કોર્ટમાં રજૂ કરવામાં આવે તે પહેલાં જ એવા દસ્તાવેજો બનાવવા માટે બનાવવામાં આવે છે કે ધરપકડ હમણાં જ કરવામાં આવી છે અને વ્યક્તિને ૨૪ કલાકની અંદર રજૂ કરવામાં આવે છે. ધરપકડ કરાયેલ વ્યક્તિના સંબંધી અથવા મિત્રને તેની ધરપકડની સૂચના આપતી વખતે, તેમને ધરપકડના ફોર્મની કોઈ નકલ આપવામાં આવતી નથી. વિશ્વના અન્ય દેશોની તુલનામાં, આપણા દેશમાં મૂળભૂત અધિકારોના ઉલ્લંઘન માટે ધરપકડ કરાયેલ વ્યક્તિની ધરપકડ અને તેના અધિકાર અંગેનો કાયદો વિકસિત ન થવાનું એક મોટું કારણ એ છે કે કાયદાના ઉલ્લંઘનની રિટ હોય ત્યારે પણ, મોટા પ્રમાણમાં અદાલતો દ્વારા તેને જામીન આપવા માટે પૂરતું કારણ માનવામાં આવતું નથી. પહેલેથી જ બોજા હેઠળ દબાયેલા અરજદારો જેઓ તેમની સ્વતંત્રતા ભોગવી શકતા નથી, તેમના મૂળભૂત અધિકારોના ઉલ્લંઘન પછી મુકદ્દમો ચલાવવાનો સમય, શક્તિ અને પૈસા ખર્ચવા માટેની નિરર્થક કવાયત તરીકે જોવામાં આવે છે. માટે આ ચુકાદો મહત્ત્વપૂર્ણ છે. અન્ય મહત્ત્વપૂર્ણ ચુકાદામાં, બોમ્બે હાઈકોર્ટની ઔરંગાબાદ બેન્ચે, ધરપકડના કાયદા અને અટકાયતના અધિકારો પર વિચાર કર્યો હતો. તેમાં, મુદ્દો એ હતો કે, શું અટકાયતીને તેની ધરપકડના સ્થળેથી મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવે છે, અને જો તે તેમની ધરપકડના સ્થળથી દૂર છે તો ૨૪ કલાકની અંદર સંબંધિત મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવે તો તે કલમ ૨૨નું પૂરતું પાલન હશે કે કેમ. આ મુદ્દાને ધ્યાનમાં લેતા અને બંધારણની ચર્ચાઓ પર આધાર રાખીને ન્યાયાધીશ ટી.વી. નલાવડેએ જણાવ્યું હતું કે અટકાયતીને ધરપકડના સ્થળેથી નજીકના મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવાનો એ તેમનો મૂળભૂત અધિકાર છે, અને આમ કરવામાં નિષ્ફળતા બંધારણ હેઠળ બાંયધરી આપવામાં આવેલ અધિકારોના ઉલ્લંઘન સમાન ગણાશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે નજીકના મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર કર્યા વિના ૨૪ કલાકના સમયગાળામાં સક્ષમ મેજિસ્ટ્રેટ સમક્ષ અટકાયતમાં રજૂ કરવાથી બંધારણીય જરૂરિયાત સંતોષાશે નહીં. એવા સમયે જ્યારે કોઈ વ્યક્તિ ૨૪ કલાકની અંદર દેશના એક ભાગથી બીજા ભાગમાં ઘણી વખત ઉડાન ભરી શકે છે, ત્યારે આવા ચુકાદાઓ બંધારણીય સુરક્ષાને ગતિશીલ, વાસ્તવિક અને લાગુ કરવા યોગ્ય બનાવે છે. એવા ઘણા કિસ્સાઓ છે જ્યારે વ્યક્તિઓને એક રાજ્યમાંથી ધરપકડ કરવામાં આવે છે અને, ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવ્યા વિના, દૂરના રાજ્યોમાં લઈ જવામાં આવે છે, અને કાયદાના કથિત પાલનમાં મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવે છે. ટ્રાયલ કોર્ટમાં બંધારણીય જોગવાઈઓની દલીલ કરવાનો અનુભવ પ્રોત્સાહક રહ્યો નથી. ઘણા પ્રસંગોએ, ફરિયાદી પક્ષ આરોપી વિરુદ્ધ કરવામાં આવેલી અરજીઓ અથવા અહેવાલોની નકલો, તેના વકીલને અથવા આરોપીને પ્રદાન કરતું નથી. અદાલતો પણ ફરિયાદો સાંભળતી નથી. નકલો આપવા માટે કાયદામાં કોઈ જોગવાઈ ન હોવાનો ઉલ્લેખ કરીને તેઓ નકલો સપ્લાય કરવા માટે પ્રોસિક્યુશનને નિર્દેશિત કરવામાં અસમર્થતા વ્યક્ત કરે છે. બંધારણની કલમ ૨૧ અને ૨૨ પર આધારિત દલીલો અને કુદરતી ન્યાયના સિદ્ધાંતો મદદ કરતા નથી. અલબત્ત, તે દરેક ન્યાયાધીશની પોતાની નિર્ણયશક્તિ પર આધાર રાખે છે, પરંતુ અનેક વખત બંધારણનું ઉલ્લંઘન જોવા મળે છે.

**(સૌ. : નેશનલ હેરાલ્ડ)**

# સરકાર, શૈક્ષણિક સંસ્થાઓ અને મીડિયામાં વંચિત સમુદાયના લોકોના યોગ્ય પ્રતિનિધિત્વની જરૂર છે

(એજન્સી) તા.૧૨

ભારતના બંધારણની રચના દરમિયાન, એ વાત પર ભાર મૂકવામાં આવ્યો હતો કે સત્તાના ક્ષેત્રો (જેમ કે વહીવટીતંત્ર)માં દલિત જાતિઓનું યોગ્ય પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કર્યા વિના, દેશની સ્થિતિમાં કોઈ વાસ્તવિક પરિવર્તન થઈ શકે નહીં. આમ તે વિવિધ સામાજિક જૂથો વચ્ચે સમાન રીતે શક્તિનું વિતરણ કરવાનો વિચાર હતો. આ જ કારણસર આ સમુદાયોનું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવા માટે બંધારણમાં અનેક લેખિત જોગવાઈઓ સામેલ કરવામાં આવી હતી. ડો.બાબાસાહેબ આંબેડકરે સમજાવ્યું હતું કે, જે વહીવટીતંત્ર ઐતિહાસિક કારણોસર એક સમુદાય અથવા કેટલાક સમુદાયો દ્વારા નિયંત્રિત છે, તે પરિસ્થિતિ અદશ્ય થઈ જવી જોઈએ અને અન્ય લોકોને પણ જાહેર સેવાઓમાં પ્રવેશવાની તક મળવી જોઈએ. જો કે, એવું લાગે છે કે સ્વતંત્ર ભારતમાં આ બંધારણીય દ્રષ્ટિકોણ અનુરૂપ નથી. તાજેતરના સંસદના બજેટ સત્રમાં કેન્દ્ર સરકારે મુખ્ય સરકારી નિમણૂંકોમાં પ્રતિનિધિત્વના આંકડા જાહેર કર્યા હતા. ૯૧ અધિક સચિવોમાંથી, SC/ST અને OBC સમુદાયના અધિકારીઓની સંખ્યા અનુક્રમે ૧૦ અને ચાર છે. ૨૪૫ સંયુક્ત સચિવોની રેન્કમાં, ફક્ત ૨૬ એસસી/એસટી અને માત્ર ૨૯ ઓબીસીના લોકો હતા. ઉચ્ચ વહીવટી પોસ્ટ્સમાં પ્રતિનિધિત્વ અત્યંત નિરાશાજનક છે. ૨૦૧૯માં, કેન્દ્ર સરકારે જાહેર કર્યું હતું કે પોસ્ટ કરાયેલા ૮૯ સચિવોમાંથી, ફક્ત એક એસસી કેટેગરીના હતા, ત્રણ એસટી કેટેગરીના હતા, જ્યારે કોઈ પણ ઓબીસી કેટેગરીના ન હતા. આ સત્તા માત્ર વહીવટી અથવા રાજકીય નથી, તે સામાજિક અને બૌદ્ધિક પણ છે, પરિણામે, તે મહત્ત્વપૂર્ણ બની જાય છે કે શિક્ષણ અથવા મીડિયા જેવા ક્ષેત્રોમાં પર્યાપ્ત રીતે સત્તાની વહેંચણી થઈ હોય, જે જ્ઞાનનું સર્જન કરે છે. જો કે, ડેટા દર્શાવે છે કે આ ક્ષેત્રોમાં પણ વિશેષાધિકૃત જાતિઓ વર્ચસ્વ ધરાવે છે. ૧ જાન્યુઆરી, ૨૦૨૨ સુધીમાં, અનુક્રમે ૩૦૬, ૧૪૦ અને ૩૮૯ની કુલ મંજૂર જગ્યાઓમાંથી, ૪૫ કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં SC માટે અનામત પ્રોફેસર કેટેગરી હેઠળ ૨૩૪ પોસ્ટ્સ, ST માટે ૧૦૭ પોસ્ટ્સ અને OBC માટે ૩૫૨ પોસ્ટ્સ ખાલી હતી. ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીમાં, SC સમુદાયમાંથી માત્ર એક પ્રોફેસર છે; કોઈપણ પ્રોફેસર એસટી અને ઓબીસી સમુદાયના નથી. ૨૦૨૧ સુધીમાં, વિવિધ IIMsમાં ફેકલ્ટી માટે SC અને OBC અનામત જગ્યાઓમાંથી ૬૦% થી વધુ જગ્યાઓ ખાલી હતી. એ જ રીતે, ૨૦૨૧ સુધી, દેશના ૨૨ IITમાંથી કોઈમાં ST સમુદાયના છ કરતાં વધુ શિક્ષકો ન હતા; ૧૮ IIT માં SC કેટેગરીના ૧૦ કે તેથી ઓછા ઉમેદવારો હતા અને સાત IITમાં ૧૦ કે તેથી ઓછા OBC ફેકલ્ટી સભ્યો હતા. તદુપરાંત, હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યો આ ઉચ્ચ સંસ્થાઓમાં તેમનું સ્થાન બનાવે છે, તો પણ તેઓને



સંસ્થાકીય ભેદભાવનો સામનો કરવો પડે છે. રોગચાળા દરમિયાન, સોશિયલ મીડિયા પર એક વીડિયો સામે આવ્યો હતો, જેમાં IIT ખડગપુરમાં એક વિશેષાધિકૃત જાતિ ફેકલ્ટી સભ્ય ઑનલાઈન વર્ગખંડમાં દલિત અને આદિવાસી સમુદાયના વિદ્યાર્થીઓ સાથે દુર્વ્યવહાર કરતો જોવા મળ્યો હતો. અન્ય એક તાજેતરની ઘટનામાં, IIT મદ્રાસના એક ફેકલ્ટી સભ્યએ સંસ્થાકીય જાતિના ભેદભાવના આધારે પોતાનું રાજીનામું આપ્યું હતું. આ ઉચ્ચ સંસ્થાઓમાં હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના કેટલાય વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે. એવી આશા રાખવામાં આવી હશે કે લોકશાહીનો ચોથો સ્તંભ મીડિયા આ મુદ્દાઓ અને કિસ્સાઓને ઉજાગર કરશે. પરંતુ, તેમાં પણ નીચલી જાતિના ઓછા પ્રતિનિધિત્વ સાથે મીડિયા વિભાગમાં પણ સમાન સ્થિતિ છે. ઓક્સફેમ ઈન્ડિયા અને ન્યૂઝલોન્ડ્રી દ્વારા હાથ ધરવામાં આવેલા અભ્યાસમાં નોંધવામાં આવ્યું છે કે ચર્ચાઓમાં દર ચાર એન્કરમાંથી ત્રણ ઉચ્ચ જાતિના હોય છે. વધુમાં, તેમના પ્રાઈમટાઈમ ડિબેટ શોના ૭૦% થી વધુ માટે, ન્યૂઝ ચેનલો મોટા ભાગના પેનલના સભ્યોને ઉચ્ચ જાતિના છે. તે સ્પષ્ટ છે કે ન્યૂઝરૂમ ડિબેટ્સ વિશેષાધિકૃત જાતિના વ્યક્તિઓ દ્વારા પસંદ કરાયેલા વિષયો પર થાય છે. આ સમજાવે છે કે ઉપેક્ષિત અને દલિત સમુદાયો માટે સૌથી વધુ મહત્ત્વના મુદ્દાઓને મુખ્ય પ્રવાહના મીડિયામાં શા માટે સ્થાન મળતું નથી. આંબેડકરને પણ આવી જ પરિસ્થિતિનો ડર હતો. તેમણે એકવાર કહ્યું હતું કે જો સ્વતંત્ર ભારતમાં, વિશેષાધિકૃત જાતિઓનું વર્ચસ્વ ચાલુ રહેશે, તો પરિણામ એ આવશે કે વહીવટીતંત્ર ઝેર અને કઠોરતામાં બેલગામ થઈ જશે. આંબેડકર દ્વારા સૂચવ્યા મુજબ "સત્તા"નું યોગ્ય વિતરણ હોય ત્યારે જ સામાજિક માળખું બદલાઈ શકે છે. ટોચના હોદ્દા પરના લોકો નીતિ ઘડતરમાં સામેલ હોય છે, તેથી તેઓ માન્યતા અને પ્રણાલીઓ પર મજબૂત પ્રભાવ ધરાવે છે. તેથી, હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોનું યોગ્ય પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવું જરૂરી છે. ભારતને આજે માત્ર વાતો અને ખોટા આંકડાઓની જરૂર નથી. તેને સીમાંત સમુદાયો માટે શક્તિ અને સંસાધનોના યોગ્ય વિતરણની જરૂર છે.

સરકાર સમક્ષ રજૂઆત કરાઈ

# ટેક્સટાઈલ ઉદ્યોગના અપગ્રેડેશન માટે નવી પ્રોત્સાહન યોજના જાહેર કરવાની માંગ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૨

ટેક્સટાઈલ ઉદ્યોગના અપગ્રેડેશન માટેની એ-ટફ યોજના માર્ચ ૨૦૨૨માં પૂરી થઈ ગઈ છે. નવી પ્રોત્સાહન યોજના જાહેર કરવામાં આવે એવી રજૂઆત સરકાર સમક્ષ મૂકવામાં આવી છે. ટેક્સટાઈલ ઉદ્યોગમાં અત્યાર સુધી થયેલું રોકાણ પ્રોત્સાહન યોજનાને આભારી છે.

ભારતીય કાપડ ઉદ્યોગના આધુનિકરણની કવાયત મુખ્યત્વે પ્રોત્સાહનો પર આધારિત છે, નીતિ આયોગના અહેવાલ મુજબ, છેલ્લાં ૨૦ વર્ષોમાં ટેક્સટાઈલ સેક્ટરમાં કરાયેલાં કુલ રોકાણોમાંથી, લગભગ ૮૫ ટકા રોકાણ ૧૯૯૯થી અમલીકરણ હેઠળની વિવિધ ટફ યોજનાઓને આભારી છે, એમ ફિઆસ્વીએ જણાવ્યું છે. ભારતનું સમગ્ર કાપડ ક્ષેત્ર તેમની સપ્લાય ચેઈનને વૈવિધ્યીકરણ કરવા વૈશ્વિક સ્તરે અપનાવવામાં આવેલી ચાઈના પ્લસ વન નીતિને કારણે અભૂતપૂર્વ વૃદ્ધિની ટોચ પર છે. સમય સાથે ભારતમાં મેન મેઈડ ફાઈબર ટેક્સટાઈલ સેક્ટર તરફ ગ્રાહકની પસંદગીમાં ધીમે ધીમે પરિવર્તન આવ્યું છે. હાલમાં, ભારત વૈશ્વિક કાપડ વેપારમાં વૈશ્વિક સ્તરે ચીન બાદ બીજા ક્રમે છે. પરંતુ ૧ અને ૨ વચ્ચેનો તફાવત ઘણો વિશાળ છે. ભારતના પડોશી નાનાં દેશોએ પણ ભારત કરતાં નિકાસના આંકડા વટાવ્યા છે. ભારતના ટેક્સટાઈલ મંત્રીએ ગયા વર્ષે ઉદ્યોગ સાથેની વિવિધ ક્રિયા-પ્રતિક્રિયાઓ દરમિયાન આગામી ૩ વર્ષમાં, ૨૦૨૫ સુધીમાં ૧૦૦ બિલિયન ડોલરની નિકાસનો લક્ષ્યાંક અને કાપડ માટે સ્થાનિક બજાર કદ ૨૫૦ બિલિયન ડોલરનું આપ્યું છે. જેથી નિર્ધારીત વિશાળ લક્ષ્યાંક પાંચ વર્ષમાં રોકાણોની ગતિ વધારાય તો જ પાર કરી શકાશે. ઉદ્યોગને આ ક્ષેત્રમાં રોકાણને પ્રોત્સાહન આપવા માટે વહેલી તકે પ્રોત્સાહક યોજનાઓની જાહેરાત કરવાની તીવ્ર જરુર છે.

# સોમવારથી શાળાઓ શરૂ થાય તે પહેલાં કોરોના કેસમાં વધારો, વાલીઓ ચિંતિત

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૨

સુરત સહિત સમગ્ર રાજ્યમાં આગામી સોમવારથી સ્કૂલ શરૂ થઈ રહી છે તે પહેલાં કોવિડના કેસમાં વધારો થતાં વાલીઓ ચિંતામાં વધારો થયો છે. બીજી તરફ સરકારે કોવિડ અંગે કોઈ પરિપત્ર કે સૂચના આપી ન હોય તંત્ર પણ મુંઝવણમાં મુકાયું છે. આવી સ્થિતિ વચ્ચે વિદ્યાર્થીઓમાં સંક્રમણ ન વધે તે માટે પાલિકા તંત્ર એ વાલીઓને તકેદારી રાખવા તથા વિદ્યાથીઓ બીમાર હોય તો સ્કુલે ન મોકલવા માટે અપીલ કરી છે.

સ્કૂલોમાં વેકેશન પુરૂં થાય તે પહેલાં લોકો સુરત પરત ફરી રહ્યાં છે તેની સાથે કોરોનાના કેસમાં પણ વધારો થઈ રહ્યો છે.

હવે આગામી સોમવારથી વેકેશન પુરૂ થાય છે અને સ્કૂલ શરૂ થઈ રહી છે ત્યારે સુરતમાં કેસમાં વધારો થતાં વાલીઓની ચિંતામાં વધારો થયો છે. હાલ કોરોના કેસમાં કોઈ ગંભીર નથી તેમ છતાં ભૂતકાળના અનુભવોને ધ્યાને રાખીને વાલીઓની મૂંઝવણમાં વધારો થયો છે. વિદ્યાથીઓને સ્કૂલ મોકલવા કે નહીં તેની ચિંતા વાલીઓને છે. તો બીજી તરફ પાલિકા તંત્ર પણ સત્તાવાર રીતે સ્કૂલ ની ગાઈડ લાઈન અંગે કોઈ જાહેરાત કરી શકતું નથી. સુરત સહિત ગુજરાતમાં કોરોનાના કેસની સંખ્યા વધી રહી છે પરંતુ સરકાર દ્વારા સ્કૂલ કે જાહેર કાર્યક્રમ અંગે કોઈ ગાઈડલાઈન બહાર પાડી નથી. તેથી પાલિકા તંત્ર એ લોકોને એવી અપીલ કરી છે કે બાળકોને સ્કુલે મોકલતી વખતે સાવચેતી રાખવામાં આવે તે જરૂરી છે. બાળક બીમાર હોય કે કોવિડ ના કોઈ પણ લક્ષણ દેખાતા હોય તેવા સંજોગોમાં બાળકોને સ્કુલે ન મોકલવા માટે વિનંતી કરી છે

સુરતમાં કાયમી સમાધાન પંચ દ્વારા

# ધંધાકીય, મિલકત, કૌટુંબિક સહિતના વિવાદમાં તપાસ બાદ થયું સમાધાન

સુરત, તા.૧૨

કોર્ટોમાં કેસોના ભારણને પગલે સમાજમાં ન્યાયના ક્ષેત્રે વિલંબ થાય છે અને તેને જોતા નાની–મોટી બાબતોમાં ઉભા થતાં વિખવાદો કોર્ટ કચેરીમાં ફેંસલાની રાહ જોતા વર્ષો વીતિ જાય છે. સમાધાનની રાહે વિવાદનો ફેંસલો કરવામાં આવે તો લોકોનો સમય અને ખર્ચ બચાવી શકાય. જેને સરકાર પણ અગ્રીમતા આપે છે. આવા સંજોગોમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વર્ષ ૧૯૮૭માં કાયમી સમાધાન પંચની સ્થાપના થઇ હતી. ત્યારથી આ સમાધાન પંચ આજે પણ અવિરતપણે નિષ્ઠાપૂર્વક કાર્યરત છે.

ગુજરાત હાઈકોર્ટની માન્યતા ધરાવતા તેમજ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, સુરત દ્વારા સંચાલિત કાયમી સમાધાન પંચમાં ચેમ્બરના સભ્યો, નિવૃત્ત ન્યાયાધિશો, વકીલો, ડોકટર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ તથા વિવિધ ક્ષેત્રોના મહિલા સામાજિક કાર્યકરો માનવ સેવા આપે છે અને તેમની હાજરીમાં વિવિધ ઝઘડાઓનું સમાધાન થાય છે. જેમાં તમામ પ્રકારના ધંધાકીય ઝઘડા, સ્થાવર અને જંગમ મિલ્કતોના ઝઘડા, પતિ–પત્નીના આંતરિક ઝઘડા, કૌટુંબિક ઝઘડા, નાણાંની લેવડ–દેવડના ઝઘડા તથા અન્ય કોઈપણ પ્રકારના વિવાદોનું સમાધાન કરવામાં આવે છે.

કાયમી સમાધાન પંચમાં ફકત અરજી કરવાની હોય છે. આ સેવા નિઃશુલ્ક છે તથા પ્રત્યેક માસના પ્રથમ અને ત્રીજા શનિવારે સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ઉપલબ્ધ છે. ડિસ્ટ્રીકટ કોર્ટના નિવૃત્ત ન્યાયાધિશની ઉપસ્થિતિમાં વિવાદની છણાવટ, તપાસણી અને અંતે ન્યાય આપવામાં આવે છે. સુરત અને સુરત બહારના પણ ઘણા કેસોની અરજીઓ આવે છે. આથી તેનો લાભ લેવા માટે જાહેર જનતાને અનુરોધ કરવામાં આવે છે.

# શહેરાના ગમન બારિયાના મુવાડા ગામે ગઢવીને તડીપાર અંગેનો હુકમ મોકૂફ રખાયો

શહેરા, તા.૧૨

શહેરા તાલુકાના ગમન બારીયાના મુવાડા ગામે રહેતા રાષ્ટ્રીય દેવીપુત્રો સેનાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ જોગીરાજ ગઢવીને તડીપાર કેમ ના કરવા એ અંગેની શહેરા પ્રાંત કચેરી દ્વારા નોટિસ આપવામાં આવી હતી જેને લઈ પ્રાંત કચેરીના ત્રણ મુદ્દતોમાં દલીલો ચાલી હતી જેમાં જોગીરાજ ગઢવીના વકીલ અનુપસિંહ સોલંકીએ સમગ્ર કેસને લઈ ધારદાર દલીલો કરતાં આખરે પ્રાંત કચેરી દ્વારા જોગીરાજ ગઢવીને તડીપાર કરવા અંગેનો હુકમને મોકૂફ રાખવામાં આવ્યું હતું. શહેરા તાલુકાના ગમન બારીયાના મુવાડાના વતની જોગીરાજ ગઢવીને ૨૯ માર્ચના રોજ પ્રાંત કચેરી શહેરા દ્વારા તેમને તડીપાર કેમ ન કરવા તે બાબતની નોટિસ આપવામાં આવી હતી. ત્યારબાદ જોગીરાજ ગઢવીએ શહેરાના વકીલ અને તેમના સમર્થકો સાથે પ્રથમ મુદ્દત ૧૧મી એપ્રિલના રોજ પ્રાંત કચેરી ખાતે હાજર રહ્યા હતા. જેમાં વકીલ દ્વારા લેખિત તથા મૌખિક ધારદાર દલીલો કરવામાં આવી હતી જેમાં કેવા સંજોગોમાં અને કેવા ગુનાઓમાં તડીપાર કરી શકાય અને કયા વિસ્તારમાંથી વિસ્તારમાંથી હદ પાર કરી શકાય તે અંગે યોગ્ય દલીલ દ્વારા જણાવવામાં આવ્યું હતું. આથી પ્રાંત કચેરી દ્વારા દલીલોને ગ્રાહ્ય રાખતા જોગીરાજ ગઢવીને સામેના તડીપાર અંગેનો હુકમ મોકૂફ રાખ્યો હતો.

આગામી ૧૭મીથી ધોળકા ખાતે

# કોમી એકતાના પ્રતીક સમા હઝરતશાહ દાદા (ર.અ.)નો ઉર્સ શરીફનો પ્રારંભ થશે

ધોળકા, તા.૧૨

અમદાવાદ જિલ્લાના ધોળકા ખાતે એસટી સ્ટેન્ડ પાસે આવેલ કોમી એક્તાના પ્રતિક સમાન પીર હઝરત ખ્વાજા હસન ખતીબ ચીશ્તી ઉર્ફે હઝરતશાહ દાદા (ર.અ.)ની દરગાહ ખાતે ૬૭૯માં ઉર્સની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. તા.૧૭ જૂન, શુક્રવારે સંદલ શરીફ, તા.૧૮ જૂન, શનિવારે કુર્આનખ્વાની, તા.૧૯ જૂન, રવિવારે કવ્વાલીનો કાર્યક્રમ, તા.૨૦ જૂન, સોમવારે બાળકોની તકરીર અને વાઅઝનો કાર્યક્રમ



તથા તા.૨૧ જૂન, મંગળવારે બાનુઓનો ઉર્સ રાખેલ છે. આ ઉર્સને સફળ બનાવવા માટે દરગાહ કમિટીનાં સભ્યો તથા ખિદમતગારો જહેમત ઉઠાવી રહ્યાં છે. દરમિયાન આજે રવિવારે પીર હઝરતશાહ દાદા (ર. અ.)ની દરગાહનાં ઘુમ્મટ ઉપરનાં કળશની રશમ શાનોશોકતપૂર્વક અદા કરવામાં આવી હતી.

# નડિયાદમાં ST સ્ટેન્ડમાં ગટરના ગંદા નીર ઊભરાતાં ભર ઉનાળે ચોમાસા જેવો માહોલ



નડિયાદમાં આવેલા એસટી સ્ટેન્ડમાં છેલ્લા કેટલાય દિવસોથી ગટરના ગંદા પાણી ઉભરાઈ રહ્યા છે જેના કારણે મુસાફરોને પારવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. છેલ્લા કેટલાય દિવસોથી આવી સ્થિતિ રહેતા રોજિંદા મુસાફરોમાં ભારે આક્રોશ જોવા મળ્યો છે. એસટી તંત્ર દ્વારા આ મામલે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ પ્રબળ બની છે. વહેલી તકે ગટરની સાફ-સફાઈ કરવામાં આવે અને ચોક અપ લાઈનને ખુલ્લી કરે તેવી માંગ મુસાફરો કરી રહ્યા છે. આ સાથે-સાથે બસ સ્ટેન્ડનો રોડ પણ અતિબિસ્માર હાલતમાં છે તો તેને પણ રીપેર કરાવવા માંગ ઊઠી છે. માથે જ ચોમાસુ છે ત્યારે આ મામલે પણ તંત્ર કોઈ નક્કર કામગીરી કરે તેમ મુસાફરો ઈચ્છી રહ્યા છે.

(તસવીર :- આરીફ મલેક, નડિયાદ)

# ડભોઈ-બોરિયાદ રોડ પર હાઈવા ટ્રકની અડફેટે સ્કૂટરચાલકનું કરૂણ મોત



ડભોઈ, તા.૧૨

ડભોઈ તાલુકાના બોરિયાદ નજીક રોડ ઉપર પૂરઝડપે દોડતી રેતી ની હાઈવા ટ્રકે જુપીટર મોપેડ ચાલકનો ભોગ લીધો છે. મૂળ શિનોરના અને વડોદરા રહેતા ભાવેશભાઈ પટેલનો પુત્ર કુશ ભાવેશ પટેલ સંખેડા તાલુકાના સ્વામી નારાયણ મંદિર રહી અભ્યાસ કરતો હતો. યુવક બપોરે ૧ વાગ્યાના સુમારે ડભોઈ કોલેજ મેદાન ખાતે ક્રિકેટની ટ્રેનિંગ માટે આવતો હતો. ત્યારે ડભોઈ તાલુકાના બોરિયાદ ગામ નજીક પુર ઝડપે દોડતાં રેતી ભરેલા હાઈવા ચાલકે યુવ ની જુપીટર મોપેડને અડફેટે લેતા યુવક રોડ ઉપર ફંગોળાયો હતો તેને માથા ભાગે ગંભીર ઈજાઓ થતા યુવકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે અજાણ્યો હાઈવા ચાલક અકસ્માત સર્જી ભાગી ગયો હતો. ડભોઈ પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે પોહોંચી યુવકના મૃતદેહને પી.એમ. માટે મોકલી આપી ભાગી છૂટેલા હાઈવા ટ્રક ચાલકને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.




હિંમતનગરના મોતીપુરામાં આવેલ જી.આઈ.ડી.સી.માં ૧૦૦થી વધુ યુનિટ કાર્યરત છે ત્યારે આજુબાજુ કે અંદર કોઈ બેન્ક કે એટીએમ ન હોવાથી પ્રમુખ શ્યામ સલુજા અને ટીમે માગણી કરતા પંજાબ નેશનલ બેંક દ્વારા એટીએમ શરૂ કરવા માટે જીલ્લા સમાહર્તા હિતેશ કોયા અને બેંકના મંડળ પ્રમુખ બીજેન્દ્રસિહે ઉદ્ઘાટન કર્યુ હતું જેમાં કાન્તિ શાહ(મોન્ટેજ), ગોપાલસીહ રાઠોડ, સુભાષભાઈ ઠક્કર, રામદાસ પંચમ નિતનવરે, વગેરે ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : એફ.કે. મનસુરી,હિંમતનગર)

# શહેરા તા.પં.ના ઈન્ચાર્જ ટીડીઓ તરીકે તેજલ પટેલે ચાર્જ સંભાળ્યો

શહેરા, તા.૧૨

પંચમહાલ જિલ્લાના શહેરાના તાલુકા વિકાસ અધિકારી તરીકે તેજસ પટેલની નિમણુક કરવામા આવી છે તેજસ પટેલે પોતાનો ચાર્જ સંભાળતા તાલુકા પંચાયતના વિવિધ શાખાના કર્મચારીઓ અને અધિકારીઓ દ્વારા તેમનુ સ્વાગત કરવામા આવ્યુ હતુ. તેજસ પટેલે હાલમા તાલુકા પંચાયતના ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી તરીકે ચાર્જ સંભાળ્યો



છે. યુવા અધિકારી તેજસ પટેલ આ પહેલા પણ તાલુકા પંચાયતના એટીડીઓ તરીકે પણ ફરજ બજાવી ચુક્યા છે.

# ડભોઈના તરસાણા ગામે વૃદ્ધ પર દીવાલ પડતા દબાઈ જતા મોત

ડભોઈ, તા.૧૨

ડભોઈ તાલુકાના તરસાણા ગામે નવીનગરીમાં રહેતા હંસાબહેન ગોવિંદભાઈ પટેલના ઘરની દીવાલ જર્જરિત હોવાથી ચોમાસાના વરસાદ આવતા પહેલાં દિવાલની મરામત માટે દીવાલ ઉતારવાની કામગીરી ચાલતી હોવાથી મદદમાં મજૂર સાથે દીવાલ ઉતારવા મેડા પર મદદ માટે વૃદ્ધ બળદેવભાઈ રમણભાઈ પટેલ ઉપર દીવાલ ઢસડી પડતા બળદેવભાઈ દીવાલ નીચે દબાઈ જતાં છાતીનાં ભાગે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ૧૦૮ની મદદ લેવામાં આવી હતી ૧૦૮ના તબીબો દ્વારા વૃદ્ધને મરણ જાહેર કરતા ૧૦૮માં પીએમ માટે ડભોઈ રેફરલ હોસ્પિટલ ખાતે લઇ જવાયા હતા.

# વડોદરામાં કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર સહિત આપના ૩૦૦થી વધુ કાર્યકરો ભાજપમાં જોડાયા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૨

આગામી વિધાનસભાની ચૂંટણીમાં તમામ ૧૮૨ સીટો જીતવાનો લક્ષ્યાંક ધરાવતી ભારતીય જનતા પાર્ટી એડીચોટીનું જોર લગાવી રહી છે. નરેન્દ્ર મોદીના આગમન પૂર્વે જ વડોદરા કોંગ્રેસના મહિલા કોર્પોરેટર તેમજ ભાજપના પૂર્વમંત્રી ઉપર હુમલો કરવામાં જેનું નામ સામે આવ્યું હતું તેવા સદ્દામ સહિત આપના ૩૦૦થી વધુ કાર્યકરોએ આજે કેસરિયો ધારણ કર્યો છે.

આજ સવારથી ભારે ચર્ચા ઊઠી હતી કે, કોંગ્રેસના કયા પૂર્વ કાઉન્સિલર ભાજપમાં જોડાઈ રહ્યા છે. જો કે, આ અંગેના કાર્યક્રમનું માંજલપુર સ્થિત વિનાયક પાર્ટી પ્લોટ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું, જેથી માંજલપુર અને મકરપુરાના કોંગ્રેસના કાઉન્સિલરોને લઈને અનેક તર્કવિતર્કો શરૂ થયા હતા. જો કે, મોડી સાંજે યોજાયેલા આ કાર્યક્રમમાં કોંગ્રેસના પૂર્વ મહિલા કાઉન્સિલર અને અકોટા-પાદરા વિધાનસભાના ઈન્ચાર્જ તરીકેની જવાબદારી નિભાવી ચૂકેલી છાયાબેન શુંભે, કલ્પનાબેન સુર્વે તથા પૂર્વમંત્રી સૌરભ પટેલ ઉપર હુમલો કરવામાં જેનું સામે ખૂલ્યું હતું, તેવા નારાયણ રાજપૂત ઉર્ફે સદ્દામે આજે ભાજપ પ્રદેશ મહામંત્રી ભાર્ગવ ભટ્ટ અને શહેર પ્રમુખ ડૉ.વિજય શાહની આગેવાનીમાં કેસરિયો ધારણ કર્યો હતો. આ સાથે વડોદરના આમ આદમી પાર્ટીના ૩૦૦થી વધુ કાર્યકરોએ પણ ભાજપની ટોપી અને કેસરિયો ધારણ કર્યો હતો.

ઉલ્લેખનીયે છે કે, તાજેતરમાં જ આમ આદમી પાર્ટી પ્રદેશનું આખુ માળખુ વિખેરી નવા માળખાની રચના કરી રહી છે, તેવામાં શહેરના સાગમટે ૩૦૦થી વધુ કાર્યકરો ભાજપમાં જોડાતા આમ આદમી પાર્ટીને મોટા ઝટકાનો સામનો કરવો પડશે.

## તેજસ્વી તારલા

**નરસંડા**

નડિયાદ તાલુકાના નરસંડામાં આવેલ બી.એમ. પટેલ હાઈસ્કૂલમાં ન્યુ. એસ.એસ.સી. માં અભ્યાસ કરતી મુસ્કાનબાનુ મહંમદ હનીફ મલેકએ માર્ચ ૨૦૨૨માં લેવાયેલી બોડની પરીક્ષામાં ૬૦૦માંથી ૫૦૭ માર્કસ



મેળવી ૯૫ પીઆર રેન્ક મેળવેલ છે. તેણે વિજ્ઞાનમાં વિષયમાં ૧૦૦માંથી ૮૭ ગુણ, સામાજિક વિજ્ઞાન વિષયમાં ૧૦૦માંથી ૮૭ ગુણ તથા સંસ્કૃત વિષયમાં ૧૦૦માંથી ૮૪ ગુણ મેળવી શાળા તથા મુસ્લિમ સમાજનું ગૌરવ વધારેલ છે.

**ધોળકા**

ધોળકાની એફ.એમ.સી.ટી. સ્કૂલનો વિદ્યાર્થી મોમીન



મોહંમદ સમીર આશિક હુસેન (દૂધવાલા) ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષામાં ૯૩.૪૬ PR સાથે A2 ગ્રેડ મેળવી ઉત્તીર્ણ થયેલ છે. તેણે વિજ્ઞાનમાં ૯૧, ગણિતમાં ૯૬ માર્કસ પ્રાપ્ત કર્યા છે.

**ભાવનગર**


ધો.૧૦માં અભ્યાસ કરતી કાઝી



ઝોયા ખુરશીદભાઈ ૮૫.૭૯ પર્સન્ટાઈલ સાથે બી-૧ ગ્રેડ પરીક્ષા પાસ કરી શાળા પરિવાર તથા સમાજનું નામ રોશન કર્યું છે.

**ભાવનગર**


અરફાત અફઝલ ડેરૈયાએ



ધો.૧૦માં ૯૧ પર્સન્ટાઈલ અને ૭૯ ટકા સાથે ઉત્તીર્ણ થઈ શાળા પરિવાર તથા સમાજનું નામ રોશન કર્યું છે.

**ભાવનગર**

સોલંકી સિંકદરભાઈ મુશર્રફે



ધો.૧૦માં ૮૧.૯૨ પર્સન્ટાઈલ અને ૭૨ ટકા સાથે ઉત્તીર્ણ થઈ શાળા તથા પરિવારનું નામ રોશન કર્યું છે.

**ભાવનગર**

ધોરણ ૧૦માં આવેલ પરિણામમાં



ભાવનગરની જીદરાની અલમીરાહ અબ્દુલરજાક ભાઈએ ૯૦.૨૭ પર્સન્ટાઈલ સાથે ઉત્તીર્ણ થઈ મુસ્લિમ સમાજનું ગૌરવ વધારેલ છે.

**ભાવનગર**

ધોરણ ૧૦માં આવેલ પરિણામમાં ભાવનગરના મહંમદદાઈન



જુબેરભાઈ કાઝીએ ૯૧.૮૭ પર્સન્ટાઈલ સાથે એ-૨ ગ્રેડ મેળવી શાળા, પરિવાર તથા સમાજનું ગૌરવ વધાર્યું છે.

**હિંમતનગર**

હિંમતનગર આમેના હાઈસ્કૂલમાં અભ્યાસ કરતી સારાહ મો.હનીફ મેમણ (જૂનાગઢવાલા) જે ૯૯.૮૦



પર્સન્ટાઈલ સાથે એ-૧ ગ્રેડ મેળવી શાળામાં પ્રથમ આવી સમાજનું તેમજ સ્કૂલનું ગૌરવ વધાર્યુ હતું. સારાહએ ગણિતમાં ૧૦૦ ગુણ, સો.સાયન્સમાં ૧૦૦ ગુણ મેળવી ભવિષ્યમાં મેડિકલમાં જઈ માસ્તર ડિગ્રી પ્રાપ્ત કરી લોક સેવા કરવાની ઈચ્છા ધરાવે છે.


# સુરતની ફાયેઝા શેખે ધો.૧૨ની પરીક્ષામાં ૯૮.૬૪ પર્સન્ટાઈલ સાથે એ-૨ ગ્રેડ મેળવ્યો



ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધો.૧૨ની પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જ જાહેર થયું હતું. સમગ્ર ગુજરાતભરમાં સૌથી ઊંચું પરિણામ સુરતનું હતું. સુરત શહેરના નાનપુરા ડોટીવાલા બેકરીની પાછળ રહેતી ફાયેઝા સાજીદ શેખે ૯૮.૬૪ પર્સેન્ટાઈલ સાથે એ-૨ ગ્રેડ પ્રાપ્ત કરી શાળા, પરિવાર અને સમાજનું નામ રોશન કર્યું હતું. તેજસ્વી ફાયઝા શેખે એકાઉન્ટ્સમાં ૧૦૦ ગુણમાંથી ૯૫, સ્ટેટિસ્ટિક્સમાં ૧૦૦ ગુણમાંથી ૯૫, ઓઆરજી ઓફ કોમર્સમાં ૧૦૦ ગુણમાંથી ૯૫ અને ઈકોનોમિક્સમાં ૧૦૦માંથી ૯૪ ગુણ મેળવ્યા હતા. પરિવારે તેજસ્વી વિદ્યાર્થિની ફાયઝાને ઢગલેને પગલે પ્રગતિ કરે તેવી દુવા આપી સન્માન કર્યું હતું.

# ડીસાની અન્સારી અદિબાએ ધો.૧૦મા ૯૭.૫૦ પર્સન્ટાઈલ મેળવ્યા

**અદિબા વાંચન સાથે પાંચ ટાઈમની નમાઝ પઢતી હતી સફળતાનો શ્રેય માતા-પિતા તથા શિક્ષકોને આપ્યો**



ડીસાની અસગરી સોસાયટી ખાતે રહેતી અન્સારી અદિબા નસીમુદ્દીને ચાલુ સાલે લેવાયેલ ધો.૧૦ની પરીક્ષામાં ૯૭.૫૦ પર્સન્ટાઈલ સાથે પ્રથમ નંબર મેળવી અન્સારી સમાજ તથા ડીસા શહેરનું નામ રોશન કર્યું હતું. એક મુલાકાતમાં જણાવ્યું હતું કે તેણી દરરોજ પાંચ કલાક વાંચન સાથે પાંચ ટાઈમ નમાઝ પઢતી હતી. મા બાપની તથા ઈરફાન સરની દુઆ સાથે મહેનત કરી ઝળહળતી સફળતા મેળવી છે. વધુ અભ્યાસ કરી સરકારી નોકરી કરી દેશની અને સમાજની સેવા કરવાની તમન્ના દર્શાવી હતી.

# જૂના દીવાની મદ્રેસા પ્રાયમરી એન્ડ સેકન્ડરી સ્કૂલનું ધો.૧૦નું ૧૦૦ ટકા પરિણામ

અંકલેશ્વર, તા.૧૨



તાજેતરમાં જાહેર કરાયેલ પરિણામમાં જૂના દીવાની મદ્રેસા પ્રાયમરી એન્ડ સેકન્ડરી સ્કૂલનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. શાળાની વિદ્યાર્થિનીઓ રાબિયા ફારૂક બડાભાઈએ ૯૭.૩૨ પર્સન્ટાઈલ સાથે પ્રથમ ક્રમાંક, પટની રૂબીના મોહંમદ ઝુબેરે ૯૫.૬૮ પર્સન્ટાઈલ સાથે શાળામાં બીજો ક્રમાંક જ્યારે શાહ સાહિસ્તા ઈલ્યાસે ૯૪.૮૬ પર્સન્ટાઈલ મેળવી શાળામાં ત્રીજો નંબર મેળવ્યો છે. ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થિનીઓને શાળા સંચાલકો તથા શિક્ષકોએ અભિનંદન પાઠવ્યા હતા.

# સુરતના છેવાડે કાંઠા વિસ્તારમાં કોળી પટેલ સમાજને જમીન ફાળવણી નહીં કરતા રોષ

(સંવાદદાતા દ્વારા)


સુરત, તા.૧૨

સુરત શહેરના છેવાડે આવેલ કાંઠા વિસ્તારના ખજોદ, જીઆવ, આભવામાં આવેલી સરકારી જમીનોમાંથી લાખો ચોરસ મીટર જમીન સંપાદન કરી હોવા છતાં સ્થાનિક કોળી પટેલ સમાજના અનેક જાહેરહિતો માટે જમીન ફાળવણી નહીં કરતા સ્થાનિક ગ્રામવાસીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કાંઠા વિસ્તારમાં સચીનથી લઈને હજીરા સુધીના આશરે ૪૦ થી ૪૫ ગામો આવ્યા છે. આ ગામોની અંદાજે ત્રણ લાખમાંથી બહુમત વસ્તી કોળી પટેલ સમાજની છે. આ ગામોની જમીનને લઈને કાંઠા વિસ્તારના પરિવર્તન ટ્રસ્ટ દ્વારા રજુઆત કરાઈ છે કે આ વિસ્તારના કોળી પટેલ સમાજના લોકોની ખેતીલાયક લાખો ચોરસ મીટર જમીન સરકારે વિકાસના કામો માટે સંપાદન કરી હસ્તગત કરી છે. પરંતુ સમાજે માંગેલી જમીન નકારી કાઢવામાં આવી છે. જેમાં કાંઠા વિભાગ નવનિર્માણ મંડળે જીઆવની ૧૦૦ હેકટર જમીન સ્કુલ કોલેજ, હોસ્પિટલ તેમજ વિવિધ પ્રવૃતિઓ માટે માંગ કરતા નકારી કાઢવામાં આવી છે. ચોર્યાસી, કાંઠા વિભાગ યુવા કોળી સમાજે પણ જમીનો માંગી હતી. પરંતુ તમામને આપવામાં આવી નથી. બીજી તરફ આ જમીન પર અમારો પ્રથમ હક્ક બનતો હોવા છતા અલગ અલગ ઉદ્યોગોને, યુનિવર્સિટીઓને ફાળવી છે. પરંતુ કાંઠા વિસ્તારના લોકોને, કોળી પટેલ સમાજના લોકોને નહીં ફાળવતા આક્રોશ વ્યક્ત કર્યો હતો.

**પ્રભાસ પાટણ**

પ્રભાસ પાટણ ખાતે રહેતા પંજા મોહંમદ જિસાન જાવેદે



ધો.૧૦ના પરિણામમાં ૯૨.૬૧ પર્સન્ટાઈલ સાથે એ-૨ ગ્રેડ મેળવી શાળા, પરિવાર તથા સમાજનું નામ રોશન કરેલ છે. મો.ઝિસાનને આગળ વધુ અભ્યાસ કરી મેડિકલ લાઈનમાં જવાની ખેવના છે.

## કાર્યક્રમ

ગોધરા

ગોધરા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળની કારોબારીની સભા તા.૧૪-૬-૨૨ના રોજ બપોરે ૧૨ વાગે રાખવામાં આવી છે. કારોબારી સભ્યોને આ મિટિંગમાં હાજર રહેવા મહામંત્રી અ.મુનાફ શેખે અનુરોધ કર્યો છે.

ગાંધીનગરમાં રૂા.૨૭૯ કરોડથી વધુના એક જ દિવસમાં વિકાસ કામો ભેટ આપતા કેન્દ્રીય મંત્રી

# સરકાર અને સમાજનું સામંજસ્ય જ આદર્શ લોકશાહીનું ઉત્તમ ઉદાહરણ

## શહેરીકરણ, આપત્તિ-ચેલેન્જ નહીં અવસર-તક બનાવવાની સિદ્ધિ મેળવી છે : મુખ્યમંત્રી

## અગાઉની સરકારોએ 'ગરીબી હટાવો'ના માત્ર નારા આપ્યા હતા : અમિત શાહ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૨

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી તેમણે એવી શાસન પદ્ધતિ ઊભી કરી છે કે નાગરિકોએ માગણી માટે સરકાર પાસે આવવું ન પડે, સરકાર જ સામેથી યોજનાઓ લઈને નાગરિકો સુધી પહોંચે. સરકાર અને સમાજનું સામંજસ્ય જ આદર્શ લોકશાહીનું ઉત્તમ ઉદાહરણ છે. અમિત શાહે કહ્યું હતું કે, અગાઉની સરકારોએ 'ગરીબી હટાવો'નો માત્ર નારા આપ્યા પરંતુ ગરીબી હટી નથી શકી. વડાપ્રધાને આઠ વર્ષમાં દરેકના ઘર સુધી અનેક સરકારી યોજનાઓના લાભો પહોંચાડયા છે. વીજળીકરણ, શૌચાલય પછી હવે હર ઘર પીવાનું પાણી પહોંચી રહ્યું છે. આવી અનેક યોજનાઓના લાભો લોકો સુધી પહોંચ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાને સર્વસ્પર્શી વિકાસ અને સર્વ સમાવેશક વિકાસ કર્યો છે. ગામ હોય, શહેર હોય કે વન વિસ્તારમાં રહેતા ગ્રામીણ નાગરિકો, મહાનગરપાલિકા હોય કે મ્યુનિસિપાલિટી હોય સૌને સમાન સુવિધાઓ પહોંચી છે. વિકાસના આ ગુજરાત મોડેલની દેશભરમાં ચર્ચા થઈ અને એટલે જ સમગ્ર દેશવાસીઓએ દેશનું શાસન વડાપ્રધાન મોદીના હાથમાં સોંપ્યું. ગાંધીનગર મહાનગર અને ગાંધીનગર સંસદીય મતક્ષેત્રના રૂા.૧૯૩.૧૨ કરોડના ખાતમુહૂર્ત તથા રૂા.૮૫.૮૯ કરોડના લોકાર્પણ મળી એક જ દિવસમાં ૨૭૯ કરોડ રૂપિયાના વિકાસ કામોની આજે ભેટ મળી હતી. પોતાના સંસદીય મતવિસ્તાર ગાંધીનગરને દેશનો શ્રેષ્ઠ સંસદીય મતવિસ્તાર બનાવવાની નેમ સાથે અમિત શાહે કહ્યું હતું કે, છેલ્લા ત્રણ વર્ષમાં ગાંધીનગર મતવિસ્તારના વિવિધ કામો નાગરિકોની સેવાઓ માટે ખુલ્લા મૂક્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું કે ગુજરાતે શહેરીકરણને આપત્તિ-ચેલેન્જ નહીં, અવસર-તકમાં પલટાવ્યું છે. ૪૮ ટકા શહેરીકરણ ધરાવતું ગુજરાત શહેરી સુખાકારીમાં પણ અગ્રેસર છે. આદિવાસી ક્ષેત્ર, ખેતી, અવકાશ ક્ષેત્ર સહિત નાગરિકોના તમામ વર્ગ, વિકાસના હરેક ક્ષેત્રને ધ્યાને રાખી ગુજરાતે હોલિસ્ટિક ડેવલપમેન્ટની દિશા લીધી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે ઈઝ ઓફ લિવિંગ માટે સૌને આવાસ, પાણી, વીજળી, ડ્રેનેજ, ઓનલાઈન ટેક્ષ પેમેન્ટ જેવી માળખાકીય સુવિધા ગુજરાતે પૂરી પાડી છે.

ભાજપ સરકાર પર કોંગ્રેસના આકરા પ્રહારો

# સત્તા મેળવવા માટે બદલાવની વાત કરતી મોદી સરકાર બદલાની રાજનીતિ કરી રહી છે

## અમદાવાદમાં આજે કોંગ્રેસના દેખાવો, ધરણા પ્રદર્શન કરશે : ઠાકોર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૨

કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતૃત્વ રાહુલ ગાંધી પર કરવામાં આવેલા ખોટા કેસ વિરૂદ્ધ કાર્યક્રમ અંગેની વિગત આપતા પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, સીબીઆઈ, ઈડી સહિતની કેન્દ્રીય સરકારી એજન્સીઓનો દુરૂપયોગ કરી જનતાના અવાજને - વિપક્ષના અવાજને દબાવવાનો નિષ્ફળ - નિરર્થક પ્રયાસ ભાજપ સરકાર કરી રહી છે. કોંગ્રેસ કાર્યકર - નેતા, આગેવાનોને દબાવવાનો, ડરાવવાનો, બદનામ કરવાનો અને મુશ્કેલીમાં મુકવાથી કોંગ્રેસ પક્ષનો કાર્યકર ભાંગી પડશે તે ભુલ ભરેલુ છે. અમદાવાદ, મેમનગર ઈડી ઓફિસની સામે સોમવારે સવારે ૧૦-૦૦ કલાકે કોંગ્રેસ પક્ષ દેખાવો - ધરણા પ્રદર્શન કરશે. "સત્ય માટે લડતા હતા સત્ય માટે લડતા રહીશું" અને અસત્ય સામેની લડાઈમાં જીત મેળવશે. ગુજરાતમાં પણ થાનગઢમાં દલિતો પર અત્યાચાર સરકારીતંત્રની હાજરીમાં ઢોરમાર મારવામાં આવ્યો. પોતાનો હક્ક અધિકારની વાત લઈ નીકળેલા ૧૪-૧૪ પાટીદાર યુવકોને ધોળેદહાડે ગોળી રેહસી નાખ્યા. LRDમાં ભરતી વિસંગતતા દુર કરવા કરવા આવેલા આંદોલન પર પણ પોલીસતંત્ર દ્વારા જોર જુલમ કરી યુવાનોના અવાજને દબાવવાનો પ્રયાસ થયો. રોજગારનાં અધિકારની વાત લઈને નીકળેલા ગુજરાતના યુવાનો પર ગાંધીનગરમાં લાઠીઓ વિંઝવામાં આવી. ગુજરાતમાં ભાજપને માત્ર ૭૦ બેઠક મળશે તેવા આંતરિક સર્વેથી ગભરાયેલ, બઘવાઈ ગયેલ ભાજપ કોંગ્રેસ પક્ષના નેતાઓ ઉપર પોલીસ બળનો ઉપયોગ કરી રહી છે અને ડરનો વાતાવરણ ઉભો કરવાનો પ્રયાસ કરી રહી છે.

મોટેરા સ્ટેડિયમનું જેના નામે પ્રખ્યાત બન્યું તેવા ગુજરાતના પનોતા પુત્ર અખંડ ભારતના રચયતા લોહપુરૂષ સરદાર વલ્લભ પટેલનું નામ ભુસવાનું હિનકૃત્ય ભાજપ સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. ત્યારે સરદાર સાહેબની કર્મભૂમિ બારડોલીથી મોટેરા સુધીની યાત્રાને બારડોલીમાં પોલીસ તંત્રના બળજબરી દ્વારા કાર્યકર્તા, આગેવાનોને ધરપકડ કરવામાં આવી. કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા પવન ખેરાએ જણાવ્યું હતું કે, સત્તા મેળવવા માટે "બદલાવની વાત" કરતી મોદી સરકાર, સત્તા મેળવ્યા બાદ "બદલાની રાજનીતિ" કરી રહી છે. વર્તમાન સમયમાં સંપાદકીય ઉત્કૃષ્ટતા છતાં નેશનલ હેરાલ્ડ નાણાંકીય તંગી અનુભવી રહ્યું હતું. આ નાણાકીય કટોકટીમાંથી ઉગરવા માટે કોંગ્રેસ પક્ષે ૨૦૦૨ થી ૨૦૧૧ દરમ્યાન ૧૦૦ હપ્તે ૯૦ કરોડની રકમ નેશનલ હેરાલ્ડના કર્મચારીઓના પગાર, સ્વેચ્છિક નિવૃત્તી, વિજળી બીલ, વેરો સહિતની ચૂકવણી માટે આપ્યા હતા. ભાજપ અને તેના મળતીયાઓ નેશનલ હેરાલ્ડને આપેલા ૯૦ કરોડની લોન આપવાની બાબતને ગુનો ગણાવે છે પરંતુ ભારતના ચૂંટણી પંચે આ બાબતમાં કોઈપણ પ્રકારનો ગુનાહિત વાત ન હોવાનું જણાવ્યું હતું. ભાજપ દ્વારા કરવામાં આવતા આક્ષેપો વાહિયાત અને બદઈરાદા પૂર્ણ છે.

ભાજપ અને કોંગ્રેસને ટક્કર આપવા ૮૫૦ પદાધિકારીઓનું નવું સંગઠન બનાવાયું

# વિધાનસભાની ચૂંટણી પહેલાં આપ પાર્ટી દ્વારા નવી જમ્બો ટીમની જાહેરાત !

## ગુજરાતમાં મુખ્યમંત્રીનો ચહેરો ચૂંટણી પહેલાં જાહેર કરાશે : પ્રભારી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૨

રાજયમાં વિધાનસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. દરેક ભાજપ અને કોંગ્રેસ પોતપોતાની તૈયારીમાં છે તેવામાં આ વર્ષે વિધાનસભા ચૂંટણીનો આ જંગ ત્રિપાંખીયો ખેલાશે. ભાજપ કોંગ્રેસ ઉપરાંત આપ પણ આ વર્ષે મેદાનમાં મજબૂત દાવેદાર તરીકે ઉતરવા માગે છે અને તે માટે જ વિધાનસભા ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટીએ પોતાના ગુજરાતના માળખામાં ધરખમ ફેરફાર કર્યા છે. આજે આમ આદમી પાર્ટીના ગુજરાતના ચૂંટણી પ્રભારી ડો. સંદીપ પાઠકે નવા સંગઠનની જાહેરાત કરતા જણાવ્યું કે, ઈસુદાન ગઢવી આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયુક્ત મહાસચિવ અને ઈન્દ્રનિલ રાજયગુરૂ રાષ્ટ્રીય સંયુક્ત સચિવ તરીકે નિમણૂક કરવામાં આવી છે. એટલું જ નહીં આપે ગુજરાત જીતવા માટે પોતાની જમ્બો ટીમ બનાવી છે. જેમાં ૮૫૦ જેટલા કાર્યકર્તાઓને હોદ્દેદારો બનાવવામાં આવ્યા છે. ડો. સંદીપ પાઠકે પ્રેસ કોન્ફરન્સમાં આગળ જણાવ્યું કે આપની પરિવર્તન યાત્રા ૧૮૨ વિધાનસભામાં નીકળી હતી. જેમાં લોકોનો અમને સારો પ્રતિસાદ મળ્યો છે અને ગુજરાતના લોકોએ આમ આદમી પાર્ટીને તેના નામ પ્રમાણે જ જાણી છે, જે દરેક સામાન્ય માણસની પાર્ટી છે. અમે ગામડાઓમાં પણ બેઠકો કરી છે અને જનસંવાદ કર્યો છે. જનતા આજે બદલાવ માટે તૈયાર છે. તેમને બસ એક સારો વિકલ્પ જોઈએ છીએ. આ માટે જ બે મહિનામાં લાખો લોકો અને ૩૦,૦૦૦થી વધુ એક્ટિવ લોકો પાર્ટી સાથે જોડાયા છે. તેવામાં જૂના સંગઠનને વિખેરી ચૂંટણીને ધ્યાનમાં રાખી આજે નવું સંગઠન જાહેર કરવામાં આવી રહ્યું છે. આ સંગઠન ગામડા સુધીના સ્તરનું છે. ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, સંગઠનમાં વધારે લોકોનો સમાવેશ કરીને એક માળખું તૈયાર કર્યું છે. અમે તાકાતથી ચૂંટણીમાં ટક્કર આપીશું.' ગુજરાતમાં પાર્ટી માટે મુખ્યમંત્રીનો ચહેરો કોણ રહેશે એ મામલે વાત કરતા સંદીપ પાઠકે કહ્યું કે ગુજરાતમાં મુખ્યમંત્રીનો ચહેરો જરુર ચૂંટણી પહેલા નક્કી કરવામાં આવશે. જે તે સમયે અમે ચોક્કસ ચહેરો જાહેર કરીશું. જયારે ગુજરાતના પ્રભારી ગુલાબસિંહ યાદવે જણાવ્યું હતું કે, તમામને અભિનંદન આપું છું. અલગ અલગ સેલના પ્રમુખો અને ઉપપ્રમુખ બનાવવામાં આવ્યા છે. આ વખતે ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામો ચોંકાવનારા રહેશે.

રાજ્યમાં આગામી પાંચ દિવસ વરસાદની આગાહી વચ્ચે

# સુરતમાં બે ઈંચ વરસાદ ખાબકતા રસ્તા પર પાણી ભરાયા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૨

રાજયમાં પ્રિ-મોન્સૂન વરસાદનો પ્રારંભ થઈ ચૂક્યો છે. હવામાન વિભાગ દ્વારા પણ રાજયમાં પાંચ દિવસ સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે આજરોજ વહેલી સવાર સુધી સુરત શહેરમાં બે ઈંચ જેટલો વરસાદ ખાબકતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. સૌથી વધુ વરસાદ વરાછા ઝોન-એમાં નોંધાયો હતો અને વરસાદને લીધે રસ્તા પર પાણી ભરાઈ જતાં વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

છેલ્લા ત્રણ દિવસથી દક્ષિણ ગુજરાતમાં વરસાદ પડી રહ્યો છે. જ્યારે આગામી પાંચ દિવસ વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આજ રોજ વહેલી સવારે સુરતના વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ગતરાત્રિથી સવાર સુધીમાં બે ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. ઉધના-વરાછા વિસ્તારમાં રોડ પર પાણી ભરાઈ ગયા હતા. ભારે પવન સાથે વરસાદના પગલે અમરોલી સહિતના વિસ્તારમાં વીજળી ડૂલ થઈ ગઈ હતી. સવાર સુધી વીજ પુરવઠો રાબેતા મુજબ થયો ન હતો. સુરત સાથે દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસથી વાદળછાયું વાતાવરણ છે. વલસાડ, નવસારી સહિતના વિસ્તારમાં છેલ્લા બે દિવસથી હળવો વરસાદ પડી રહ્યો છે. ત્યારે વહેલી સવારે સુરત શહેરના વાતાવરણમાં પલટો આવ્યો હતો. રાત્રિ દરમિયાન રાત્રે ૮થી સવારના ૮ વાગ્યા સુધીમાં બે ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. જેમાં સૌથી વધુ વરસાદ વરાછા ઝોન-એમાં ૪૬ મિમિ વરસાદ પડ્યો હોવાનુ જાણવા મળે છે. ભારે ગરમી વચ્ચે વરસાદ પડવાના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. જો કે, ધોધમાર વરસાદ ખાબકતા ઉધના, પાંડેસરા અને વરાછા વિસ્તારમાં રોડ પર પાણી ભરાઈ ગયા હતા. રોડ પર પાણી ભરાવાના કારણે વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ઝોન મુજબ વરસાદની સ્થિતિ જોઈએ તો સેન્ટ્રલમાં ૨૭, વેસ્ટમાં ૧૮, નોર્થમાં ૧૫, ઈસ્ટ ઝોન-એમાં ૪૬, ઈસ્ટ ઝોન બીમાં ૪૪, સાઉથ ઝોનમાં ૨૮, સાઉથ વેસ્ટ ઝોનમાં ૨૭ અને સાઉથ ઈસ્ટ ઝોનમાં ૪૩ મીમી વરસાદ નોંધાયો છે.

ચોમાસાની ઋતુના પ્રારંભ પહેલાં જ હળવા ઝાપટાંમાં જ બની ઘટના

# અમદાવાદના ચાંદખેડામાં વીજ કરંટ લાગતા બાળક અને મહિલાનું મૃત્યુ

## બંને ઈજાગ્રસ્તોને તરત હોસ્પિટલે લઈ જવાયા પરંતુ મિનિટોમાં જ થયા મૃત જાહેર

અમદાવાદ, તા.૧૨

ચોમાસું શરૂ થતાં પહેલા જ એક લાલબત્તી સમાન ઘટના સામે આવી છે. શહેરના ચાંદખેડા વિસ્તારમાં શુભલક્ષ્મી સોસાયટીના સિફોન સોસાયટીમાં એક દુખદ ઘટના બની છે. અમદાવાદમાં પહેલા વરસાદમાં જ સ્ટ્રીટ લાઈટના થાંભલાને અડતા ૧૦ વર્ષના બાળક અને મહિલાને કરંટ લાગતા મોત નીપજયું છે. જેના કારણે બંને પરિવારોમાં જાણે પહાડ તૂટી પડ્યો હોય તેવી સ્થિતી સર્જાઇ છે. આ દુખદ સમાચાર વાયુવેગે આખા વિસ્તારમાં પ્રસરતા ચકચાર મચી જવા પામી છે. બંનેના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવીને પરિવારને સોંપવામાં આવશે. મૃતક બાળકના પિતા પીન્ટુભાઈના જણાવ્યા પ્રમાણે, સામાન્ય વરસાદના છાટાં પડ્યા હતા જેના કારણે કરંટ આવી ગયો હતો. આ દરમિયાન છોકરો ગેટની અંદર આવી રહ્યો હતો કે બહાર જઈ રહ્યો હતો તે ચોક્કસ નથી. પરંતુ તેને ગેટને અડતા અચાનક જ કરંટ લાગ્યો હતો. જે બાજુવાળા ભાભીએ જોયું હતું અને તે દોડીને આવ્યાં અને તેને અડ્યા કે તેઓ પણ પડી ગયા હતા. આ બંનેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યાં પરંતુ ૧૦ જ મિનિટમાં હોસ્પિટલમાંથી જણાવવામાં આવ્યું કે, તે બંનેનું મોત થઈ ગયું છે. અમદાવાદમાં રવિવારથી એટલે આજથી ૧૫ જૂન સુધીમાં ગાજવીજ સાથે અંદાજે ૧ ઈંચ આસપાસ વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. ૧૩ જૂને એટલે સોમવારે સવારે ગાજવીજ સાથે વરસાદની સૌથી વધુ શક્યતા દર્શાવાઈ છે. સોમવારથી જ રાજયમાં શાળાઓ પણ શરૂ થવાની છે. નોંધનીય છે કે, અમદાવાદના વાતાવરણમાં પલટો આવ્યો હતો અને રાણીપ, એસજી હાઈવે, ઘાટલોડિયા, ગોતા સહિતના કેટલાક વિસ્તારમાં વરસાદી છાટાં પણ પડ્યા હતા.

હવામાન વિભાગની ૧૩ જૂનની આગાહી પહેલાં જ રાત્રે પડ્યો વરસાદ

# અમદાવાદ શહેરમાં વરસાદની ધમાકેદાર કડાકા-ભડાકા સાથે એન્ટ્રી



## શહેરના નીચાણવાળા માર્ગો સહિતના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૨

રાજયમાં ચોમાસાની શરૂઆત થઈ ગઈ હોય તેમ અમદાવાદમાં રાત્રે વિવિધ વિસ્તારોમાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ શરૂ પડ્યો હતો. અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ બંને વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો. જેના પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. કાળઝાળ ગરમીમાં શેકાતા અમદાવાદીઓને વરસાદથી રાહત થઈ છે અને ટાઢક વળી છે. અમદાવાદમાં રવિવારથી માંડી ૧૫ જૂન સુધીમાં ગાજવીજ સાથે અંદાજે ૧ ઈંચ આસપાસ વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરાઈ છે.

અમદાવાદ શહેરમાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ શરૂ થયો છે. એસજી હાઈવે, સોલા ,ગોતા, શાહીબાગ, નરોડા, નિકોલ, ન્યુ રાણીપ, સાબરમતી, ચાંદખેડા, જગતપુર સહિતના વિસ્તારમાં રાત્રે વરસાદ પડયો હતો. પાલડી , ગીતા મંદિર બસ સ્ટેન્ડ, જમાલપુર વિસ્તાર સહિત અમદાવાદના અલગ અલગ વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. વધુ વરસાદને લીધે નીચાણવાળા માર્ગો સહિતના વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યો હતો. ૧૩ જૂને સવારે ગાજવીજ સાથે વરસાદની સૌથી વધુ શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી હતી. જોકે મોડી રાતે વરસાદ શરૂ થયો હતો. શનિવારે બપોર પછી અમદાવાદના વાતાવરણમાં પલટો આવ્યો હતો અને રાણીપ, એસજી હાઈવે, ઘાટલોડિયા, ગોતા સહિતના કેટલાક વિસ્તારમાં છાંટા પણ પડ્યા હતા.

અમદાવાદમાં વરસાદ પહેલા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રિમોન્સુન કામગીરી કરવામાં આવે છે, જેની પહેલા જ વરસાદમાં પોલ ખુલી ગઈ છે. શહેરના સિવિલ ૧૨૦૦ બેડ હોસ્પિટલ ગેટ રોડથી મેઘાણીનગર તરફ જવાના રોડ પર પાણી ભરાઈ ગયું હતું. રોડની ફૂટપાથ સુધી પાણી ભરાઈ જતા વાહન ચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. કોર્પોરેશનના વોટર એન્ડ ડ્રેનેજ વિભાગ દ્વારા શહેરમાં કેચપીટ સફાઈના બે રાઉન્ડ કરવામાં આવ્યા હોવાની વાતો વચ્ચે જો માત્ર અડધા ઈંચના વરસાદમાં જ આટલું પાણી ભરાઈ જતું હોય તો બે થી ચાર ઈંચ શહેરમાં વરસાદ પડે તો રોડની હાલત કેવી થાય તેવા પ્રશ્નો ઊભા થવા પામ્યા છે.

# અમદાવાદ RTOના વેચાયા વગરના નંબરોનું ઈ-ઓક્શન કરાશે

## ગોલ્ડન અને સિલ્વર નંબરોના ઓક્શન માટે ૧૬ જૂનથી કાર્યવાહી કરાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૨

અમદાવાદ આરટીઓ કચેરી ખાતે અગાઉની સિરીઝના ગોલ્ડન અને સિલ્વર નંબર વેચાયા વગરના પડ્યા રહ્યા હોઈ હવે તેમનું ઈ-ઓક્શન કરવાનું નક્કી કરાયું છે. આ માટે ૧૬ જૂનથી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ગોલ્ડન અન સિલ્વર નંબરોની કિંમતમાં વધારો કરવામાં આવ્યા બાદ વાહન માલિકો આ નંબરો પ્રત્યે મોટી રકમ ખર્ચ કરતા અચકાતા હોવાના લીધે ઘણી સિરીઝમાં ગોલ્ડન અને સિલ્વર નંબર વેચાયા વગરના બાકી રહ્યા છે. ગોલ્ડન અને સિલ્વર નંબર તેમની નક્કી કરેલી કિંમત કરતા ઓછી કિંમતમાં આપવામાં આવતા ન હોવાથી હવે બાકી રહેલા નંબરો માટે ઈ-ઓક્શન કરવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ આરટીઓમાં નવી સિરીઝમાં ગોલ્ડન, સિલ્વર તથા અન્ય નંબરોનું ઈ-ઓક્શન કરવામાં આવે છે. જેમાં ગોલ્ડન નંબર માટેની બબેઝ પ્રાઈઝ ફોર વ્હીલર માટે રૂા.૪૦ હજાર અને ટુ વ્હીલર માટે રૂા.૮ હજાર, સિલ્વર નંબર માટેની બેઝ પ્રાઈઝ ફોર વ્હીલર માટે રૂા.૧૫ હજાર અને ટુ વ્હીલર માટે રૂા.૩૫૦૦ નક્કી કરવામાં આવી છે. જ્યારે બાકીના તમામ નંબરો માટે ફોર વ્હીલર માટે બેઝ પ્રાઈઝ રૂા.૮ હજાર અને ટુ વ્હીલર માટે રૂા.૨ હજાર નક્કી કરાઈ છે. આમ, ગોલ્ડન અને સિલ્વર નંબર માટેની બેઝ પ્રાઈઝમાં વધારો કરવામાં આવ્યા બાદ આ નંબરો લેવા માટે લોકોનો રસ ઘટ્યો હતો. અમુક લોકો હજુ પણ ગોલ્ડન અન સિલ્વર નંબર ઊંચા ભાવે ખરીદી રહ્યા છે. પરંતુ અન્ય લોકો હવે તેમની પ્રત્યે આકર્ષાતા નથી. જેના પગલે આરટીઓની અનેક સિરીઝમાં ગોલ્ડન અને સિલ્વર નંબર વેચાયા વગરના પડ્યા રહ્યા હતા. જેથી હવે અમદાવાદ આરટીઓ દ્વારા આ નંબરોનું ઈ-ઓક્શન કરવાનું આયોજન કર્યું હોવાનું જાણવા મળે છે.

અમદાવાદ આરટીઓ કચેરીના ટુ વ્હીલર, ફોર વ્હીલર અને થ્રી વ્હીલરની અગાઉની સિરીઝના બાકી રહેલા ગોલ્ડન નંબર અને સિલ્વર નંબરોનું ઈ-ઓક્શન કરવાનું નક્કી કરાયું છે. જેમાં ઈ-ઓક્શન માટે રિજસ્ટ્રેશન ૧૬ જૂનના રોજ શરૂ થશે અને ૧૮ જૂનના રોજ રજિસ્ટ્રેશન બંધ થશે. ત્યારબાદ ૧૯ જૂનના રોજ ઓક્શન શરૂ થશે અને ૨૦ જૂનના રોજ ઓક્શન બંધ થશે. આ દરમિયાન જે પણ વાહન માલિકો ગોલ્ડન અથવા સિલ્વર નંબર લેવા માંગતા હોય તેઓ રજિસ્ટ્રેશન કરાવી ઓક્શનમાં ભાગ લઈ શકશે.

## તેજસ્વી તારલા

**પીરાણા**

તાજેતરમાં જાહેર થયેલ ધો.૧૦ના પરિણામમાં પીરાણા ખાતે રહેતી સૈયદ મિસ્બાહ ખાતુના જાવીદહુસેને ૮૩.૯૨ પર્સન્ટાઈલ સાથે બી-૧ ગ્રેડ મેળવી શાળા, પરિવાર તથા સમાજનું નામ રોશન કર્યુ છે.



**પીરાણા**

તાજેતરમાં જાહેર થયેલ ધો.૧૦ના પરિણામમાં પીરાણા ખાતે રહેતી સૈયદ રીદા ફાતિમા તાહિરહુસેને ૯૦.૭૭ પર્સન્ટાઈલ સાથે બી-૧ ગ્રેડ મેળવી શાળા, પરિવાર તથા સમાજનું નામ રોશન કર્યુ છે.



# શું TRIPS માફીની દરખાસ્તના મુખ્ય પ્રાયોજકો ભારત અને દક્ષિણ આફ્રિકા હવે સમાધાન કરી રહ્યા છે ?

(એજન્સી) જિનીવા, તા.૧૧

સ્થાનિક ઉત્પાદન ક્ષમતાને ઉચ્ચ કરવાના પ્રયાસમાં નિર્ણાયક રીતે COVID-19 દરમિયાન બૌદ્ધિક સંપદાના સંરક્ષણને અસ્થાયી રૂપે સ્થગિત કરવા માટે વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO)માં તેમના પ્રસ્તાવ લાવવાના ૧૮ મહિનાથી વધુ સમય પછી, પ્રાયોજકો ભારત અને દક્ષિણ આફ્રિકા હવે સંપૂર્ણ કાર્યરત લાગતા નથી. જિનીવા સ્થિત વેપારી સૂત્રો કહે છે કે, મૂળ દરખાસ્તને જાળવી રાખવા માટે ઘણા મહિનાઓથી તેઓએ કપરા માર્ગને પાર કર્યો છે. હવે, જ્યારે આ વાટાઘાટો પૂર્ણ થવા જઈ રહી છે, ત્યારે આ મુખ્ય સહ-પ્રાયોજકો એવી સ્થિતિમાં આવી ગયા હોય તેવું લાગે છે કે તેઓ બહાર નીકળી શકતા નથી. મૂળ TRIPSની ચર્ચા, ઔપચારિક અને અનૌપચારિક રીતે, WTO ખાતે TRIPS કાઉન્સિલમાં ઘણા મહિનાઓથી કરવામાં આવી હતી, જેમાં મોટાભાગે વિકસિત દેશો જેમ કે US, UK, EU દેશો અને સ્વિટ્ઝર્લેન્ડે રોગચાળા દરમિયાન તબીબી ઉત્પાદનોની ઍક્સેસમાં બૌદ્ધિક સંપદાની ભૂમિકામાં અવરોધ હોવાનો ઈન્કાર કર્યો હતો. તે સમયે યુ.એસ.એ રસીઓ માટે મર્યાદિત માફી પર વિચાર કરવા સંમતિ આપીને આ દરખાસ્તને મર્યાદિત સમર્થન આપ્યું હતું. ત્યારબાદ, ભારત અને દક્ષિણ આફ્રિકાએ મોટાભાગના સભ્યોના નાના જૂથો સાથે તેમના પ્રસ્તાવ પર બહુવિધ દ્વિપક્ષીય પરામર્શ કર્યા હતા. પાછળથી, દક્ષિણ આફ્રિકા અને યુરોપિયન યુનિયને ૨૦૨૧ના ઉત્તરાર્ધમાં દ્વિપક્ષીય પરામર્શ કર્યા હતા. એવું લાગતું હતું કે તેઓ પરિણામની નજીક હતા. તે પછી ડિસેમ્બર ૨૦૨૧માં સુનિશ્ચિત થયેલ મંત્રી પરિષદ અણધારી રીતે મુલતવી રાખવામાં આવી હતી જ્યારે SARS-CoV-2ના ઓમિક્રોન વેરિયેન્ટના ઉદ્‌ભવને કારણે વેપાર વાટાઘાટકારો જીનીવાની મુસાફરી કરી શક્યા ન હતા. તેના પછી તરત જ, WTOના ડાયરેક્ટર-જનરલ એનગોઝીઓકોન્જો-ઈવેલાએ આ મામલો પોતાના હાથમાં લઈ લીધો હતો. વિશ્વ વેપાર સંગઠનની રોગચાળા અને આંતરરાષ્ટ્રીય વેપારમાં વ્યાપક પડકારોનો અસરકારક રીતે પ્રતિસાદ આપવામાં અસમર્થતાએ આ બહુપક્ષીય સંસ્થા તરીકે તેની અસરકારકતા પર સવાલ ઉઠાવ્યા છે. બ્રસેલ્સમાં ‘ક્વાડ ટેક્સ્ટ’ તરીકે ઓળખાતું એક ટેક્સ્ટ લીક થયું હતું. આ ટેક્સ્ટ ફરજિયાત લાઈસન્સિંગ સિસ્ટમને આવશ્યકપણે સુવ્યવસ્થિત કરવા પર EUના પ્રસ્તાવ જેવો હતો. આ લખાણને કરાર તરીકે રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. રાજદ્વારી સૂત્રો કહે છે કે આના કારણે આ




ચર્ચાઓમાં સામેલ ન હોય તેવા અન્ય WTO સભ્યો માટે મૂંઝવણ ઊભી થઈ હતી. વર્તમાન ટેક્સ્ટમાં પાત્રતા અંગેની શરતો છે, જે યુએસ અને ચીન વચ્ચેના વિવાદનો મુખ્ય સ્ત્રોત છે. માત્ર પાત્ર સભ્યોને જ રસીની નિકાસ પરની મર્યાદાઓ છે. કેટલાક માને છે કે આ ટેક્સ્ટ મર્યાદિત પરિસ્થિતિઓમાં રસીના ઉત્પાદન અને નિકાસ માટે ઉપયોગી હોઈ શકે છે. આ તબક્કે, તે અસ્પષ્ટ છે કે શું સભ્યો થેરાપ્યુટિક્સ અને ડાયગ્નોસ્ટિક્સનો સમાવેશ કરવા માટે માફીના અવકાશને વિસ્તારવા માટે પ્રતિબદ્ધ થશે અથવા નહીં. સૂત્રો સૂચવે છે કે ૨૦૨૨ની શરૂઆતમાં આ ચાર મુખ્ય સભ્યો (EU, US, ભારત અને દક્ષિણ આફ્રિકા) વચ્ચેની ચર્ચા દરમિયાન રાજકીય સ્તરે તેનું સમાધાન થઈ શકે છે. વાસ્તવમાં, તાજેતરના દિવસોમાં, ભારતે વર્તમાન લખાણને જાળવવાના પ્રયાસો પણ કર્યા હતા, અને અન્ય સહ-પ્રાયોજકોના સૂચનોનો અનિવાર્યપણે વિરોધ કર્યો હતો. સંખ્યાબંધ નિરીક્ષકોએ મૂંઝવણમાં છે કે શા માટે મુખ્ય સહ-પ્રાયોજકો વાટાઘાટો હેઠળના ટેક્સ્ટને મજબૂત કરવા માટે તેમના મૂળ પ્રસ્તાવને લાવી રહ્યા નથી. રાજદ્વારી સ્ત્રોતો જણાવે છે કે આ મુખ્ય પ્રાયોજકોને અન્ય વિકાસશીલ દેશો દ્વારા પૂરતું સમર્થન મળ્યું નથી. એક અધિકારીએ અમને કહ્યું કે અમે ૧૮ મહિના સુધી તેનું નેતૃત્વ કર્યું છે, અને સમર્થન આપ્યું છે અને આખરે તેને આગળ લઈ જવા માટે અન્ય લોકો દ્વારા પણ સમર્થન જરૂરી છે. પરંતુ આ અંગે વિવાદ થયો છે. અનુભવી નિરીક્ષકો કહે છે કે, આની ખાતરી કરવા માટે વિકાસશીલ દેશોમાં સંકલન અને નેતૃત્વ નથી અને તેમની પાસે કોઈ સ્પષ્ટ વ્યૂહરચના નથી. નિ:શંકપણે, આ વેપાર વાટાઘાટો જટિલ છે. અન્ય લોકો જીનીવામાં ભારતીય મિશનને દિલ્હી તરફથી મળતા અસંગત સમર્થન તરફ નિર્દેશ કરે છે. કેટલાક લોકોએ જિનીવામાં વેપાર મુત્સદ્દીગીરીની રીતો સાથે વ્યવહાર કરવા માટે અપૂરતી વાટાઘાટોની ક્ષમતાનું પણ સૂચન કર્યું છે. ભારતમાં વાણિજ્ય મંત્રાલયમાં ફેરફારની અસર ભારતની ઈચ્છા પર પડી છે. નિષ્ણાતો માને છે કે સ્થાનિક સ્તરે પણ TRIPS લવચીકતાઓનો ઉપયોગ કરવા અંગે ભારતની સ્થિતિ સુસંગત નથી. સૂત્રો સૂચવે છે કે આ નિર્ણાયક સમયગાળા દરમિયાન સુસંગતતાનો અભાવ અપૂરતા રાજદ્વારી નેતૃત્વમાં પરિણમી શકે છે. નિષ્ણાતો માને છે કે આખરે, આ વાટાઘાટોમાં શું થયું તેની જવાબદારી રાજકીય નેતાઓની છે. કાર્યકર્તાઓ કહે છે કે આ ચર્ચાઓમાં ટેકનિકલ ટીમો સખત મહેનત કરે છે અને જો રાજકીય સ્તરે પહેલાથી જ તેના માટે મહેનત કરવામાં આવી હોય તો ઘણું બધું ઉકેલી શકાય છે. એ જ રીતે દક્ષિણ આફ્રિકાની સરકારને પણ દબાણનો સામનો કરવો પડી રહ્યો છે. ઘણા પ્રસંગોએ, દક્ષિણ આફ્રિકાના નેતૃત્વએ સંપૂર્ણ TRIPS માફીનો આગ્રહ કર્યો છે. આ ઘટનાઓની પ્રગતિથી પરિચિત એક સ્ત્રોતે અમને જણાવ્યું કે દક્ષિણ આફ્રિકાને ગુપ્ત રીતે સોદા પર સંમત થવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. પરંતુ નાગરિક સમાજ સંગઠનોના હસ્તક્ષેપ પછી, સરકારે કથિત રીતે તેની સ્થિતિ પર પુનર્વિચાર કર્યો હતો. TRIPS માફીની દરખાસ્તના પરિણામે દવાઓના કાર્યસૂચિની પહોંચને આગળ વધારવામાં જિનીવામાં આવતા અઠવાડિયે પરિણામને ધ્યાનમાં લીધા વિના, ભારત અને દક્ષિણ આફ્રિકા, અન્ય લોકોના સમર્થનથી, અભૂતપૂર્વ ગતિ સાથે તીવ્ર ચર્ચાઓ કરવામાં આવશે તેવી વ્યાપક માન્યતા છે. આ ચર્ચાઓના સંદર્ભમાં, વિશ્વ વેપાર સંગઠન ખરેખર એવું ક્ષેત્ર છે કે કેમ તે અંગે વેપાર વિદ્વાનો વિભાજિત થયા છે. છેવટે, ૧૬૪ સભ્યોની આ સંસ્થા સર્વસંમતિથી ચાલે છે. સમૃદ્ધ વિશ્વ સાથે વાટાઘાટોનું દબાણ સ્પષ્ટ છે. તે સરળ નથી. દરમિયાન, એવું નોંધવામાં આવ્યું હતું કે અમેરિકાને વિશ્વાસ છે કે ભારત WTO મીટમાં ઈરાદાપૂર્વક ભાગ લેશે. હવે, ભારત જાણે છે કે રાજદ્વારી રીતે વિશ્વના ક્રમમાં ભારતનું સ્થાન વધુ જટિલ છે. વેપાર અને WTO તરફના ભારતના અભિગમના સંદર્ભમાં, જ્યારે વેપારની વાત આવે છે ત્યારે વધુને વધુ વ્યૂહાત્મક દેશ ભારત છે, અને તેથી, અમને વિશ્વાસ છે કે ભારત તેમાં ઈરાદાપૂર્વક જોડાશે.

# પોલીસ સંસ્કરણો પર પ્રશ્ન કરવામાં મીડિયાની અનિચ્છા અને અસમર્થતા તેમના રિપોર્ટિંગને અસર કરે છે : સર્વેક્ષણ

(એજન્સી) તા.૧૨

મે મહિનામાં મુંબઈમાં બહાર પાડવામાં આવેલ એક અહેવાલ દર્શાવે છે કે, ફોરેન્સિક દવામાં નવા કાયદાઓ અને વિકાસ અંગેની અજ્ઞાનતાને લીધે ભારતીય મીડિયા દ્વારા બળાત્કારના કેસોમાં તેમના કવરેજને નબળું પાડે છે. આ રિપોર્ટ ‘જેન્ડર સેન્સિટિવિટી એન્ડ કવરેજ ઑફ રેપ ઓફ ઈન્ડિયન મીડિયા- ટેન ઈયર્સ આફ્ટર નિર્ભયા’ શીર્ષક હેઠળ કરવામાં આવ્યો હતો જેમાં ૪૧ પ્રકાશનોમાં ૨૦૦ રિપોર્ટ્સનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું, જેમાંથી ૧૧૭ અંગ્રેજી અને ૮૩ પ્રાદેશિક ભાષાઓમાં રિપોર્ટ હતા. આ સર્વેક્ષણ પોપ્યુલેશન ફર્સ્ટ, UNFPA અને રોયલ નોર્વેજીયન એમ્બેસી દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો જે, ડો. સ્વેતા સિંઘ આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુરૂ ગોવિંદ સિંહ, ઈન્દ્રપ્રસ્થ યુનિવર્સિટી અને સમીરા ખાન, જેઓ મુંબઈના પત્રકાર છે તેમના દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો. શક્તિ મિલ્સ કેસ (૨૦૧૩), જીશા કેસ (૨૦૧૬), કુષ્માંડી કેસ (૨૦૧૮), હાથરસ કેસ (૨૦૨૦) અને IIT-G કેસ (૨૦૨૧) એમ પાંચ કેસોનો વિગતવાર અભ્યાસ કરવામાં આવ્યો હતો. ત્રણ વધારાના કેસ - કોકરાઝાર (૨૦૧૫), સાકીનાકા (૨૦૨૧) અને કોપર્ડી (૨૦૧૬) નો પણ વ્યાપક પરિપ્રેક્ષ્ય એકત્રિત કરવા માટે અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ અહેવાલોનું વિશ્લેષણ કરતી વખતે આઠ પરિમાણોમાં ભાષા, સ્ત્રોતો, કાનૂની/ તબીબી/ફોરેન્સિક માહિતી, ગોપનીયતા,



નૈતિકતા, સનસનાટી, આંતરછેદ અને લિંગ ન્યાયને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. તેના મુખ્ય તારણો પૈકી એક પોલીસને સવાલ કરવામાં પત્રકારોની અનિચ્છા હતી. હાથરસ કેસમાં પોલીસે ઘણા દિવસો પછી હાથ ધરવામાં આવેલી મેડિકલ/ફોરેન્સિક તપાસના આધારે બળાત્કારના આરોપને નકારી કાઢ્યો હતો. મોટાભાગના અહેવાલો દ્વારા બળાત્કારને સમર્થન આપવા માટે મેડિકો-ફોરેન્સિક પરીક્ષણની આવશ્યકતા ન હોય તેવા વિલંબ કે નવા કાયદા પર સવાલ ઉઠાવવામાં આવ્યા હતા. અન્ય એક શોધ સૂચવે છે કે બળાત્કાર વધુ ક્રૂર અને પીડિતાની શારીરિક ઈજાઓ વધુ દશ્યમાન બનાવે છે, તેના વિશે કવરેજ વધુ વ્યાપક હતું. જ્યારે બળાત્કારની જાણ કરવાની ભાષામાં સુધારો થયો છે અને તે વધુ લિંગ સંવેદનશીલ બની છે, ત્યારે આ અભ્યાસમાં સ્ટીરિયોટાઈપ્સનો ઉપયોગ, ગોપનીયતાનો ભંગ, અપૂરતા સંદર્ભો અને માહિતીના સોર્સિંગમાં વિવિધતાનો અભાવ જોવા મળ્યો છે. પોલીસ પર સવાલ ઉઠાવવામાં અસમર્થતા અને પોલીસ વર્ઝનની ટીકા ન કરવી જેવા પરિબળો દેખીતી રીતે સ્પષ્ટ હતા. સમીરા ખાન અને શ્વેતા સિંહ બંનેએ ભલામણ કરી હતી કે બળાત્કારની જાણ કરવા માટે લિંગ-આધારિત હિંસાને આવરી લેવા માટે પત્રકારો અને સંપાદકોને સતત તાલીમ, સંવેદનશીલતા અને કૌશલ્ય અપગ્રેડ કરવાની જરૂર છે. આ અભ્યાસમાં નોંધવામાં આવ્યું છે કે પ્રાદેશિક મીડિયા વારંવાર પિતૃસત્તાક અને ઉચ્ચ જાતિના પૂર્વગ્રહોને પ્રતિબિંબિત કરે છે. અભ્યાસમાં પત્રકારોને બળાત્કાર અને જાતીય હુમલાને આવરી લેવાની જટિલતાઓને નેવિગેટ કરવામાં મદદ કરવા માટે અપડેટ માર્ગદર્શિકા વિકસાવવાની ભલામણ કરવામાં આવી છે. પોપ્યુલેશન ફર્સ્ટના ડિરેક્ટર ડૉ. એ.એલ. શારદાએ નોંધ્યું હતું કે, ૨૦૧૨માં નિર્ભયા કેસે દેશમાં તોફાન મચાવી દીધું હતું. મીડિયામાં આ કેસના અહેવાલને પગલે લોકોમાં ભારે હોબાળો થયો હતો. જાતીય શોષણના કેસોની જાણ કરતી વખતે વધુ સંવેદનશીલતા સુનિશ્ચિત કરવા માટે વિવિધ સત્તાવાળાઓ દ્વારા માર્ગદર્શિકા નક્કી કરવામાં આવી હતી અને નિર્ભયા કેસને બેન્ચમાર્ક તરીકે લેવામાં આવ્યો હતો. મીડિયાની પહોંચ અને પ્રભાવને જોતાં, તેઓ મહિલાઓ અને છોકરીઓના અવાજને રજૂ કરવા માટે મજબૂત સાથી બનવાની ક્ષમતા ધરાવે છે, અને લિંગ પ્રથાઓને પડકારતી વખતે તેમના અધિકારોને જાળવી રાખવામાં તેમને સમર્થન આપે છે.

# શું હવે ભાજપ ‘મુસ્લિમ-મુક્ત’ હોવાથી પક્ષ માટે સાંપ્રદાયિકતાનો મુદ્દો અપ્રસ્તુત થઈ જશે ?

(એજન્સી) તા.૧૨

ક્યારેક સાદી ભાષામાં લોકોને સલાહ આપવામાં આવે તો કહેવાય છે કે જો તેઓ ઈચ્છે તો ઈશ્વર વિશે તેઓ સ્વતંત્રતા સાથે બોલી શકે છે, પરંતુ પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ વિશે બોલવામાં સાવચેત રહેવું જોઈએ. દારા શિકોહના દરબારમાં એક બ્રાહ્મણ ચંદ્રભાન, આ રેખા ઓળંગી ગયા હતા, ત્યારે તેમનો હેતુ પયગમ્બર (સ.અ.વ.) સાહેબનું અપમાન કરવાનો અથવા મુસ્લિમોને નુકસાન પહોંચાડવાનો ન હતો. તેણે ખરેખર લખ્યું હતું કે: મારો હાથ ઈશ્વરના હાથમાં છે; તો મારે મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ વિશે શા માટે ચિંતા કરવી જોઈએ ? આ લાઈન સાહિત્યિક અહંકારની પ્રકૃતિમાં હતી. તે એક તોફાની અભિવ્યક્તિ હતી અને તે અપરાધ માટે નહીં પણ મનોરંજન માટે હતી. તદુપરાંત તેમાં કોઈ ગેરસમજ ન હતી. ચંદ્રભાન બ્રાહ્મણની આ પંક્તિઓ, હકીકતમાં દારા શિકોહની ઉદારતાના પુરાવા તરીકે ટાંકવામાં આવી હતી, જે આકસ્મિક રીતે દર્શાવે છે કે દારા તેના પરદાદા અકબર પ્રત્યે બૌદ્ધિક રીતે કેટલો ઋણી હતો. તે અકબરની વ્યાપક લોકપ્રિયતાને પણ પ્રતિબિંબિત કરે છે જ્યારે તેણે દિન-એ-ઈલાહી જેવો નવો ધર્મ રજૂ કર્યો અને શેખ સરહિંદી (ર.અ.) દ્વારા તેનો વિરોધ કરવામાં આવ્યો હતો. આ સામ્રાજ્ય કેટલું સુરક્ષિત હતું તે દારાના સાહસિક સાંસ્કૃતિક પ્રયોગમાં પ્રતિબિંબિત થાય છે. તેણે ઉપનિષદોનો ફારસી ભાષામાં અનુવાદ કરાવીને યુરોપમાં ઈન્ડોલોજીનો માર્ગ ખોલ્યો હતો. તેનો મજમા-ઉલ-બહેરીન અથવા મહાસાગરોનો સંગમ એ સુફીવાદ અને વેદાંતિક અનુમાન વચ્ચે સામાન્ય તથ્યો શોધવાનો પ્રયાસ હતો. હવે મે, ૨૦૧૪થી બધુ બદલાઈ રહ્યું છે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદમાં તેમનું પ્રથમ ભાષણ આપ્યું હતું અને કહ્યું કે, આપણે ૧,૨૦૦ વર્ષની તાબેદારી અને ગુલામીમાંથી બહાર આવવું પડશે.




બીજેપી પ્રવક્તા નૂપુર શર્મા અને નવીન જિંદાલ દ્વારા પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ પરની ટિપ્પણી સામે આરબ રાજધાનીઓમાં વિરોધ સ્વયંસ્ફુરિત ગુસ્સો રજૂ કરે છે અથવા શું તેઓ આ પ્રદેશમાં નવા જોડાણોને પણ દર્શાવે છે ? આ અગાઉ, યુક્રેન પર યુએનમાં ભારતના સ્વતંત્ર મતે વોશિંગ્ટન અને નવી દિલ્હી બંનેને મુક્ત કર્યા છે. તેઓ હવે તેમની પોતાની સમજણ અનુસાર પરિસ્થિતિઓ સાથે વર્તન કરી શકે છે. આંતરિક રીતે, દબાયેલા મુસ્લિમ સમુદાયને વિરોધ પ્રદર્શનમાં તેમનો ગુસ્સો બહાર કાઢવાની તક મળી છે. શું નવી દિલ્હીને સૂચના આપવામાં આવી છે કે તેનો લઘુમતી વિરોધી અતિરેક હવેથી આરબ વિશ્વમાં તપાસ હેઠળ રહેશે ? મને શંકા છે કે તાજેતરની ઘટનાઓ બદલી ન શકાય તેવું પરિવર્તન સૂચવે છે. એકવાર વર્તમાન વિરોધ સ્થાયી થઈ જાય, પછી હું આશા રાખું છું કે આરબ વિશ્વ સાથે હંમેશની જેમ વેપાર ચાલુ રહેશે. નવી દિલ્હી માટે આ એક અદ્‌ભુત તક છે. તેણે સાંપ્રદાયિકતાના ભયને દૂર કરવો જોઈએ કારણ કે આ નીતિ હવેથી નકારાત્મક પરિણામો આપશે કારણ કે :

(a) ભારતમાં મારા તાજેતરના પ્રવાસોમાં, મને હિન્દી પટ્ટાની બહારના ઉચ્ચ વોલ્ટેજ સાંપ્રદાયિકતા માટે બહુ આકર્ષણ દેખાતું નથી.

(b) ભાજપ પહેલેથી જ મુસ્લિમ-મુક્ત પાર્ટી તરીકેની સ્થિતિમાં આવી ગઈ છે. સંસદની તેની ૩૦૧ બેઠકોમાંથી, ટૂંક સમયમાં એક પણ મુસ્લિમ નહીં હોય. જો સંસદીય ચૂંટણીઓ માટે ભાજપના મતોને એકીકૃત કરવા માટે હિન્દુ એકત્રીકરણની જરૂર હતી, તો તે પ્રાપ્ત થઈ ગયું છે. વિધાનસભાઓમાં પણ આ ટકાવારી અગમ્ય છે.

(c) ગૌમાંસ, હલાલ માંસ, હિજાબ, લવ જેહાદ, ખુલ્લામાં નમાઝ, હિંદુ સરઘસો પર પથ્થરમારો અને મસ્જિદોનો વિવાદ, તેના દ્વારા પહેલાથી જ સાંપ્રદાયિક વાતાવરણને નષ્ટ કરવા માટે પ્રયાસ કરવામાં આવ્યો છે. કોઈ પણ સંજોગોમાં, આ યુક્તિઓ, રાષ્ટ્રને એકીકૃત કરતી નથી. આ બધા મુદ્દાઓ રાષ્ટ્રવાદ સાથે જોડાયેલા છે. આ સમજાવે છે કે શા માટે કાશ્મીર હંમેશા ઉકળતું રહે છે અને શા માટે પાકિસ્તાન કાયમી દુશ્મનોની યાદીમાં છે. શું આરએસએસ અને બીજેપીએ પોતાના કાન એટલા મજબૂતીથી બંધ કરી દીધા છે કે અટલ બિહારી વાજપેયીની વાતો તેમના કાન સુધી પહોંચતી નથી, જ્યારે તેઓએ કહ્યું હતું કે, "અમે અમારા પડોશીઓને બદલી શકતા નથી."

(સૌ. : નેશનલ હેરાલ્ડ)

# રાજ્યસભા ચૂંટણી : કર્ણાટકમાં કોંગ્રેસ-જેડી(એસ)ના ‘ગઠબંધન’ નું ભવિષ્ય શું છે ?

(એજન્સી) તા.૧૨

કર્ણાટકની ચાર બેઠકો માટેની રાજ્યસભાની ચૂંટણી શુક્રવાર, ૧૦ જૂનના રોજ પૂર્ણ થઈ અને ભારતીય જનતા પાર્ટીએ ત્રણ બેઠકો જીતી લેતા, વિપક્ષો અવઢવમાં હોય તેવું લાગતું હતું. રાજ્યની વિવાદાસ્પદ ચોથી બેઠક પર અઠવાડિયા સુધી ચાલેલી લડાઈની પરાકાષ્ઠા વચ્ચે, કોંગ્રેસ માત્ર એક સીટ જીતવામાં સફળ રહી અને JD(S) એક પણ બેઠક મેળવી શકી નહીં. ભાજપે તેના ત્રણ સભ્યો-નાણામંત્રી નિર્મલા સીતારામન, અભિનેતામાંથી રાજકારણી બનેલા જગેશ અને ભૂતપૂર્વ MLC લહેર સિંહ સિરોયા અને કોંગ્રેસે વરિષ્ઠ નેતા જયરામ રમેશને રાજ્યસભામાં ચૂંટીને તેની જીત મજબૂત કરી. JD(S) તેના ઉમેદવાર કુપેન્દ્ર રેડ્ડીને ચૂંટવામાં નિષ્ફળ રહી છે. પરંતુ આ રાજ્યમાં ૨૦૨૩ની વિધાનસભાની ચૂંટણીઓ પહેલા વિપક્ષની સંભાવનાઓ શું કહે છે, જ્યાં ૨૦૧૯માં ભાજપ સત્તામાં છે અને જ્યારે કોંગ્રેસ અને JD(S)ના સભ્યોએ સંકેત આપ્યો હતો કે ૨૦૨૩માં બંને પક્ષો માટે તેમના તણાવપૂર્ણ સંબંધોને સુધારવું મુશ્કેલ હોઈ શકે છે, ત્યારે ભાજપના નેતાઓએ કહ્યું છે કે તેમની પાર્ટીને એ ફાયદો છે કારણ કે વિપક્ષો સાથે મળીને કાર્ય કર્યું નથી. વાસ્તવમાં, ભાજપ એવું પણ વિચારે છે કે વિપક્ષી પક્ષો વચ્ચે લાંબા સમયથી ચાલતો વિવાદ જેડી(એસ)ને ભગવા પક્ષ તરફ લઈ આવશે. આમ કર્ણાટકમાં કોંગ્રેસ-જેડી(એસ)ના ગઠબંધનની શક્યતા ખૂબ જ ઓછી છે. કર્ણાટક વિધાનસભા ચૂંટણીના ઈતિહાસમાં બંને પક્ષો વચ્ચે ક્યારેય ચૂંટણી પૂર્વે જોડાણ થયું નથી. રાજકીય વિશ્લેષકોના મતે, આ વિધાનસભા ચૂંટણીમાં JD(S) અને કોંગ્રેસની સંયુક્ત લડાઈની સંભાવના પણ શૂન્ય છે. આ અઠવાડિયે શરૂ થયેલા રાજકીય ઘટનાઓનું અવલોકન કરતાં, ભૂતપૂર્વ સમાજ કલ્યાણ પ્રધાન અને ચિત્તપુરના ધારાસભ્ય પ્રિયંક ખડગેએ ટિપ્પણી કરી છે કે સમગ્ર દેશમાં ભાજપનો એકમાત્ર વિશ્વાસપાત્ર વિરોધ પક્ષ કોંગ્રેસ છે. જો JD(S) ખરેખર એ સુનિશ્ચિત કરવા આતુર છે કે RSS અને BJP ની વિચારધારા સફળ ન થાય, તો તેમણે અમને સમર્થન આપવું જોઈએ. પરંતુ, મને એવું થતું દેખાતું નથી. કોંગ્રેસે ૨૦૨૦માં અગાઉની રાજ્યસભાની ચૂંટણી દરમિયાન, ભૂતપૂર્વ વડા પ્રધાન એચડી દેવગૌડાની જીતને સુનિશ્ચિત કરીને કોઈ ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા ન હતા. અમે આ વર્ષે સૌજન્ય વળતરની અપેક્ષા રાખીએ છીએ અને અમારા બિનસાંપ્રદાયિક માળખાને જાળવી રાખવા માટે JD(S)નું સમર્થન ઈચ્છીએ છીએ. ચોથા રાજ્યસભાના સભ્યને ચૂંટવા માટે રાજ્યની વિધાનસભામાંથી જરૂરી સંખ્યામાં મત ન હોવા છતાં, રાજ્યના ત્રણેય રાજકીય પક્ષોએ તેમના ઉમેદવારોને નામાંકિત કર્યા હતા, અને ચૂંટણીની ફરજ પડી હતી. ઉપલા ગૃહમાં ચૂંટાવા માટે દરેકને ઓછામાં ઓછા ૪૫ ધારાસભ્યોનું સમર્થન મેળવવું જરૂરી છે. ધ ક્વિન્ટ સાથે વાત કરતા, મનોવિજ્ઞાની પ્રોફેસર સંદીપ શાસ્ત્રીએ કહ્યું કે, હું JD(S) અને કોંગ્રેસની એકસાથે આવવાની સંભાવના જોતો નથી, કારણ કે તેઓને ગત લોકસભા ચૂંટણી દરમિયાન



ખરાબ અનુભવ છે. બંને પક્ષોએ મતદારોનો મોટો હિસ્સો ગુમાવ્યો હતો. ભાજપના અંદરના સૂત્રોએ ધ ક્વિન્ટને જણાવ્યું હતું કે કોંગ્રેસ-JD(S) વચ્ચેના મતભેદથી ભાજપને ફાયદો થશે અને JD(S)ના ભાવિ વિશે ધ ક્વિન્ટ સાથે વાત કરતા, રાજકીય વિશ્લેષક શ્રીરામ શેષાદ્રીએ કહ્યું કે, મને લાગે છે કે હવે JD(S)ના ધારાસભ્યો કોંગ્રેસનું સમર્થન કરશે નહીં. તેના બદલે, હું JD(S) અને બીજેપી વચ્ચે વધુ સ્પષ્ટ સમજણ જોઈ રહ્યો છું. કારણ કે કુમારસ્વામી કેન્દ્રમાં તેમની પાર્ટીના સભ્ય માટે પોર્ટફોલિયોની અપેક્ષા રાખે છે. આ સંદર્ભમાં, જેડી(એસ) ૨૦૨૩ની ચૂંટણીમાં ત્રીજી પાર્ટી તરીકે રહેશે, અને પછી લોકસભા ચૂંટણીમાં ભાજપ સાથે મળીને કામ કરશે. કોંગ્રેસ સાથે ભાગીદારી કરતી વખતે આ પ્રકારની વ્યવસ્થા JD(S) માટે કામ કરી શકી નથી. દરમિયાન, ભાજપે બેંગલુરૂમાં નિર્મલા સીતારમણ, જગેશ અને લહેર સિંહ સિરોયાની જીતની ઉજવણી કરી હતી. પરિણામ પછી પત્રકારોને સંબોધતા ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ સીટી રવિએ કહ્યું કે અન્ય પક્ષોમાં એવા લોકો છે જેમને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલ કામ ગમે છે અને તેઓને તેમનામાં વિશ્વાસ છે. તેઓએ અમને મદદ કરી છે. હું તેમનો આભાર માનું છું. ધારાસભ્ય શ્રીનિવાસ ગૌડા, જેમના પર JD(S) દ્વારા ભાજપને મદદ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો, તેમણે પોતાનો બચાવ કર્યો હતો અને ધ ક્વિન્ટને કહ્યું કે, અગાઉ, હું ચાર અલગ-અલગ પક્ષોમાંથી ચૂંટણી જીત્યો છું. હું કોંગ્રેસના શાસનમાં મંત્રી પણ હતો. પરંતુ, જ્યારે હું જેડી(એસ)ની ટિકિટ પર જીત્યો ત્યારે ન તો દેવેગૌડા કે તેમના પુત્ર કુમારસ્વામીએ મને પોર્ટફોલિયો ઓફર કર્યો ન હતો. હું પહેલેથી જ કોંગ્રેસ સાથે વાતચીત કરી રહ્યો હતો અને આ રાજ્યસભાની ચૂંટણીમાં તેમના ઉમેદવારને મત આપવાનું નક્કી કર્યું હતું. હવે, હું ટૂંક સમયમાં કોંગ્રેસ પાર્ટીમાં જોડાઈશ. મેં કોંગ્રેસને મત આપ્યો કારણ કે હું તેને પ્રેમ કરૂં છું. JD(S)માં ચાલી રહેલી કટોકટીએ પાર્ટીની અંદર વધતા અસંતોષ અને પ્રાદેશિક પક્ષના વર્ચસ્વના સંભવિત અંતને પણ પ્રકાશિત કરે છે. JD(S)ના એક સૂત્રએ જણાવ્યું હતું કે, આ પિતા અને પુત્રો દ્વારા ચલાવવામાં આવતી પાર્ટી છે અને જનતા શબ્દ તેની વિરૂદ્ધ છે. મારા મત મુજબ, JD(S) હવે સમાપ્ત થઈ ગઈ છે અને આ પ્રાદેશિક પક્ષ પાસે બીજેપીના વધતા ચૂંટણી પ્રભાવ સાથે સ્પર્ધા કરવાનો કોઈ રસ્તો નથી.

# જો બાઈડેને ચેતવણી આપી છે કે અમેરિકામાં ફુગાવો થોડા વધુ સમય માટે રહેશે

(એજન્સી) તા.૧૨

અમેરિકન પ્રમુખ જો બાઈડેને ચેતવણી આપી હતી કે યુએસ ફુગાવો થોડા વધુ સમય માટે ટકી શકે છે. શુક્રવારના ડેટા દર્શાવે છે કે રાજકીય રીતે સંવેદનશીલ ભાવનું દબાણ તાજેતરના અઠવાડિયામાં અણધારી રીતે ઝડપી બન્યું છે. અમારે થોડા સમય માટે આ ફુગાવાનો સામનો કરવો પડશે, તે ધીમે-ધીમે ઘટશે. અબજોપતિ મીડિયા મેગ્નેટ હેમ સબાન દ્વારા આયોજિત એક ઈવેન્ટમાં આવી સાવચેતીની ટિપ્પણીઓ કરવામાં આવી છે. વહીવટીતંત્ર ૮ નવેમ્બરની મધ્યવર્તી ચૂંટણીઓ પહેલા વધતા દબાણનો સામનો કરી રહ્યું છે. વહીવટીતંત્ર અને ઘણા વ્યાવસાયિક અર્થશાસ્ત્રીઓએ શરૂઆતમાં વિચાર્યું હતું કે, કોવિડ-૧૯ રોગચાળામાંથી પુનઃપ્રાપ્તિ ચાલુ હોવાથી ફુગાવાનું દબાણ માત્ર ક્ષણિક હશે. પરંતુ ભાવનું દબાણ વૈશ્વિક સ્તરે વધારાના



માલસામાન અને સેવાઓ સુધી વિસ્તર્યું છે કારણ કે યુક્રેન પર રશિયન આક્રમણથી તેલ અને ખાદ્ય પુરવઠો પહેલેથી જ વૈશ્વિક બજારને અસર કરી રહ્યો છે. અમેરીકામાં ગ્રાહક ફુગાવો મેથી ૧૨ મહિનામાં ૪૦-વર્ષના ઉચ્ચ ૮.૬ ટકા પર પહોંચ્યો છે, જેમાં ગેસોલીન વિક્રમી ઊંચી સપાટીએ છે અને ખાદ્યપદાર્થોની કિંમતમાં વધારો થયો છે. વધતી જતી કિંમતો બાઈડેન વહીવટીતંત્ર માટે રાજકીય માથાનો દુખાવો બની ગઈ છે, તેઓએ કિંમતો ઘટાડવા માટે ઘણા પગલાં અજમાવ્યા છે પરંતુ કહ્યું છે કે, ફુગાવાને નિયંત્રિત કરવાની મોટાભાગની જવાબદારી ફેડરલ રિઝર્વની છે.

ગાંધીનગરમાં રૂ.૨૭૯ કરોડથી વધુના એક જ દિવસમાં વિકાસ કામો ભેટ આપતા કેન્દ્રીય મંત્રી

# સરકાર અને સમાજનું સામંજસ્ય જ આદર્શ લોકશાહીનું ઉત્તમ ઉદાહરણ

## શહેરીકરણ, આપત્તિ-ચેલેન્જ નહીં અવસર-તક બનાવવાની સિદ્ધિ મેળવી છે : મુખ્યમંત્રી

## અગાઉની સરકારોએ 'ગરીબી હટાવો'ના માત્ર નારા આપ્યા હતા : અમિત શાહ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૨

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી તેમણે એવી શાસન પદ્ધતિ ઊભી કરી છે કે નાગરિકોએ માગણી માટે સરકાર પાસે આવવું ન પડે, સરકાર જ સામેથી યોજનાઓ લઈને નાગરિકો સુધી પહોંચે. સરકાર અને સમાજનું સામંજસ્ય જ આદર્શ લોકશાહીનું ઉત્તમ ઉદાહરણ છે. અમિત શાહે કહ્યું હતું કે, અગાઉની સરકારોએ 'ગરીબી હટાવો'નો માત્ર નારા આપ્યા પરંતુ ગરીબી હટી નથી શકી. વડાપ્રધાને આઠ વર્ષમાં દરેકના ઘર સુધી અનેક સરકારી યોજનાઓના લાભો પહોંચાડયા છે. વીજળીકરણ, શૌચાલય પછી હવે હર ઘર પીવાનું પાણી પહોંચી રહ્યું છે. આવી અનેક યોજનાઓના લાભો લોકો સુધી પહોંચ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાને સર્વસ્પર્શી વિકાસ અને સર્વ સમાવેશક વિકાસ કર્યો છે. ગામ હોય, શહેર હોય કે વન વિસ્તારમાં રહેતા ગ્રામીણ નાગરિકો, મહાનગરપાલિકા હોય કે મ્યુનિસિપાલિટી હોય સૌને સમાન સુવિધાઓ પહોંચી છે. વિકાસના આ ગુજરાત મોડેલની દેશભરમાં ચર્ચા થઈ અને એટલે જ સમગ્ર દેશવાસીઓએ દેશનું શાસન વડાપ્રધાન મોદીના હાથમાં સોંપ્યું. ગાંધીનગર મહાનગર અને ગાંધીનગર સંસદીય મતક્ષેત્રના રૂા.૧૯૩.૧૨ કરોડના ખાતમુહૂર્ત તથા રૂા.૮૫.૮૯ કરોડના લોકાર્પણ મળી એક જ દિવસમાં ૨૭૯ કરોડ રૂપિયાના વિકાસ કામોની આજે ભેટ મળી હતી. પોતાના સંસદીય મતવિસ્તાર ગાંધીનગરને દેશનો શ્રેષ્ઠ સંસદીય મતવિસ્તાર બનાવવાની નેમ સાથે અમિત શાહે કહ્યું હતું કે, છેલ્લા ત્રણ વર્ષમાં ગાંધીનગર મતવિસ્તારના વિવિધ કામો નાગરિકોની સેવાઓ માટે ખુલ્લા મૂક્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું કે ગુજરાતે શહેરીકરણને આપત્તિ-ચેલેન્જ નહીં, અવસર-તકમાં પલટાવ્યું છે. ૪૮ ટકા શહેરીકરણ ધરાવતું ગુજરાત શહેરી સુખાકારીમાં પણ અગ્રેસર છે. આદિવાસી ક્ષેત્ર, ખેતી, અવકાશ ક્ષેત્ર સહિત નાગરિકોના તમામ વર્ગ, વિકાસના હરેક ક્ષેત્રને ધ્યાને રાખી ગુજરાતે હોલિસ્ટિક ડેવલપમેન્ટની દિશા લીધી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે ઈઝ ઓફ લિવિંગ માટે સૌને આવાસ, પાણી, વીજળી, ડ્રેનેજ, ઓનલાઈન ટેક્ષ પેમેન્ટ જેવી માળખાકીય સુવિધા ગુજરાતે પૂરી પાડી છે.

ભાજપ સરકાર પર કોંગ્રેસના આકરા પ્રહારો

# સત્તા મેળવવા માટે બદલાવની વાત કરતી મોદી સરકાર બદલાની રાજનીતિ કરી રહી છે

## અમદાવાદમાં આજે કોંગ્રેસના દેખાવો, ધરણા પ્રદર્શન કરશે : ઠાકોર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૨

કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતૃત્વ રાહુલ ગાંધી પર કરવામાં આવેલા ખોટા કેસ વિરૂદ્ધ કાર્યક્રમ અંગેની વિગત આપતા પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, સીબીઆઈ, ઈડી સહિતની કેન્દ્રીય સરકારી એજન્સીઓનો દુરૂપયોગ કરી જનતાના અવાજને - વિપક્ષના અવાજને દબાવવાનો નિષ્ફળ - નિરર્થક પ્રયાસ ભાજપ સરકાર કરી રહી છે. કોંગ્રેસ કાર્યકર - નેતા, આગેવાનોને દબાવવાનો, ડરાવવાનો, બદનામ કરવાનો અને મુશ્કેલીમાં મુકવાથી કોંગ્રેસ પક્ષનો કાર્યકર ભાંગી પડશે તે ભુલ ભરેલુ છે. અમદાવાદ, મેમનગર ઈડી ઓફિસની સામે સોમવારે સવારે ૧૦-૦૦ કલાકે કોંગ્રેસ પક્ષ દેખાવો - ધરણા પ્રદર્શન કરશે. "સત્ય માટે લડતા હતા સત્ય માટે લડતા રહીશું" અને અસત્ય સામેની લડાઈમાં જીત મેળવશે. ગુજરાતમાં પણ થાનગઢમાં દલિતો પર અત્યાચાર સરકારીતંત્રની હાજરીમાં ઢોરમાર મારવામાં આવ્યો. પોતાનો હક્ક અધિકારની વાત લઈ નીકળેલા ૧૪-૧૪ પાટીદાર યુવકોને ધોળેદહાડે ગોળી રેહસી નાખ્યા. LRDમાં ભરતી વિસંગતતા દુર કરવા કરવા આવેલા આંદોલન પર પણ પોલીસતંત્ર દ્વારા જોર જુલમ કરી યુવાનોના અવાજને દબાવવાનો પ્રયાસ થયો. રોજગારનાં અધિકારની વાત લઈને નીકળેલા ગુજરાતના યુવાનો પર ગાંધીનગરમાં લાઠીઓ વિંઝવામાં આવી. ગુજરાતમાં ભાજપને માત્ર ૭૦ બેઠક મળશે તેવા આંતરિક સર્વેથી ગભરાયેલ, બઘવાઈ ગયેલ ભાજપ કોંગ્રેસ પક્ષના નેતાઓ ઉપર પોલીસ બળનો ઉપયોગ કરી રહી છે અને ડરનો વાતાવરણ ઉભો કરવાનો પ્રયાસ કરી રહી છે.

મોટેરા સ્ટેડિયમનું જેના નામે પ્રખ્યાત બન્યું તેવા ગુજરાતના પનોતા પુત્ર અખંડ ભારતના રચયતા લોહપુરૂષ સરદાર વલ્લભ પટેલનું નામ ભુસવાનું હિનકૃત્ય ભાજપ સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. ત્યારે સરદાર સાહેબની કર્મભૂમિ બારડોલીથી મોટેરા સુધીની યાત્રાને બારડોલીમાં પોલીસ તંત્રના બળજબરી દ્વારા કાર્યકર્તા, આગેવાનોને ધરપકડ કરવામાં આવી.

કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા પવન ખેરાએ જણાવ્યું હતું કે, સત્તા મેળવવા માટે "બદલાવની વાત" કરતી મોદી સરકાર, સત્તા મેળવ્યા બાદ "બદલાની રાજનીતિ" કરી રહી છે. વર્તમાન સમયમાં સંપાદકીય ઉત્કૃષ્ટતા છતાં નેશનલ હેરાલ્ડ નાણાંકીય તંગી અનુભવી રહ્યું હતું. આ નાણાકીય કટોકટીમાંથી ઉગરવા માટે કોંગ્રેસ પક્ષે ૨૦૦૨ થી ૨૦૧૧ દરમ્યાન ૧૦૦ હપ્તે ૯૦ કરોડની રકમ નેશનલ હેરાલ્ડના કર્મચારીઓના પગાર, સ્વેચ્છિક નિવૃત્તી, વિજળી બીલ, વેરો સહિતની ચૂકવણી માટે આપ્યા હતા. ભાજપ અને તેના મળતીયાઓ નેશનલ હેરાલ્ડને આપેલા ૯૦ કરોડની લોન આપવાની બાબતને ગુનો ગણાવે છે પરંતુ ભારતના ચૂંટણી પંચે આ બાબતમાં કોઈપણ પ્રકારનો ગુનાહિત વાત ન હોવાનું જણાવ્યું હતું. ભાજપ દ્વારા કરવામાં આવતા આક્ષેપો વાહિયાત અને બદઈરાદા પૂર્ણ છે.

ભાજપ અને કોંગ્રેસને ટક્કર આપવા ૮૫૦ પદાધિકારીઓનું નવું સંગઠન બનાવાયું

# વિધાનસભાની ચૂંટણી પહેલાં આપ પાર્ટી દ્વારા નવી જમ્બો ટીમની જાહેરાત !

## ગુજરાતમાં મુખ્યમંત્રીનો ચહેરો ચૂંટણી પહેલાં જાહેર કરાશે : પ્રભારી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૨

રાજયમાં વિધાનસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. દરેક ભાજપ અને કોંગ્રેસ પોતપોતાની તૈયારીમાં છે તેવામાં આ વર્ષે વિધાનસભા ચૂંટણીનો આ જંગ ત્રિપાંખીયો ખેલાશે. ભાજપ કોંગ્રેસ ઉપરાંત આપ પણ આ વર્ષે મેદાનમાં મજબૂત દાવેદાર તરીકે ઉતરવા માગે છે અને તે માટે જ વિધાનસભા ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટીએ પોતાના ગુજરાતના માળખામાં ધરખમ ફેરફાર કર્યા છે. આજે આમ આદમી પાર્ટીના ગુજરાતના ચૂંટણી પ્રભારી ડો. સંદીપ પાઠકે નવા સંગઠનની જાહેરાત કરતા જણાવ્યું કે, ઈસુદાન ગઢવી આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયુક્ત મહાસચિવ અને ઈન્દ્રનિલ રાજયગુરૂ રાષ્ટ્રીય સંયુક્ત સચિવ તરીકે નિમણૂક કરવામાં આવી છે. એટલું જ નહીં આપે ગુજરાત જીતવા માટે પોતાની જમ્બો ટીમ બનાવી છે. જેમાં ૮૫૦ જેટલા કાર્યકર્તાઓને હોદ્દેદારો બનાવવામાં આવ્યા છે. ડો. સંદીપ પાઠકે પ્રેસ કોન્ફરન્સમાં આગળ જણાવ્યું કે આપની પરિવર્તન યાત્રા ૧૮૨ વિધાનસભામાં નીકળી હતી. જેમાં લોકોનો અમને સારો પ્રતિસાદ મળ્યો છે અને ગુજરાતના લોકોએ આમ આદમી પાર્ટીને તેના નામ પ્રમાણે જ જાણી છે, જે દરેક સામાન્ય માણસની પાર્ટી છે. અમે ગામડાઓમાં પણ બેઠકો કરી છે અને જનસંવાદ કર્યો છે. જનતા આજે બદલાવ માટે તૈયાર છે. તેમને બસ એક સારો વિકલ્પ જોઈએ છીએ. આ માટે જ બે મહિનામાં લાખો લોકો અને ૩૦,૦૦૦થી વધુ એક્ટિવ લોકો પાર્ટી સાથે જોડાયા છે. તેવામાં જૂના સંગઠનને વિખેરી ચૂંટણીને ધ્યાનમાં રાખી આજે નવું સંગઠન જાહેર કરવામાં આવી રહ્યું છે. આ સંગઠન ગામડા સુધીના સ્તરનું છે. ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, સંગઠનમાં વધારે લોકોનો સમાવેશ કરીને એક માળખું તૈયાર કર્યું છે. અમે તાકાતથી ચૂંટણીમાં ટક્કર આપીશું.' ગુજરાતમાં પાર્ટી માટે મુખ્યમંત્રીનો ચહેરો કોણ રહેશે એ મામલે વાત કરતા સંદીપ પાઠકે કહ્યું કે ગુજરાતમાં મુખ્યમંત્રીનો ચહેરો જરુર ચૂંટણી પહેલા નક્કી કરવામાં આવશે. જે તે સમયે અમે ચોક્કસ ચહેરો જાહેર કરીશું. જયારે ગુજરાતના પ્રભારી ગુલાબસિંહ યાદવે જણાવ્યું હતું કે, તમામને અભિનંદન આપું છું. અલગ અલગ સેલના પ્રમુખો અને ઉપપ્રમુખ બનાવવામાં આવ્યા છે. આ વખતે ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામો ચોંકાવનારા રહેશે.

# વિરમગામમાં હજયાત્રા માટે જનાર હાજીઓ તથા તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું



કવમે બવાહીર સુન્ની પટણી જમાઅત વિરમગામ દ્વારા એક પ્રોગ્રામનું આયોજન કરવામા આવ્યું હતું. જેમાં વ્હોરા જમાઅત માંથી ચાલુ વર્ષે હજજે બયતુલ્લાહ જનાર હાજીઓનું સન્માન કરવાનો અને ૨૦૧૯-૨૦ તથા ૨૦૨૦-૨૧ના વર્ષમાં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરનાર જમાઅતના તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ કાર્યક્રમ વિરમગામ અકદસ હોલ માલીવાડ ખાતે ઈશાની નમાઝ બાદ રાખવામાં આવ્યો હતો. હજ પઢવા જતા હાજીઓનું ફૂલહારથી સન્માન કરીને મુબારકબાદ આપવામાં આવી હતી. વ્હોરા મો.આશીફ પાનવાવાલા તરફથી દરેક હાજીઓને બેગ ભેટમાં આપવામાં આવી હતી. ગત વર્ષમાં સિલ્વર મેડલ મેળવનાર વિદ્યાર્થીને ધામાવાલા મેમોરીયલ ટ્રસ્ટ ઉસ્માનભાઈ ચામડાવાલા તરફથી રોકડ પુરસ્કાર અને બીજા એક જમાતભાઈ તરફથી પણ રોકડ પુરસ્કાર આપવામાં આવ્યું હતું. **(તસવીર : મુન્ના વ્હોરા, વિરમગામ)**

દેલવાડા પીએચસી સેન્ટરના નર્સિંગ સ્ટાફની બેદરકારી

# પ્રસૂતિ સમયે ગુપ્તાંગમાંથી પેડ અને નાળ કાઢવાનું ભૂલી જતા મહિલાનો જીવ જોખમમાં મૂકાયો

## જવાબદારો સામે યોગ્ય કાર્યવાહી કરવા પરિવારજનોની માગણી

ઉના, તા.૧૨

દેલવાડા ગામના સરકારી પ્રાથમિક કેન્દ્રમાં આઠ દિવસ પહેલાં આવેલ સૈયદ રાજપરા ગામની મહિલાને ત્રીજી ડિલિવરી કરાવતી વખતે નોર્મલ ડિલેવરી થયા બાદ બ્લડ બંધ કરવા મહિલાના ગુપ્તાંગમાં મુકાયેલ પેડ તેમજ બાળકની નાળ રહી જતાં ઈન્ફેકશન થવાના કારણે મહિલા ગંભીર બની જતાં ત્રણ દિવસ પહેલાં ઉનાની ખાનગી હોસ્પિટલમાં તેનું પાંચ કલાકથી વધુ સમય સુધી ઓપરેશન ચાલ્યા બાદ ત્રણ દિવસ આઈસીયુમાં રાખી મહિલાની જિંદગી બચાવવા સફળતા મળી હતી. દેલવાડા પીએચસી સેન્ટરના નર્સિંગ સ્ટાફની બેદરકારીએ મહિલાનો જીવને જોખમમાં મૂકતા આ બાબતે ભારે રોષ ફેલાયેલ છે.

દેલવાડા પીએચસી કેન્દ્રમાં પ્રસૂતિ ગૃહમાં આઠ દિવસ પહેલાં સૈયદ રાજપરા બંદરની ભારતીબેન દિનેશભાઈ બાંભણિયા નામની મહિલા તેના પતિ પરિવાર સાથે પ્રસૂતિ માટે આવેલ અને ત્યાં હાજર રહેલ નર્સિંગ સ્ટાફે આ મહિલાની નોર્મલ ડિલિવરી કરાવ્યા બાદ ગંભીર પ્રસૂતિ બાદ ગુપ્ત જગ્યાએ બ્લડ બંધ કરવા પેડ મૂકી તેમજ બાળકની નાળના કટકા બહાર કાઢવાનું ભૂલી જતાં ટાંકા લઈ આ મહિલાને રજા આપી દીધેલ ત્યાર બાદ મહિલા પોતાના ઘરે દર્દની હાલતમાં પીડાતી હોય અને તેને ત્રણ દિવસ પહેલાં ઉનાની ખાનગી હોસ્પિટલમાં લાવતા ગાયનેક મહિલા તબીબે તપાસ કરતા મહિલાના પ્રસૂતિના ગુપ્ત ભાગોની જગ્યા પર ઈન્ફેક્શન થતાં અને પેડ તેમજ નાળના કટકા હોવાના કારણે ગંભીર સ્થિતિ સર્જાયેલ હોવાના આક્ષેપ પરિવારજનોએ કર્યા હતા. પીએચસી કેન્દ્રમાં નોર્મલ ડિલિવરી હોવાથી મહિલાને ગુપ્ત ભાગે ટાંકા લીધા બાદ રજા આપવામાં આવી હતી. જો કે, ટાંકાના ભાગે દુઃખાવો ઉપડતા પરિવારજનોએ દેલવાડા પીએચસી કેન્દ્રમાં જાણ કરેલ હોવા છતાં કોઈ જવાબ નહીં મળતા આ મહિલાને ખાનગી હોસ્પિટલમાં લાવતા તે દરમિયાન ગુપ્ત ભાગેથી પેડ તેમજ નાળના કટકા નિકળતા તબીબો ચોકી ઉઠ્યા હતા. નર્સિંગ સ્ટાફની અને તબીબની બેદરકારીના કારણે ડિલિવરી સમયે મૂકવામાં આવેલ પેડ તેમજ નાળનાન કટકાના કારણે ઈન્ફેકશન થયું હતું. ત્યાર બાદ ત્રણ કલાકની સફળ ભારતીબેનની સારવાર શરૂ કરવામાં આવી હતી. ઈન્ફેકશનના કારણે કેટલીકવાર દર્દીનું મોત પણ નિપજતું હોવાથી આ બાબત ગંભીર હોવાથી પરિવારજનોએ પીડિતા ભારતીબેનને દુઃખાવો ઉપડતા મહિલા ગાયનેક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે જતાં મામલો સામે આવ્યો હતો. આમ સરકારી પીએચસી તેમજ સીએચસી કેન્દ્રમાં પ્રસૂતિ ગૃહ તેમજ નસબંધી ઓપરેશનમાં રહેતી બેદરકારી અંગે બ્લોક હેલ્થ અધિક્ષક દ્વારા આ મામલો ગંભીર છે તેમ સમજી જવાબદાર તબીબ નર્સિંગ સ્ટાફ સામે પગલા ભરવા માગણી ઉઠવા પામેલ છે.

# કોડીનારના જંતાખડી ગામે ૮ વર્ષીય બાળા પર દુષ્કર્મ આચરી હત્યા કરાઈ

## ગળું દબાવી બાળાને મોતને ઘાટ ઉતારનાર નરાધમ પર ફિટકાર વરસાવતા લોકો

કોડીનાર, તા.૧૨

કોડીનાર તાલુકાના જંતાખડી ગામની ૮ વર્ષની બાળા ઉપર કોઈ નરાધમે બળાત્કાર ગુજારી ગળું દબાવી મોતને ઘાટ ઉતારી દેતાં ચકચાર મચી જવા પામી છે.

આ અંગેની હાલમાં જાણવા મળતી વિગત મુજબ કોડીનાર તાલુકાના જંતખડી ગામે રહેતી ૮ વર્ષીય માસૂમ બાળા હોમવર્ક કરી રસોઈ માટે ગામમાં સેવ લેવા ગયા બાદ ઘરે પરત ન ફરતા બાળાની શોધખોળ કરતા ૬૬ કે.વી.સબ સ્ટેશન પાસે બાળાનું મૃતદેહ મળી આવતા અંગે પોલીસને જાણ કરતા પ્રથમ બાળાના મૃતદેહને કોડીનાર સરકારી દવાખાને ખસેડયા બાદ પ્રાથમિક તપાસમાં બાળા ઉપર બળાત્કાર આચરી ગળું દબાવી મોત નિપજાવ્યું હોવાનું જાણવા મળતાં અરેરાટી વ્યાપી હતી. નરાધમે બળાત્કાર ગુજારી પોતાનું પાપ છુપાવવા માસૂમ બાળાને મોતને ઘાટ ઉતારી દેતાં સમગ્ર તાલુકામાં નરાધમ ઉપર લોકો ફિટકાર વરસાવી રહ્યા છે, પોલીસે બનાવ અંગે સઘન તપાસ હાથ ધરી નરાધમને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# પીરામણ ગામના ઓપેરા હાઉસ સામે વરસાદી પાણી ભરાવાની શકયતા



રાજયના અમુક સ્થળોએ ચોમાસાનું આગમન થઈ ગયું છે. ત્યારે અંકલેશ્વરના પીરામણ ગામે ઓપેરા હાઉસ સામે આવેલ ગરીબ નવાઝ મસ્જિદ નજીક છે. વધારે વરસાદ થશે તો હાલાકી વધવાની શક્યતા છે. તંત્ર જાગૃત થાય એ જરૂરી છે. આ અગાઉ પણ ટાંકીના ઓવરફ્લો થયેલ પાણીના લીધે ભર ઉનાળામાં ચોમાસા જેવા દ્દશ્યો સર્જાયા હતા. **(તસવીર :- અયાઝ શેખ, અંકલેશ્વર)**

# હિંમતનગર : પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ વિરૂદ્ધ ફેસબુક પર અભદ્ર કોમેન્ટ કરનાર સામે ફરિયાદ

હિંમતનગર, તા.૧૨

ભાજપમાં પ્રવક્તા નૂપુર શર્માની વિવાદિત ટિપ્પણી બાદ સમગ્ર દેશમાં ભારે તંગદીલી ભર્યુ વાતાવરણ સર્જાયું છે. પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર વિવેક પટેલ નામના ફેસબુક આઈડીથી ફેસબુક પેજ પર પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ અંગેની ભાજપ નેતાઓની ટિપ્પણીના મુસ્લિમ દેશોમાં આકરા પડઘા બાબતની પોસ્ટ ઉપર પોતાની ફેસબુક આઈડી મારફતે મુસ્લિમ ધર્મના પયગમ્બર સાહેબ વિરૂદ્ધ સોશિયલ મીડિયાના માધ્યમથી અભદ્ર કોમેન્ટ કરી હતી. જેના કારણે મુસ્લિમ સમાજના યુવાનો સાથે વાદ-વિવાદ કરી તેમજ અશરફભાઈ યુસુફભાઈ દત્રોલીયા (ઉ.વ.૬૩, રહે-ઈલોલ) તથા અન્ય સમુદાયના યુવાનો સાથે પણ વાદ-વિવાદ કર્યો હતો અને મુસ્લિમ સમાજના લોકોની ધાર્મિક લાગણી દુભાવવાના ઈરાદાથી સોશિયલ મીડિયા ઉપર બે કોમો વચ્ચે દ્વેષની લાગણીને પ્રોત્સાહન આપી કોમી વૈમનસ્ય ફેલાવવાનું હિન કૃત્ય કર્યું હતું. જે અંગે અશરફભાઈ યુસુફભાઈ દત્રોલિયાએ ફેસબુક આઈડીના ધારક વિવેક પટેલ વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગીરગઢડાના થોરડી ગામ નજીક

# કાર-બસ વચ્ચે અકસ્માત સર્જાતા ચાલક યુવાનનું મોત, એક ઈજાગ્રસ્ત

ઉના, તા.૧૨

જુનાગઢ જીલ્લાના માળીયા હાટીના તાલુકાના સરકડીયા ગામે રહેતા ચાંપરાજભાઈ સિંઘવ પોતાની કારમાં મજુરો ભરી ઉનાના ખત્રીવાડા ગામે મુકવા ગયેલ હતા. અને ત્યાંથી મજુરોને મુકી પરત પોતાના ઘરે જતાં હતા. એ દરમ્યાન ગીરગઢડા નજીક ગીરજંગલમાં આવેલ થોરડી-ભાખા ગામ વચ્ચે વળાંક પાસે ખોડીયાર મંદિર પાસે સામેથી પુરઝડપે આવતી ટ્રાવેલ્સ બસ ચાલકે ગફલત ભરી રીતે ચલાવી કાર સાથી ધડાકાભેર ભટકાવી દેતા કાર ચાલક ચાંપરાજભાઈને માથાના કપાળના ભાગે તથા શરીરે ગંભીર ઈજા થતાં પ્રથમ ગીરગઢડા સરકારી હોસ્પીટલે ખસેડાયેલ ત્યાથી વધુ સારવાર માટે ઉના ખાનગી હોસ્પીટલ બાદમાં જૂનાગઢ રીફર કરેલ ત્યાં પહોચે તે પહેલાજ મોત નિપજેલ હતું. તેમજ કારમાં બેઠેલ કૈશિકભાઈ કરશનભાઈ કેશવાલાને પણ ઈજા થઈ હતી. આમ અકસ્માતની ઘટના બનતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

૫૦ મુસાફરોથી ભરેલી બસ પલટી ગઈ

# પ્રથમ વરસાદમાં સાપુતારામાં એસટી બસને અકસ્માત નડ્યો

## બસમાં મુસાફરી કરતાં ૪૦થી ૫૦ જેટલા પેસેન્જરો સહિત ડ્રાઈવર અને કંડકટરને સામાન્ય ઈજા પહોંચી

ડાંગ, તા.૧૨

ડાંગ પાસેના વઘઈમાં શિરડી-સુરત-બગસરા એસટી બસને અકસ્માત નડ્યો હતો. જિલ્લાનાં વઘઈ સાપુતારા રોડ પર મકર ધ્વજ મંદિર નજીક સરકારી એસટી બસ પલટી વળી ગઈ હતી. પ્રથમ વરસાદને પગલે એસટી બસનાં ચાલકે કાબૂ ગુમાવ્યો હતો. જોકે, બસમાં સવાર તમામ ૪૦ થી ૫૦ મુસાફરોનો ચમત્કારિક બચાવ થયો હતો. પરંતુ ઈજાગ્રસ્તોને વઘઈ રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ડાંગ જિલ્લાના વઘઈથી સાપુતારા આંતરાજય ધોરીમાર્ગ પર અવારનવાર અકસ્માતોનો સિલસિલો યથાવત રહેતો હોય છે. ત્યારે વઘઈ સાપુતારા રોડ પર મકર ધ્વજ મંદિર નજીક સરકારી એસટી બસને અકસ્માત નડ્યો હતો. શીરડીથી સુરત બગસરા બસના ચાલકે વરસાદી માહોલમાં સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવી દેતા બસ પલટી ગઈ હતી. જોકે બસમાં મુસાફરી કરતાં ૪૦ થી ૫૦ જેટલા પેસેન્જરો સહિત ડ્રાઈવર અને કંડક્ટરને સામાન્ય ઈજા પહોંચી હતી. આ અકસ્માતને પગલે પેસેન્જર્સમાં અફરાતફરી મચી ગઈ હતી. સદનસીબે મુસાફરોને સામાન્ય ઈજાઓ પહોંચતા ઈજાગ્રસ્તોને વઘઈ રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બસના અકસ્માતને લઈને મુસાફરો વૈકલ્પિક વાહનની માંગ કરી હતી. આ અકસ્માતને લઈને ડાંગ ધારાસભ્ય વિજય પટેલ સહિત વઘઈ પોલીસ સ્ટેશનના પીએસઆઈ વસાવા અને પોલીસ સ્ટાફ સહિત એલસીબી પીએસઆઈ જયેશ વળવી ઘટના સ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૨

રાજયમાં પ્રિ-મોન્સૂન વરસાદનો પ્રારંભ થઈ ચૂક્યો છે. હવામાન વિભાગ દ્વારા પણ રાજયમાં પાંચ દિવસ સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે આજરોજ વહેલી સવાર સુધી સુરત શહેરમાં બે ઈંચ જેટલો વરસાદ ખાબકતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. સૌથી વધુ વરસાદ વરાછા ઝોન-એમાં નોંધાયો હતો અને વરસાદને લીધે રસ્તા પર પાણી ભરાઈ જતાં વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

છેલ્લા ત્રણ દિવસથી દક્ષિણ ગુજરાતમાં વરસાદ પડી રહ્યો છે. જયારે આગામી પાંચ દિવસ વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આજ રોજ વહેલી સવારે સુરતના વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ગતરાત્રિથી સવાર સુધીમાં બે ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. ઉધના-વરાછા વિસ્તારમાં રોડ પર પાણી ભરાઈ ગયા હતા. ભારે પવન સાથે વરસાદના પગલે અમરોલી સહિતના વિસ્તારમાં વીજળી ડૂલ થઈ ગઈ હતી. સવાર સુધી વીજ પુરવઠો રાબેતા મુજબ થયો ન હતો. સુરત સાથે દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસથી વાદળછાયું વાતાવરણ છે. વલસાડ, નવસારી સહિતના વિસ્તારમાં છેલ્લા બે દિવસથી હળવો વરસાદ પડી રહ્યો છે. ત્યારે વહેલી સવારે સુરત શહેરના વાતાવરણમાં પલટો આવ્યો હતો. રાત્રિ દરમિયાન રાત્રે ૮થી સવારના ૮ વાગ્યા સુધીમાં બે ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. જેમાં સૌથી વધુ વરસાદ વરાછા ઝોન-એમાં ૪૬ મિમિ વરસાદ પડ્યો હોવાનુ જાણવા મળે છે. ભારે ગરમી વચ્ચે વરસાદ પડવાના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. જો કે, ધોધમાર વરસાદ ખાબકતા ઉધના, પાંડેસરા અને વરાછા વિસ્તારમાં રોડ પર પાણી ભરાઈ ગયા હતા. રોડ પર પાણી ભરાવાના કારણે વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

# સાબરકાંઠામાં મોડી રાત્રે ભારે પવન સાથે વરસાદ ખાબક્યો

હિંમતનગર, તા.૧૨

ઉનાળાની કાળઝાળ ગરમી બાદ વાતાવરણમાં ઠંડા પવન સાથે શનિવારે મોડી રાત્રે સાબરકાંઠા જિલ્લામાં વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકામાં ૪૦ મીમી, વિજયનગર તાલુકામાં ૨૨ મીમી, ઈડર તાલુકામાં ૧૧ મીમી,પોશીના તાલુકામાં ૧૦ મીમી, જયારે હિંમતનગર તાલુકામાં ૩ મીમી વરસાદ નોંધાયો હતો. આ અંગે સાબરકાંઠા જિલ્લા ડિઝાસ્ટર વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લામાં શનિવારે મોડી રાત્રે ધૂળની ડમરીઓ બાદ ભારે પવન સાથે આકાશમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદ વરસ્યો હતો. મોડી સાંજે વાતાવરણમાં આવેલા અચાનક ફેરફારને લીધે વડાલી વિજયનગર, પોશીના, ઈડર, ખેડબ્રહ્મા અને હિંમતનગર તાલુકામાં વરસાદ વરસ્યો હતો. અચાનક જ મોડી રાત્રે આવેલા વાતાવરણમાં પલટા બાદ વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક ફેલાઈ હતી. સાબરકાંઠા જિલ્લામાં પણ આ વર્ષે સારો વરસાદ થશે તેવી આશા ખેડૂતોમાં જોવા મળી છે. વડાલીમાં પોણા બે ઈંચ વરસાદ વરસતા રોડ રસ્તા ઉપર પાણી ફરી વળ્યા હતા. જો કે, હિંમતનગર શહેરમાં પણ મોડી રાત્રે ૩ મીમી વરસાદ થયા બાદ વાતાવરણમાં આંશિક ઠંડક જોવા મળી હતી કાળઝાળ ગરમી બાદ અચાનક વાતાવરણમાં આવેલા ફેરફારના કારણે ઠંડક મળતા લોકોએ પણ રાહતનો અનુભવ કર્યો હતો.

**એમ.ઈ.એસ. પ્રાથમિક શાળા, નાગરવાડા, વડોદરા**

**શિક્ષકો જોઈએ છે**

એમ.ઈ.એસ. પ્રાથમિક, નાગરવાડા, વડોદરા માટે નીચે મુજબની લાયકાત ધરાવતા શિક્ષકો લેવાના છે.

(૧) બી.એ./બી.એડ. (અંગ્રેજી) (૨) બી.એ./બી.એડ. (કોઈપણ વિષય) (૩) બી.એસ.સી./બી.એડ. (૪) બી.કોમ./બી.એડ.

ઉપરોક્ત લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારોએ દિન-૮માં રજિસ્ટર એડીથી આચાર્યશ્રી, એમ.ઈ.એસ. પ્રાથમિક શાળા, નાગરવાડા, વડોદરા સર્ટી. સાથે અરજી મોકલી આપવી.

# IAS અધિકારીએ શેર કરી ભરૂચના કલેક્ટરની ધો.૧૦ની માર્કશીટ, ગણિતમાં ૩૬ અને અંગ્રેજીમાં ૩૫ માર્ક્સ હતા

## ધો.૧૦ના માર્ક્સ આ નક્કી નથી કરતા કે ભવિષ્યમાં તમે સફળ થશો કે નહીં





(એજન્સી) તા.૧૨
હાલમાં અનેક રાજ્યોમાં બોર્ડની પરીક્ષાઓના પરિણામો જાહેર થઈ રહ્યા છે, જેમાં કેટલાક બાળકો તેમની સફળતાની ધજા લહેરાવી રહ્યા છે તો કેટલાક તેમની નિષ્ફળતાથી નિરાશ છે. પરંતુ નોંધનીય બાબત તો એ છે કે, તમારા ધો.૧૦ના માર્ક્સ ભવિષ્યમાં તમે સફળ થશો કે નહીં તેનો આધાર નથી. જીવનમાં એક પરીક્ષાનું પરિણામ પ્રગતિનું સ્પીડ બ્રેકર નહીં પરંતુ પ્રગતિ માટેની પ્રેરણા બનતું હોવાનું ભરૂચ જિલ્લા કલેક્ટર અને IAS અધિકારી તુષાર સુમેરાએ ઉદાહરણ પૂરૂં પાડ્યું છે જેમણે ધો.૧૦ની બોર્ડની પરીક્ષામાં સામાન્ય પરિણામ છતાં દેશની ખૂબ મુશ્કેલ ગણાતી UPSCની પરીક્ષાએ પાસ કરી આજે જિલ્લા કલેક્ટર જેવી જવાબદાર અને મહત્ત્વપૂર્ણ ગણાતી પોસ્ટ હાંસલ કરવામાં સફળતા મેળવી છે. ભરૂચ જિલ્લા કલેક્ટર તુષાર સુમેરાની ધો.૧૦ની માર્કશીટ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહી છે. આ માર્કશીટ જોતા અનુમાન લાગે કે તે કોઈ સામાન્ય વિદ્યાર્થીની હશે જેના SSC બોર્ડની પરીક્ષામાં ૭૦૦માંથી માત્ર ૩૪૩ ગુણ પ્રાપ્ત થયા છે. ૫૦ ટકા કરતા પણ ઓછા ગુણ મળવા છતાં આ માર્કશીટ જેમની છે તે તુષાર સુમેરાએ નિરાશ થઈ પોતાને સામાન્ય વિદ્યાર્થી તરીકે ન સ્વીકારી અભ્યાસ પાછળ ખૂબ પરિશ્રમ શરૂ કર્યો હતો. તુષાર સુમેરાએ અથાક મહેનત અને ધ્યેય સ્થાપિત કરી આગળ જતા દેશની સૌથી કઠિન ગણાતી UPSC પરીક્ષા પાસ કરી આજે ભરૂચ જિલ્લા કલેક્ટર બન્યા છે. તુષાર સુમેરાએ રાજકોટની સરકારી શાળા ચૌધરી હાઈસ્કુલમાં અભ્યાસ કરતા ધો.૧૦ની SSC બોર્ડની પરીક્ષા આપી હતી. પરીક્ષાની માર્કશીટ જોતા આ માર્કશીટ આજના રાજ્યના ખ્યાતિ પ્રાપ્ત IAS અધિકારીની છે તેવું ક્યારેય મન સ્વીકારે નહીં. તુષાર સુમેરાનાં અંગ્રેજીમાં ૩૫ માર્ક્સ, ગણિતમાં ૩૬ માર્ક્સ અને વિજ્ઞાનમાં ૩૮ માર્ક્સ આવ્યા હતા. નબળા પરિણામ છતાં તેમને આર્ટ્સમાં એડમિશન લઈ બી.એડની ડિગ્રી પણ હાંસલ કરી હતી. કોલેજમાં અભ્યાસ દરમિયાન તેઓ અંગ્રેજી વિષયમાં નબળા હતા. બી.એડ થયા બાદ તુષાર સુમેરાએ ચોટીલાની એક સ્થાનિક શાળામાં પ્રાથમિક શિક્ષક તરીકે નોકરી કરી હતી. આ સમયે તેમનો પગાર માત્ર ૨૫૦૦ રૂપિયા હતો. ધો.૧૦ની માર્કશીટના આધારે પોતાને કઠિન પરીક્ષાઓ અને ઉચ્ચ શિક્ષણ માટે લાયક ન હોવાનું સ્વીકારી તુષાર સુમેરા હાથ ઉપર હાથ રાખી બેસી રહ્યા હોત તો આજે એ જિલ્લા કલેક્ટર જેવી જવાબદાર અને મહત્ત્વની પોસ્ટ ઉપર પહોંચી શકે નહીં. ધો.૧૦ના પરિણામ બાદજ તેમણે અથાક પરિશ્રમ કરવાનું નક્કી કરી લીધું હતું. ધો.૧૦ની પરીક્ષા માંડ પાસ કરનાર તુષાર સુમેરા કલેક્ટર બનવાનું સપનું જોતા ત્યારે ક્યારેક લોકોની મજાકનો પણ ભોગ બન્યા હતા પણ ધ્યેય નિશ્ચિત હતું જેને હાંસલ કરીને જ તેમણે સંતોષ માન્યો હતો. ૨૦૧૨ના વર્ષમાં આ તેમણે દેશની સૌથી કઠિન UPSC પરીક્ષા પાસ કરી IAS અધિકારી બન્યા છે.તાજેતરમાંજ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કલેક્ટર તરીકે તુષાર સુમેરાએ ભરૂચ જિલ્લામાં ઉત્કર્ષ પહેલ અભિયાન અંતર્ગત કરેલા કામની નોંધ લઈને ટ્વિટર પર પણ પોસ્ટ કરી હતી. કુનેહના કારણે તુષાર સુમેરાએ ભરૂચ જિલ્લાને અનેક યોજનાઓના ૧૦૦ ટકા કવરેજ ધરાવતો દેશનો પ્રથમ જિલ્લો બનવાનું ગૌરવ પ્રાપ્ત કરાવ્યું હતું.

# પંજાબ, હરિયાણા, દિલ્હી અને ઉત્તરપ્રદેશમાં હીટવેવ ૧૪ જૂન સુધી ચાલુ રહેશે : હવામાન વિભાગ

(એજન્સી) તા.૧૨
ભારતીય હવામાન વિભાગે રવિવારે જણાવ્યું હતું કે, પંજાબ, હરિયાણા, દિલ્હી અને દક્ષિણ પૂર્વ ઉત્તરપ્રદેશના અલગ-અલગ વિસ્તારોમાં આગામી બે દિવસ સુધી હીટવેવ ચાલુ રહેશે અને ૧૪મી જૂને આ વિસ્તારોમાં ગરમી ઓછી થશે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે, મધ્ય અને પૂર્વ ભારતના મોટાભાગના ભાગોમાંથી ગરમી પહેલાથી જ ઓછી થઈ ગઈ છે. જો કે, ૧૨ જૂને જમ્મુ ડિવિઝન અને પંજાબ, હરિયાણા-દિલ્હી, પૂર્વ ઉત્તરપ્રદેશ, હિમાચલપ્રદેશ, ઉત્તરાખંડમાં ૧૨ અને ૧૩ જૂને અલગ-અલગ સ્થળોએ અત્યંત ગરમી પડવાની સંભાવના છે. મંગળવારે, ભારતના હવામાન વિભાગે જણાવ્યું હતું કે, અરબી સમુદ્ર પર દક્ષિણ પશ્ચિમ ચોમાસું નબળું પડ્યું હતું અને ૬ જૂન સુધી દેશભરમાં વરસાદની ખાધ ૩૧% હતી. દિલ્હી અને હરિયાણા અને ઉત્તરપ્રદેશના કેટલાક ભાગોમાં છેલ્લા ત્રણ મહિનામાં રેકોર્ડબ્રેક ઊંચા તાપમાનનો અનુભવ થઈ રહ્યો છે. ઉત્તર પશ્ચિમ અને મધ્ય ભારતમાં એપ્રિલમાં સરેરાશ મહત્તમ તાપમાન ૧૨૨ વર્ષમાં સૌથી વધુ હતું. ભારતીય હવામાન વિભાગે રેકોર્ડ જાળવવાનું શરૂ કર્યું ત્યારથી દેશમાં ૧૨૨ વર્ષમાં સૌથી ગરમ માર્ચ આ વર્ષે જોવા મળ્યો હતો. રવિવારે, ભારતીય હવામાન વિભાગે કહ્યું હતું કે, ઉત્તર-પૂર્વ ભારતમાં આગામી બે દિવસમાં મહત્તમ તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફાર થશે નહીં. જો કે, ત્યારબાદ તાપમાનમાં ધીમે-ધીમે ૨થી ૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થશે. આગામી ત્રણ દિવસ દરમિયાન મધ્ય ભારતમાં મહત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના છે અને તે પછી કોઈ નોંધપાત્ર ફેરફાર નહીં થાય, આગામી પાંચ દિવસ દરમિયાન દેશના બાકીના ભાગોમાં મહત્તમ તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફાર થવાની સંભાવના નથી. દરમિયાન, પશ્ચિમ દ્વીપકલ્પના દરિયાકાંઠે વરસાદ ચાલુ રહેવાની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ-પશ્ચિમ પવનોના પ્રભાવ હેઠળ, આગામી પાંચ દિવસમાં ઉત્તર-પૂર્વ ભારત અને પેટા હિમાલયના પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં પણ ભારે વરસાદ ચાલુ રહેવાની શકયતા છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે, બિહાર, ઝારખંડ, ઓડિશા અને ગંગાના પશ્ચિમ બંગાળમાં વરસાદમાં વધારો થવાની સંભાવના છે અને ૧૪-૧૬ જૂન દરમિયાન વાવાઝોડા અથવા વીજળીના ચમકારા અથવા તોફાની પવન સાથે વ્યાપક વરસાદ થવાની સંભાવના છે. મધ્યપ્રદેશમાં વાવાઝોડા અથવા વીજળી અથવા તોફાની પવનો સાથે છૂટાછવાયા વરસાદની સંભાવના છે અને આગામી પાંચ દિવસ દરમિયાન વિદર્ભ અને છત્તીસગઢમાં છૂટાછવાયા વ્યાપક વરસાદની સંભાવના છે. ઉપરાંત, આગામી ૨૪ કલાક દરમિયાન ઉત્તર અરબી સમુદ્ર, કોંકણ, ગુજરાત, મધ્ય મહારાષ્ટ્ર, કર્ણાટક અને તમિલનાડુ, તેલંગાણા, આંધ્રપ્રદેશ, પશ્ચિમ મધ્ય અને બંગાળની ઉત્તરપશ્ચિમ ખાડીના કેટલાક ભાગોમાં ચોમાસું આગળ વધવા માટે સ્થિતિ અનુકૂળ દેખાઈ રહી છે.

# યુપીના ભદોહીમાં ભડકાઉ વાંધાજનક FB પોસ્ટના આરોપમાં બેની ધરપકડ

(એજન્સી) લખનૌ, તા.૧૨
પોલીસે જણાવ્યું હતું કે, ફેસબૂક પોસ્ટ દ્વારા 'ધાર્મિક લાગણીઓને ભડકાવવાના' આરોપમાં રવિવારે ભદોહી જિલ્લામાં બે લોકોની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ અધિક્ષક ડૉ.અનિલકુમારના જણાવ્યા અનુસાર, સૂર્યવા પોલીસ સ્ટેશન વિસ્તારના રહેવાસી ચૌધરી અઝહરે શનિવારે નૂપુર શર્મા વિરૂદ્ધ ફેસબૂક પર કેટલીક 'જાતિ-વિશિષ્ટ' પોસ્ટ કરી હતી જયારે કેટલાક લોકોએ તેના સમર્થનમાં સરઘસ કાઢ્યું હતું. કોતવાલી વિસ્તારના બીજા આરોપી દુર્ગેશસિંહે પણ આ જ સાઈટ પર એક ચોક્કસ સમુદાયની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડતી પોસ્ટ કરી હતી, તેણે કહ્યું. એસપીએ કહ્યું કે, પોલીસે બંને માણસો દ્વારા કરવામાં આવેલી પોસ્ટની નોંધ લીધી અને સંબંધિત કલમો હેઠળ તેમની સામે ગુનો નોંધ્યો છે. તેમણે સામાન્ય જનતાને સોશિયલ મીડિયા પર વાંધાજનક ટિપ્પણી કરવાનું ટાળવા અને શાંતિ જાળવવા અપીલ કરી, જો તેઓ અન્યથા કરે તો કડક કાયદાકીય કાર્યવાહી કરવાની ચેતવણી આપી. શનિવારે સાંજે જિલ્લાના ગોપીગંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં લોકોએ ભારતીય જનતા પાર્ટીના પૂર્વ પ્રવક્તા નૂપુર શર્માના સમર્થનમાં સરઘસ કાઢ્યું હતું. પોલીસે આ મામલે કલમ ૧૪૪ના ઉલ્લંઘન બદલ ૪૬ લોકો વિરૂદ્ધ FIR નોંધી છે, એમ એસપીએ જણાવ્યું હતું. આ એફઆઈઆરમાં અગિયાર લોકોના નામ આપવામાં આવ્યા છે અને ૩૫ અજાણ્યા વ્યક્તિઓ છે તે બધાએ સરઘસમાં ભાગ લીધો હોવાનો આરોપ છે. વરિષ્ઠ પોલીસ અધિકારીએ ઉમેર્યું હતું કે, પોલીસ તેમની ધરપકડ શરૂ કરવાની પ્રક્રિયામાં છે.

# પાંચ ટ્રિલિયન યુએસ ડૉલર GDPનો નવો ધ્યેય 'લક્ષ્ય બદલવાનો' હેતુ ધરાવે છે : ચિદમ્બરમ્

(એજન્સી) તા.૧૨
મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરને IMFની એવી આગાહી વિશે વાત કરી હતી ભારતીય અર્થતંત્ર ૨૦૨૬-૨૭ સુધીમાં USD ૫ ટ્રિલિયનને વટાવી જશે. આ મુદ્દે કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી. ચિદમ્બરમે રવિવારે જણાવ્યું હતું કે, USD ૫ ટ્રિલિયન જીડીપીનો આ ધ્યેય હવે લક્ષ્ય બદલવા માટેનું નિવેદન જણાય છે. કારણ કે, મૂળ લક્ષ્ય વર્ષ ૨૦૨૩-૨૪ માટેનું હતું. નાણા મંત્રાલયના 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના પ્રતિષ્ઠિત સપ્તાહની ઉજવણીમાં બોલતા નાગેશ્વરને ગયા અઠવાડિયે કહ્યું હતું કે, IMFએ ૨૦૨૬-૨૭ સુધીમાં ભારતીય અર્થતંત્ર ૫ ટ્રિલિયન યુએસ ડોલરને પાર કરવાની આગાહી કરી છે. ડૉલરના સંદર્ભમાં ભારતનું ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP) પહેલેથી જ USD ૩ ટ્રિલિયનને વટાવી ચૂક્યું છે. તેમની આ ટિપ્પણી પર પ્રતિક્રિયા આપતા, ચિદમ્બરમે કહ્યું હતું કે, અર્થતંત્ર ૫ ટ્રિલિયન યુએસ ડોલરને પાર કરવાના જીડીપીનો ધ્યેય હવે બદલાઈ રહ્યો હોય તેવું લાગે છે. આ લક્ષ્ય માટેનું મૂળ વર્ષ ૨૦૨૩-૨૪ હતું અને આજે આપણે આ લક્ષ્યની નજીક હોઈએ એવું લાગતું નથી. હવે આપણા મુખ્ય આર્થિક સલાહકારે કહ્યું છે કે, અમે '૨૦૨૭ સુધીમાં' આ લક્ષ્ય હાંસલ કરીશું. મને લાગે છે કે, આપણા દરેક મુખ્ય વ્યક્તિઓ વડાપ્રધાન, નાણાપ્રધાન, FS અને CEA પાસે અલગ-અલગ લક્ષ્ય છે. જ્યારે પણ અર્થવ્યવસ્થા આ માઈલસ્ટોન પર પહોંચશે, ત્યારે તેઓ પૈકી કોઈ પણ કહી શકે છે કે, અમે તમને આ વિશે આગાહી કરી હતી.

# ખરેખર લાલુ પ્રસાદ યાદવ રાષ્ટ્રપતિની ચૂંટણી લડશે? વધુ વિચારશો નહીં, આ લાલુ પ્રસાદ અન્ય એક વ્યક્તિ છે

(એજન્સી) તા.૧૨
લાલુ પ્રસાદ યાદવ આગામી રાષ્ટ્રપતિની ચૂંટણી માટે બુધવારે નામાંકન ભરવા માટે દિલ્હી જવા માટે તૈયાર છે. જો કે, આ 'લાલુ પ્રસાદ'એ ૭૪ વર્ષીય રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના વડા નથી, પરંતુ બિહારના સારણ જિલ્લાના ૪૨ વર્ષીય એક અન્ય રહેવાસી છે. રાષ્ટ્રપતિ પદની હરિફાઈમાં એક બિહારી હોવો જોઈએ એવી તેમની માન્યતામાં મક્કમ, આ લાલુ યાદવ કહે છે કે, તેમણે બીજી વખત ઉમેદવારી પત્ર ભરવા માટે દિલ્હીની ફ્લાઈટ બૂક કરી લીધી છે. તેમણે ૨૦૧૭માં પણ તેમનું ઉમેદવારી પત્ર ભર્યું હતું જ્યારે બિહારના તત્કાલીન રાજ્યપાલ રામનાથ કોવિંદ ભારતના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા હતા અને સમર્થનના અભાવે યાદવની અરજી આખરે નકારી કાઢવામાં આવી હતી. બિહારના સારણ જિલ્લાના ૪૨ વર્ષીય આ લાલુ યાદવે ન્યૂઝ એજન્સી પીટીઆઈને કહ્યું કે, મારા પેપર્સ છેલ્લા સમયે નકારી કાઢવામાં આવ્યા હતા કારણ કે, તેને પર્યાપ્ત સંખ્યામાં દરખાસ્તકારો દ્વારા સમર્થન આપવામાં આવ્યું ન હતું. આ વખતે હું વધુ સારી રીતે તૈયાર છું. હું મારૂં નસીબ અજમાવી રહ્યો છું, હું પંચાયતોથી પ્રમુખપદ સુધી હું સૌથી વધુ ચૂંટણી લડવાનો રેકોર્ડ બનાવીશ. ૨૦૧૩માં આ લાલુ યાદવે, અસલી લાલુ યાદવની પત્ની રાબડી દેવી સામે પણ ચૂંટણી લડી હતી, જે બિહારના મુખ્યમંત્રી તરીકે સેવા આપનાર આજ સુધીની પ્રથમ અને એકમાત્ર મહિલા છે. તેણે આ ચૂંટણીમાં ૧૦,૦૦૦ કરતા ઓછા મત મેળવ્યા અને તેની ડિપોઝીટ જપ્ત કરવામાં આવી હતી. બીજેપીના રાજીવ પ્રતાપ રૂડીએ લગભગ ૫૦,૦૦૦ મતોના માર્જિનથી આ ચૂંટણી જીતી હતી. નિરાશ થયેલા યાદવ ફરીથી ૨૦૧૯માં મેદાનમાં આવ્યા હતા અને લગભગ ૬૦૦૦ મત મેળવ્યા હતા. આરજેડી વડાની જેમ આ લાલુ યાદવ પણ કૃષિ પૃષ્ઠભૂમિમાંથી આવે છે અને તેમને સાત બાળકો છે. તેઓ કહે છે કે, હું આજીવિકા માટે ખેતીવાડી કરૂં છું અને સામાજિક કાર્ય કરૂં છું. મારે સાત બાળકો છે. મારી મોટી દીકરી પરિણીત છે. ચૂંટણી પંચે ગુરૂવારે જાહેરાત કરી હતી કે ભારતના રાષ્ટ્રપતિ માટે મતદાન ૧૮ જુલાઈના રોજ યોજાશે, જેમાં સાંસદો અને ધારાસભ્યો સમાવિષ્ટ ઈલેક્ટોરલ કૉલેજના ૪૮૦૯ સભ્યો વર્તમાન રામનાથ કોવિંદના ઉત્તરાધિકારીની પસંદગી કરશે. ભારતીય જનતા પાર્ટી (BJP)એ તેના વરિષ્ઠ નેતાઓ જે.પી. નડ્ડા અને રાજનાથસિંહ દ્વારા તેના સાથી પક્ષો અને વિપક્ષી પાર્ટીઓ સુધી પહોંચવાનો નિર્ણય કર્યો છે, ત્યારે તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમોએ દિલ્હીમાં સમાન વિચારધારા ધરાવતા પક્ષોના નેતાઓની બેઠક બોલાવી છે.

# આંધ્રપ્રદેશ : PUBGમાં હારી જવા બદલ મિત્રોએ અપમાનિત કરતાં ૧૬ વર્ષના યુવકે આત્મહત્યા કરી

(એજન્સી) વિજયવાડા, તા.૧૨
મોબાઈલ અથવા ઓનલાઈન ગેમ્સને લગતી અન્ય એક દુઃખદ ઘટનામાં આંધ્રપ્રદેશના એક કિશોરે કથિત રીતે આત્મહત્યા કરી હતી કારણ કે, તેના મિત્રોએ PUBGની રમતમાં હારી જવા બદલ તેની મજાક ઉડાવી હતી. આ ઘટના રવિવારે આંધ્રપ્રદેશના કૃષ્ણા જિલ્લાના માછલીપટ્ટનમ શહેરમાં સામે આવી છે. ઓનલાઈન ગેમ હારી જવા પર તેના મિત્રોએ તેની મજાક ઉડાવતા ૧૬ વર્ષીય યુવકે પોતાને અપમાનિત અનુભવતા તેણે ઘરે આવીને કથિત રીતે સીલિંગ ફેન પર ગળેફાંસો ખાઈ લીધો હતો. આ મૃતક છોકરો કોંગ્રેસ પાર્ટીના સ્થાનિક નેતા શાંતિરાજનો પુત્ર છે અને તેને PUBG રમવાનું વ્યસન હતું. તેણે રવિવારે તેના મિત્રો સાથે આ ગેમ રમી હતી જેમાં તે હારી ગયો હતો. તેના મિત્રોએ તેની મજાક ઉડાવી હતી અને તેને પોતાનું વધુ અપમાન થતું લાગ્યું અને તેણે આ આત્યંતિક પગલું ભર્યું હતું. પોલીસે તેમની લાશને પોસ્ટ મોર્ટમ માટે મોકલીને વધુ તપાસ હાથ ધરી છે. છોકરાના પરિવારને સાંત્વના આપતા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તાંતીયાકુમારીએ માગણી કરી હતી કે રાજ્ય અને કેન્દ્ર સરકારે PUBG જેવી રમતો પર પ્રતિબંધ મૂકવો જોઈએ કારણ કે, તેમાં લોકોના જીવન દાવ પર લાગી જાય છે. ૨૦૧૯માં દેશમાં PUBG પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો પરંતુ આ ગેમ તાજેતરમાં એક અલગ નામ સાથે ફરીથી સામે આવી છે.

**દેશભરમાં ઓનલાઈન ગેમ્સ સંબંધિત હિંસા અને અપરાધ વધી રહ્યા છે.**

**લખનૌ :** ગયા અઠવાડિયે લખનૌમાં ૧૬ વર્ષના છોકરાએ કથિત રીતે તેના પિતાની લાયસન્સવાળી પિસ્તોલનો ઉપયોગ કરીને તેની માતાને ગોળી મારી હતી, કારણ કે, તેણીએ તેને PUBG જેવી ઓનલાઈન રમતો રમવાથી રોકી રહી હતી. યુપી પોલીસના જણાવ્યા અનુસાર, છોકરાએ લાશની ગંધને ઢાંકવા માટે રૂમ ફ્રેશનરનો ઉપયોગ કરીને ત્રણ દિવસ સુધી તેમના ઘરની અંદર તેના મૃતદેહને છૂપાવી દીધું હતું. તેણે તેની ૧૦ વર્ષની બહેનને પણ ધમકી આપી હતી કે જો તેણીએ હત્યા વિશે કોઈને કહ્યું તો તે તેણીને પણ મારી નાખશે.

**બેંગ્લુરૂ :** એપ્રિલમાં બેંગ્લુરૂના ૧૨ વર્ષના છોકરાએ કથિત રીતે રેલવે પોલીસ હેલ્પલાઈન પર બોમ્બની ધમકીનો કોલ કર્યો હતો અને યેલાહંકા રેલવે સ્ટેશન પર બોમ્બ રાખ્યો હોવાનો દાવો કર્યો હતો. બાદમાં અધિકારીઓને તે એક ખોટી ધમકી હોવાનું જણાયું હતું. છોકરાનો હેતુ તેના ક્લાસમેટને સ્ટેશન પર કાચેગુડા એક્સપ્રેસમાં ચઢતા અટકાવવાનો હતો કારણ કે, તેને ડર હતો કે તે PUBGમાં તેનો પાર્ટનર ગુમાવશે અને ગેમ રમવાનું બંધ કરવું પડશે.

# ક્રોસ વોટિંગ બદલ સસ્પેન્ડ કરાયેલા રાજસ્થાનના નેતાએ કહ્યું : ભાજપ મને રાજકારણમાંથી બહાર કરવા ઈચ્છે છે



(એજન્સી) તા.૧૨
રાજ્યસભાની ચૂંટણીમાં ક્રોસ વોટિંગ માટે પાર્ટી દ્વારા સસ્પેન્ડ કરાયેલા બીજેપી નેતા શોભા રાની કુશવાહાએ રાજસ્થાનમાં ભાજપ દ્વારા કુશવાહા સમુદાયને આપવામાં આવેલા વચનો પૂરા કરવામાં નિષ્ફળ જવાનો આરોપ લગાવ્યો છે. તેણે પાર્ટી હાઈકમાન્ડ પર આરોપ લગાવ્યો છે કે, ભાજપ તેને રાજકારણમાંથી બહાર કરવા માંગે છે. એક અખબારી યાદીમાં કુશવાહાએ જણાવ્યું હતું કે, ભાજપના રાષ્ટ્રીય નેતાઓ હજુ પણ મને ૨૦૨૩માં સમાજની એકતાને તોડીને રાજકારણમાંથી બહાર ફેંકવા માંગે છે. સત્તા ગમે તેટલી મજબૂત હોય, અમે સતત ત્રણ વખત ધોલપુર બેઠક જીતી છે. અમે જાણીએ છીએ કે જો અમે ચોથી વખત જીતીશું, તો રાજકારણમાં અમારૂં કદ વધશે. તેઓ માત્ર એવા કુશવાહ ઈચ્છે છે જે તેઓની ઈચ્છા મુજબ કામ કરે. તેણીએ ભાજપ પર એવો પણ આરોપ લગાવ્યો છે કે, તે સમુદાયને માત્ર ચૂંટણી અને વોટ બેંક માટે જ ઈચ્છે છે. તેણીએ આક્ષેપ કર્યો હતો કે અનેક પ્રસંગોએ, રાજ્ય ભાજપના નેતાઓએ પંચાયત અને મ્યુનિસિપલ ચૂંટણીઓમાં તેમના પોતાના ઉમેદવારો વિરૂદ્ધ કામ કર્યું હતું. શું ભાજપ અન્ય એવા નેતાઓ સામે પગલાં લેશે જેઓ પક્ષ વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ છે? શુક્રવારે બીજેપીની શિસ્ત સમિતિએ કુશવાહાને કારણદર્શક નોટિસ ફટકારી હતી, જેમાં તેણીને કથિત રીતે ક્રોસ વોટિંગ માટે શા માટે પાર્ટીમાંથી હાંકી કાઢવામાં ન આવે તે સમજાવવા સાત દિવસની અંદર જવાબ આપવા જણાવ્યું હતું. આ નોટિસમાં જણાવાયું હતું કે તેણીએ કથિત રીતે ભાજપના ઉમેદવારને મત ન આપીને અને અન્ય પક્ષના ઉમેદવારની તરફેણમાં મતદાન કરીને પક્ષના વ્હીપનો ભંગ કર્યો હતો, જે પક્ષના બંધારણમાં ઘડવામાં આવેલા નિયમોનું ઉલ્લંઘન છે. પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, હાલ માટે તેણીને ભાજપના પ્રાથમિક સભ્યપદમાંથી સસ્પેન્ડ કરવામાં આવી છે. રાજસ્થાનના તમામ ૨૦૦ ધારાસભ્યોએ શુક્રવારે બપોર સુધીમાં રાજ્યસભાની ચૂંટણી માટે મતદાન કર્યું હતું. વિપક્ષના નેતા ગુલાબચંદ કટારિયાએ સ્વીકાર્યું છે કે, ભાજપના એક ધારાસભ્યએ ક્રોસ વોટિંગ કર્યું હતું, જેના કારણે અપક્ષ ઉમેદવાર સુભાષ ચંદ્રાની જીત મુશ્કેલ બની શકે છે.

### સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન

# પુલવામામાં સુરક્ષાબળો દ્વારા ૩ આતંકી ઠાર

## અથડામણમાં માર્યા ગયેલા આતંકવાદી સ્થાનિક હતા અને ત્રાસવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા હતા

(એજન્સી) શ્રીનગર, તા.૧૨
જમ્મૂ કાશ્મીરના પુલવામામાં સુરક્ષાબળોને મોટી સફળતા મળી છે. સુરક્ષાબળોએ અહીં ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા છે. માર્યા ગયેલા ત્રણેય આતંકવાદી પાકિસ્તાની સંગઠન લશ્કર-એ-તૈયબા (LeT) સાથે જોડાયેલા હતા. સુરક્ષાબળોએ માર્યા ગયેલા આતંકવાદીઓ પાસેથી હથિયાર દારૂ ગોળા જપ્ત કર્યા હતા. સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલુ છે. જમ્મૂ કાશ્મીરના પુલવામામાં માર્યા ગયેલા ત્રણેય આતંકવાદી સ્થાનિક હોવાનું કહેવામાં આવી રહ્યું છે અને લશ્કર સાથે જોડાયેલા છે. કાશ્મીર ઝોનના પોલીસ મહાનિરીક્ષક વિજય કુમારે કહ્યું કે સુરક્ષાબળો સાથે અથડામણમાં માર્યા ગયેલા આતંકવાદી સ્થાનિક હતા અને પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા હતા. સમગ્ર વિસ્તારની ઘેરાબંધી કરી દીધી છે. પુલવામામાં સુરક્ષાબળો સાથે અથડામણ દરમિયાન આતંકવાદીઓની ઓળખ કરવામાં આવી છે. કાશ્મીરના આઈજી વિજય કુમારે જાણકારી આપતાં કહ્યું કે આ ત્રણેય આતંકવાદી સ્થાનિક હતા અને પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા હતા. તેમાંથી એક આતંકવાદીની ઓળખ જુનૈદ શીરગોઝરીના રૂપમાં કરવામાં આવી છે જે જમ્મૂ કાશ્મીરના વિશેષ પોલીસ અધિકારી રેયાઝ અહમદ થોકરની હત્યામાં સામેલ હતો. જમ્મૂ કાશ્મીરના પુલવામામાં અથડામણ દરમિયાન માર્યા ગયેલા અન્ય બે આતંકવાદીની ઓળખ પુલવામા જિલ્લાના નિવાસી ફાજિલ નજીર ભટ્ટ અને ઈરફાન આહ મલિકના રૂપમાં થઈ છે. પોલીસે જાણકારી આપતાં કહ્યું કે તેમની પાસેથી એકે ૪૭ રાઈફલ અને એક પિસ્તોલ, દારૂ ગોળા સહિત આપત્તિજનક સામગ્રી મળી આવી છે. આતંકવાદીઓ વિરૂદ્ધ સુરક્ષાબળોનું શોધખોળ અભિયાન ચાલુ છે.

# દિલ્હી : કરોલબાગમાં આવેલી ગફાર માર્કેટમાં ભીષણ આગ

(એજન્સી) તા.૧૨
દિલ્હીના જાણીતા કરોલ બાગના ગફાર માર્કેટમાં ભીષણ આગ લાગવાની ઘટના બહાર આવી છે. આ ઘટના રવિવારે સવારની છે. આગ ઘણી ગંભીર છે અને તેને બુઝાવવા માટે ઘણા ફાયર ટેન્ડર ઘટના સ્થળે પહોંચી ગયા છે. આગ ઝડપથી ફેલાઈ જેના કારણે હંગામો મચી ગયો. આગ લાગવાની માહિતી મળતાની સાથે જ સ્થાનિક રહેવાસીઓએ તેને ઓલવવાનું શરૂ કર્યું, જ્યારે ફાયર બ્રિગેડને પણ તેની જાણ કરવામાં આવી, ત્યારબાદ તેમના વાહનો ઘટનાસ્થળે પહોંચી ગયા. તે જ સમયે, આ અકસ્માતમાં કોઈના ઘાયલ થવાના કે ફસાયા હોવાના સમાચાર નથી. મધ્ય દિલ્હીના કરોલ બાગ વિસ્તારમાં રવિવારે વહેલી સવારે જૂતાની માર્કેટમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. દિલ્હી ફાયર સર્વિસીસના ડાયરેક્ટર અતુલ ગર્ગે જણાવ્યું હતું કે, કરોલ બાગના ગફાર ખાતે જૂતા માર્કેટમાં સવારે ૪:૧૬ વાગ્યે ગંભીર આગની જાણ થઈ હતી, જેના પર ૩૯ ફાયર ટેન્ડરો સ્થળ પર દોડી આવ્યા હતા. અતુલ ગર્ગે કહ્યું કે કોઈ ફસાયું નથી અને કોઈને ઈજા થઈ નથી. તેમણે કહ્યું કે આગ કયા કારણોસર લાગી તે હજુ જાણી શકાયું નથી.

# દિલ્હી હાઈકોર્ટ અનુરાગ ઠાકુર વિરૂદ્ધ ૨૦૨૦ના દ્વેષપૂર્ણ ભાષણ માટેની અરજી પર ચુકાદો આપશે



(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨
કેન્દ્રીય પ્રધાન અનુરાગ ઠાકુર અને તેમના ભાજપના સાથી અને સાંસદ પ્રવેશ વર્મા વિરૂદ્ધ શાહીનબાગ ખાતે CAA વિરોધી વિરોધ દરમિયાન તેમના કથિત દ્વેષપૂર્ણ ભાષણો ટ્રાયલ કોર્ટ દ્વારા એફઆઈઆર નોંધવાના સીધા ઈનકારને પડકારતી સીપીઆઈ (એમ) નેતાઓ બ્રિન્દા કરાત અને કે.એમ. તિવારીની અરજી પર દિલ્હી હાઈકોર્ટ સોમવારે પોતાનો ચુકાદો સંભળાવશે. ન્યાયાધીશ ચંદ્ર ધારી સિંહે ૨૫ માર્ચે અરજી પર આદેશ અનામત રાખ્યો હતો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે આ નેતાઓ વિરૂદ્ધ એફઆઈઆર દાખલ થવી જોઈએ કારણ કે, આ નેતાઓએ ગુનો કર્યો અને તેઓ માત્ર પોલીસને આ બાબતની તપાસ કરવા માટે કહી રહ્યા છે. અરજદારોએ ટ્રાયલ કોર્ટ સમક્ષની તેમની ફરિયાદમાં આરોપ મૂક્યો હતો કે ઠાકુર અને વર્માએ લોકોને ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો હતો જેના પરિણામે દિલ્હીમાં બે અલગ-અલગ વિરોધ સ્થળો પર ગોળીબારની ત્રણ ઘટનાઓ બની હતી. તેઓએ ઉલ્લેખ કર્યો હતો કે અહીંની રીથાલા રેલીમાં, ઠાકુરે ૨૭ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ, સુધારેલા નાગરિકતા કાયદા (CAA)નો વિરોધ કરી રહેલા લોકો પર પ્રહાર કર્યા પછી, ઉશ્કેરણીજનક સૂત્રોચ્ચાર કરવા માટે ભીડને ઉશ્કેરી હતી. તેઓએ વધુમાં દાવો કર્યો હતો કે વર્માએ ૨૮ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ રાષ્ટ્રીય રાજધાનીના શાહીનબાગમાં CAA વિરોધીઓ વિરૂદ્ધ કથિત રીતે ઉશ્કેરણીજનક ટિપ્પણીઓ કરી હતી. ટ્રાયલ કોર્ટે, ૨૬ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ આ ફરિયાદને ફગાવી દીધી હતી. હાઈકોર્ટ સમક્ષ, દિલ્હી પોલીસે ટ્રાયલ કોર્ટના આદેશનો બચાવ કરતા કહ્યું હતું કે, તે યોગ્ય રીતે માને છે કે, તેની પાસે કેસ સાથે વ્યવહાર કરવાનો અધિકારક્ષેત્ર નથી અને સુપ્રીમ કોર્ટના ચુકાદાઓનો ઉલ્લેખ કર્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે, જો કોઈ ન્યાયાધીશ કહે છે કે, તેની પાસે અધિકારક્ષેત્ર નથી તો તેણે યોગ્યતાઓ પર ટિપ્પણી ન કરવી જોઈએ અને તે યોગ્ય અભિગમ છે. આ ફરિયાદમાં,કરાત અને તિવારીએ ૧૫૩-એ (ધર્મ, જાતિ, જન્મસ્થળ, રહેઠાણ, ભાષા વગેરેના આધારે જુદા-જુદા જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવું), ૧૫૩-બી (અભિવ્યક્તિ) ૨૯૫-એ (ઈરાદાપૂર્વકના અને દૂષિત કૃત્યો, કોઈપણ વર્ગની ધાર્મિક લાગણીઓને તેના ધર્મ અથવા ધાર્મિક માન્યતાઓનું અપમાન કરીને ક્રોધિત કરવાના હેતુથી) ૨૯૮ (કોઈપણ વ્યક્તિની ધાર્મિક લાગણીઓને ઈરાદાપૂર્વક ઠેસ પહોંચાડવાના ઈરાદાથી ઉચ્ચારણ, શબ્દો વગેરે), ૫૦૪ (શાંતિનો ભંગ કરવા ઉશ્કેરવાના ઈરાદાથી ઈરાદાપૂર્વક અપમાન), ૫૦૫ સહિત આઈપીસીની અન્ય કલમો હેઠળ કાર્યવાહીની પણ માંગ કરી હતી. (જાહેર દુષ્કર્મને આચરતા નિવેદનો) અને ૫૦૬ (ગુનાહિત ડરાવવા માટેની સજા) સહિત વિવિધ કલમો હેઠળ એફઆઈઆર દાખલ કરવાની માંગ કરી હતી. આ ગુનાઓ માટે મહત્તમ સજા સાત વર્ષની જેલની સજા છે. તેણીની લેખિત ફરિયાદો પછી અરજદારોએ ટ્રાયલ કોર્ટનો સંપર્ક કર્યો હતો, જેમાં જણાવવામાં આવ્યું હતું કે, તેઓ કોઈ પ્રતિસાદ મેળવવામાં નિષ્ફળ ગયા છે.

# અરૂણાચલપ્રદેશમાં બે આર્મી જવાનો ગુમ, શોધખોળ અભિયાન યથાવત્

(એજન્સી) તા.૧૨
ઉત્તરાખંડના ૨ જવાન અરૂણાચલપ્રદેશમાં ૧૨ દિવસથી ગુમ છે. બંને જવાન ૭ ગઢવાલ રાઈફલ્સમાં તૈનાત હતા. ઉખીમઠના રહેવાસી નાયક પ્રકાશ રાણા અને હરેન્દ્ર નેગી ૨૮ મેથી પોતાની પોસ્ટથી ગુમ છે. જો કે, બંને જવાનોને શોધવા માટે તીવ્ર ગતિએ શોધખોળ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ બંને જવાનો અરૂણાચલપ્રદેશની ફોરવર્ડ પોસ્ટ પર તૈનાત હતા. એવું કહેવાઈ રહ્યું છે કે, બંને નજીકમાં વહેતી નદીમાં આકસ્મિક રીતે પડી ગયા હોઈ શકે છે. આર્મી દ્વારા એક નિવેદન જાહેર કરીને આ માહિતી આપવામાં આવી હતી. કહેવાય છે કે, સેનાના અધિકારીઓએ જવાન પ્રકાશસિંહ રાણા ગુમ થયા હોવાની જાણકારી આપી હતી. જે બાદ જવાનની પત્નીએ ટેલિફોન પર સેનાના અધિકારીઓ સાથે વાત કરી હતી. જે બાદ પ્રકાશસિંહ રાણાના પરિવારમાં ભારે ચિંતા વ્યાપી ગઈ છે. ૩૪ વર્ષીય નાયક પ્રકાશ રાણાની પત્ની મમતા રાવતે જણાવ્યું કે, સેના તરફથી તેમને ૨૮ મેના રોજ પહેલો ફોન આવ્યો હતો. ત્યારબાદ ફોન ૯ તારીખે આવ્યો, જેમાં જણાવ્યું કે, લાંસ નાયક હરેન્દ્ર નેગી અને નાયક પ્રકાશ રાણાના નદીમાં તણાવાની શકયતા છે. ગુમ જવાનનું નામ પ્રકાશસિંહ રાણા ઉત્તરાખંડની રાજધાની દહેરાદૂનના રહેવાસી છે. બંને જવાનોના ગુમ થવાના સમાચાર મળ્યા બાદ મમતા રાણા અને રૂદ્રપ્રયાગના રહેવાસી લાંસ નાયક હરેન્દ્ર નેગીની પત્ની પૂનમ નેગીની પણ ખરાબ હાલત છે. હરેન્દ્ર નેગીને એક વર્ષનું બાળક છે અને હજુ ૩ વર્ષ પહેલા જ તેમની લગ્ન થયા હતા. પૂનમે જણાવ્યું કે, અમે માનવા તૈયાર છીએ કે બંને નદીની પાસે નથી ગયા અને કોઈની માહિતી નથી મળી. સેના સ્પષ્ટ રીતે જણાવે કે શું થયું છે. ત્યારે મમતા રાણાએ પોતાના બંને બાળકો અનુજ અને અનામિકાની સાથે પોતાના પતિની રાહ જોઈ રહી છે.

### ચીનમાં કોરોના વિસ્ફોટની ચેતવણી

# ચીનના શાંઘાઈમાં મોટાપાયે ટેસ્ટિંગ શરૂ કરવામાં આવ્યું

## ચીનના સરકારી આંકડા અનુસાર ૧૪૦ કરોડ લોકોના દેશમાં કોવિડ-૧૯ મહામારીથી ૫,૨૨૬ મોત થયા

(એજન્સી) બેઈજિંગ, તા.૧૨
ચીનમાં કોરોના મહામારીથી ફરી એકવાર દહેશતનો માહોલ છે. રાજધાની બીજિંગમાં કોરોનાના ઘણા કેસ સામે આવ્યા બાદ હડકંપ મચી ગયો છે. અહીં કોવિડ ૧૯ના વિસ્ફોટ પ્રકોપની સ્થિતિથી લોકોની મુશ્કેલી વધી ગઈ છે. સરકારી સ્વાસ્થ્ય વિભાગ સાથે જોડાયેલા અધિકારોએ ચેતાવણી આપી છે કે રાજધાની બીજિંગમાં કોરોનાએ ઝડપથી પગ પેસારો કર્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયે બીજિંગમાં કોરોના વિસ્ફોટને લઈને ચેતાવણી જાહેર કરવામાં આવી છે. બીજિંગના બે જિલ્લામાં કોવિડ ૧૯ ના વધતા જતા પ્રકોપને જોતાં સાવધાની વર્તવામાં આવી રહી છે. કોવિડના પ્રસારને ઓછો કરવા માટે શોપિંગ કોમ્પ્લેક્સ, નાઈટક્લબ અને કેટલાક મનોરંજન સ્થળોને બંધ કરી દેવામાં આવ્યા છે. સાથે જ ચીનની વાણિજ્યિક રાજધાની શંઘાઈમાં હેર અને બ્યૂટી સલૂન સાથે જોડાયેલા મામલે ઉછાળાને રોકવા માટે મોટાપાયે કોરોના ટેસ્ટિંગને શરૂ કરવામાં આવ્યું છે. સ્વાસ્થ્ય વિભાગના અધિકારીએ શુક્રવારે શહેરમાં સામે આવેલા ૬૧ નવા સંક્રમિત કેસમાં તમામ બાર ગયા હતા અથવા તે સાથે જોડાયેલા છે. બીજિંગ નગરપાલિકા સરકારના પ્રવક્તા જૂ હેજિયાને મીડિયાને જણાવ્યું કે 'હેવન સુપરમાર્કેટ બાર' સાથે સંબંધિત કેસમાં હાલનો પ્રકોપ વિસ્ફોટક છે અને તેનાથી સંક્રમણ વધુ ઝડપથી ફેલાય શકે છે. બીજિંગમાં શનિવારે બપોરે ૩ વાગ્યા સુધી કોવિડ ૧૯ના ૪૬ નવા કેસ નોંધાયા હતા. શહેરમાં હાલ નવા પ્રતિબંધોની જાહેરાત કરવામાં આવી નથી. ચીનના સરકારી આંકડા અનુસાર ૧૪૦ કરોડ લોકોના દેશમાં કોવિડ ૧૯ મહામારીથી ૫,૨૨૬ મોત થયા છે. ચીન કોરોના મહામારીની શરૂઆતથી ખૂબ સતર્ક રહ્યું છે અને અહીં કોરોના પ્રતિબંધોનું કડક પાલન કરવામાં આવી રહ્યું છે. દુનિયાભારમાં કોરોના મહામારી સાથે જંગ ચાલુ છે. જોકે ચીનમાં કોવિડ ૧૯ સંક્રમણનો દર વૈશ્વિક માપદંડોથી ખૂબ ઓછા કહેવામાં આવી રહ્યું છે. તેમછતાં ત્યારબાદ ચીનમાં જીરો કોવિડ પોલીસી લાગૂ છે અને તેના અંતગર્ત કોરોનાને ખૂબ કડક ચે. ચીનની સરકારનું માનવું છે કે ઝીરો કોવિડ પોલિસી હેઠળ નિયમ દેશના વડીલો અને મેડિકલ સુરક્ષાને લઈને લાગૂ કરવામાં આવ્યા છે.

### અહમદશા ટ્રસ્ટ દ્વારા પાલિકાની ખુલ્લી જમીન સાફ-સફાઈ કરાવીને પ્લાસ્ટરની કામગીરી હાથ ધરાતા

# બોરસદમાં બે કોમ વચ્ચે હિંસક અથડામણ

### રબર બુલેટના ૩૦ રાઉન્ડ ફાયરિંગ : અશ્રુવાયુના ૫૦ શેલ છોડાયા : ૧૪ આરોપીઓની અટકાયત



(તમામ તસવીરો : બુરહાન પઠાણ, આણંદ)

## ત્રણ યુવકોને માર મારી ચપ્પુથી હુમલો કરાયો, બે દવાખાનામાં તોડફોડ, આગચંપી, અનાજ કરિયાણાની તથા કોલ્ડ્રિંક્સની દુકાનમાં તોડફોડ કરી લૂંટ ચલાવાઈ : પોલીસકર્મી પર ચપ્પુથી હુમલો : પોલીસની એકતરફી કાર્યવાહીથી મુસ્લિમ સમાજમાં રોષ

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૧૨

આણંદ જિલ્લાનાં નગરપાલિકા નજીક હનુમાન મંદીરની પાછળ અહમદશા શોપીંગ સેન્ટરની પાસે આવેલી પાલિકાની ખુલ્લી જગ્યા બાબતે ગત રાત્રીનાં સુમારે કટ્ટરવાદીઓ તત્ત્વોએ ભારે આતંક મચાવ્યો હતો અને જૂના ઠક્કરનાં દવાખાનાં વિસ્તારમાં બ્રાહ્ણણવાડા પાસે કટ્ટરવાદીઓ તત્ત્વોએ ભારે પથ્થરમારો કરતા બન્ને જુથનાં ટોળાઓ સામસામે આવી ગયા હતા અને ભારે પથ્થરમારો કર્યો હતો, પોલીસે તોફાની ટોળાઓને વિખેરવા માટે ટીયરગેસનાં ૫૦ સેલ અને રબર બુલેટનાં ૩૦ રાઉન્ડ ફાયરીંગ કર્યા હતા, પોલીસે હાલમાં આ બનાવમાં ૧૪ આરોપીઓની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે,હાલમાં બોરસદ શહેરમાં તણાવભર્યા માહોલ વચ્ચે શાંતી પ્રસરી રહી છે અને પોલીસ દ્વારા સમગ્ર શહેરમાં ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. બોરસદ શહેરના નગરપાલિકા પાસે હનુમાન મંદિર અને અહેમદશા પાર્ટી પ્લોટ નજીકમાં આવેલ છે જેની વચ્ચે એક ૧૦ બાય ૧૫ની પાલિકાની જગ્યા આવેલ છે જેમાં અહેમદશા ટ્રસ્ટ દ્વારા સાફ સફાઈ કરાવીને પ્લાસ્ટર કરાવવાની કામગીરી હાથ ધરી હતી જેનો હનુમાન મંદિર ટ્રસ્ટ અને હિન્દૂ સંગઠનો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો જેને લઈ પોલીસે બન્ને કોમના આગેવાનોને બોલાવી સમજાવટ કરી હતી અને કામગીરી બંધ કરી દેવામાં આવી હતી અને બન્ને કોમના અગ્રણીઓની દરમિયાનગીરીથી મામલો થાળે પડી ગયો હતો પરંતુ આ દરમિયાન બન્ને કોમના ટોળા આ જગ્યા ઉપર ભેગા થઈ ગયા હતા જેમાં બન્ને કોમના ટોળા વચ્ચે અગ્રણીઓ અને પોલીસની સમજાવટ બાદ પણ બોલાચાલી થઈ હતી અને થોડી જ વારમાં વાત મારામારી સુધી પહોંચી ગઈ હતી જેને લઈ નાસભાગ મચી જવા પામી હતી આ સમયે મહાવીર નગર સોસાયટીમાં રહેતા દિનેશભાઈ કિશોરભાઈ શેઠ ઉ.વ.૪૩ને બરડાના ભાગે ચપ્પુ મારી દીધું હતું જેને લઈ તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી જેથી તેને તાત્કાલિક ૧૦૮માં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો અને ત્યાંથી વધુ સારવાર અર્થે કરમસદ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.ઈસમને ચપ્પુ મારવામાં આવતા ટોળામાં ગુસ્સો ફેલાઈ ગયું હતું અને ટોળા બે ભાગમાં વહેંચાઈ ગયા હતા જેમાં એક ટોળું વાવડી મોહલ્લા તરફ અને બીજું ટોળું જૈન દેરાસર કોલેજ પાસે પહોંચી ગયો હતો અને હાઈવે માર્ગ ઉપર ચક્કાજામ કરવામાં આવ્યો હતો આ સમયે બે યુવકો મુકીમબેગ કલીમબેગ મીરઝા ઉ.વ.૧૬ અને અબરાર શેખ ઉ.વ.૧૮ બાઈક પર અહીંયાથી પસાર થઈ રહ્યા હતા જેઓને ટોળાએ આંતરીને ચપ્પુથી હુમલો કરી મૂઢ મારવામાં આવ્યો હતો જેને લઈ બન્ને યુવકોને ગંભીર ઈજાઓ પહોંચતા તેઓને તાત્કાલિક સારવાર અર્થે બોરસદ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જયાંથી વધુ સારવાર અર્થે વડોદરા ખાતે ખસેડવામાં આવ્યા હતા. તેઓનું બાઈક પણ સળગાવી દેવામાં આવ્યું હતું. ધીરે ધીરે આ ઝઘડાની અને હુમલાની વાત સમગ્ર શહેરમાં માં પ્રસરી જતા માહોલ એકદમ તંગ બની જવા પામ્યું હતું અને દરેક વિસ્તારમાં લોકોના ટોળે ટોળા રોડ ઉપર ઉમટી પડ્યા હતા જેને લઈ પોલીસ દ્વારા જિલ્લામાં જાણ કરી વધુ પોલીસ કુમક બોલાવવામાં આવી હતી આ દરમિયાન કાશીપુરા પોલીસ ચોકી પાસે બન્ને કોમના ટોળા મારક હથિયારો સાથે સામસામે આવી ગયા હતા જો કે સદનસીબે એસડીએમ અને મામલતદાર પહોંચી જતા ઘર્ષણ ટળ્યું હતું પરંતુ ઠક્કરના દવાખાના બ્રાહ્મણવાળા પાસે બન્ને કોમના ટોળા સામસામે આવી ગયા હતા અને ભારે પથ્થરમારો થયો હતો પોલીસ ટોળાને વિખેરવા માટે ૫૦ જેટલા ટીયરગેસના સેલ અને ૩૦ રબર બુલેટ ફાયરિંગ કર્યા હતા ત્યારે ટોળા વિખરાયા હતા ઘટનાને પગલે સમગ્ર શહેરમાં તંગદિલી ફેલાઈ ગઈ હતી અને શહેરના અન્ય વિસ્તારોમાં પણ ટોળા જામ્યા હતા જો કે સમગ્ર જિલ્લાની પોલીસ અને એસપી અજિત રાજ્યણએ દોડી આવી પોલીસ કુમક સાથે વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ કરી લોકોને વિખેર્યા હતા અને મામલો શાંત પાડ્યો હતો જો કે આ દરમિયાન શહેરના ગાંધી પોળ અને ચોક્સી પોળ પાસે ડો.વિપુલ પટેલ અને ડો હરેશ પંડ્યાના દવાખાનામાં તોડફોડ કરી આગ ચાંપવામાં આવી હતી તેમજ વસીમ વ્હોરાની અનાજ કરિયાણાની દુકાનને તોડી માલસામાનની લૂંટ કરવામાં આવી હતી તેમજ ટાઉન હોલ પાસે ઈમરાન મલેકની કોલ્ડ્રીંકસની દુકાનમાં તોડફોડ કરી લૂંટ કરી ફ્રિજ સહીતનો માલસામાન લૂંટી લેવામાં આવ્યો હતો. અજંપાભરી સ્થિતિ વચ્ચે સમગ્ર શહેર બંધ રહ્યું હતું. જયારે આણંદ,નડિયાદ,વડોદરા જિલ્લાની પોલીસને પણ બંદોબસ્તમાં ગોઠવી દેવામાં આવી છે તદુપરાંત વડોદરા અને નડિયાદની બે એસઆરપીની બટાલિયન પણ બંદોબસ્તમાં ગોઠવી દેવામાં આવી છે.

### પોલીસની એક તરફી કામગીરીને લઇ રોષ

ઠક્કરના દવાખાના પાસે બન્ને કોમના ટોળા સામસામે આવી ગયા હતા અને પથ્થરમારો થયો હતો ત્યારે પોલીસે રાજા મહોલ્લા વિસ્તારમાં કહેર વરસાવી દીધો હતો અને જે લોકો આ ઘટનામાં સામેલ ન હતા તેઓને પણ પકડીને બેરહમીપૂર્વક માર મારવામાં આવ્યો હતો જેમાં એકને પોલીસે એટલો માર માર્યો કે તેને કરમસદ સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો જયારે એક યુવકને ગંભીર માર મારતા હાથમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી.પોલીસે ધાર્મિક સ્થળમાં બુટ પહેરીને પ્રવેશ કરીને અંદર રહેલા નમાઝીઓને પકડી પકડીને બહાર લાવી ત્યાં જ માર મારવામાં આવ્યો હતો આમ પોલીસે માત્ર એક તરફી જ કાર્યવાહી કરી હતી જેને લઈ લઘુમતી સમાજમાં ભારે રોષ ફેલાયો છે.

### પોલીસકર્મી પર ચપ્પુથી હુમલો

રાત્રીના એક વાગ્યા બાદ ઠક્કરના દવાખાના પાસે બ્રાહ્મણવાળાના નાકે બન્ને કોમના ટોળા સામસામે આવી ગયા હતા અને ભારે પથ્થરમારો થયો હતો ત્યારે પોલીસ પણ ત્યાં દોડી ગઈ હતી અને મામલો થાળે પાડવાના પ્રયાસો કર્યા હતા આ દરમિયાન ટોળાએ પોલીસ પર હુમલો કર્યો હતો જેમાં ૫ થી ૬ હોમગ્રાડ અને ટીઆરબી જવાનો અને એક પોલીસને ઈજાઓ પહોંચી હતી જેમાં પોલીસ કોન્સ્ટેબલ વિજયભાઈ ઉપર હુમલો કરી પેટના ભાગે ચપ્પુ વાગી જતા ગંભીર ઈજાઓ પહોંચી હતી.

### પોલીસે અસામાજિક તત્ત્વોની જેમ વાહનોમાં તોડફોડ કરી

બોરસદ શહેરમાં બે જૂથ વચ્ચે થયેલ મારામારી બાદ મામલો થાળે પાડવાના બદલે કેટલાક પોલીસ કર્મચારીઓ દ્વારા મહોલ્લા અને લાયબ્રેરી વિસ્તાર જ્યાં કોઈ જ ઝઘડો ન હતો તેમજ અહીંયા બે કોમના વિસ્તારો પણ અલગ અલગ આવેલ છે.જ્યાં કોઈ જ માથાકૂટ થઈ ન હોવા છતાં પોલીસ કર્મચારીઓ દ્વારા અહીંયા વાહનોનાં કાચની તોડફોડ કરી હતી અને ઘરની બહાર પાર્ક કરેલ બાઈકો અને ગાડીઓમાં ડંડા મારી તોડફોડ કરી હતી જેમાં ૧૫થી વધુ બાઈકો અને ૧૦થી વધુ ફોર વ્હીલર વાહનોમાં નુકશાન થયું હતું. પોલીસે અસામાજીક તત્ત્વોની જેમ લઘુમતી વિસ્તારોમાં વાહનોને નુકશાન કરતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે અને વાહનોમાં તોડફોડ કરતો વીડિયો પણ મીડિયામાં વાયરલ થયો છે.

### આણંદમાં ઈરમાના દીક્ષાંત સમારોહમાં અમિત શાહનું યુવાનોને દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપવા આહ્‌વાન


# ગામડાઓના વિકાસ વિના ભારતનો વિકાસ શક્ય નથી : ગામડા સમૃદ્ધ તો દેશ સમૃદ્ધ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, આણંદ, તા.૧૨

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે ગામડાઓના વિકાસ વિના ભારતનો વિકાસ શક્ય નથી. ગ્રામીણ ભારત અંગે મહાત્મા ગાંધીના સપનાઓને સાકાર કરવા માટે દેશના શિક્ષિત યુવાનો સ્વવિકાસ સાથે દેશના વિકાસમાં પણ પોતાનું યોગદાન આપી ગરીબોના જીવનમાં સમૃદ્ધિનો ઉજાસ પાથરવાનું દાયિત્વ નિભાવે તેવું આહ્વાન તેમણે કર્યું હતું.

ગ્રામીણ વિકાસમાં કેન્દ્ર સરકારની ભૂમિકા આપતા ઉક્ત સંદર્ભમાં કેન્દ્રીય મંત્રીએ ઉમેર્યું હતું ગ્રામ વિકાસ માટે સરકાર ત્રણ વિભાવનાના આધારે કામ કરી રહી છે. પ્રથમ તો વ્યક્તિગત્ત વિકાસ, બીજું ગામડાઓનો વિકાસ અને ત્રીજું વિસ્તારના વિકાસ માટે આયોજનબદ્ધ રીતે યોજનાકીય કામો કરવામાં આવી રહ્યા છે. આજે ઈન્સ્ટિટ્યૂટ ઓફ રૂરલ મેનેજમેન્ટ, આણંદ (ઈરમા)ના ૪૧માં પદવીદાન સમારોહમાં ૨૫૧ વિદ્યાર્થીઓને રૂરલ મેનેજમેન્ટમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ (પીજીડીએમ)ની પદવી એનાયત કરવામાં આવી હતી. આ સમારોહમાં પીજીડીએમ (રૂરલ મેનેજમેન્ટ) ગ્રેજ્યુએટ અવિનાશ અરોરાને શૈક્ષણિક શ્રેષ્ઠતા બદલ કુચીભોતલા વાસંતી ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો હતો. કેન્દ્રીય મંત્રીએ વધુમાં જણાવ્યું કે, મહાત્મા ગાંધી કહેતા કે દેશની આત્મા ગામડામાં વસે છે. હું તે



### દેશમાં ૧૦૦ જિલ્લાને મહત્ત્વાકાંક્ષી જિલ્લા બનાવી તેને મુખ્ય પ્રવાહમાં લાવવામાં આવી રહ્યા છે : શાહ

વાતને દઢપણે માની રહ્યો છું. ગામડાઓ સમૃદ્ધ, સુવિધાસભર અને સ્વાવલંબી બનશે તો દેશ સમૃદ્ધ બનશે એટલું જ નહીં, આત્મનિર્ભર ભારતનું સપનું સાકાર થવા સાથે દેશનું અર્થતંત્ર પાંચ ટ્રિલિયન ડોલરનું બનાવવા ગામડાઓનું યોગદાન અમૂલ્ય બની રહેશે. વ્યક્તિગત જીવન સ્તરના સુધારા માટે કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી યોજનાની જાણકારી આપતા તેમણે કહ્યું કે, આઝાદીના દશકો બાદ ૬૦ કરોડ ગરીબોના બેંકોમાં ખાતા ખોલવામાં આવ્યા છે. મહિલાઓને પગભર બનાવવાની સાથે આયુષ્માન થકી આરોગ્ય કવચ, ખેડૂતોને સહાય વગેરે યોજના અમલી બની છે. ગ્રામ્ય સ્તરે ઉભી કરવામાં આવેલ ભૌતિક સુવિધાઓની વિગતો આપતા તેમણે જણાવ્યું કે, પ્રધાનમંત્રી ગ્રામીણ સડક યોજના હેઠળ ગામડાઓને તાલુકા મથક સુધી જોડવામાં આવ્યા છે. જેના પરિણામે ગામડાઓની આર્થિક ગતિને વેગ મળ્યો છે. દેશમાં ૧૦૦ જિલ્લાઓને મહત્વાકાંક્ષી જિલ્લાઓ બનાવી તેને મુખ્ય પ્રવાહમાં લાવવામાં આવી રહ્યા છે. આરોગ્ય, ડ્રોપ આઉટ, આવાસ, રોજગારી, પોષણ અને સાક્ષરતા દરને ધ્યાને રાખી ચોક્કસ માપદંડો બનાવવામાં આવ્યા છે અને તેના આધારે આ જિલ્લામાં કામગીરી થતાં આજે અઢી વર્ષના સમય બાદ તેમાંથી અનેક જિલ્લાઓ વિકસિત જિલ્લા બન્યા છે અને તેમને પણ શહેરો જેવી સમાન તકો આપી મુખ્ય પ્રવાહમાં લાવવામાં આવ્યા છે. વિસ્તારોના વિકાસ માટે કેમ્પા ફંડ અને મિનરલ્સ ફંડના હકો પણ વિસ્તારવામાં આવ્યા છે.

સહકારી ક્ષેત્રનો વ્યાપ વધારવા સર્વસમાવેશી, પારદર્શી અને આધુનિક ટેક્નોલોજીના વિનિયોગ દ્વારા તેને વધુ મજબૂત બનાવવામાં આવશે.

પહેલા ખાદી માત્ર ભાષણોનો જ વિષય હતો, પણ હવે આ ગ્રામીણ પ્રવૃત્તિને વેગ મળતા આજે ખાદી બોર્ડનું ટર્નઓવર રૂા. એક લાખ કરોડ સુધી પહોંચી ગયું છે તેમ તેમણે કહ્યું હતું. તેમણે જણાવ્યું કે, જ્ઞાનનો અર્થ એવો પણ છે કે જયારે જ્ઞાન મળે ત્યારે સ્વથી પર સુધીના તમામનો વિચાર આવે. તમને અહીં જે સંસ્કાર અને શિક્ષા મળી છે, તેને આત્મસાત કરી જીવનભર ગામડા અને ગરીબોના વિકાસ માટે યોગદાન આપવું જોઈએ. તે જ સાચી ગુરૂદક્ષિણા છે અને ગાંધીજીનું ગ્રામ વિકાસનું સપનું ખરા અર્થમાં સાકાર થશે. ગ્રામીણ વિકાસની પ્રવૃત્તિ ચંદનની જેમ ઘસાઈને વધુ સુગંધિત થશે ત્યારે જ તમે જે કામ કરશો તેનો સંપૂર્ણ આત્મસંતોષ મળશે. ઈરમાના ચેરમેન દિલીપ રથે ઈરમા અને રૂરલ મેનેજમેન્ટના ક્ષેત્રના મહત્ત્વ તથા સર્વસમાવેશી વિકાસની ભારતની યાત્રામાં આ સંસ્થાની ભૂમિકા પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, ઈરમા ગ્રામ્ય વિસ્તાર પર ધ્યાન કેન્દ્રીત કરવાની સાથે સહકારી સેક્ટરમાં મેનેજમેન્ટનું શિક્ષણ આપવા માટેના સેન્ટર ફોર એક્સીલેન્સ તરીકે ખૂબ જ સારી સ્થિતિમાં છે. ઈરમાને સહકારી મંડળીઓ માટેની એક કેન્દ્રીય યુનિવર્સિટી તરીકે સ્થાપવામાં આવે તેવી લાગણી તેમણે વ્યક્ત કરી હતી.

# આજથી રાજ્યની તમામ શાળાઓ પુનઃ ધમધમતી થશે

### ૩૫ દિવસના ઉનાળા વેકેશન બાદ શાળાઓ ફરી વિદ્યાર્થીઓના કિલ્લોલથી ગૂંજી ઉઠશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૨

રાજ્યની શાળાઓમા ઉનાળું વેકેશનની પુર્ણાહુતિ થતાં હવે સોમવારથી તમામ શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રોનો પ્રારંભ થશે. નવા શૈક્ષણિક સત્રના પ્રારંભ સાથે ફીના મુદ્દે વિવાદ વકરવાની શક્યતા પણ વર્તાઈ રહી છે. નવા સત્રની શરૂઆત સાથે બાળકોના કિલ્લોલ સાથે શાળા સંકુલો ગૂંજી ઉઠશે. કોરોનાના કારણે છેલ્લા બે વર્ષથી સ્કૂલોના અભ્યાસ પર ગંભીર અસર પડી હતી. બે વર્ષ બાદ હવે સ્કૂલો નવા સત્રના પ્રારંભ સાથે જ રાબેતા મુજબ ચાલુ થશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની સ્કૂલોમાં આ વખતે વાર્ષિક પરીક્ષાઓ બે સપ્તાહ મોડી લેવામાં આવી હતી. જેના પગલે ઉનાળુ વેકેશન પણ મોડુ શરૂ થયું હતુ અને તેના લીધે જ રાજ્યની સ્કૂલોમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ પણ એક સપ્તાહ મોડો થઈ રહ્યો છે. રાજ્યની સ્કૂલોમાં ૧૨ જૂનના રોજ ૩૫ દિવસના ઉનાળા વેકેશનનો અંત થઈ રહ્યો છે અને ૧૩ જૂનથી રાજ્યની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલો ફરી રાબેતા મુજબ શરૂ થશે.

સોમવારથી સ્કૂલો રાબેતા મુજબ શરૂ થઈ રહી છે ત્યારે નવા વર્ષના પ્રારંભ સાથે જ ફીના મુદ્દે ઘર્ષણના બનાવો પણ સામે આવે તેવી શક્યતાઓ છે. સ્કૂલો પાસેથી ફી કમિટી દ્વારા દરખાસ્તો મંગાવવામાં આવી છે, પરંતુ ફી કમિટી તે અંગે નિર્ણય કરે તે પહેલા જ સ્કૂલોએ પોતાની રીતે ફીમાં વધારો કરી વાલીઓ પાસેથી ફી ઉઘરાવવાનું શરૂ કરી દીધું છે. જેના પગલે સ્કૂલોમાં નવા સત્રના પ્રારંભ બાદ વાલીઓ સાથે ઘર્ષણના બનાવો પણ ફી મુદ્દે થઈ શકે છે. રાજયમાં નવા સત્રના પ્રારંભ પહેલા જ મોટાભાગની સ્કૂલોમાં પાઠ્ય પુસ્તકો મોકલી આપવામાં આવ્યા હતા. ઉપરાંત બજારમાં પણ પુસ્તકો મોકલી દેવાયા હતા. હાલમાં ગણિત અને ગુજરાતીના પુસ્તકો સિવાય મોટાભાગના પુસ્તકો બજારમાં ઉપલબ્ધ હોવાનું જાણવા મળે છે. ઉપરાંત જે પુસ્તકો બાકી છે તે પણ આગામી દિવસોમાં વિદ્યાર્થીઓના હાથમાં આવી જશે તેમ સુત્રોએ જણાવ્યું હતું. આમ, આ વખતે સ્કૂલોની શરૂઆત સાથે જ તમામ પુસ્તકો વિદ્યાર્થીઓ સુધી પહોંચી ગયા હોવાનું જાણવા મળે છે. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત દરવર્ષે સ્કૂલો શરૂ થયા બાદ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવતો હોવાથી વિદ્યાર્થીઓના અભ્યાસ પર અસર થતી હતી. જો કે, આ વખતે શિક્ષણ વિભાગ દ્વારા આગોતરૂ આયોજન કરી સ્કૂલો શરૂ થાય તે પહેલા રાઈટ ટુ એજ્યુકેશનની સંપુર્ણ પ્રવેશ કાર્યવાહી પુર્ણ કરી દીધી છે. ત્રણ રાઉન્ડની કાર્યવાહી બાદ મોટાભાગના વિદ્યાર્થીઓએ પ્રવેસ મેળવી લીધો હોવાથી તેમનો પણ એક પણ દિવસનો અભ્યાસ બગડશે નહીં.

### હજ કમિટી દ્વારા નિર્ધારિત એજન્સી દ્વારા અમદાવાદની હોસ્પિટલમાં ટેસ્ટ કરાવવો પડશે

# હજયાત્રાએ જનારા હજયાત્રીઓ માટે ૪૮ કલાક પહેલાં RT-PCR ફરજિયાત

### હજયાત્રીઓના પાસપોર્ટ સહિતની કિટ કાલુપુર હજ હાઉસ ખાતેથી મેળવવા સૂચના

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત હજ કમિટીના સચિવ તરફથી હજયાત્રીઓને RT-PCR TEST કરાવવા બાબતે અગત્યની સૂચના આપવામાં આવી છે. હજ કમિટી તરફથી RT-PCR TESTની જવાબદારી Healthians એજન્સીને આપવામાં આવેલ છે. અન્ય કોઈ ટેસ્ટ સઉદી અરેબિયામાં માન્ય રહેશે નહીં. ટેસ્ટ માટે કોઈ રકમ ભરવાની થતી નથી. ટેસ્ટનો સમય સવારે ૭:૦૦થી સાંજના ૭:૦૦ વાગ્યા સુધીનો રહેશે. હાજીઓની ફ્લાઈટના શિડ્યુલના ૪૮ કલાક પહેલાં અમદાવાદ ખાતે જુહાપુરા સોનલ સિનેમા પાસે આવેલ આમેના ખાતુન મલ્ટિ સ્પેશિયાલિટી હૉસ્પિટલમાં આરટી-પીસીઆર ટેસ્ટ કરી આપવામાં આવશે, તેમ જણાવાયું છે. આ સાથે હજયાત્રી અથવા તેમના નજીકના સગા-સંબંધી મારફતે તે જ વખતે પાસપોર્ટ, બોર્ડિંગ પાસ અને કિટ માટે હજ હાઉસ, કાલુપુર ખાતે પહોંચી પોતાની ઓળખના પુરાવાની નકલ, પૈસા ભર્યાની રસીદો અસલમાં રજૂ કરી પાસપોર્ટ, વિઝા, બોર્ડિંગ પાસ અને કિટ મેળવી લેવાની રહેશે. તમામ હજયાત્રીઓએ RT-PCR ટેસ્ટ માટે ચારથી પાંચ કલાકનો સમય આપવો પડશે. આમેના ખાતુન મલ્ટિ સ્પેશિયાલિટી હોસ્પિટલ, જુહાપુરા, સોનલ સર્કલ પાસે, અમદાવાદ ખાતે દિવસ દરમિયાન હાજર રહેવાનું રહેશે. ફ્લાઈટ વાઈઝ RT-PCR Test માટે સમયપત્રક અને સંપૂર્ણ ગાઈડલાઈન્સ નીચે આપેલ વેબસાઈટ પર મૂકવામાં આવશે. તેમ ગુજરાત હજ કમિટીની યાદીમાં વધુમાં જણાવાયું છે. હજ કમિટીની વેબસાઈટ https://www.gujarathajhouse.com/ તથા https://haj.gujarat.gov.in/ ઉપર જોવા જણાવાયું છે.


સૈયદ સમાજનું ગૌરવ



સૈયદ મોહમ્મદ સાકીબ મોહમ્મદ એઝાઝ

Higher Maths સાથે S.S.C. પરીક્ષા 70 ટકા ગુણથી પાસ કરતાં ગર્વ અનુભવી એ છીએ

શુભેચ્છક

પીર સૈયદ જલાલુદ્દીન બાવા
સૈયદ અકિલુદ્દીન
સૈયદ વસિમુદ્દીન
સૈયદ હસીનુદ્દીન
કાઝીવાડા ઠાસરા




● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫-૨૫૩૩૨૮૨૦ ● ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩ ● Posting at Ahd. RMS